# જદીદ મસાઈલ

## - : પ્રકાશક : -

હાજી નાજી મેમોરીયલ ટ્રસ્ટ
માળી ટેકરા, આંબાચોક, ભાવનગર
ફોનનંબર : (૦૨૭૮) ૨૫૧૦૦૫૬ / ૨૪૨૩૭૪૬

... Kitab Downloaded from ...

**www.hajinaji.com**

**• Like us on Facebook •**

**www.facebook.com/HajiNajiTrust**

# નોંધ.....

➔ વધુ કિતાબો ડાઉનલોડ કરવા માટે www.hajinaji.com પર લોગ ઓન કરો.

➔ કિતાબમાં કોઈ ભૂલચૂક જણાય તો પેજની વિગત અને કિતાબનું નામ જાણ કરવા વિનંતી.

hajinajitrust@yahoo.com

# જદીદ મસાઈલ

## અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પેજ. |
| --- | --- | --- |
| | ભાગ પહેલો : ઈબાદત | |
| ૧. | બિન મુસ્લિમ દેશો તરફ હિજરત અને તેમાં પ્રવેશ | ૮ |
| ૨. | હિજરત બાબતે સવાલ જવાબો | ૨૮ |
| ૩. | પ્રકરણ બીજું - તકલીદના હુકમો | ૪૧ |
| ૫. | પ્રકરણ ત્રીજું- તહારત અને નજાસત | ૬૧ |
| ૭. | પ્રકરણ ચોથું-નમાઝ | ૮૯ |
| ૮. | નમાઝ વિશે સવાલ જવાબ | ૧૦૨ |
| ૯. | પ્રકરણ પાંચમું- રોઝા | ૧૩૦ |

| | | |
|---|---|---|
| ૧૦. | આ પ્રકરણને લગતા સવાલ જવાબ | ૧૪૩ |
| ૧૧. | પ્રકરણ છઠ્ઠું- હજ | ૧૫૮ |
| ૧૩. | પ્રકરણ સાતમું-મૈયતના હુકમો | ૧૮૦ |
| ૧૪. | મૈયતને લગતા સવાલ જવાબ | ૧૯૩ |
| ૧૫. | ભાગ બીજો-વહેવાર | ૨૦૪ |
| ૧૬. | પ્રકરણ પહેલું-ખાવા પીવાની વસ્તુઓ | ૨૦૭ |
| ૧૭. | આ પ્રકરણના વિશેષ સવાલ જવાબ | ૨૨૮ |
| ૧૮. | પ્રકરણ બીજું- લિબાસ સંબંધી | ૨૫૫ |
| ૧૯. | લિબાસ અંગે સવાલ જવાબ | ૨૬૫ |
| ૨૦. | પ્રકરણ ત્રીજું-બિન ઇસ્લામી દેશોના કાનૂનોની પાબંદી | ૨૭૦ |

| | | |
|---|---|---|
| ૨૧. | આ પ્રકારણના વિશેષ સવાલ જવાબ | ૨૭૮ |
| ૨૨. | પ્રકરણ ચોથું-વિષય : કામધંધા અને મૂડીનું રોકાણ | ૨૯૦ |
| ૨૪. | પ્રકરણ પાંચમું- સામાજિક સંબંધો | ૩૩૬ |
| ૨૫. | વડીલોનું માન | ૩૫૬ |
| ૨૬. | સદ્‌વર્તન (હુસ્ને ખુલ્ક) | ૩૬૪ |
| ૨૭. | પ્રતિજ્ઞા પાલન | ૩૬૬ |
| ૨૮. | દંપતી જીવન | ૩૬૮ |
| ૨૯. | અમ્રબિલ મઅરૂફ અને નહી અનિલ મુન્કર | ૩૭૪ |
| ૩૦. | નમ્રતા | ૩૮૨ |
| ૩૧. | ગીબત | ૩૯૮ |

| | | |
|---|---|---|
| ૩૨. | બદગુમાની (કુશંકા) | ૪૦૪ |
| ૩૩. | ઉડાવપણું | ૪૦૬ |
| ૩૪. | ખુદાના માર્ગમાં દાન | ૪૦૯ |
| ૩૫. | આ પ્રકારણના વિશેષ સવાલ જવાબ | ૪૨૨ |
| ૩૬. | પ્રકરણ છઠ્ઠું- તિબ (ચિકિત્સા) અને શરઇ મસઅલાઓ | ૪૫૨ |
| ૩૭. | પતિ–પત્ની સંબંધે અમુક હુકમો | ૪૯૧ |
| ૩૮. | આ પ્રકારણના વિશેષ સવાલ જવાબ | ૫૧૮ |
| ૩૯. | પ્રકરણ આઠમું- યુવાનોના મસઅલાઓ | ૫૫૮ |
| ૪૦. | આ પ્રકારણના વિશેષ સવાલ જવાબ | ૫૬૭ |

| | | |
|---|---|---|
| ૪૧. | પ્રકરણ નવમું - સ્ત્રીઓના મામલાઓ | ૫૮૯ |
| ૪૨. | સ્ત્રીઓને લગતા કેટલાક સવાલ જવાબ | ૫૯૯ |
| ૪૩. | પ્રકરણ દસમું - સંગીત, ગાયન અને નૃત્યના હુકમો | ૬૨૨ |
| ૪૪. | આ પ્રકારણના વિશેષ સવાલ જવાબ | ૬૩૦ |
| ૪૫. | વિવિધ શરઇ મસઅલાઓ | ૬૪૬ |
| ૪૬. | આ પ્રકારણના વિશેષ સવાલ જવાબ | ૬૫૬ |
| ૪૭. | વધારો પહેલો - હરામ પદાર્થની સૂચિ | ૬૭૪ |
| ૪૮. | વધારો બીજો - ખાવા પીવાની ચીજોમાં શામિલ પદાર્થો અને ભાગોને લગતી ખાસ સ્પષ્ટતા | ૬૮૫ |

# આધુનિક ફિકહી મસઅલાઓ

## વિભાગ પહેલો : પ્રકરણ પહેલું

## વિષય : ઈબાદત

## બિન મુસ્લિમ દેશો તરફ હિજરત અને તેમાં પ્રવેશ

જ્યારે એક મુસલમાન પોતાના ઈસ્લામી વાતાવરણમાં અને ઈસ્લામી દેશમાં જન્મ લે છે અને તેનું પાલન પોષણ સભાનપણે કે અભાનપણે ઈસ્લામી રહેણીકરણી, ઈસ્લામી કાનૂનો, ઈસ્લામી સંસ્કૃતિ અને ઈસ્લામી પ્રશિક્ષણ પ્રમાણે થાય છે, તો આ મુસલમાન ઈસ્લામી સંસ્કાર અને વહેવારથી સુશોભિત થઇ

જવામાં થાય છે. અને ઇસ્લામી રીત રિવાજો અપનાવે છે. ઇસ્લામી માર્ગદર્શન મેળવે છે.

જો આ મુસલમાનનો જન્મ કોઇ બિન-મુસ્લિમ દેશમાં થાય અને તે ત્યાંજ મોટો થાય, તો તેનું જીવન ત્યાંના વાતાવરણ, ત્યાંના વિચારો, દ્રષ્ટિકોણો, જીવનની રીત-ભાત ઊપર ખતરનાક અસરો થશે (એ વ્યકિતઓ સિવાય જેને અલ્લાહ તઆલાએ આ મલિનતાથી બચાવી લીધેલ હોય)

બિન-મુસ્લિમ વાતાવરણથી અસર એ લોકો પર સ્પષ્ટ તરી આવે છે. આવા માહોલથી

હિજરત પછી ફરીવાર એ જગ્યાએ જવા અનુસંધાનમાં ઇસ્લામની એક ખાસ નજર છે.

અસંખ્ય રિવાયતો મુજબ આ ‘‘ગુનાહે કબીરા’’ (મહા પાપ)માં ગણાય છે અને કેટલાકની નજીક તો આ એ આઠ ગુનાહે કબીરામાંથી છે, જે સામાન્ય મોટા ગુનાહથી વધારે મોટા ગુનાહ ગણાય છે.

અબૂ બસીર કહે છે કે મેં ઇમામ જઅફર સાદિક (અ.સ.)ને એમ કહેતા સાંભળ્યા :

‘‘કબીરા ગુનાહો સાત છે, તેઓમાં કોઇને (નિર્દોષ) જાણી જોઇને કતલ કરવું,

કોઇને ખુદાનો ભાગીદાર ઠેરવવો, પાકદામન સ્ત્રી પર આરોપ મૂકવો (વ્યભિચારનો આરોપ), જેહાદના મેદાનમાંથી પીઠ દેખાડવી, ઇસ્લામી માહોલમાં ઉછેર થયા પછી ઇસ્લામી માહોલ અપનાવવા, વાલેદૈન (માં-બાપ) નું આક કરવું, યતીમના માલ પર જબરદસ્તી કબ્જો કરવો.

આપ (અ.સ.) એ ફરમાવ્યું : ''બિન-ઇસ્લામી વાતાવરણને અપનાવવું અને શિર્ક કરવો એકજ વાત છે.''

- ઉસૂલે કાફી, મોહમ્મદ બિન યઅકૂબે કુલૈની, જી.૨, પે.૨૮૧

ઊસૂલે કાફી (જી.૨, પેજ.૨૭૭)માં આપેલ છે :

‘‘ઉબેદ બિન ઝોરારા કહે છે કે, મેં ઇમામ જઅફર સાદિક (અ.સ.) થી પૂછયું, કબીરા ગુનાહો કયા કયા છે ? આપ (સ.અ.) એ ફરમાવ્યું :

‘અલી (અ.સ.)ની કિતાબમાં કબીરા ગુનાહો સાત છે, ખુદાના એક હોવાનો ઇન્કાર, નિર્દોષ જીવનો કતલ, મા–બાપનો આક થવું, વ્યાજખોરી, અયોગ્ય રીતે યતીમનો માલ હડપ કરી જવો, ઇસ્લામ માહોલ અપનાવ્યા પછી, બિન–ઇસ્લામી માહોલમાં જવું.’

અરજ કરી : ‘‘આ સૌથી મોટી નાફરમાની છે?’’

આપે ફરમાવ્યું : ‘‘હા !’’

ઇમામ રઝા (અ.સ.)એ આ ગુનાહની સૌથી મોટી નાફરમાની હોવાનું કારણ જણાવ્યું છે.

‘આ શખ્સ ઇલ્મ ત્યાગ અને અજ્ઞાનીઓના સહવાસ અને તેને ચાલુ રાખવાથી બચી નથી શકતો.’ (વસાએલુશ્શીઆ, અલ હુર્રે આમેલી કૃત, જી.૧૫, પેજ.૧૭૦)

ઊસૂલે કાફીમાં લખેલું છે અને તેના રાવી અબૂ બસીર કહે છે કે :-

‘‘કેટલાક સહાબીઓએ મારી સાથે મળી એક પત્ર ઇમામ હસન (અ.સ.)ની ખિદમતમાં રવાના કર્યો.

એ પત્રમાં અમે બધાએ કબીરા ગુનાહો વિશે પ્રશ્ન કર્યો હતો કે, કેટલા અને કયા કયા છે?

આપ (સ.અ.) એ અમને ઉત્તર લખી મોકલ્યો :

‘જે શખ્સ મોમિન હોય અને તે એ ગુનાહોથી બચે જેની સજા પાક પરવરદિગારે

જહન્નમ ઠેરવી છે, તો તેના બીજા ગુનાહો માફ કરી દેવામાં આવે છે.'

જહન્નમની સજાને પાત્ર સાત ગુનાહો છે :

નિર્દોષ જીવને કતલ કરવો, મા-બાપના આક થવું, વ્યાજખોરી મુસલમાન થઇને અસંસ્કૃત અને બિન મુસ્લિમ સમાજમાં જવું અને તેઆની રીતભાત અપનાવવી, પાકદામન સ્ત્રી પર આરોપ મૂકવો, યતીમનો માલ ખાવો અને જેહાદના મેદાનમાંથી ભાગી જવું'' (ઉસૂલે કાફી જી.૨, પેજ. ૨૭૭)

ઉસૂલે કાફી (જી.૨, પેજ.૨૭૭)માં આપેલ છે આ રિવાયતને મોહમ્મદ બિન

મુસ્લિમે ઇમામ જઅફર સાદિક (અ.સ.)થી નકલ કરી છે :

'કબીરા ગુનાહો સાત છે : જાણી જોઇને મોમિનને કતલ કરવો, પાકદામન ઔરત પર વ્યભિચારનો આરોપ મૂકવો, જંગના મેદાનથી ભાગી જવું, મુસલમાન થઇને બિન-ઇસ્લામી સમાજમાં જવું અને નાજાઇઝ રીતે યતીમોનો માલ વાપરવો, પૂરવાર થયા પછી વ્યાજખોરી અને દરેક એ ગુનાહ જેની સજા જહન્નમ છે.'

વસાએલુશ્શીઆમાં હમ્માદ સનદીથી રિવાયત છે કે,

મેં ઇમામ જઅફર સાદિક (અ.સ.)ની ખિદમતમાં અરજ કરી, હું (કદી) મુશ્રિકોના દેશમાં પ્રવેશ કરૂં છું, તો અમારા લોકો એમ કહે છે કે જો તમે એ શહેરમાં મરી ગયા તો એ લોકોની સાથે ઊભા કરવામાં આવશો.

ઇમામ જઅફર સાદિક (અ.સ.) એ ફરમાવ્યું : ‘‘શું તેઓ એવી વાતો કરે છે, જ્યારે તમે એ બિન-મુસ્લિમ દેશમાં જઇને અમારી હદીસો અને હુકમોની વાત કરો અને તેના તરફ લોકોને બોલાવો !

મેં અરજ કરી : જી હા !

ઇમામ (અ.સ.)એ ફરમાવ્યું : શું તમે ઇસ્લામી દેશમાં રહીને પણ અમારી ઇસ્લામી તાલીમ અને હુકમોની વાત કરશો અને તેના તરફ દાવત આપશો ?

મેં અરજ કરી : નહીં !

આપ (અ.સ.)એ ફરમાવ્યું : ''પછી તો એવી સ્થિતિમાં જો તમે એ બિન-મુસ્લિમ સમાજમાં મરશો, તો તમે એકલા એ ઉમ્મતના રૂપમાં કયામતના દિવસે ઉઠાડવામાં આવશો અને તમારૂં નૂર તમારી આગળ આગળ ચાલી રહ્યું હશે.'' (જી.૧૫, પેજ.૧૭૦)

(આ રિવાયતોથી તો એમ જાણવા મળે છે કે, કોઇ બિન-મુસ્લિમ દેશમાં દાખલ થવું હમેશા હરામ નથી, બલ્કે અમુક રિવાયતોએ તો એ દેશોમાં દાખલ થવાને સવાબનું કામ ગણાવ્યું છે.)

આ બધી રિવાયતો અને આવા પ્રકારની બીજી રિવાયતો અને બીજી શરઇ દલીલો વિશે આપણા માનવંત ફકીહોએ ફતવા આપ્યા છે જે નીચે મુજબ છે :

મસઅલો (૧) :

‘‘દીન અને દીનના અહકામોની તબલીગ અને પ્રચારની ગરજથી બિન-મુસ્લિમ

દેશો તરફ પ્રવાસ કરવો એક પ્રશંસનીય કાર્ય છે એ શર્તે કે સફર પર જનાર શખ્સ અને તેના કુમળા બાળકોના દીનને કોઇ પ્રકારનો ખતરો ન હોય.

રસૂલે અકરમ (સ.અ.વ.)એ અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ને સંબોધી ફરમાવ્યું :

‘અય અલી (અ.સ.)! ખુદા તમારા દ્વારા પોતાના બંદાઓમાંથી એક બંદાની પણ હિદાયત ફરમાવે તો એ તમારા માટે દુનિયા અને દુનિયાના બધા મામલાઓથી ઉચ્ચતર છે.’

એક શખ્સે રસૂલે અકરમ (સ.અ.વ.)થી અરજ કરી ‘‘યા રસૂલલ્લાહ (સ.અ.વ.) ! મને કંઇ નસીહત કરો’’

આપ (સ.અ.વ.)એ ફરમાવ્યું : ‘‘હું તને વસિયત કરૂં છું કે, કોઇને ખુદાનો ભાગીદાર ન ઠેરવો, લોકોને ઇસ્લામની દાવત આપો, તમારે એ જાણી લેવું જોઇએ કે તમને દરેક શખ્સના બદલે જે તમારી દાવત પર હા કહે, આલે યઅકૂબમાંથી એક ગુલામ આઝાદ કરવાનો અજર અને સવાબ મળશે.’’

આ પ્રકરણને સંકલિત બીજા શરઇ મસઅલાઓ નીચે મુજબ છે.

મસઅલો (૨) : મોઅમિનના માટે બિન - મુસ્લિમ દેશો તરફ સફર કરવી જાએઝ છે, એ શરતે કે, આ સફરના કારણે તેને અને તેની સાથે સંકળાએલ બીજા ઘરના સભ્યોના દીન પર પ્રતિકૂળ અસરો ન પડવાનું યકીન હોય.

મસઅલો (૩) : મુસલમાન માટે બિન-મુસ્લિમ દેશોમાં વસવાટ કરવો જાએઝ છે એ શરતે કે હાલ તેમજ ભવિષ્યના સમયમાં તેની અને તેના ઘરના સભ્યોની શરઇ ફરજો અંજામ આપવામાં કોઇ મુશકેલી ન હોય.

મસઅલો (૪) : જો બિન-મુસ્લિમ દેશો તરફ સફરથી મુસલમાનના ખરા અકીદાઓને નુકસાન પહોંચતું હોય તો આ સફર હરામ થશે.

ભલે પછી તે સફર પૂર્વનો હોય કે પશ્ચિમનો. તમારો હેતું હરવા ફરવાનો હોય કે વેપારનો અથવા ઇલ્મ પ્રાપ્તિનો, પછી તે દેશોમાં તમારો પડાવ કામચલાઉ હોય યા સદા માટે, બધા માટે એક જ હુકમ છે.

મસઅલો (૫) : જો પત્નીને યકીન હોય કે પતિ સાથે સફર પર જવાથી તેના દીનને નુકસાન પહોંચશે તો તેનો શોહર સાથે પ્રવાસ કરવો હરામ છે.

મસઅલો (૬) : જો પુખ્તવયી સંતાનો (છોકરો હોય કે છોકરી) ને એ વાતનું યકીન હોય કે મા-બાપ સાથે અથવા બીજા સગાઓ સાથે સફર કરવાથી તેઓના દીનને નુકસાન

પહોંચશે તો તેઓ સાથે તેઓનું સફર કરવું હરામ છે.

મસઅલો (૭) : દીની નુકસાન અંગે ફકીહોનું મંતવ્ય એ છે કે ઇન્સાન પોતાના વાણીવર્તનથી સગીરા અને કબીરા ગુનાહો આચરે, જેમકે શરાબખોરી, વ્યભિચાર, મુરદારનું ગોશ્ત ખાવું, નજીસ પીણાઓ પીવા અથવા એવા પ્રકારના ખોટા કામો જે હરામ અને ગૈર શરઇ હોય અથવા વાજિબ છૂટી જાય, જેમકે નમાઝ, રોઝા, હજ અથવા બીજા વાજિબો.

મસઅલો (૮) : જો કોઇ મુસલમાનના માટે બિન-મુસ્લિમ દેશો તરફ સફર કરવો અનિવાર્ય બની જાય. દાખલા તરીકે કોઇને એ યકીન થઇ

જાય કે તેને કતલ કરી નાખવામાં આવશે, એવા સંજોગોમાં પરદેશ સફર કરવી પડે અને તેને એ પણ યકીન હોય કે આ સફરથી મને કોઇ દીની નુકસાન પહોંચશે, આ સંજોગોમાં બિન-મુસ્લિમ દેશો તરફ સફર કરવા સિવાય બીજો કોઇ ઉપાય ન હોય તો આ સંજોગોમાં બિન-મુસ્લિમ દેશો તરફ સફર કરવી જાઇઝ છે, જેનાથી જરૂરત પૂરી થાય.

મસઅલો (૯) : જો કોઇ મુસલમાન પોતાનું વતન છોડી બિન-મુસ્લિમ સમાજની નાગરિકતા અપનાવે અને સાથે તેને એ પણ યકીન હોય કે એ મુલ્કમાં વસવાટથી તેના બાલ બચ્ચાઓનું દીની નુકસાન થશે, તો તેની ફરજ છે કે તે

પોતાના વતન પાછો ફરે. હા, અલબત્ત જો તેને મોતનો ખતરો ન હોય અને તેને વધારે કઠણાઇ ન ભોગવવી પડે, જેના કારણે તેના ઊપરથી શરઇ જવાબદારી ઊપાડી લેવામાં આવે, જેમકે તેની લાચારી અને મજબ્બૂરીની હાલત છે. જેમાં તેને જાન ખોઇ બેસવાનો ડર છે અને એજ સ્થિતિમાં તેને મુરદારનું ગોશ્ત ખાવું પડે. દીની નુકસાન ત્યારે સ્પષ્ટ થાશે જ્યારે પરદેશમાં વસવાટ દરમિયાન વાજિબ છૂટી જાય અથવા હરામનું આચરણ થઇ જાય.

મસઅલો (૧૦) : જ્યારે કોઇ કારણસર મુસલમાન પર સફર હરામ થઇ જાય, તો તેની આ મુસાફરી ગુનાહમાં ગણાશે. સફર દરમિયાન

તેણે નમાઝ ચાર રકઅત પૂરી પડવી પડશે, રોઝા રાખવા પડશે અને જ્યાં સુધી તેની મુસાફરી ગુનાહ ગણાશે, ત્યાં સુધી નમાઝ કસર પઢવાનો અને રોઝો છોડવાનો હક નહીં રહે.

મસઅલો (૧૧) : જો કોઇ મુસલમાનના માતા-પિતા અને સફરની મનાઇ કરે અને તેનું કારણ મા-બાપથી મહોબ્બત અને હમદર્દી હોય અથવા એ મુસલમાનનો પ્રવાસ મા-બાપ માટે જુદાઇ અને દૂરીના કારણે દુઃખદાયક હોય તો તેના પર લાઝિમ છે કે તે એ સફર તજી દે. એ શરતે કે તેને કોઇ જાની નુકસાનનો સંદેહ ન હોય, તો એ સંજોગોમાં એ પુત્રની સફર જાઇઝ નહીં હોય.

મસઅલો (૧૨) : જિંદગીના જુદા જુદા કામો માટે સરકારી અદાલતોમાં રજૂ કરવુ જાઇઝ છે જ્યારે મુસલમાનની જાન, માલ અને આબરૂ સાથે ઝિયાદતી થઇ હોય અને ઇન્સાફ મેળવવો અથવા ઝુલ્મ દૂર કરવાનો આધાર અદાલતમાં જવા પર જ હોય.

## હિજરત બાબતે સવાલ જવાબો

મસઅલો (૧૩) : શું મુસલમાન બીજાનો પાસપોર્ટ ખરીદી તેના ઊપરનો ફોટો બદલી જે દેશમાં જવાનો ઇરાદો હોય ત્યાં પહોચવાનું યકીન હોય અને ત્યાં જઇ ત્યાના અધિકારીઓને માહિતી આપી દેશે આ કામ જાઇઝ છે?

જવાબ : એ આ કામની ઇજાઝત નથી આપતા.

મસઅલો (૧૪) : ‘‘તઅર્રૂબ બઅદલ હિજરા’’, જે કબીરા ગુનાહોમાંથી છે, નો શું મતલબ છે?

જવાબ : કેટલા ફકીહો ફરમાવે છે કે અર્વાચીન કાળમાં એ દેશોમાં વસવાટ ‘‘તઅર્રૂબ બઅદલ હિજરા’’ કહેવાશે, ઇન્સાન એવા દેશમાં હોય, જ્યાં તેને પોતાના દીની મામલાઓ અને શરઇ હુકમો મળી શકતા હોય, જેની પ્રાપ્તિ જરૂરી હોય અને પવિત્ર શરીઅતના વાજિબો અંજામ આપી શકતો હોય, હરામને છોડી શકતો હોય ત્યાંથી એવા દેશ ચાલ્યો જાય જ્યાં આ બધા

અથવા અમુક જરૂરી ફરજો અંજામ ન આપી શકાય.

મસઅલો (૧૫) : યૂરોપ, અમેરિકા અને એવા પ્રકારના બિન મુસ્લિમ દેશોમાં વસતા મુસલમાનને એમ લાગે છે કે તે પોતાના દીની વાતાવરણથી કપાતો જઇ રહ્યો છે, એ વાતાવરણ જેમાં તેણે એક મુસલમાન રૂપે કેળવણી અને ઉછેર મેળવ્યો, બેદીન દેશોમાં અઝાન અને કુરઆનની ન અવાજ સાંભળે છે, ન પવિત્ર સ્થળોની ઝિયારત અને ન તેને રૂહ ઉત્તેજક વાતાવરણ નસીબ થાય છે. શું આ દીની માહોલ છોડી તેણે દૂર જીવન વિતાવવું દીની નુકસાનમાં ગણાશે ?

જવાબ : આ એવું દીની નુકસાન નથી જેનાથી એ દેશમાં રહેવું હરામ થઇ જાય. અલબત્તા વધારે વખત પોતાના દીની માહોલથી દૂર રહેવાના કારણે સમયના પસાર થવા સાથે ઇન્સાનની દીની ભાવના નબળી પડી જાય છે. અને તેની દ્રષ્ટિમાં વાજિબ કામો છોડી દેવા અને હરામ કામો આચરવા સામાન્ય બાબત બની જાય છે. જો એક મુસલમાનને એમ ડર હોય કે પરદેશમાં લાંબો વસવાટ તેના દીની નુકસાનનું કારણ બનશે તો એ સંજોગોમાં તેનું એ દેશમાં રહેવું જાઇઝ નહીં હોય.

મસઅલો (૧૬) : યૂરોપ, અમેરીકા અને એવી જાતના બીજા બિન-ઇસ્લામી દેશોમાં વસતા

મુસલમાનથી કેટલીક વખત એવા હરામ કાર્યો થઇ જાય છે, જો એ શખ્સ પોતાના મુસ્લિમ દેશોમાં હોત તો તે આવા હરામ કામ ન કરત. બિન ઇસ્લામી દેશોની સામાન્ય જિંદગી એવા દ્રશ્યો દેખાડે છે જે ઘણા દિલ લુભાવનારા, વસવસો પૈદા કરતા હોય છે અને એક ઇન્સાન ભલે તે હરામ તરફ ધ્યાન ન આપતો હોય, તો પણ આવા દ્રશ્યો તેને એવા કામો માટે ઉત્તેજે છે અને તેનાથી કોઇ ન કોઇ હરામ કામ થઇ જાય છે. શું આ દીની નુકસાનમાં ગણાશે ? જેના કારણે એ દેશોમાં વસવું હરામ થઇ જાય છે ?

જવાબ : જી હા, આ દીની નુકસાન છે, અલબત્તા કોઇ હરામ કામ સગીરા ગુનાહ (હોય) અને (તેને) વારંવાર આચરવામાં ન આવતું હોય તો દીની નુકસાનમાં લેખવામાં નહીં આવે.

મસઅલો (૧૭) : ‘‘તઅર્રૂબ બઅદલ હિજરા’’નો અર્થ એવી રીતે છે કે, પોતાના દેશમાંથી એવા દેશમાં વસવાટ કરવો, જયાંના રહેવાવાળા આ મુહાજિરની દીની જાણકારીમાં કમી થઇ ગઇ હોય અને દીનના હવાલાથી તેનામાં જહાલતનો ઉમેરો થયો હોય. શું તેનો મતલબ એ છે કે આ પ્રકારના દેશોમાં રહેનારા પર ફરજ છે કે સામાન્ય કરતા પોતાનું ધ્યાન

વધારે રાખે જેથી સમયના વીતવા સાથે તેની જહાલતમાં વધારો ન થાય ?

જવાબ : આવા સંજોગોમાં નફસનું નિરીક્ષણ જરૂરી છે અને તેને મૂકી દેવાથી તેની દીની જાણકારીમાં કમી આવશે અને તેની જહાલતમાં વધારો થાશે, જેનાથી દીની નુકસાનનો ખતરો છે.

મસઅલો (૧૮) : જો કોઇ બિન-ઇસ્લામી માહોલ અને સમાજની વિશેષતાઓ કોઇ ઇસ્લામી મુબલ્લીગ (પ્રચારક)ને હરામ કામમાં સંડોવવાના પ્રસંગો વધારી દે તો શું આવા આલિમે દીન અને ઇસ્લામી પ્રચારકના માટે એ

દેશોમાં વધારે રહેવું હરામ અને તબલીગ છોડી વતન પાછું ફરવું વાજિબ થશે?

જવાબ : જો આકસ્મિક રીતે કંઇક નાના ગુનાહોમાં સંડોવાનો ખતરો હોય અને એ પણ યકીન હોય કે મામલો આથી વધારે આગળ નહીં વધે તો એ પરિસ્થિતિમાં એ આલિમે દીનનું વધારે રોકાવું હરામ નહીં લેખાય.

મસઅલો (૧૯) : જો એ શહેરના મુહાજિરને પોતાની ઔલાદના દીની નુકસાનનો ખતરો હોય તો શું એ શહેરમાં તેનો વસવાટ હરામ થાશે ?

જવાબ : જી હા ! આ હુકમ ખુદ એ મુહાજિરને પણ લાગુ પડશે.

મસઅલો (૨૦) : શું યુરોપી દેશો અને અમેરિકામાં રહેવાવાળા જવાબદાર મુસલમાન લોકો પર લાઝિમ છે કે તેઓ પોતાની ઔલાદને અરબી શીખવવા પર ધ્યાન આપે. કેમકે આ ભાષા કુરઆન અને શરીઅતની ભાષા છે. જો આ ભાષાથી જાણકારી નહીં રાખે તો આવવાવાળા સમયમાં પણ શરીઅતના મૂળભૂત ઉસૂલોથી અજ્ઞાત રહેશે. એ હુકમો જે અરબી ભાષામાં લખવામાં આવ્યા છે. આ રીતે તેની દીની જાણકારીમાં

ઉણપ રહી જશે અને તેને દીની નુકસાન પહોંચશે.

જવાબ : પોતાના બાળકોને એટલી હદ સુધી અરબી ભાષા શિખવવી વાજિબ છે, જે વાજિબોને અદા અરબી ભાષામાં કરવી જરૂરી છે. જેમકે નમાઝના વાજિબાત. આથી વધારે અરબી શિખવવું જરૂરી નથી, એ શરતે કે કોઇ બીજી ભાષામાં દીનની જાણકારીઓ અને શરઇ હુકમો મેળવવા શકય હોય. અલબત્તા કુરઆને પાક અને અરબી જબાનને સંપૂર્ણ રીતે શીખવું મુસ્તહબ છે. જેથી ઇસ્લામના હુકમો અરબી ભાષામાં તેના મૂળભૂત સિદ્ધાંતો પ્રમાણે મેળવી શકે. જેમાં પ્રથમ કુરઆને મજીદ છે, ત્યાર

પછી નબી (સ.અ.વ.)ની સુન્નતો અને એહલેબૈત (અ.મુ.સ.)ના કથનો.

મસઅલો (૨૧) : જો કોઇ મુસલમાનને એવો ઇસ્લામી દેશ મળી જાય, જ્યાં તે યુરોપી દેશોની આધુનિક પરિસ્થિતિની સરખામણીમાં કેટલીક આર્થિક કઠણાઇઓ સાથે સમય વિતાવી શકે, તો શું તેને એવા સંજોગોમાં પશ્ચિમી દેશનું નાગરિકપદ છોડી ઇસ્લામી દેશ તરફ હિજરત કરવી વાજિબ છે ?

જવાબ : આ પરિસ્થિતિમાં દેશને ત્યાગી દેવો વાજિબ નથી. હા, જો તે દેશમાં વસવાથી તેને દીની નુકસાનનો ખતરો હોય તો હિજરત કરવી વાજિબ છે.

મસઅલો (૨૨) : જો કોઇ મુસલમાન બિન-મુસ્લિમ દેશોમાં બિન-મુસ્લિમને ઇસ્લામની તરફ઼ આકર્ષે અને ઇસ્લામની દાવત આપે અથવા પોતાના મુસલમાન ભાઇઓને દીની બળ પહોંચાડી શકતો હોય અને આ અનુસંધાનમાં કોઇ દીની નુકસાનની પણ શકયતા ન હોય, તો શું એવી સ્થિતિમાં બિન-મુસ્લિમ દેશમાં રહી તબલીગ કરવી વાજિબ છે?

જવાબ : જી હા, તેઓ ઊપર વાજિબે કિફ઼ાઇ છે, જે મુસલમાનો તબલીગની શક્તિ રાખતા હોય.

મસઅલો (૨૩) : શું કોઇના માટે એવા બિન-મુસ્લિમ દેશમાં વસવું જાઇઝ છે, જ્યાં કદમ કદમ પર હરામ અને બૂરાઇઓથી પનારો પડતો હોય. જ્યારે કે એ દેશથી કોઇ મુસ્લિમ દેશની તરફ પ્રયાણ કરવું પણ તેના માટે શકય છે, પરંતુ દેશ છોડવાના સંજોગમાં તેની સામે આર્થિક અને રહેણાંકી મુશ્કિલોનો સામનો છે અને જાઇઝ ન હોવાની સ્થિતિમાં શું એ જ દેશમાં મુસલમાનોમાં તબલીગ, વાજિબોની અદાયગી અને હરામ કાર્યોનું ધ્યાનમાં રાખવું એ વાતનું કારણ છે કે ત્યાં તેનું રહેવું જાઇઝ થઇ જાય ?

જવાબ : જો કોઇ પરદેશમાં વસવાટ દરમિયાન એ મુસલમાન અને તેના ઘરના સભ્યોને શરઇ વાજિબો અદા કરવામાં રૂકાવટ નથી તો તેનું ત્યાં વિદેશમાં રહેવું હરામ નથી અને રૂકાવટ બને તો જાઇઝ નથી ભલે પછી અમુક તબલીગી ફરજો અંજામ આપી શકે તેમ હોય.

## પ્રકરણ બીજું

## વિષય : તકલીદના હુકમો

સંપૂર્ણ શરતો ધરાવનાર મુજતહેદના ફતવાઓ પ્રમાણે અમલ કરવાનું નામ – તકલીદ છે. જો કે ખરેખર અમલના સમયે કોઇ પણ પ્રકારના ફતવાનો હવાલો ન આપવામાં

આવે. આ રીતે મુજતેહદના ફતવા પ્રમાણે જે કામ બજાવવું જાઇઝ હોય તેને અંજામ આપે અને જે કામ મૂકી દેવું જરૂરી હોય તેને તજી દેવું જોઇએ, કોઇ પણ જાતની શોધખોળ કે તહેકીક વગર. એવી રીતે કે જાણે તમે તમારા અમલનો ભાર મુજતહેદની ગરદન પર નાંખી દીધો હોય અને ખુદા સમક્ષ એ મુજતહેદને પોતાના આમાલનો જવાબદાર ઠરાવ્યો હોય.

જે મુજતહેદની તકલીદ કરવામાં આવે, તેના માટે એ શરત વાજિબ છે કે, તે પોતાના સમયના બધા આલિમોથી વધારે જ્ઞાન રાખતા હોય અને શરઇ હુકમોને તેના નક્કી સંદર્ભો અને મૂળ માર્ગોથી મેળવવાની આવડત અને શક્તિ

રાખતો હોય. આ પ્રકરણમાં શરઇ હુકમોની સ્પષ્ટતા નીચે મુજબ છે :-

મસઅલો (૨૪) : જે મુકલ્લફ શરઇ હુકમોને સહી રીતે અમલ કરવાની ક્ષમતા અને શક્તિ ન રાખતો હોય, તેના પર વાજિબ છે કે તે એવા મુજતહેદની પૈરવી કરે જે ઇસ્તિમ્બાત (હુકમ તારવવાની) શક્તિ રાખતો હોય.

આ પ્રકારના મુકલ્લફ (જેના પર કાર્ય વાજિબ છે) નો અમલ જો ન તકલીદ પ્રમાણે હોય અને ન એહતેયાત પ્રમાણે હોય, એવા અમલ બાતિલ છે.

મસઅલો (૨૫) : મુજતહેદે આલમ એ છે જે સવિસ્તર દલીલોના પ્રકાશમાં શરઇ હુકમો તારવવામાં અને કાઢવામાં બીજા મુજતહેદો કરતા વધારે સમર્થ હોય.

મસઅલો (૨૬) : મુજતહેદે આલમ નક્કી કરવા સંબંધમાં જાણકારો તરફ રજૂ કરવું વાજિબ છે. મુજતહેદને નક્કી કરવા અનુસંધાનમાં આ બાબતના માહિતગારો સિવાય કોઇ અન્યને અનુસરવું જાઇઝ નથી.

મસઅલો (૨૭) : મુકલ્લફ ત્રણ રીતે પોતાના મરજાએ તકલીદના ફતવા પર અમલ કરી શકે છે.

૧. પોતે મુજતહેદથી મસઅલાનો હુકમ સાંભળે.

૨. બે આદિલ ગવાહ અથવા એવી વ્યક્તિ જેની વાત પર ભરોસો અને યકીન હોય મુજતહેદનો ફતવો બતાવે.

૩. મુકલ્લફ પોતે પોતાના મરજએ તકલીદના અમલી રિસાલાથી ફતવો મેળવે, જે પ્રમાણિત હોવાનું તેને યકીન હોય.

મસઅલો (૨૮) : જો ઉભા થયેલ મસઅલામાં મરજએ તકલીદનો કોઇ ફતવો ન હોય અથવા મુકલ્લફ જરૂરતના સમયે ફતવો ન મેળવી શકે તો એ મુજતહેદ તરફ રજૂ કરવું તેના માટે જાઇઝ

છે, જે અ'અલમ સિવાય બીજા મુજતહેદોમાં સૌથી વધારે ઇલ્મ ધરાવતા હોય.

## તકલીદને લગતા ખાસ શરઇ મસઅલા

મસઅલો (૨૯) : આપણે માનવંત ફકીહોનું એ ફરમાન વાંચીએ છીએ કે, તમારા પર અ'અલમ મુજતહેદ કોણ છે તે જાણવાની જરૂરત ઉભી થાય છે, તો આપણને કોઇ સ્પષ્ટ અને માર્ગદર્શક જવાબ નથી મળતો, જેથી કોઇ મુજતહેદની તકલીદ કરી શકીએ, અને રૂહાની સંતોષ મેળવી શકીએ અને તેઓથી એ વાતનું કારણ જાણી શકીએ કે તેઓ લોકોની આ અનુસંધાનમાં રહેનુમાઇ કેમ નથી કરતા ? તો તેઓનો જવાબ એ હોય છે કે અમે એહલે

ખુબરાથી આ વિશે પૂછયું છે, જેનો તેઓએ એ જવાબ આપ્યો છે કે મુજતહેદે આલમ નક્કી કરવા માટે મુજતહેદોની ફિકહી કિતાબોનું અધ્યયન ઘણું જરૂરી છે, જેથી એ કિતાબોના અવલોકનથી મુજતહેદે આલમને નક્કી અને ચોક્કસી કરી શકાય. આ એક લાંબો અને ગૂંચવણભર્યું કામ છે. વધારે સારૂં એ છે કે આ વિષયમાં કોઇ અન્યથી માલૂમ કરો. પરંતુ આ વિચારવા જેવું છે કે જો દીની કેન્દ્રોમાં પણ મુજતહેદે આલમનું નક્કી કરવું એક મુશ્કેલ કામ છે તો બિન–મુસ્લિમ દેશો દાખલા તરીકે યૂરોપ અમેરીકા અને આવા પ્રકારના બીજા દેશોમાં આ કામ કેટલું બધું મુશ્કિલ હશે, જેઓ

આપણા દીની કેન્દ્રો અને મુસ્લિમ દેશોથી દૂર આવેલા છે.

પરંતુ જ્યારે આપણે પૂરતી મહેનત અને પ્રયત્નોથી નવજવાન નસલને વાજિબાતની પાબંદી બજાવી લાવવાની અને હરામ કામોથી બચવા માટે તૈયાર કરીએ છીએ અને તેઓને અંતે એ સવાલ સુધી લઇ આવીએ છીએ કે તેઓ એ પૂછવા પર મજબૂર થઇ જાય છે કે હવે અમે કોની તકલીદ કરીએ ? શું આ વિકટ પ્રશ્નનો કોઇ ઉકેલ મોજૂદ છે?''

જવાબ : જો કોઇ કારણસર અમુક માહિરો જેઓ મુજતહેદે અ'અલમથી જાણકાર છે, અ'અલમના નક્કી કરવાનો ઇન્કાર કરે છે, તો

કેટલાક એહલે ખુબરા એવા પણ છે, જે તેનો ઇન્કાર નથી કરતા અને આવા માહિરોની ઓળખ, આલિમો અને બીજા વિશ્વાસપાત્ર લોકો દ્વારા થઇ શકે છે, જેઓનો હવઝએ ઇલ્મીયા અને બીજા દેશોમાં ફેલાયેલા આલિમોથી સંપર્કમાં છે. આથી જાણવા મળ્યું છે કે મુજતહેદે અ'અલમનું નક્કી કરવું, અમુક મુશ્કેલીઓથી ખાલી નથી, પણ તેને એક અટપટુ અને મુશ્કેલ કામ ન ગણવું જોઇએ.

મસઅલો (૩૦) : અમે જાણકારોને કેવી રીતે ઓળખીએ ? જેથી તેઓને મુજતહેદે અ'અલમના વિશે પુછીએ. તેઓ સુધી અમે કેવી રીતે પહોંચી શકીએ, જેથી તેને પૂછી

શકીએ, જ્યારે કે અમે મહાન આલિમો, માનવંત ફકીહો અને પૂરા ઇસ્લામી નિઝામથી દૂર છીએ ? શું કોઇ એવો ઉકેલ છે, જે અમારી મુશકેલીને હળવી કરી શકે ? અને જેના મારફત અમે અમારા તકલીદના મરજાઅને નક્કી કરી શકીએ?

જવાબ : અ'અલમ મુજતહેદની ખબર એ આલિમો રાખી શકે છે, જેઓ ઇલ્મના હિસાબે મુજતહેદ અથવા ઇજતેહાદની નિકટ હોય અને જે મર્યાદિત લોકોમાં મુજતેહદે અ'અલમ સમાએલા છે ઇજતેહાદના જરૂરી જ્ઞાનમાં તેઓની કાબેલયતથી જાણકારી રાખે છે. જરૂરી ઇલ્મ ત્રણ છે.

૧. એ ઇલ્મ જેનાથી એ પૂરવાર થાય કે ફલાણી રિવાયત મઅસૂમથી સંકળાએલી છે અને તેઓએ ફરમાવેલી છે. આ ઇલ્મમાં ઇલ્મે રેજાલ, ઇલ્મે હદીસ અને તેને લગતા બીજા કાર્યો જેમકે કિતાબોની ઓળખ, મનઘડત અને બનાવટી રિવાયતોની ઓળખ, જૂઠ ઘડવાના કારણોની જાણકારી, જુદા જુદા નુસ્ખાઓ (લેખિત પ્રતો)ની ઓળખ, ખરી રિવાયતની ઓળખ, હદીસનું લખાણ, લેખકના શબ્દોમાં ભળતાપણું અને આ પ્રકારની બીજી બાબતો આધાર રાખે છે.

૨. મુહાવરા (રૂઢિ પ્રયોગ)ના સામાન્ય નિયમોની ઓળખ દ્વારા રિવાયતનો ભાવાર્થ

સમજવો, ખાસ કરીને હુકમોના બયાનમાં ઇમામો (અ.મુ.સ.) ની ખાસ રીત અને શૈલીને જાણવી, આ ઇલ્મમાં ઇલ્મે ઉસૂલ, સાહિત્યનું જ્ઞાન, અને પાક ઇમામો (અ.મુ.સ.)ના સમકાલીન એહલે સુન્નતના માનવંત આલિમોના ફતવાની જાણકારી જરૂરી છે.

૩. પેટા હુકમો (ફુરૂઇ એહકામ) ફિકહને લગતા ઉસૂલી કાયદા અને કાનૂનોને લાગુ પાડવામાં દીર્ઘદ્રષ્ટી હોય અને તેનાથી જાણકારીનો માર્ગ એ છે કે ફકીહોથી ચર્ચા ઇલ્મી વાર્તાલાપ કરવામાં આવે અથવા તેમના સંપાદકો અને ઇલ્મે ઉસૂલે અને ફિકહની કિતાબોના લખાણોનું અભ્યાસ કરવામાં આવે.

મુજતહેદે આલમને શોધનાર મુકલ્લફ જો પોતે ઇલ્મવાળાઓથી પરિચિત નથી, સામાન્ય રીતે આવા દીની આલિમો અને બીજા ભરોસાપાત્ર લોકો મારફત પણ એહલે ખુબરાને ઓળખી શકાય છે, જેઓ એહલે ખુબરાને સમજે છે. આજના જમાનામાં જાણકારોનો સંપર્ક કોઇ મુશ્કેલ વાત નથી.

મસઅલો (૩૧) : જો મુજતહેદે અ'અલમની ઓળખમાં એહલે ખુબરામાં મતભેદ દેખાતો હોય, પરંતુ આપમેળે તેને કોઇ એક મુજતહેદના જ્ઞાનભંડાર વિશે સંતોષ થઇ જાય તો શું તકલીદ માટે એટલું ઇત્મીનાન પૂરતું છે?

જવાબ : જો અ’અલમ નક્કી કરવામાં અહેલે ખુબરામાં મતભેદ થઇ જાય તો એહલે ખુબરામાંથી એ આલિમની વાત પર અમલ કરવામાં આવે, જેનું ઇલ્મ સૌથી વધારે હોય અને આજ હુકમ અને સિદ્ધાંત બીજા મામલાઓમાં પણ જારી થાય છે, જ્યાં એહલે ખુબરામાં મતભેદ દેખાતો હોય.

મસઅલો (૩૨) : જો એહલે ખુબરા મુજતહેદે અ’અલમના નક્કી કરવામાં મતભેદ કરે અને બીજા મુજતહેદોની તકલીદને પૂરતી અને જાએઝ ઠરાવે તો શું એ સંજોગોમાં એક બાલિગ અને આકિલ ઇન્સાનને એ હક પ્રાપ્ત છે કે જ્યાં સુધી તેની સમક્ષ મુજતહેદ અ’અલમ

સ્પષ્ટ અને પૂરવાર ન થાય, તે એક મસઅલામાં કોઇ મુજતહેદની તકલીદ કરે, તેના ફતવા પર અમલ કરે અને બીજા મસઅલામાં કોઇ બીજા મુજતહેદની તકલીદ કરે ?

જવાબ : આ સવાલ ત્રણ વિવિધ ફરજો સૂચવે છે

કેટલાક એહલે (કોઇનું નામ નક્કી કર્યા વગર) ઇલ્મ માત્ર એક મુજતહેદ અથવા મુજતહેદોની એક જમાતની તકલીદને જ પૂરતી સમજે છે. તેના પર કોઇ શરઇ અસર લાગુ નહીં પડે.

એહલે ઇલ્મ મુજતહેદોમાંથી બે અથવા બેથી વધારેના ઇલ્મ અને તકવામાં સમાન હોવાનું એલાન કરે અર્થાત શરઇ એહકામ તારવવા અને કાઢવામાં તેમની પરિપૂર્ણતાનું એલાન કરે તો એવા સંજોગોમાં મુકલ્લફને ઇખ્તેયાર છે કે તે પોતાના આમાલને એ મુજતહેદોમાંથી કોઇ એકના ફતવા મુજબ બજાવી લાવે, પરંતુ કેટલાક મસઅલાઓમાં એહતેયાતે વાજિબ એ છે કે બની શકે ત્યાં સુધી એકી સાથે બે અથવા બેથી વધારે મુજતહેદોના ફતવા પર અમલ કરે. દાખલા તરીકે જો કોઇ મુસાફર વિશે કોઇ મુજતહેદ પૂરી અને બીજો કસર નમાઝ પઢવાના ફતવા આપે

તો મુકલ્લફ (એટલે નમાઝ પઢનાર) ચાર રકઅતી નમાઝને એકવાર કસર પઢે અને એક બીજીવાર પૂરી નમાઝ પઢે (એટલે ચાર રકઅત).

કેટલાક એહલે ઇલ્મ એક મુજતહેદના અ'અલમ હોવાનો અને કેટલાક એહલે ખુબરા બીજા મુજતહેદના અ'અલમ હોવાનું એલાન કરે તો આ મસઅલાના ફરી બે રૂપ છે : પહેલા રૂપમાં એ છે કે મુકલ્લફને બધાય કારણોના આધારે એ જાણકારી હશે કે બે મુજતહેદોમાંથી એક જરૂર અ'અલમ છે, પરંતુ તે નક્કી ન કરી શકાય. એવું જવલ્લેજ બને છે, આથી સ્થિતિ અને સૂરતનો સવિસ્તાર હુકમ કિતાબ

''મિન્હાજુસ્સાલેહીન''ના મસઅલા નં.૯માં બયાન થઇ ચૂકયો છે.

આ મસઅલાનું બીજું રૂપ એ બને છે કે, મુકલ્લફને કોઇ એકના અ'અલમ હોવાનું ઇલ્મ ન હોય, એનો મતલબ એ છે કે ઇલ્મમાં બંનેને સરખા હોવાની શકયતા છે તે એવા સંજોગોમાં પહેલાં વર્ણવેલ બીજી ફરજનો હુકમ લાગુ પડશે.

મસઅલો (૩૩) : જો મુકલ્લફને એક એવો મસઅલો ઉભો થાય કે જેના વિશે તેને પોતાના મરજએ તકલીદના ફતવા ખબર ન હોય, તો શું એ સ્થિતિમાં મુકલ્લફ પર વાજિબ છે કે તે સંશોધન કરે અને વકીલોથી પૂછી પોતાના

મરજએ તકલીદની રાઇ માલૂમ કરે. જેના દ્વારા ઇલેકટ્રોનિક સાધન વહેવાર (ટેલીફોન)ની જરૂરત પડી શકે છે, જે ઘણું મોંઘુ પડે છે અથવા જ્યાં સુધી પોતાના મરજએ તકલીદનો ફતવો ન મેળવે, કોઇ બીજા મુજતહેદના ફતવા પર અમલ કરી શકે છે? જેનો ફતવો સરળતાથી માલૂમ કરી શકાતો હોય, અને તેના પહેલાના આમાલ માટે શો હુકમ હશે જે મરજએ તકલીદના ફતવાઓની વિરૂદ્ધ અંજામ આપવામાં આવ્યા ?

જવાબ : મુકલ્લફ પર વાજિબ છે કે તે પોતાના મરજએ તકલીદનો ફતવો માલૂમ કરે ભલે તેને તેના માટે ટેલીફોનથી સંપર્ક સાધવો પડે એ

શરતે કે આ સાધન તેના માટે નુકસાનકારક અને તકલીફ આપનારૂં ન હોય અને જો મરજએ તકલીદનો ફતવો માલૂમ કરવો શકય ન હોય તો ઉભા થએલ મસઅલામાં મરજએ તકલીદ સિવાય કોઇ બીજા મુજતહેદના તરફ રજૂ કરી શકાય છે પરંતુ એ મરજએ તકલીદની પછી બીજાઓથી અ'અલમ હોય અને તેનો પણ ફતવો ન મળે તો ત્રીજા દરજ્જાનો મુજતહેદ હશે. તેના ફતવા પર અમલ કરે અને આ અનુક્રમનો ખ્યાલ રાખે અને બીજા મુજતહેદના ફતવા પર અંજામ આપેલ અમલ સહી ગણાશે, જો કે હકીકતમાં (સૂચિત કામ વિશે) તેનો ફતવો મરજએ તકલીદના ફતવાની વિરૂદ્ધ હોય.

# પ્રકરણ ત્રીજું

## વિષય : તહારત અને નજાસત

દરેક મુસલમાનની ઇચ્છા હોય છે કે, તેનું શરીર, કપડા અને રોજની જરૂરી વસ્તુઓ નજાસતથી પાક હોય કે જેનાથી શરીર અને કપડા નજીસ થઇ જાય તો નજાસત દૂર કર્યા વગર શરીર અને લિબાસ પાક થઇ નથી શકતા.

જ્યારે કે બિન-ઇસ્લામી દેશોમાં મુસલમાનોની જિંદગીમાં દરેક પ્રકારની મુશ્કેલીઓનો સામનો થાય છે. એટલે કે વાતાવરણમાં નજાસતથી બચવું ઘણું કઠીન કામ છે.

હોટલો, રેસ્ટોરાનો, હજામની દુકાન, લોન્ડ્રી હમામ, ભીના રસ્તા, સામાન્ય માર્ગોમાં બિન-મુસ્લિમ રહેણાંકોથી પનારો પડતો રહે છે. આ મસઅલાઓના ઉકેલ માટે ખાસ શરઇ હુકમો રજૂ કરવામાં આવે છે.

મસઅલો (૩૪) : શરઇ હુકમ છે.

'દરેક વસ્તુ ત્યાં સુધી પાક સમજવામાં આવશે જ્યાં સુધી તેની નજાસતનું યકીન ન થઇ જાય.'

આ શરઇ હુકમ એ વાતનું સ્પષ્ટીકરણ કરે છે કે બધી ચીજો ત્યાં સુધી પાક સમજવામાં આવશે, જ્યાં સુધી આપણને કોઇ

ચીજના નજીસ હોવાનું યકીન ન થાય, તેને પાક સમજો અને જરાય સંકોચ વગર તેના પર તહારતની બધી અસરો લાગુ પડશે.

મસઅલો (૩૫) : એહલે કિતાબ એટલે યહૂદીઓ અને ઇસાઇઓ અને મજૂસી પાક છે, જ્યાં સુધી કોઇ આરજી નજાસતના કારણે તેના નજીસ થઇ જવાનું યકીન ન આવી જાય. એહલે કિતાબની સાથે ઉઠતા બેઠતા અને તેને સ્પર્શ કરતી વખતે પણ આ સિદ્ધાંત પર અમલ કરી શકો છો.

મસઅલો (૩૬) : એક વસ્તુની નજાસત બીજી વસ્તુ તરફ એવા સંજોગોમાં ફેલાશે, જ્યારે બંને અથવા બંનેમાંથી એક ભીની હોય. ભીની

હોવાની સ્થિતિમાં નજીસ ચીજની ભીનાશ પાક ચીજમાં પ્રસરી જશે તો જ પાક ચીજ નજીસ થશે પરંતુ જો બંને ચીજો સૂકી હોય તો નજાસત એક ચીજમાંથી બીજી ચીજમાં ફેલાશે નહીં. જેમકે હાથ સૂકો હોય અને સૂકી નજીસ ચીજ પર રાખવામાં આવે તો તમારો હાથ નજીસ નહી થાય.

મસઅલો (૩૭) : તમે તહારત (પાકીઝગી) ના હુકમ જારી કરી દરેક એ શખ્સની સાથે મુસાફો કરી શકો છો, જ્યાં સુધી તેના અકીદાઓ અને દીનથી જાણકારી ન હોય અને તેના મુસલમાન અથવા એહલે કિતાબ હોવાની શક્યતા હોય, ભલે તમારા હાથમાં ભીનાશ

હોય. એ પણ વાજિબ નથી કે જે શખ્સથી તમે મળી રહ્યા છો તેના દીન અને અકીદા વિશે માલૂમ કરો, જો કે આ સવાલથી તમને અને તમને મળવાવાળાને કોઇ મુશ્કેલ પણ ન હોય. (તો પણ સવાલ કરવું જરૂરી નથી.)

મસઅલો (૩૮) : જ્યાં સુધી નજાસતનું યકીન ન હોય, જિસ્મ અને લિબાસ પર પડવાવાળા પાણી અને બીજા પ્રવાહીઓના ટીપાં પાક સમજવામાં આવશે.

મસઅલો (૩૯) : આલ્કોહોલની બધી બનાવટો, ચાહે તેને લાકડામાંથી બનાવવામાં આવેલ હોય અને ચાહે બીજી અન્ય વસ્તુથી, પાક છે. તદ્ઉપરાંત એ બધી દવાઓ અને

ખુશ્બૂઓ જેમાં આલ્કાહોલ ભળેલ છે પાક છે અને તેની નજાસત વિશે જરાય સંકોચ વિના તમે તેને વાપરી શકો છો અને જો તેમાં આલ્કોહોલનું પ્રમાણ ઘણું ઓછું હોય દાખલા તરીકે બે ટકા હોય તો તેને ખાઇ પણ શકાય છે.

નોંધ : હલાલ હોવુ અને ખાવુ જાઈઝ હોવુ બંને અલગ છે. આલ્કોહોલના બધા પ્રકાર પાક છે. પરંતુ ખાવામાં ફકત એ વસ્તુ કે જેમા આલ્કોહોલનુ પ્રમાણ બહુજ ઓછુ હોય જેમકે બે ટકા તે જ જાઈઝ છે.

મસઅલો (૪૦) : ઘરનો જરૂરી અને વપરાએલ સામાન ભલે તે કોઇ પણ રીતે

વપરાશમાં રહેલ હોય, જ્યાં સુધી તેના નજીસ હોવાનું યકીન ન હોય, પાક છે. અને તેને પાક કર્યા વગર ફરીવાર વાપરી શકાય છે.

મસઅલો (૪૧) : ઘરનું ફર્શ અને કારપેટ વગેરે જો નજાસત લાગવાથી નાપાક થઇ જાય અને નજાસતનો કોઇ અંશ અથવા બિંદુ વગેરે ફર્શ પર બાકી ન રહે તો તેને પાક કરી શકાય છે.

કારપેટ અથવા ફર્શને સાફ કરવાની રીત એ છે કે, કોઇ લોટો અથવા પ્યાલો વગેરે દ્વારા તેના પર એટલુ પાણી રેડવામાં આવે, જ્યારે પાક પાણી એ નજીસ જગ્યાને ઘેરી લે, તો તેમાંથી પાણી કાઢી લેવામાં આવે એટલે, કાં તો તે કપડાને નીચોડવામાં આવે અથવા

દબાવીને એ નજીસ પાણી કાઢી લેવામાં આવે અથવા કોઇ ઇલેક્ટ્રીક મશીનથી સાફ કરવામાં આવે, તેનાથી ફર્શ અને કારપેટ વગેરે પાક થઇ જશે.

એહતેયાતે વાજિબ તરીકે એ બતાવવું જરૂરી છે કે ફર્શ અને કારપેટ વગેરેથી કાઢેલું આ પાણી નજીસ ગણવામાં આવશે. જો પેશાબ સિવાય કોઇ અન્ય નજાસત દ્વારા કપડું પાક કરવાનો હુકમ છે. પરંતું જો પેશાબના કારણે નજીસ થશે તો તેના પાક કરવા માટે હુકમ જુદો છે જેવી રીતે દૂધ પીતા બાળકના વિષયમાં ખાસ હુકમ છે.

મસઅલો (૪૨) : જો ઉપરોક્ત નજીસ ચીજોને નળના પાણીથી પાક કરવામા ચાહે જે કુર પાણીની સાથે મળેલ હોય તો નીચોવવાની, દબાવવાની અથવા ઇલેક્ટ્રીક મશીન દ્વારા પાણી કાઢવાની જરૂરત નહીં રહે, બલ્કે જેવું કુર પાણી ફર્શ પર પડશે તે પાક થઇ જશે.

મસઅલો (૪૩) : જો કપડું, ફર્શ અને કારપેટ વગેરે કોઇ એવી નજાસતના કારણે નજીસ થઇ જાય, જે નક્કી પદાર્થ રાખતી હોય અને કપડાં પર તેની અસર બાકી રહી જાય,જેવી રીતે ખૂન અને મની છે, તેને મસઅલા (૪૧,૪૨) બયાન થએલ રીતે પાક કરી શકાય છે, એ શરતે કે નજાસતનો પદાર્થ દૂર થઇ જાય, આ

નજાસત ધોઇને અથવા કોઇ અન્ય વસ્તુથી સાફ કરવામાં આવે.

અલબત્તા આ મસઅલા અને ગત મસઅલાઓમાં (જ્યાં મુખ્ય નજાસત દૂર થઇ જાય) એ તફાવત તો જરૂર છે કે, આ મસઅલામાં જે પાણી દ્વારા આ નજાસત દૂર કરવામાં આવશે, એહતેયાતે વાજિબ તરીકે નહીં, બલ્કે તેની નજાસતનો ફતવો આપવામાં આવે છે. (એટલે કે આ વસ્તુઓને ધોવાના કારણે જે પાણી નીકળશે તે નજીસ છે)

મસઅલો (૪૪) : જો કોઇ દૂધ પીતા બાળક અથવા બાળકીના પેશાબના કારણે ફર્શ, લિબાસ યા કારપેટ નજીસ થઇ જાય, જે

બાળક દૂધ સિવાય ક્યારેક જ કોઇ બીજો ખોરાક ખાતું હોય તો તેને પાક કરવાની રીત એ છે કે, તેના પર એક જ વખત કલીલ પાણી નાખી દેવામાં આવે જે પેશાબવાળી જગ્યાને ઘેરી લે. પાક કર્યા પછી વાપરવામાં આવેલ પાણી નીચોવીને અથવા દબાવીને કાઢવાની જરૂરત નથી.

મસઅલો (૪૫) : પેશાબના કારણે નજીસ કપડાને પાક કરવાની રીત એ છે કે, લોટો અથવા કોઇ અન્ય વાસણ દ્વારા કલીલ પાણી નજીસ થવાવાળી ચીજ પર નાંખવામાં આવે અને જ્યારે પાણી સારી રીતે કપડાંને ભીંજવી

નાખે તો કપડાને નીચોવી પાણી કાઢી લેવામાં આવે અને પછી બીજીવાર પણ એ કપડા પર પાણી નાખવામાં આવે અને પછી ખૂબ સારી રીતે કપડાને નીચોવી લે કપડું પાક થઇ જશે એ શરતે કે કપડા પર મુખ્ય નજાસત પેશાબ મોજૂદ ન હોય. કપડાને નીચોવવા ટાણે જે પાણી કાઢવામાં આવશે, એહતેયાતે વાજિબ તરીકે નજીસ ગણવામાં આવશે અને મુખ્ય પેશાબ મોજૂદ હોય તો પ્રથમવાર નીકળનાર પાણી, નજાસતના હવાલાથી ફતવાનો હુકમ રાખે છે.

મસઅલો (૪૬) : જો કુર સાથે મળેલા નળના પાણીથી પેશાબના કારણે નજીસ થએલ કપડાને પાક કરવા ઇચ્છે તો તેને બેવાર ધોવું પડશે. પરંતુ કપડાને નીચોવવું જરૂરી નથી, એજ રીતે જો બદન પર પણ પેશાબ લાગેલું હોય તો તેને પણ બે વખત જ ધોવું પડશે. ભલે તેને કુર સાથે જોડાએલ પાણીથી ધોવામાં આવે.

મસઅલો (૪૭) : શરાબના કારણે નજીસ હાથ અને કપડા એકવાર પાણી સાથે ધોવાથી પાક થઇ જાય છે, અલબત્તા જો તેને કલીલ પાણીથી ધોવામાં આવેતો તેને નીચોવવાની પણ જરૂરત રહેશે.

મસઅલો (૪૮) : શરાબમાં વાપરવામાં આવનાર વાસણ જો ત્રણવાર ધોવામાં આવે તો પાક થઇ જાય છે. જો કુરથી જોડાએલ નળના પાણીથી ધોવામાં આવે તો પણ એહતેયાતે વાજિબના હિસાબે ત્રણ વાર વાસણ ધોવામાં આવે.

મસઅલો (૪૯) : કુતરાના ચાંટવા અથવા મોં લગાડવાના કારણે નજીસ હાથ અને કપડું એક વખત પાણીથી ધોવામાં આવે તો પાક થઇ જાય છે અને કપડાને આબે કલીલથી ધોવા પછી નીચોવવાની જરૂરત છે.

મસઅલો (૫૦) : જો કુતરાના ચાંટવા અને તેના પાણી પીવાથી વાસણ નજીસ થઇ જાય

તો વાસણ ત્રણવાર ધોવાથી પાક થાશે, અલબત્તા વાસણને પ્રથમ પાક માટીથી માંજવામાં આવે અને પછી તેને ત્રણ વાર ધોવામાં આવે.

## તહારત અને નજાસતને લગતા શરઇ હુકમો

મસઅલો (૫૧) : જમીન કેમકે પાક કરનારી (મુત્તહહેરાતમાંથી) છે, શું જોડાની જેમ ગાડીમાં ઘૂમનારા પૈડાંઓને પણ પાક કરી શકે છે ?

જવાબ : જમીન ગાડીના પૈડાંઓને પાક નથી કરી શકતી.

મસઅલો (૫૨) : જે વસ્તુને નજાસત લાગી જાય, જો કોઇ વહેવા વાળી વસ્તુ ન હોય તો તેનો બીજી ચીજોને નજીસ કરવાનો સિલસિલો ક્યા સુધી ચાલશે?

જવાબ : નજીસ થયેલ વસ્તુ, જે ચીજની સાથે સ્પર્શ ભીનાશવાળી હાલતમાં કરશે તે પણ નજીસ થઇ જાશે. એવી જ રીતે બીજી નજીસ થઇ ગયેલ ચીજ સુકાઇ ગયા પછી પણ જે ચીજને ભીનાશની હાલતમાં  લાગશે તે પણ નજીસ થઇ જશે. પરંતુ ત્રીજી નજીસ થઇ ગયેલ વસ્તુ સૂકાય ગયા પછી ભીનાશવાળી હાલતમાં કોઇ ચીજ લાગશે તે નજીસ નહીં થાય.

મસઅલો (૫૩) : જો કુતરો મારૂં જિસમ અથવા કપડું ચાટી જાય અથવા મોં લગાડે તો હું તેને કેવી રીતે પાક કરૂં ?

જવાબ : એવા બદન અથવા કપડાને પાક કરવા માટે એક વખત પાણીથી ધોવું પૂરતું છે. અલબત્તા જો કલીલ પાણીથી તેને એ નજીસ ચીજને પાક કરવી હોય તો તેને નીચોવવું જરૂરી છે. એટલે કપડાને ધોતી વખતે નીચોવવું વાજિબ છે.

મસઅલો (૫૪) : શું યહૂદીઓ અને ઇસાઇઓની જેમ શીખ પણ ગત આસમાની દીનોના પૈરવકાર અર્થાત એહલે કિતાબના હુકમમાં આવે છે?

જવાબ : શીખ એહલે કિતાબમાં શામિલ નથી થતા.

મસઅલો (૫૫) : શું બૌદ્ધ પણ એહલે કિતાબમાં ગણાય છે?

જવાબ : બૌદ્ધ પણ એહલે કિતાબમાં નથી ગણાતા.

મસઅલો (૫૬) : પશ્ચિમી દેશોમાં મુસલમાનોને રેહવા માટે જે ઘર ભાડે લેવું પડે છે, તેઓને બધા જરૂરી સામાન સાથે લેવું પડે છે (અર્થાત "ફર્નિચર") શું જ્યાં સુધી નજાસતની અસરો ન દેખાય ઘરની દરેક વસ્તુ પાક સમજવામાં આવશે ? જો કે આ ઘરમાં

પહેલા રહેવાવાળા એહલે કિતાબ ઇસાઇ અથવા યહૂદી હોય, વળી આ ઘરમાં પહેલા વસનાર બુદ્ધ અથવા ખુદાના ઇન્કારી અને રસૂલને ન માનનારા હોય તો શું હુકમ છે?

જવાબ : જ્યાં સુધી ઘરમાં મૌજૂદ વસ્તુઓની નજાસતનું યકીન અને ઇત્મીનાન ન હોય, તે પાક સમજવામાં આવશે. માત્ર નજાસતના સંદેહની કોઇ હેસીયત નથી.

મસઅલો (૫૭) : પશ્ચિમી દેશોમાં ભાડે અપાનારા ઘરોમાં પહેલેથી કારપેટ અથવા ફર્શી દરીઓ વગેરે પાથરેલી હોય છે, જેને ફર્શ સાથે ચોટાડી દેવામાં આવે છે અને તેને ઉપાડી તેના નીચે વાસણ રાખવું મુશ્કેલ હોય છે. જો આવા

કારપેટ ખૂન અથવા પેશાબના કારણે નજીસ થઇ જાય અને તેને પાક કરવામાં કલીલ પાણી વાપરવામાં આવે તો તેને પાક કરવા માટે કઇ રીત અપનાવવામાં આવે ?

જવાબ : જો કોઇ કપડા અથવા બીજા સાધનની મદદથી પણ પાક કરવા માટે વપરાએલ પાણી કાઢવું શકય હોય તો કલીલ પાણીથી ધોવું શકય થશે, જેમાં ધોવાણને કાઢવું જરૂરી હોય છે. જો શકય ન હોય તો કસીર પાણીથી જ પાક કરી શકાશે.

મસઅલો (૫૮) : પશ્ચિમી દેશોમાં એવા વોશિંગ મશીન સામાન્ય છે, જેમાં મુસલમાન અને બિન મુસ્લિમ પોતાના પાક અને નજીસ

કપડા ધોવે અથવા ધોવરાવે છે. શું અમે એ કપડાઓમાં નમાઝ પઢી શકીએ છીએ ? જે આ મશીનોમાં ધોવામાં આવ્યા હોય ? જ્યારે કે અમને એ ખબર ન હોય કે તહારતના સંબંધમાં અમુક હુકમો પૂરા કર્યા છે કે નહીં. કુરથી જોડાએલ વાપરવામાં આવતું પાણી સફાઇ દરમિયાન કપડાઓની સફાઇ તહારત માટે પૂરતું છે કે નહીં ?

જવાબ : જે કપડા એ મશીનમાં ધોવા પહેલાં પાક હતા જ્યાં સુધી તેની નજાસતનું યકીન ન હોય નમાઝ પઢી શકાય છે. એ જ રીતે એ નજીસ કપડાઓમાં પણ નમાઝ પઢી શકાય છે, જેના વિશે મુખ્ય નજાસત અગર હતી તો દૂર

થઇ જવાનું અને પેશાબના કારણે નજીસ હોવાની સ્થિતિમાં બધી નજીસ જગ્યાઓ સુધી એહતેયાતે વાજિબ તરીકે બે વખત પાણી પહોંચ્યાનું ઇત્મીનાન હોય. જો તેને કલીલ પાણીથી ધોવામાં આવે તો પાણી પહોંચ્યા પછી કપડાથી અલગ થવાનું ઇત્મીનાન થવું જોઇએ અને જો પેશાબ સિવાય કોઇ અન્ય નજાસતના કારણે નજીસ થઇ જાય અને કલીલ પાણી સાથે પાક કરવામાં આવે તો એક વખત નજાસત સુધી પાક પાણી પહોંચવા અને પછી કપડાથી અલગ થવાની ઇત્મીનાન પ્રાપ્ત થઇ જાય. પરંતુ જો શરઇ તોર પર લાઝમી તહારત મળવી શંકાસ્પદ હોય તો એ કપડાઓ પર

નજાસતનો હુકમ લાગુ પડશે અને તેમાં નમાઝ પઢવી સહી નહીં થાય.

મસઅલો (૫૯) : શું એ કપડું પાક સમજવામાં આવશે જે કપડા સાફ કરવાવાળા પ્રવાહી દ્વારા ધોવામાં આવે. જેનો માલિક બિન મુસ્લિમ હોય, ત્યાં મુસલમાન અને ગેર-મુસલમાન બંને કપડાં ધોતા હોય.

જવાબ : જો નજાસતથી મળી જવાના કારણે લિબાસના નજીસ થઇ જવાનું યકીન ન હોય તો તેના પર તહારતનો હુકમ લાગુ પડશે.

મસઅલો (૬૦) : સાબુની કેટલીક કિસમો પર આમ લખેલું છે આ સુવ્વર અથવા એવા

જાનવરની ચરબીથી તૈયાર કરવામાં આવ્યો છે, જે શરઇ તરીકે ઝબ્હ નથી કરવામાં આવેલ અને આપણને એ પણ ખબર નથી કે શું આ ચરબીનું મૂળરૂપ કોઇ બીજી ચીઝના મૂળરૂપમાં ફેરવાઇ ગયું છે. જેને ફિકહની પરિભાષામાં ''ઇસ્તેહાલા'' કહે છે, જે મુત્તહેરાતમાંથી છે: શું આ સાબૂ પાક ગણાશે ?

જવાબ : જો એ પૂરવાર થઇ જાય કે આ સાબુ એ ચરબીથી બનેલ છે તો એવા સાબુની બધી કિસમો નજીસ છે. પણ એ કે એ ચરબીનું ઇસ્તેહાલા (એક ચીઝમાંથી બીજી ચીઝમાં રૂપાંતર) પૂરવાર હોય, પરંતુ સાબુ બનાવવા સમયે ચરબીનો ઇસ્તહાલા સાબિત નથી થયો.

મસઅલો (૬૧) : જો ઇંડામાં સફેદી અને ઝરદીમાં ખૂન મૌજૂદ હોય તો શું એ બેદું નજીસ થઇ જશે ? અને તેનું ખાવું હરામ ગણાશે ?

જવાબ : ઇંડામાં લાગેલું ખૂન પાક છે, પરંતુ તેનું ખાવું હરામ છે. અલગ કરીને ઇંડુ ખાઇ શકાય છે. પણ જો આ ખૂન ઓછું હોય અને મિક્સ થઇ ગયું હોય તો આખુ ઇંડુ પાક અને હલાલ છે.

મસઅલો (૬૨) : ટુથબ્રશ જે સુવ્વરના વાળોમાંથી બનાવેલ હોય તેની લે-વેચ અને વપરાશ જાઇઝ છે? વપરાશથી મોઢુ નજિસ થશે?

જવાબ : લે-વેચ અને વપરાશ જાઇઝ છે. પરંતુ મોઢુ નજિસ થશે ટુથ પેસ્ટના અંશો મોઢામાંથી કાઢી અને મોઢુ પાક કરવું પડશે.

મસઅલો (૬૩) : શું શરાબ અને બીઅર (જવનું પાણી) પાક છે?

જવાબ : શરાબના નજીસ હોવામાં કોઇ સંદેહ નથી, અલબત્તા જવની શરાબ એહતેયાત મુજબ નજીસ અને તેને પીવી પણ હરામ છે.

મસઅલો (૬૪) : યૂરોપના દેશોમાં વિવિધ અકીદાઓ અને વિવિધ ધર્મોના માનવાવાળા અને વિવિધ રંગ અને નસલના લોકો એક બીજાની સાથે રહે છે, જો અમે કોઇ એક

દુકાનેથી ખાવા પીવાની ચીજો ખરીદીએ, જે તર હોય (અર્થાત પકાવેલ ખાણું) અને તે તેને હાથ પણ લગાડતો હોય અને અમને એ ખબર ન હોય કે આ કયા ધર્મને માનવાવાળો છે, શું અમે એ ખાવાને પાક સમજીએ ?

જવાબ : જો એ વાતનું યકીન ન હોય કે હાથ લગાડવાવાળાના હાથ નજીસ છે, તો એ ખાવા પર તહારતનો હુકમ લાગુ પડશે અર્થાત તેને પાક સમજવામાં આવશે.

મસઅલો (૬૫) : યૂરોપી દેશોમાં જે ચામડુ તૈયાર થાય છે તેના વિશે અમને નથી ખબર કે તેને ક્યાંથી આયાત કરવામાં આવ્યું છે ? આ સંબંધમાં એમ કહેવાય છે કે કેટલાક યૂરોપી

દેશો મુસ્લિમ દેશોથી સસ્તુ ચામડું આયાત કરી, તેનાથી વસ્તુઓ બનાવે છે. શું એમ એ ચીઝોને પાક ગણીએ ? તેના પર નમાઝ પઢી શકાય છે ? અને આવા પ્રકારની નબળી શકયતાનું કોઇ મહત્વ છે ?

જવાબ : જો વધારે શકયતા એ હોય કે આ ચામડાઓનું ઝબ્હ શરઇ નથી થયું, માત્ર હલકો એવો શકયતા દાખલા તરીકે બે ટકા બતાવવામાં આવે કે તેનો ઝબ્હ શરીઅત પ્રમાણે થયો છે, તો તેના પર નજાસતનો હુકમ લાગુ પડશે તેના પર નમાઝ સહી નહીં ગણાય. અને એ વાતની શકયતા સબળ (એટલે કે ગુમાન) હોય કે તેનો ઝબ્હ શરઇ થયો હશે તો

તેને પાક સમજવામાં આવશે અને તેમાં નમાઝ પઢી શકાય છે.

## પ્રકરણ ચોથું - વિષય : નમાઝ

હદીસમાં છે કે,

અસ્સલાતો ઉમ્મૂદુદ્દીન - નમાઝ દીનનો સ્તંભ છે. (વસાએલુશ્શીઆ, અલ હૂર્રે આમેલી, જી-૪, પે-૩૫)

નહેજુલ બલાગાહમાં આપેલ છે કે શહાદતની પહેલા હઝરત અમીરૂલ મોઅમેનીન (અ.સ.) એ ઈમામ હસન (અ.સ.) અને

ઇમામ હુસૈન (અ.સ.) ને પોતાની વસિયત કરી.

'નમાઝ વિશે અલ્લાહથી ડરજો, કેમકે એ તમારા દીનનો સ્તંભ છે. પોતાના પરવરદિગારના ઘર વિશે ડરજો, જ્યાં સુધી તમે જીવતા હો, તેને ખાલી ન છોડજો.'

વસાએલુશ્શીઆમાં લખેલું છે કે સકૂનીએ ઇમામ જઅફર સાદિક (અ.સ.)થી રિવાયત કરી છે કે : –

'રસૂલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું : જ્યાં સુધી મોમિન પાંચ વખતની નમાઝોની પાબંદીથી સમયસર પઢે છે, શૈતાન તેનાથી

ડરતો રહે છે. અને જો તે નમાઝોને બરબાદ કરે અર્થાત તેને સમયસર ન પઢે તો તેની હિંમત વધી જાય છે અને તેને મોટા મોટા ગુનાહોમાં નાખી દે છે.’

વસાએલુશ્શીઆમાં લખેલ છે કે, યઝીદ બિન ખલીફ઼ાની રિવાયત છે કે મેં ઇમામ જઅફ઼ર સાદિક (અ.સ.)ને ફ઼રમાવતા સાંભળ્યા:

‘જ્યારે કોઇ નમાઝ માટે ઊભો થાય છે તો તેના પર આકાશથી રહેમત ઉતરે છે, ફ઼રિશ્તાઓ તેને ઘેરી લે છે અને એક ફ઼રિશ્તો તેને પોકારી કહે છે, જો આ નમાઝ પઢનાર

નમાઝનું મહત્વ જાણતો હોય તો કદી પણ તેનાથી અલગ ન થાત'

આ રિવાયતોથી સ્પષ્ટ થાય છે કે, ઇસ્લામમમાં નમાઝનું ઘણું મહત્વ છે. હદીસ શરીફમાં છે કે, નમાઝ અલ્લાહની બારગાહમાં હાજર થવાનું નામ છે અને નમાઝ પઢનાર પોતાના પાલનહાર સામે ઊભો રહે છે. એટલે નમાઝ પઢનાર ને જોઇએ કે, નમાઝ દરમિયાન તન મનથી તલ્લીન થઇ ખુદા તરફ ધ્યાન ધરે અને તેના નાશવંત કામો નમાઝ પઢનારને પોતા તરફ ન આકર્ષવા પામે.

કુરઆન મજીદમાં રબ્બુલ ઇઝઝતનો ઇરશાદ છે :

કયામતના દિવસે એજ મોમિનો સફળતા પામશે, જેઓની નમાઝોમાં ખુશૂઅ અને ખુઝૂઅ (વિનમ્રતા અને એકાગ્રતા) હશે.' (મોમેનૂન-૧)

હઝરત ઇમામ ઝૈનુલ આબેદીન (અ.સ.) જ્યારે નમાઝ માટે ઊભા થતા :

''જાણે વૃક્ષનું થડ છે, જેનો એજ ભાગ હલે છે, જેને હવા હલાવે છે.'' (મિન્હાજુસ્સાલેહીન, સૈયદ અલી સીસ્તાની, મહાન અ'અલમ)

ઇમામ મોહમ્મદ બાકિર (અ.સ.) અને ઇમામ જઅફર સાદિક (અ.સ.) જ્યારે નમાઝ

માટે ઊભા રહેતા તો તેમનો રંગ પલટાઇ જતો હતો, કયારેક આપનો રંગ લાલ થાતો અને કયારેક પીળો. જાણે આપ કોઇ હસ્તીથી વાતચીતમાં પરોવાએલા છે, જેને આપ જોઇ રહ્યા છે.

નમાઝના સંખ્યાબંધ હુકમો છે. જેમાંથી કેટલાક નીચેના મસઅલાઓમાં બયાન કરવામાં આવે છે :-

મસઅલો (૬૬) : ફકીહો ફરમાવે છે કે નમાઝ કોઇ પણ સંજોગોમાં માફ નથી થાતી. તેનો મતલબ એ છે કે, નમાઝ ન પ્રવાસમાં માફ છે ન પ્રવાસ સિવાય. જો નમાઝનો સમય અલ્પ

હોય અને નિયત સ્થળે પહોંચવા પહેલા કઝા થવાનો ભય હોય તો મુસાફર પર વાજિબ છે કે તે ચાહે સફર દરમિયાન વિમાનમાં હોય, વહાણ સ્ટીમરમાં હોય, રેલગાડીમાં હોય, રાહ જોવાના સ્થળે હોય કે બગીચામાં કયાંય પણ રોકાયો હોય કે ગતિની સ્થિતિમાં હોય, ડયુટી પર હોય કે રસ્તામાં હોય ટૂકમાં ગમે તે સ્થળે હોય, નમાઝને તેના સમયમાં બજાવી લાવવી વાજિબ છે.

મસઅલો (૬૭) : મુસાફરીની હાલતમાં જો મુસાફર હવાઇ જહાઝ, પર અથવા રેલ ગાડીમાં

નમાઝને ઉભા રહીને ન પઢી શકતો હોય તો બેસીને નમાઝ પઢે. જો સફર દરમિયાન કિબ્લો નક્કી ન કરી શકતો હોય તો જે બાજું ગુમાન હોય, (કે કિબ્લો) એ દિશામાં છે, નમાઝ પઢે.

અને જો એક દિશાને નિશ્ચિત ન કરી શકે તો જે તરફ ચાહે રૂખ કરીને નમાઝ અદા કરે અને જો માત્ર તકબીરતુલ એહરામ દરમિયાન રૂખ કિબ્લા તરફ રાખવું શકય હોય તો તેને પૂરતું સમજે.

મસઅલો (૬૮) : કિબ્લાની દિશા નક્કી કરવા માટે વિમાનના હોસ્ટ(પરિચારક)ને પૂછી શકાય છે, જે પાયલોટને પૂછી, મુસાફરને માર્ગ સૂચન કરે અને જો મુસાફર તેના બતાવવા પર સંતોષી

હોય તો નમાઝ એ દિશામાં અદા કરી શકે છે, જે દિશા વિશે તેને બતાવવામાં આવી છે. ભલે પછી તે બતાવનાર કાફ઼ર જ કેમ ન હોય. ઉપરાંત કિબ્લાની દિશા નક્કી કરવા માટે સાધનો પર પણ ભરોસો કરી શકાય છે, જમેકે ''કિબ્લાનુમા'' છે, એ શરતે કે મુસલમાનને તેના ઠીક હોવાનું ઇત્મીનાન હોય.

મસઅલો (૬૯) : જો મુસલમાન નમાઝના માટે કોઇ કારણસર વઝૂ ન કરી શકે તો વઝૂના બદલે તયમ્મુમ કરે.

મસઅલો (૭૦) : કેટલાક શહેરોના રાત દિવસ બીજા શહેરોની સરખામણીમાં લાંબા હોય છે. જો સૂરજના ઉદય અને અસ્ત દ્વારા રાત દિવસ

સ્પષ્ટ હોય તો દરેક મુસલમાન પોતાના નમાઝ રોઝા અને બીજા વાજિબાતના સમયની મર્યાદા આંકવા માટે એ રાત દિવસ પર ભરોસો કરી શકે છે. ભલે દિવસો નાના હોવાના કારણે નમાઝો એક બીજાની નિકટ હોય અથવા રાતોના નાના હોવાના કારણે ઇફતારનો ગાળો ઓછો હોય.

મસઅલો (૭૧) : જો કોઇ મુસલમાન પોતે પોતાની નમાઝ રોઝા માટે ફજર, ઝવાલ (ઝોહર), અસર અને મગરિબને નક્કી ન કરી શકે અને વેધશાળાના આગાહી પર ભરોસો રાખતો હોય, તો તે પોતાના રોઝા અને નમાઝ માટે વેધશાળા દ્વારા નક્કી કરાયેલ સમયસૂચિ

પર ભરોસો કરી શકે છે, ભલે પછી તેમા કામ કરનાર ગૈર મુસ્લીમ હોય પણ શરત એ છે કે વેધશાળા દ્વારા નક્કી કરાયેલ સમયસૂચિ પર ઇત્મેનાન હોય.

મસઅલો (૭૨) : અમુક શહેરોમાં ઘણા દિવસો સુધી સૂરજ આથમતો નથી આ હાલતમાં નજદીક્ના શહેરમાં જ્યા ચોવીસ કલાકના રાત-દિવસ હોય છે. તેના નમાઝના સમય પત્રક પ્રમાણે કુરબતે મુત્લકની નિય્યતથી નમાઝ પઢવી જોઇએ.

મસઅલો (૭૩) : જો કોઇ મુસલમાન પોતાના રહેણાંકથી આવકજાવકનો સફર ૪૪ કીલોમીટર અથવા તેનાથી વધારે હોય તો તેની ઝોહર,

અસર અને ઇશાની નમાઝ કસર પઢવામાં આવશે, આ અનુસંધાનમાં એ વાત ધ્યાનમાં રાખવાની છે કે અંતરનો આરંભ ઘણીવાર શહેરના છેલ્લા ઘરથી કરવામાં આવશે.

મુસાફરી દરમિયાન નમાઝને કસર કરવી કે પૂરી પઢવી એ વિશેના વિશેષ હુકમો તવઝીહુલ મસાઇલમાં સવિસ્તાર આપવામાં આવેલ છે.

મસઅલો (૭૪) : જો જુમ્આની નમાઝની જરૂરી શરતો પૂરી હોય તો તે નમાઝે ઝોહરથી શ્રેષ્ઠ છે. અને તે નમાઝે ઝોહરની જગ્યા લઇ શકે છે, જો કોઇ નમાઝ પઢનાર મુસાફર નમાઝે

જુમ્મા પઢી લે તો નમાઝે ઝોહરના બદલે તેને પૂરતી ગણી શકાય છે.

મસઅલો (૭૫) : નમાઝ એકલા પઢવાથી જમાઅત સાથે પઢવી બહેતર છે, સુબ્હની નમાઝ, મગરિબ અને ઇશાની નમાઝ જમાઅત સાથે પઢવાની વધારે તાકીદ છે.

હદીસ શરીફમાં છે :

‘‘આલિમની પાછળ નમાઝ પઢવી હજાર રકઅત બરાબર અને ગૈર આલિમ સૈયદની પાછળ સો રકઅત બરાબર છે. નમાઝીઓની સંખ્યાની સાથે સાથે સવાબમાં પણ વધારો થતો જાય છે.

# નમાઝ વિશે સવાલ જવાબ

મસઅલો (૭૬) : ઘણા લોકો સમજ અથવા અધૂરા ઇલ્મના કારણે એક લાંબા સમય સુધી ગલત વુઝૂ અને ગુસ્લ કરે છે. કેટલા વર્ષો સુધી આજ રીતે નમાઝ, રોઝા અને હજ બજાવી લાવે છે ત્યાર પછી જાણવા પામે છે કે તેમનું વુઝૂ, ગુસ્લ બાતિલ હતું અને જ્યારે આ લોકો ઇબાદતોની શરઇ સ્થિતિ વિશે જાણવા માટે આવે છે તો તેમને જવાબમાં આપવામાં આવે છે કે નમાઝ અને હજ ફરીવાર બજાવી લાવો, જ્યારે કે એ બધી નમાઝો, હજોની કઝા એક મુશ્કીલ અને ભારે કામ છે.

શું આ શખ્સ સાથે કોઇ છૂટછાટ વર્તી શકાય છે ? જે પોતાના વુઝૂ અને ગુસલને સહી સમજતો હતો. અને શું એવો કોઇ ઉપાય મોજૂદ છે, જેનાથી તેની નમાઝો હજ સહી ગણવામાં આવે અને ફરીવાર ન પઢવી પઢે અને જેનાથી વાજિબ ઇબાદતોની બજાવણીમાં વધુ સુસ્તી આવી શકે છે? ખાસ કરીને એ શખ્સના વિશે, જેના સ્વભાવમાં બગાવતનો અંશ મોજૂદ હોય અને એવા પ્રકારના દેશ અને વાતાવરણમાં રહે છે જ્યાં આવા પ્રકારની બંડખોરી પર લગાતાર ઉશ્કેરવામાં આવતો હોય.

જવાબ : જો નમાઝ પઢનાર જાહિલે કાસિર અર્થાત એ જાહિલ જેનો બહાનું કબૂલ કરવા લાયક હોય અને ગુસલ દરમિયાન અથવા વુઝૂમાં એવી ખલલ પડી જાય, જેનાથી જાહિલે કાસિરનું વુઝૂ અથવા ગુસ્લ બાતિલ નથી થતું. દાખલા તરીકે ગુસ્લમાં માથું અને ગરદનના ભાગો પહેલા શરીરના ભાગોને ધોવે. અથવા વુઝૂમાં નવા પાણીથી મસહ કરે, તો એવા નમાઝીનું વુઝૂ અને ગુસ્લ ઠીક સમજવામાં આવશે અને તેની નમાઝો, હજ સહીહ ગણવામાં આવશે.

અને અગર તે અહકામ શિખવા બાબતે જાહિલે મુકસ્સર રહ્યો હોય અથવા વુઝૂ અને

ગુસ્લમાં ખલેલ પડે. દાખલા તરીકે વુઝૂ અને ગુસ્લની વચ્ચે જે ભાગોને ધોવું વાજિબ હતું તેને ન ધોવે તો આવા શખ્સની નમાઝ અને હજને સહીહ ઠેરવવાનો કોઇ માર્ગ નથી. પરંતુ અગર આવા શખ્સની બગાવત અને બંડખોરીનો ભય હોય તો એવા શખ્સને ઇબાદતોની કઝા બજાવી લાવવાનો હુકમ આપવો વખાણવા પાત્ર કાર્ય નહીં હોય. કદાચ અલ્લાહ તઆલા ભવિષ્યમાં મુક્તિ–માર્ગ પેદા કરી દે.

મસઅલો (૭૭) : અમુક લોકો ઘણા ઘણા વરસો હજ બજાવી લાવે છે અને નમાઝ અદા કરે છે, પરંતુ એ દરમિયાન તેઓ ખુમ્સ અદા

નથી કરતા, શું એવા લોકો પર વાજિબ છે કે તે પોતાની હજ અને નમાઝોની કઝા અદા કરે?

જવાબ : જો નમાઝ, તવાફ અને નમાઝે તવાફ દરમિયાન તે શખ્સનો લિબાસ (જે સ્તરે વાજિબ માટે વપરાય છે) એવો હતો, જેમાં ખુમ્સ વાજિબ ન હતું તો એવી સ્થિતિમાં એહતેયાત વાજિબ રૂપે નમાઝો અને હજની કઝા બજાવી લાવે. પરંતુ જો માત્ર તવાફની નમાઝમાં પહેરેલ લિબાસ એવો હોય જેમાં ખુમ્સ વાજિબ હોય અને આ શખ્સ શરઇ હુકમ ન જાણતો હોય, પરંતુ તેની જહાલતનો ઉઝર કબૂલ કરવા લાયક ન હોય તો નમાઝે તવાફ

ફરીવાર બજાવી લાવે અને વધારે તકલીફ કે શ્રમ ન ઉપાડવો પડે તો એહતેયાતે વાજિબના તોર પર નમાઝ મક્કા જઇને પઢે, નહીતર જે પણ શહેરમાં હોય નમાઝ પઢી લે.

એવી જ રીતે કુરબાનીના જાનવરમાં પણ ખુમ્સ વાજિબ હશે, દાખલા તરીકે કુરબાનીનું જાનવર ખાસ એ રકમથી ખરીદવામાં આવે, જેમાં ખુમ્સ વાજિબ હોય તો હજ ફરીવાર બજાવી લાવવી જોઇએ અને જો એવી રકમથી જાનવર ખરીદવામાં આવ્યું હોય, જેમાં એ રકમ પણ હતી જેમાં ખુમ્સ વાજિબ ન હતું. એટલે આ વિષયમાં એમ કહી શકાય છે કે, ઘણીવાર એવું થાય તો એ હજમાં

કોઇ ઇશ્કાલ નથી, જો કે એ જાનવર એવીજ રકમથી ખરીદવામાં આવ્યો હોય જેમાં ખુમ્સ વાજિબ હતું.

આ બધા હુકમો એ સંજોગમાં છે, જ્યારે આ શખ્સ ખુમ્સ સંબંધમાં ઇલ્મ રાખતો હોય અને એ પણ જાણતો હોય કે જેનું ખુમ્સ અદા ન કર્યું હોય, તેને વાપરવું હરામ છે અથવા જેની જહાલતનો ઉઝર સ્વીકરણીય ન હોય. પણ જો તે શખ્સ એવો હોય જેનુ ઊઝર સ્વીકારણીય હોય એવા શખ્સની નમાઝ અને હજ બંને સહીહ છે.

મસઅલો (૭૮) : જો કોઇ શખ્સ ઝોહરની અઝાનના વખતે નમાઝ પઢયા વગર તરત જ

પોતાના ઘરેથી સફર પર નીકળે અને મગરિબ પછી પોતાના નિયત સ્થળે પહોંચે તો શું આ શખ્સ ગુનેહગાર થાશે ? શું એ શખ્સ પર નમાઝની કઝા વાજિબ થાશે?

જવાબ : જી હા ! આ શખ્સ ગુનેહગાર છે એટલા માટે કે તેણે ફરજ નમાઝને સમયસર અદા નથી કરી અને સફર પર રવાના થઇ ગયો. તેના પર કઝા પણ વાજિબ છે.

મસઅલો (૭૯) : શું હાથ પર લાગેલી શાહી વુઝૂ અને ગુસ્લમાં રૂકાવટ છે ? (અર્થાત પાણીને ચામડી સુધી પહોંચવા નથી દેતી) શું આ શાહી પર વુઝૂ કરી શકીએ છીએ ?

જવાબ : જો શાહી એવા રસાયણ કે પદાર્થની બનેલી ન હોય જે ચામડી અને પાણી વચ્ચે રૂકાવટ ન થાય તો તેના પર વુઝૂ અથવા ગુસ્લ સહી થશે. અને જો એ પદાર્થના કારણે વુઝૂમાં રૂકાવટ બાબતે શક હોય તો તેને સાફ કરવું જરૂરી રહેશે.

મસઅલો (૮૦) : અમુક લોકો ટીવી પર મનોરંજનની ફિલ્મો અથવા પ્રોગ્રામો જોતા રહે છે અને નમાઝના સમય પછી પણ તેને જોવાનું ચાલું રાખે છે અને ફિલ્મ પૂરી થવા પર નમાઝનો નક્કી સમય પૂરો થવામાં થોડા સમય પહેલા નમાઝ પઢવા જાય છે, શું મુસલમાનનો આ અમલ જાઇઝ છે?

જવાબ : એક મુસલમાન માટે એ કોઇ પણ રીતે યોગ્ય નથી કે તે કોઇ ઉઝર અને મજબૂરી વગર નમાઝને ફઝીલતના સમયથી પાછળ રાખી દે. મનોરંજક ફિલ્મો અને મનોરંજક પ્રોગ્રામને જોવા ઉઝર અને મજબૂરીમાં નથી ગણાતા.

મસઅલો (૮૧) : શું ક્રીમ પાણીને ચામડી સુધી પહોંચવાથી રોકે છે ? વુઝૂ અને ગુસ્લની પહેલા તેને સાફ કરવી જરૂરી છે.

જવાબ : એ સ્પષ્ટ વાત છે કે હાથ પર ક્રીમ ચોપડવાથી અને ઘસવા પછી જે અસર બાકી રહી જાય છે, તે માત્ર ચીકણાઇ હોય છે, તે

મામૂલી હોય છે જે પાણીને ચામડી સુધી પહોંચવાથી નથી રોકતી.

મસઅલો (૮૨) : ફેશનેબલ સ્ત્રીઓ પોતાના રૂપ શણગાર માટે પોતાના નખો પર વધારે પ્રમાણમાં નીલ પોલિશ લગાડતી હોય છે, જેના કારણે તેણીઓના નખ તૂટવાની બિમારી લાગુ પડી જાય છે.

ડોકટરો ઇલાજ માટે નખો પર લગાડવાની દવા આપે છે જે ખરેખર પાણી અને ચામડી દરમિયાન આડે આવે છે. ડોકટર આ દવા ઘણીવાર એક દિવસથી વધારે સમય સુધી નખ પર લગાવી રાખવાનું સુચન કરે છે.

શું આ ઇલાજના માટે આ દવા વાપરવી જાઇઝ થશે ? તેની મોજૂદગીમાં વુઝૂ ગુસ્લ કેમ કરશે?

જવાબ : જો પદાર્થ પાણીને ચામડી સુધી પહોંચવામાં રૂકાવટ બને તો વુઝૂ ગુસ્લ સહી નહીં થાય અને વુઝૂ ગુસ્લ માટે તેને સાફ કરવા જરૂરી છે. અને બયાન થયેલા કારણે આ દવાને (વઝૂ ગુસ્લ માટે) સાફ કર્યા વગર રહેવા દેવું જાઇઝ નથી.

મસઅલો (૮૩) : અમે કસર નમાઝ અને પૂરી નમાઝ કયારે પઢીએ ? શું કોઇ શખ્સનું લોકોની વચ્ચે એક શહેરમાં રહીશ કહેવાવું, એ વાત માટે પૂરતુ છે કે તે પોતાની નમાઝ પૂરી પડે ?

જવાબ : રિસાલએ અમલીયા (તવઝીહુલ મસાઇલ)માં કસરની નમાઝની શરતો બયાન કરવામાં આવી છે. જ્યારે ઇન્સાન કોઇ શહેરને એક લાંબા સમય સુધી પોતાનું રહેઠાણ અને વસવાટની જગ્યા બનાવે, જેમાં તેને મુસાફર ન કહેવામાં આવે, દાખલા તરીકે કોઇ જગ્યાએ બે વર્ષ રહેવાનો ઇરાદો કરે અને બે મહિના એ નિય્યત સાથે રહે તો આ શહેર તેનું વતન કહેવાશે, પરંતુ જો એ શખ્સને મુસાફર કહેવામાં આવશે અથવા રોકાણની મુદ્દત ઓછી હોય તો તેની નમાઝ કસર થાશે.

મસઅલો (૮૪) : અર્ધી રાત વિશે કઇ રીતે નક્કી કરી શકાય ? શું રાતના બાર વાગ્યાનોજ

સમય અર્ધી રાતની નિશાની છે ? જેમકે આજકાલ લોકોમાં એજ મશહૂર છે.

જવાબ : અર્ધી રાત સૂર્યાસ્તથી લઇને તુલૂએ ફજર સુધીના ગાળાના અર્ધાને કહી શકાય છે, દાખલા તરીકે સાંજના સાત વાગે સૂરજ ડૂબી જાય અને સવારના ૪ વાગે ફજરનો ઉદય થાય તો તે ગણત્રીએ રાત સાડા અગિયાર વાગ્યાનો સમય અર્ધી રાત કહેવાશે. અર્ધી રાતના નક્કી કરવા માટે સૂર્યાસ્ત અને સુબ્હે સાદિકને જોવામાં આવે છે. જે વિવિધ સમયો અને વિવિધ સ્થળે જુદો જુદો હોય છે

મસઅલો (૮૫) : જો કોઇ શખ્સને એ યકીન હોય કે જો હું સૂઇ ગયો તો સુબ્હની નમાઝ માટે

જાગી નહીં શકું, તો શું એ શખ્સે સુબ્હની નમાઝ ખાતર જાગતા રહેવું વાજિબ થાશે? અને જો તે સૂઇ જાય અને નમાઝે સુબ્હ સુધી ન જાગે તો ગુનેહગાર થાશે ?

જવાબ : આવો શખ્સ કોઇને જવાબદારી સોંપી શકે છે તે નમાઝ માટે તેને જગાડી દે અથવા ઘડિયાળને આર્લામ પર રાખી સૂઇ જાય અને જો એ શકય ન હોય તો સૂવાથી ગુનેહગાર નહીં થાય, પણ એ કે નમાઝમાં ઢીલ અને ગફલત કરનાર સમજવામાં આવે તો ગુનેહગાર લેખાશે.

મસઅલો (૮૬) : વિમાન જેમાં કિબ્લાની દિશાનું ઈલ્મ ન હોય અને કોઇ રીતે એ વાતનું

યકીન ન થાય તો એ સંજોગમાં નમાઝ કઇ રીતે પઢવામાં આવે ?

જવાબ : જહાઝના પાયલોટ અને એર હોસ્ટ દ્વારા કિબ્લાનું નક્કી કરી શકાય છે. સામાન્ય રીતે એર હોસ્ટના જવાબ અને માર્ગદર્શનથી ઇમ્તીનાન અથવા ગુમાન થઇ જાય છે. અને જ્યાં સુધી નમાઝ દરમિયાન હલન ચલન ન થવાનો સંબંધ છે, જો તેની પાબંદી શકય ન હોય તો આ શરત સાકિત થઇ જાય છે, અલબત્તા જ્યાં સુધી બની શકે બાકી શરતોનું ધ્યાન રાખવું જરૂરી છે અને કોઇપણ સ્થિતિમાં નક્કી સમયથી નમાઝમાં ઢીલ જાઇઝ નથી.

મસઅલો (૮૭) : વિમાનમાં અને રેલગાડીમાં નમાઝ કઇ રીતે પઢવામાં આવે ? શું કોઇ ચીઝ પર સિજદો કરવો વાજિબ છે કે માત્ર નમવું પૂરતું છે ?

જવાબ : જ્યાં સુધી બની શકે એવી નમાઝ પઢવી વાજિબ છે જે નમાઝ ઇખ્તેયારની હાલતમાં પઢવામાં આવે છે. શક્ય હોય તો કિબ્લાનું ધ્યાન રાખવું વાજિબ છે અને જો બધી સ્થિતિમાં કિબ્લાનું ધ્યાન રાખવું શકય ન હોય અને માત્ર તકબીરતુલ એહરામ સમયે કિબ્લા રૂખ ઊભા રહેવું શકય હોય તો તેનો ખ્યાલ રાખવો જરૂરી છે અને જો કિબ્લા સામે ઊભા રહેવું શકય ન હોય તો કિબ્લાની શરત

સાકિત થઇ જશે. એટલે નમાઝ સહી જ સમજવામાં આવશે અને સિજદા અને રૂકૂઅ સંબંધમાં પણ આ જ હુકમ છે.

આ અનુસંધાનમાં દાખલો એ છે કે વિમાન અને બસની સીટોની વચ્ચેની જગ્યામાં નમાઝ પઢી શકાય અને જો નિયમ મુજબ સિજદા અને રૂકૂઅ શક્ય ન હોય તો એટલું નમવું જેને રૂકૂઅ અને સિજદા કહી શકાય પૂરતુ અને વાજિબ રહેશે. આ સિવાય સિજદા દરમિયાન કપાળ ને સિજદાગાહ પર રાખવું આવશ્યક છે. જો કે આમ કરવા જતા સિજદાગાહને ઉપર ઉપાડવી પડે અને જો ઉપરોકત પ્રમાણમાં નમવું શકય ન હોય તો

રૂકૂઅ અને સિજદાના બદલે ઇશારો જ પૂરતો રહેશે.

મસઅલો (૮૮) : કેટલીવાર નમાઝનો સમય એ ગાળામાં શરૂ થાય છે જ્યારે વિદ્યાર્થી પોતાની પાઠશાળા (યુનીવર્સિટી)ના માર્ગમાં હોય છે અને વિદ્યાલય પહોંચતા પહોંચતા નમાઝનો સમય નીકળી જાય છે. શું આ શખ્સ ગાડીની અંદર જ નમાઝ પઢી શકે છે ? જ્યારે કે ગાડીમાંથી ઊતરી કોઇ બીજી જગ્યાએ નમાઝ પઢી શકાય છે ? પરંતુ એ સંજોગમાં કલાસના નિયત સમય પર નથી પહોંચી શકતા.

જવાબ : જ્યાં સુધી ગાડીમાંથી ઊતરી નમાઝની બધી શરતો પૂરી કરી શકાતી હોય તો

માત્ર કલાસના વિલંબના કારણે ગાડીની અંદર એવી નમાઝ પઢવી જાઇઝ નથી. જેમાં કેટલીક શરતો ન પળાય.

અલબત્તા એટલી હદે વિલંબના કારણે નોંધપાત્ર નુકસાન ઊઠાવવું પડે અને સામાન્ય સંજોગોમાં અસહ્ય હોય, તો એવી સ્થિતિમાં ગાડીની અંદર જ નમાઝ અદા કરી લેવી જાઇઝ છે, જેની અમુક શરતો પૂરી નથી થતી.

મસઅલો (૮૯) : જો ડ્યુટી દરમિયાન (ઓફિસ વગેરેમાં) નમાઝનો સમય થઇ ગયો અને નમાઝના માટે ડયુટી છોડવી ઘણું કઠીન હોય, બલ્કે તેને ભય હોય કે, નમાઝના માટે જે

સમય વપરાશે તેના કારણે તેને નોકરીમાંથી છૂટો કરી દેવામાં આવે.

શું આવી સ્થિતિમાં નમાઝ કઝા પઢી શકાય છે અથવા એ કે એ નોકરી મૂકવી પડે જેનો તે મોહતાજ છે. તેના માટે નમાઝને સમયસર પઢવી વાજિબ છે કે ડયુટી બજાવી લાવવી જરૂરી રહેશે?

જવાબ : જો નોકરીને ચાલુ રાખવી તે મુસલમાનના માટે મજબૂરી હોય તો જેમ પણ બની શકે તે શખ્સે સમયસર નમાઝ બજાવી લાવવી જરૂરી છે, ભલે તેને રૂકૂઅ અને સિજદામાં ઇશારાથી કામ લેવું પડે. પણ એક ધારી લીધેલ સ્થિતિ છે, જે સામાન્ય સંજોગોમાં

સ્વીકારનીય નથી. મુસલમાનને જોઇએ કે તે ખુદાથી ડરે અને પોતાની વાજિબ ફરજો અદા કરવામાં કોઇ બહાના ન શોધે.

એક મુસલમાને એવી નોકરી કરવી જોઇએ, જેનાથી તે પોતાની શરઇ અને વાજિબ ક્રિયાઓ જે દીનના સ્તંભો છે તેનાથી ગાફિલ ન રહે અને અલ્લાહના હુકમોને હંમેશા પોતાની દ્રષ્ટિ સામે રાખે.

કુરઆને હકીમમાં અલ્લાહનું ફરમાન છે :

‘‘અને જે ખુદાથી ડરશે તેને માટે ખુદા નજાતનો માર્ગ કાઢી આપશે અને તેને એવી

જગ્યાએથી રોજી આપશે, જેની તેને કલ્પના પણ નહીં હોય'' (સૂરે તલાક – ૨)

મસઅલો (૯૦) : યુરોપીયન દેશોની કંપનીઓ અને ફાઉન્ડેશનોમાં મુસલમાનો પણ નોકરી કરે છે એ ઓફિસો અને ઇમારતોની માલિકી વિશે તેઓ કંઇ જાણતા નથી કે આ નાજાઇઝ છે કે જાઇઝ. આવા પ્રકારની ઓફિસો અને ઇમારતોમાં એક મુસલમાન માટે નમાઝ પઢવા અને તેના પાણીથી વુઝૂ કરવા અંગે શું હુકમ છે?

જો આ જગ્યાઓ પર કોઇ કારણે નમાઝ અદા ન કરી શકાય તો પાછલી પઢેલી નમાઝો વિશે શું શરઇ હુકમ હશે ?

જવાબ : જ્યાં સુધી એ સંબંધમાં સંપૂર્ણ યકીન ન હોય કે આ ગસ્બ કરેલ છે, જેનો માલ મોહતરમ છે. એ જગ્યાઓ પર નમાઝ પઢવી અને ત્યાંના પાણીથી વુઝૂ કરવું જાઇઝ છે. જો નમાઝ પઢ્યા પછી ખબર પડે છે કે ઓફિસ અથવા ઇમારત ગસ્બી છે તો નમાઝ પઢનારની નમાઝમાં કોઇ ફરક નહીં પડે, તેની નમાઝ સહી ગણવામાં આવશે.

મસઅલો (૯૧) : જો કોઇ મુસલમાન કોઇ મુરદારના ચામડાથી બનેલ પટ્ટો અથવા પાકેટની સાથે નમાઝ અદા કરે છે અને નમાઝ દરમિયાન અથવા નમાઝ પઢ્યા પછી અને કઝા થવા પહેલાં અથવા કઝા થવા પછી તેને

યાદ આવે તો એવી સ્થિતિમાં એક મુસલમાન માટે શરઇ ફરજ શું હશે?

જવાબ : અગર પટ્ટો અથવા પાકેટના ચામડા વિશે એ ખબર ન પડી શકે કે આ પાક જાનવર અર્થાત જેને શરઇ રીતે ઝબ્હ કરવામાં આવેલ હોય, તો તેની સાથે પઢેલી નમાઝ સહી રહેશે. પરંતુ જો ઓછી શક્યતા હોય અને નમાઝ પઢનાર પણ આ શરઇ હુકમ વિશે અજ્ઞાન હતો અને નમાઝ દરમ્યાન ધ્યાન જાય, તો તરત જ ઉતારી નાખે, તેની નમાઝ સહી રહેશે. આ જ હુકમ એ નમાઝ પઢનાર માટે છે, જે આ પરિસ્થિતિને ભૂલી ગયો હતો અને તેને નમાઝની વચ્ચે યાદ આવી જાય. હા,

અલબત્તા આ નમાઝ પઢનાર એ વસ્તુ સ્થિતિને પોતાની બેપરવાઇ અને ગફલતના કારણે ન ભૂલેલો હોય. જો બેપરવાઇના કારણે ભૂલેલો છે, તો એહતેયાતે વાજિબ પ્રમાણે પોતાની નમાઝને ફરીવાર પઢે અથવા તેની કઝા બજાવી લાવે.

મસઅલો (૯૨) : વર્તમાન કાળમાં પુરૂષો માટે જે પેન્ટ સામાન્ય છે, તેમાં બિન-મુસ્લિમ દેશોમાં બનેલી જીન્સની પેન્ટ પર ચામડાનો એક ટૂકડો લાગેલ હોય છે. જેના પર કંપનીનું નામ લખેલું હોય છે અને એ ખબર નથી કે ચામડાનો આ ટૂકડો શરઇ રીતે ઝબ્હ કરેલા જાનવરનો છે કે ગેર શરઇ રીતે ઝબ્હ કરેલા

જાનવરનો ? શું આવી પેન્ટમાં નમાઝ પઢવી જાઇઝ છે?

જવાબ : એ પેન્ટમાં નમાઝ પઢવી જાઇઝ છે.

મસઅલો (૯૩) : શું સ્પ્રે લગાવી નમાઝ પઢી શકાય છે? એ નમાઝ બરાબર છે? અને શું સ્પ્રે પાક છે?

જવાબ : જી હા, સ્પ્રે પાક છે.

મસઅલો (૯૪) : શું ખનીજ પત્થર અને તેનાથી બનેલ ટાઈલ્સ પર સિજદો કરવો જાઇઝ છે?

જવાબ : જી હા, આ સિજદો સહી હશે.

મસઅલો (૯૫) : મુસલ્લાઓની કેટલીક કિસમો પેટ્રોલીયમની બનેલી હોય છે, શું તેના પર સિજદો કરવો જાઇઝ છે?

જવાબ : પેટ્રોલીયમની બનેલી જાનમાઝો પર સિજદો કરવો જાઇઝ નથી.

મસઅલો (૯૬) : શું કોરા, સ્વચ્છ કાગળ અને ટીશ્યુ પેપર પર સિજદો જાએઝ છે? જ્યારે કે આપણે એ નથી જાણતા કે તેના મૂળ તત્વો શું છે, તેના પર સિજદો કરવો જાઇઝ છે કે નહીં ?

જવાબ : કાગળ વિશે જો એ ખબર હોય કે આ કપાસ પટસન (શણ) અથવા જેવી કોઇ

વસ્તુથી બનેલ છે જેના પર સિજદો કરવો જાએઝ છે. તો તેના પર સજદો કરવો જાઇઝ છે. શરત એ છે કે રેશમથી બનેલ ન હોય.

## પ્રકરણ પાંચમું – રોઝા

આપણા પયગંબર મોહમ્મદ મુસ્તફા (સ.અ.વ.) એ માહે રમઝાનના સ્વાગત વિશે એક ખુત્બો ઇરશાદ ફરમાવ્યો, જે મુસલમાન માટે માર્ગદર્શન અને મુબારક માસ રમઝાન વિશે શરઇ હુકમો સંબંધમાં સવિસ્તાર જાણકારી પૂરી પાડે છે.

આપ (સ.અ.વ.)એ રમઝાનના સ્વાગતના ખુત્બામાં ઇરશાદ ફરમાવ્યું : ‘‘અય

લોકો ! અલ્લાહ તઆલાનો આ માસ (રમઝાન) મુબારક, બરકત, રહેમત અને મગફેરતની સાથે તમારી પાસે આવી રહ્યો છે. આ એ મહિનો છે, જે ખુદા સમક્ષ બધા મહિનાઓથી શ્રેષ્ઠ છે. તેના દિવસો બધા દિવસોથી બહેતરીન, તેની રાતો બધી રાતોથી બહેતરીન, તમને આ મહિનામાં અલ્લાહ તઆલાની મહેમાની માણવા બોલાવવામાં આવ્યા છે.

આ મહિનામાં તમને અલ્લાહની મહેરબાનીથી નવાજવામાં આવ્યા છે. આ મહિનામાં તમારો શ્વાસ અલ્લાહની તસ્બીહ, તમારૂં સૂવું ઇબાદત, તમારા અમલો કબૂલ અને તમારી દુઆઓ કબૂલ છે એટલે પોતાના

રબથી ઈખ્લાસ સાથે સવાલ કરો કે એ તમને આ મહિનાના રોઝાઓ, કુરઆનની તિલાવતની તૌફિક આપે.

એટલા માટે કે કમનસીબ એ શખ્સ હશે જે આ બરકતવાળા મહિનામાં અલ્લાહની મગફેરતથી વંચિત રહી જાય.

અય લોકો ! આ મહિનામાં જન્નતના દરવાજાઓ ખોલી નાખવામાં આવે છે. પોતાના રબથી દુઆ કરો કે, તે તમારા માટે રહેમતના દરવાજા બંધ ન કરે અને દોઝખના દરવાજાઓ બંધ કરી દેવામાં આવ્યા છે, તેના માટે પોતાના રબથી દુઆ કરો કે આ દરવાજાઓ તમારી માટે ન ખોલવામાં આવે,

આ મહિનામાં શૈતાનોને તોક નાખી દેવામાં આવે છે, તમે પોતાના પાલનહારથી એ માંગણી કરો કે, શૈતાનો તમારા પર (ફરીવાર) સવાર ન થઇ જાય.

અય લોકો ! જે શખ્સ આ મહિનામાં પોતાના અખ્લાક સુંદર બનાવે, તેને એ દિવસ માટે પુલે સિરાતનો પરવાનો આપવામાં આવશે, જ્યારે લોકોના પગો ડગમગશે અને લપસી જશે જે શખ્સ આ મહિનામાં પોતાના ગુલામ સાથે નરમીથી વર્તશે, અલ્લાહ રબ્બુલ ઇઝ્ઝત તેનાથી હળવો હિસાબ લેશે. જેના છળ-કપટથી લોકો રક્ષિત રહેશે, કયામતના દિવસે અલ્લાહ તઆલા તેના પર ગઝબનાક

નહીં થાય જે શખ્સ આ મહિનામાં કોઇ યતીમની નવાઝીશ સન્માન કરશે, મહેરબાન ખુદા એ દિવસે પોતાના બંદાની નવાઝીશ કરશે, જે દિવસે તે ખુદાના દરબારમાં હાજર થાશે.

જે શખ્સ આ મહિનામાં સગાઓ સાથે સદ્‌વર્તન કરશે, કયામતના દિવસે ખુદાની રહેમત તેને પ્રાપ્ત થશે. અને જે શખ્સ આ મહિનામાં સગાઓ સાથે સંબંધ કાપી નાખશે, કયામતના દિવસે અલ્લાહ તઆલા તેને પોતાની રહેમતથી દૂર રાખશે અને જે શખ્સ આ એક મહિનામાં કુરઆનની એક આયતની તિલાવત કરશે તેને બીજા મહિનાઓમાં પૂરા કુરઆન

ખતમ કરવાનો બદલો અને સવાબ આપવામાં આવશે.''

અમીરૂલ મોઅમેનીન (અ.સ.) ફરમાવે છે

જે દિવસે તમે રોઝો રાખો, એ દિવસે તમારા કાન, આંખો, વાળ, ચામડી ટૂંકમાં શરીરના દરેક અવયવ રોઝાથી હોવા જોઇએ.''

ઉપરાંત આપ (અ.સ.) એ ફરમાવ્યું :

''રોઝા માત્ર ખાવા પીવાથી બચવાનું નામ નથી. એટલે જ્યારે તમે રોઝો રાખો તો પોતાની જીભને જૂઠથી બચાવો, પોતાની

નજરો એ ચીજોથી દૂર રાખો, જેને અલ્લાહ તઆલાએ હરામ ઠેરવ્યું છે.

એક બીજાની ઈર્ષા ન કરો, એક બીજાની ગીબત ન કરો, એક બીજાને ગાળ ન આપો, બીજાઓ પર જુલ્મ ન કરો. જૂઠ, લડાઇ, ઝઘડા, બદગુમાની, ગીબત, ચુગલખોરીથી બચતા રહો. આખેરત હરપળ તમારી સામે રહેવી જોઇએ. પોતાના આવવાવાળા દિવસોની રાહ જુઓ, એ નેઅમતોની રાહ જુઓ, જેનો ખુદાએ તમારાથી વાયદો કર્યો છે. અલ્લાહનો કુર્બ મેળવો, તમે ઇઝ્ઝત અને ગંભીરતા, વિનમ્રતા અને એકાગ્રતાને પોતાની આદત બનાવો અને

એ ગુલામોની જેમ વિનમ્રતા અપનાવો જે પોતાના માલિકથી ડરતો પણ હોય અને આશાવંત પણ.''

આ પ્રકરણમાં રોઝા વિશે કેટલાક હુકમો બયાન કરવા જરૂરી છે, જે નીચે મુજબ છે :
–

મસઅલો (૯૭) : રોઝાની સ્થિતિમાં જાણી જોઇને ખાવું પીવું રોઝાને બાતિલ કરે છે. જો રોઝાદાર ભૂલથી ન કે જાણી જોઇને કંઇ ખાઇ લે અથવા પી લે, તો તેનો રોઝો સહી રહેશે. અને તેના પર કોઇ કફ્ફારો વગેરે લાગુ નહીં પડે.

મસઅલો (૯૮) : રોઝાને તોડવાવાળી ચીજોમાંથી એક જનાબતની હાલતમાં જાણી જોઇને ફજર સુધી બાકી રહેવું છે. જો એ શખ્સ જેના પર જનાબતનું ગુસ્લ કરવું જરૂરી હોય અને તે જાણી જોઇને ફજર થવા સુધી ગુસ્લ ન કરે તો તેના પર વાજિબ છે રોઝાની નિય્યતથી અથવા રમઝાનુલ મુબારકના એહતેરામમાં ખાવા પીવાથી પરહેઝ કરે, એહતેયાત તરીકે કઝા અને સઝામાંથી તેની શરઇ જવાબદારી હોય તે નિય્યતથી (રમઝાનુલ મુબારક) પછી એક રોઝો પણ રાખે.

જે કોઇ શખ્સ બીમાર હોય અને ગુસ્લ ન કરી શકે તો તે ગુસ્લના બદલે તયમ્મુમ કરે,

ફજર થવા સુધી પાક થઇ જાય અને રોઝો રાખે.

મસઅલો (૯૯) : રોઝાને તોડવાવાળી ચીજોમાંથી એક એ પણ છે કે સ્ત્રીનું હૈઝ અને નિફાસથી પાક થયા પછી ગુસ્લની શક્તિ હોવા છતાં ફજર થવા સુધી એજ હાલતમાં રહેવું. એટલે જો કોઇ સ્ત્રી ફજર થવા સુધી વગર ગુસ્લ રહે તો તેનો હુકમ પણ એજ હશે જે જનાબતવાળા શખ્સ માટે છે. જો ગુસ્લની શક્તિ ન હોય તો ગુસ્લના બદલે તયમ્મુમ કરવું પડશે.

મસઅલો (૧૦૦) : રોઝાદાર માટે બહેતર છે કે જો બલગમ મોઢામાં આવી જાય, તો તેને

ગળે ન ઉતારે જો કે તને ગળી જવું જાઇઝ હોય. જેમ કે મોંમાં ભેગું થએલું થૂંક બલગમ સાથે એવી રીતે ભળી ગયું હોય કે તેને થૂંક કહેવામાં આવે તો તેને ગળી જવું જાઇઝ છે ભલે તે વધારે હોય.

મસઅલો (૧૦૧) : દિવસના સમયે એહતેલામ થવાથી રોઝો બાતિલ નથી થતો, જેને વીર્યપાત થયો હોય તેની ફરજ છે કે તે નમાઝ માટે ગુસ્લ કરે, રોઝા સાથે તેને કોઇ સંબંધ નથી.

મસઅલો (૧૦૨) : બ્રંઈ અને ટૂથપેસ્ટથી દાંત સાફ કરવું, રોઝાને તોડતું નથી, જ્યાં સુધી દાંતો સાફ કરવા દરમિયાન મોઢાના થૂંકના સાથે

મળેલી કોઇ ચીજ રોઝાદાર ગળી ન જાય. અલબત્તા તેમાથી થોડીક ચીજ જે થૂંક સાથે મિશ્ર થઇ ખત્મ થઇ જાય છે તેનાથી રોઝો બાતિલ નથી થતો.

મસઅલો (૧૦૩) : જો કોઇ મુસલમાન એવા દેશમાં રહેતો હોય જ્યાં છ મહિના દિવસ અને છ મહીના રાત હોય, તો રમઝાનુલ મુબારકમાં તેણે એવા દેશમાં જવુ વાજિબ છે જ્યાં તે રોઝો રાખી શકે, જો રમઝાનુલ મુબારકમાં એમ ન કરી શકે તો રમઝાન પછી રોઝાની કઝા બજાવી લાવે, જો તે બીજા દેશમાં જવાથી કાસિર છે તો તેને જોઇએ કે તે રોઝા દીઠ ૭૫૦

ગ્રામ ખોરાક કોઇ પણ અનાજના રૂપમાં કોઇ જરૂરતમંદ અથવા મોહતાજને દઇ દે.

મસઅલો (૧૦૪) : જો કોઇ મુસલમાન એવા દેશમાં રહી રહ્યો હોય જ્યાં દિવસ ત્રેવીસ કલાકનો અને રાત એક કલાકની હોય તે તેનાથી ઊલટું હોય તો એ મુસલમાન પર વાજિબ છે કે જો તે એની શકિત ધરાવતો હોય તો રમઝાનના રોઝા અદા કરે અને જો કુદરત ન રાખતો હોય તો તેના માટે આ હુકમ સાકિત છે અને જો પાછળથી કઝા બજાવવી શક્ય હોય, ભલે તે માટે બીજા દેશ જાવું પડે, તો રોઝાની કઝા બજાવી લાવવી જોઇએ અને જો કઝા બજાવી

લાવવી શકય ન હોય તો દરેક રોઝાના બદલે ફિદયો (એક મુદ) અદા કરે.

## આ પ્રકરણને લગતા સવાલ જવાબ

મસઅલો (૧૦૫) : કેટલાક લોકો પોતાના દેશને છોડી તો નથી દેતા, પરંતુ કોઇ ખાસ હેતુસર કોઇ શહેરમાં ઘણા વરસ સુધી રહેવાનો ઇરાદો રાખે છે અને જ્યારે તેઓનો મકસદ પૂરો થતા તેઓ ત્યાંથી હિજરત કરી કોઇ બીજા શહેર અથવા દેશમાં ચાલ્યા જાય છે. આવા લોકો માટે શરઇ હુકમ શું છે ? શું આવા સફર અને રેહાઇશની સૂરતમાં તે પોતાની નમાઝો કસર પઢશે કે પૂરી અદા કરશે અને રોઝાઓ રાખશે ?

જવાબ : એ લોકો માટે શરઇ હુકમ એ છે કે પોતાના વસવાટના એક મહિના પછી, પોતાના મૂળ વતનની જેમ નમાઝ પૂરી પઢશે અને રોઝાઓ રાખશે.

મસઅલો (૧૦૬) : યૂરોપી દેશોમાં રહેવાવાળા મુસલમાન વરસ દરમિયાન અને માહે રમઝાનમાં સૂર્યોદયથી ફજરની નમાઝ, ઝોહરની નમાઝ અને મગરિબની નમાઝના યકીન માટે એ દેશોની વેધશાળાઓ પર ભરોસો કરી શકે છે : જ્યારે કે મુસલમાનોને એ વાતનું યકીન હોય કે આ મોટા ઇલ્મી અને ઊંડા જ્ઞાનના કેન્દ્રો છે, જ્યાં પળે પળ ઘણી ઊંડી દ્રષ્ટિથી નક્કી થાય છે.

જવાબ : જો આ વેધશાળાઓના સમય પત્રોના સહી હોવાનો વિશ્વાસ હોય તો તેના પર અમલ કરી શકાય છે. આ વાત સ્પષ્ટીકરણ માગે છે કે ફજરના ઉદય વિશે એ દેશોમાં મતભેદ પણ જોવામાં આવે છે. ખાસ કરીને યૂરોપી દેશોમાં એટલે આપે યકીન પ્રાપ્ત કરી લેવું જોઇએ કે આ આગાહી સહી મતના આધારે કરવામાં આવે છે.

મસઅલો (૧૦૭) : કેટલાક દેશોમાં કેટલાય દિવસો સુધી સૂરજ નથી નીકળતો અથવા ઘણા દિવસો સુધી સૂરજ અસ્ત નથી થતો. એવા દેશોમાં અમે નમાઝ અને રોઝા કેવી રીતે અદા કરીએ ?

જવાબ : જ્યાં સુધી નમાઝનો સંબંધ છે તે એહતેયાતે વાજિબના રૂપે એ શહેરના સૌથી નજીકના શહેરના સમયપત્રકથી લાભ લઇ શકાય છે. જ્યાં ચોવીસ કલાકના રાત દિવસ હોય અને પાંચ વખતની નમાઝને કુર્બતે મુતલકની નિય્યતથી એ શહેરના સમય પ્રમાણે બજાવી લાવવી જરૂરી છે.

જ્યાં સુધી રોઝાને લાગે વળગે છે તો મુસલમાનોની ફરજ છે કે તેઓ માહે રમઝાનમાં એ શહેરથી બીજા શહેર ચાલ્યા જાય, જેથી ફઝીલતવાળા મહિનાની બરકતો મેળવી શકે અથવા માહે રમઝાન પછી બીજા શહેર ચાલ્યો જાય અને ત્યાં રોઝાની કઝા બજાવી લાવે.

મસઅલો (૧૦૮) : શું કોઇ બિન ઇસ્લામી શહેરમાં રહેનાર રોઝાદાર બિન-મુસ્લિમોને ખાવાનું ખવરાવી શકે છે ?

જવાબ : કોઇ બિન-મુસ્લિમને ખાવાનું ખવરાવવું જાઇઝ છે.

મસઅલો (૧૦૯) : શું દમનો મરીઝ જે સાધન Inhaler શ્વાસ લેવામાં મદદ માટે વાપરે છે, શું રોઝાની હાલતમાં તેનો વપરાશો રોઝાને બાતિલ કરે છે ?

જવાબ : જો સ્પ્રેથી નીકળનાર ગેસ ખોરાકની નળીમાં દાખલ ન થાય બલ્કે માત્ર શ્વાસની

નળીમાં દાખલ થાતી હોય તો રોઝો બાતિલ નહીં થાય.

મસઅલો (૧૧૦) : બીમારને મજબૂરી અથવા વગર મજબૂરીએ નસ દ્વારા દેવામાં આવનાર ખોરાકથી રોઝો બાતિલ થાય છે કે નહીં?

જવાબ : બંને  હાલતમાં રોઝો બાતિલ નથી થતો.

મસઅલો (૧૧૧) : માહે રમઝાનમાં જો કોઇ રોઝાદાર દિવસના સમયે હસ્તદોષ કરે અને તેના કારણે વીર્યપાત થઇ જાય અથવા ન થાય, તો શું રોઝો બાતિલ થઇ જાય છે ? ઉપરાંત

આ અમલનો શું કફ્ફારો છે? અને જો સ્ત્રી આ કાર્ય અંજામ આપે તો તેના માટે શું હુકમ છે?

જવાબ : માહે રમઝાનમાં જો કોઇ રોઝેદાર વીર્યપાતના ઇરાદાથી આ કામ કરે અને વીર્યપાત થઇ જાય, તો તેનો રોઝો બાતિલ થાશે અને તેના પર રોઝાની કઝા અને કફ્ફારો વાજિબ થાશે, એટલે બે મહિના લગાતાર રોઝા રાખવા અથવા ૬૦ મિસ્કીનોને ખાવું ખવરાવવું છે.

અને જો વીર્યપાતની નિય્યતથી આ કામ કરે પણ વીર્યપાત ન થાય, તો તેને જોઇએ કે કુર્બતે મુતલકાની નિય્યતથી પોતાનો રોઝો પૂરો

કરે અને માહે રમઝાન પછી તેની કઝા બજાવી લાવે.

અને જો કોઇ શખ્સ આ અમલ વીર્યપાતની નિય્યતથી ન કરે અને ન તો આ તેની કુટેવ હતી કે, તરત જ વીર્યપાત થાય, પરંતુ માત્ર વીર્યપાતનો સંદેહ હતો અથવા વીર્યપાત થઇ જાય તો એ શખ્સ પર એ દિવસના રોઝાની કઝા વાજિબ થાશે, કફ્ફારો વાજિબ નહીં થાય.

અને જો સંપૂર્ણ યકીન હતું કે વીર્યપાત નહીં થાય, પરંતુ આકસ્મિક વીર્યપાત થઇ જાય તો એ સૂરતમાં રોઝાની કઝા પણ વાજિબ

નથી. આ મસઅલામાં પુરૂષ સ્ત્રી બંને પર એક જ હુકમ લાગુ પડે છે.

મસઅલો (૧૧૨) : એક મોમિન રોઝાદાર પણ છે પરંતુ તેને એ ખબર નથી કે જાણી જોઇને જનાબત આચરવાથી રોઝો બાતિલ થઇ જાય છે, તો તેના પર શું હુકમ લાગુ પડશે?

જવાબ : જો એ મોમિનને યકીન હતું કે જનાબત (સમાગમ)થી રોઝો બાતિલ નથી થતો અથવા મૂળથી તેના તરફ ધ્યાન ન હોતું, તો એ સૂરતમાં તેના પર કઝા વાજિબ થાશે, પરંતુ કફ્ફારો દેવો જરૂરી નહીં થાય.

મસઅલો (૧૧૩) : કેટલાક ફકીહો અને મહાન આલિમો નજીક હરામ ચીઝથી રોઝો ઇફતાર કરવાથી ત્રણ કફ્ફારા વાજિબ થાશે.

૧. બે માસના રોઝા રાખવા

૨. ૬૦ મિસ્કીનોને ખાવું ખવરાવવું

૩. એક ગુલામ આઝાદ કરવો.

પરંતુ આ વાજિબ હુકમ પ્રમાણે આજના જમાનામાં ગુલામ આઝાદ કરવો શકય નથી. આ હુકમ પર કઇ રીતે અમલ કરવામાં આવે?

જવાબ : જો શકય ન હોય તો ગુલામ આઝાદ કરવાની શરત સાકિત થઇ જશે. આ હુકમ

સંબંધમાં એક વાત સ્પષ્ટ કરી દેવી જરૂરી છે, અમારી નજીક હરામ ચીજથી ઇફ્તાર કરવાના કારણે ત્રણ કફ્ફારા અદા કરવા વાજિબ નથી. (વલ્લાહુમ આલિમ- અલ્લાહ જ જાણનાર છે)

મસઅલો (૧૧૪) : જો પૂર્વમાં ચાંદ દેખાઇ જાય તો શું પશ્ચિમના રહેવાવાળાઓ માટે પણ આ ચાંદ નવા ઇસ્લામી મહિના પ્રમાણે પૂરવાર થશે. દાખલા તરીકે અમેરીકામાં ચાંદ સાબિત થઇ જાય તો યૂરોપમાં પણ ચાંદ સાબિત થઇ જાય છે?

જવાબ : જ્યારે પૂર્વમાં ચાંદ દેખાઇ જાય તો તેનાથી પશ્ચિમમાં પણ ચાંદ સાબિત થઇ જાય છે, પણ તેમાં સ્પષ્ટતા માગી લેતી વાત એ છે

કે આ બંને શહેરની રેખાંશો એક બીજાથી વધારે દૂર ન હોય. પરંતુ જો પશ્ચિમમાં ચાંદ સાબિત થઇ જાય તો હુકમ લાગુ નથી થતો કે પૂર્વમાં પણ ચાંદ સાબિત થઇ જાય. સિવાય એ કે પશ્ચિમનો ચાંદ સૂર્યાસ્ત પછી એ એટલા વધારે સમય સુધી ક્ષિતિજ પર બાકી રહે જે પૂર્વ અને પશ્ચિમના ઉદય અસ્તના સમયનો તફાવત છે.

મસઅલો (૧૧૫) : શું ઇરાન, એહસા, કતીફ઼ અને બીજા અખાતના દેશો ઇરાક઼, શામ, લબનાન જેવા પૂર્વના દેશોમાં ચાંદ દેખાવાનો મતલબ એ છે કે, જો વાદળ અથવા ધુમ્મસના કારણે ચાંદ દેખાવામાં રૂકાવટ ન હોય તો પછી

ઇંગ્લેન્ડ, ફ્રાન્સ અને જર્મની જેવા પશ્ચિમી દેશોમાં પણ ચાંદ દેખાઇ જાય ?

જવાબ : જી હા ! જો એક શહેરમાં ચાંદ દેખાઇ જાય તો એનો મતલબ એ થયો કે, જો કોઇ રૂકાવટ ન હોત તો એ શહેરોમાં પણ ચાંદ દેખાઇ જાત જે પ્રથમ શહેરની પશ્ચિમમાં આવેલ હોય એ શરતે કે તેઓના રેખાંશમાં વધારે તફાવત મોજૂદ ન હોય.

મસઅલો (૧૧૬) : શું પશ્ચિમી દેશોમાં રહેવાવાળા મુસલમાનો માટે પણ પૂર્વીય દેશો પ્રમાણે ઇદ સાબિત થશે, જ્યાં મોસમ સાફ ન હોવાના કારણે ચાંદ ન દેખાય ? શું એ મુસલમાનો માટે ચાંદ સાબિત થઇ ગયો છે?

જવાબ : આ સ્થિતિમાં પશ્ચિમી દેશોના મુસલમાનો માટે હુજ્જત નહીં બને. અલબત્તા, જો આ દેશોમાં રહેનારા મુસલમાનોને ઇત્મીનાન પ્રાપ્ત થઇ જાય અથવા ગવાહી સાબિત થઇ જાય, જેની વિરૂદ્ધ કોઇ સાક્ષી ન હોય, તો એ ઇત્મીનાન પર આ મુસલમાન અમલ બજાવી લાવી શકે છે.

મસઅલો (૧૧૭) : કેટલાક મહિનાઓમાં એ એલાન કરવામાં આવે છે કે, કેટલાક પૂર્વના દેશોના આલિમો નજીક કેટલાક મોમિનોની ગવાહીના આધારે ચાંદ સાબિત થઇ ગયો છે, પરંતુ તેમાં નીચે મુજબના કારણો પણ દર્શાવેલ હોય છે.

૧. એ સાક્ષીઓ જેની સંખ્યા ૩૦ની લગભગ હોય છે તે વિવિધ શહેરોમાં રહે છે, દાખલા તરીકે ઇસ્ફહાનના ૨ ગવાહ, કુમના ૩ ગવાહ, યઝદના ૩ ગવાહ, કુવેતના ૪ ગવાહ, બહરૈનના ૫ ગવાહ અને એહસાના ૬ ગવાહ સાક્ષી દેવામાં શામિલ છે.

૨. પશ્ચિમના દેશોની મોસમ તદ્દન સાફ હોય છે અને કોઇપણ રૂકાવટ વગર મોમિનો ચાંદ જોવાના પ્રયત્નો પણ કરે છે.

૩. બ્રિટનની ગગન વેધશાળા એ એલાન કરે છે કે જ્યાં સુધી દૂરબીનની મદદ ન લેવામાં આવે આજની રાતે ચાંદ દેખાવો શકય નથી, નરી

આંખે માત્ર આવતી રાતે જ ચાંદ દેખાઇ શકે છે. આ સંબંધમાં મોમિનની ખરી ફરજ શું છે?

જવાબ : ચાંદ પૂરવાર થવાનો દારોમદાર ઇન્સાનના વ્યક્તિગત ઇત્મીનાન પર છે. ચાહે આ ખાતરી પોતાની આંખે ચાંદ જોવાથી પ્રાપ્ત થાય અથવા સાક્ષીઓ મારફત, જેની વિરૂદ્ધ કોઇ અન્ય ગવાહ ન હોય. (વલ્લાહુમ આલિમ-અલ્લાહ જ જાણનાર છે)

## પ્રકરણ છઠ્ઠું – વિષય : હજ

હજ ઇસ્લામી શરીઅતના મશહૂર અને જાણીતા વાજિબોમાંથી છે. કુરઆન અને

સુન્નતે હજ વાજિબ હોવાની ચોખવટ કરી છે. જેમકે અલ્લાહ તઆલા ફરમાવે છે :

'લોકો પર વાજિબ છે કે, માત્ર ખુદાને ખાતર ખુદાના ઘરની હજ કરો, જેમને ત્યાં સુધી પહોંચવાની શક્તિ હોય, અને જેણે સમર્થ હોવા છતાં, હજનો અનાદર કર્યો તો યાદ રાખે કે ખુદા સમસ્ત વિશ્વથી બેપરવા છે.'

હજનું મહત્વ અને ફાયદો ચોક્કસ છે કે જેનાથી કોઇ મુસલમાન ઇન્કાર નથી કરતો. બારી તઆલાએ હજ છોડી દેવાને કુફ્રની સાથે ઝિક્ર કર્યો છે. હજ ઇસ્લામના એ પાંચ રૂકનોમાંથી છે, જેના પર ઇસ્લામનો પાયો

રાખવામાં આવ્યો છે. એટલે પાંચમાં ઇમામ મોહમ્મદ બાકિર (અ.સ.)નું કથન છે કે :

'ઇસ્લામનો પાયો પાંચ ચીજો પર નાખવામાં આવ્યો છે, જે નમાઝ, ઝકાત, હજ, રોઝા અને પાક ઇમામો (અ.મુ.સ.)ની વિલાયત છે.'

વસાએલુશ્શીઆ, હૂર્રે આમેલી કૃતમાં આપેલું છે કે, અમીરૂલ મોઅમેનીન (અ.સ.)એ હજના વિશે વસિયત ફરમાવી : (જી-૧૧, પેજ નં. ૨૦)

'હજે બયતુલ્લાહને તર્ક ન કરો, નહિતર હલાક થઇ જશો.'

વસાએલુશ્શીઆ, હુર્રે આમેલી કૃતમાં હઝરત ઇમામ જઅફર સાદિક (અ.સ.)થી રિવાયત છે કે આપ (અ.સ.)એ ફરમાવ્યું :

“જો લોકો બયતુલ્લાહની હજ તર્ક કરી દે તો તેઓ પર અલ્લાહની અઝાબ ઊતરશે અને તેઓને મોહલત પણ આપવામાં નહીં આવે.” જી-૨૨, પેજ-૨૨)

જો હજ વાજિબ થવાની શરતો પૂરી હોય અને માત્ર સુસ્તી અને ગફલતના કારણે હજને તર્ક કરવાને ગુનાહે કબીરામાં ગણના કરવામાં આવેલ છે, જેમકે હદીસ પાકમાં છે કે:

“જે શખ્સ શક્તિ અને ક્ષમતા હોવા છતાં હજની ફરજ અદા ન કરે તો તેણે ઇસ્લામની શરીઅતોમાંથી એક શરીઅતને તર્ક કરી દીધી.’’ (વસાએલુશ્શીઆ, હુર્રે આમેલી કૃત, જી.૧૧, પેજ-૨૮)

એક બીજી હદીસમાં ફરમાવવામાં આવ્યું છે :

“જે શખ્સ હજ અદા કરવામાં ઢીલ કરે, ત્યાં સુધી કે મરી જાય, તો અલ્લાહ તબારક વ તઆલા તેને કયામતના દિવસે યહૂદી અથવા નસરાની-ના રૂપમાં ઉઠાડશે.’’ (મન લા યહઝોરૂલ ફકીહ, જી-૪, પેજ-૨૬૬)

બેહતર છે કે, અમે નીચે હજના વિશે શરઇ મસઅલાઓ બયાન કરીએ, જેથી ઇસ્લામના આ અગત્યના રૂકન વિશે પ્રમાણસર સ્પષ્ટતાઓ થઇ જાય.

મસઅલો (૧૧૮) : જ્યારે કોઇ શખ્સ હજની ક્ષમતા હોય તો તેના પર હજ વાજિબ થઇ જાય છે. ઇસ્તેતાઅત (ક્ષમતા)થી શું મુરાદ છે? તેનો ખુલાસો નીચે મુજબ છે :

૧. મુસલમાન પાસે એટલો સમય હોય કે તે પવિત્ર સ્થળો પર જઇ ત્યાંના વાજિબ અમલો સંપૂર્ણ રીતે અદા કરી શકે.

૨. તેની શારીરિક તંદુરસ્તી અને શક્તિ એ વાતની રજા આપે કે, પવિત્ર સ્થળો પર રોકાવા દરમિયાન બધા વાજિબ અમલો સંપૂર્ણતાએ પહોંચાડી શકે.

૩. હજ પર જવાનો રસ્તો ખુલ્લો અને સુરક્ષિત હોય, તેના જાન, માલ અને તેની ઇઝઝતને કોઇ ખતરો ન હોય અને હજના આમાલ બજાવી લાવવામાં તેને કોઇ મુશ્કેલી ન નડે.

૪. વાટખર્ચી, અર્થાત તેની પાસે ખાવા, પીવા, લિબાસ અને બીજા વાટ ખર્ચા જે તેની જરૂરતોમાં શામિલ છે, મોજૂદ હોય અને તે પોતાની આર્થિક શક્તિ પ્રમાણે આવવા જવાનો ખર્ચો ઉપાડવાને સમર્થ હોય.

૫. હજના મુસાફરની આર્થિક સ્થિતિ એવી હોય કે તેના બાલ-બચ્ચાને નાદારી કે ફકીરીનો ખતરો ન હોય.

મસઅલો (૧૧૯) : ''હજે તમત્તોઅ'' મક્કા મુકર્રમાથી દૂર રહેવા વાળાઓ પર વાજિબ થાય છે. હજે તમત્તોઅ બે ઇબાદતોનો સમૂહ છે. પહેલી ઇબાદતને ઊમરા અને બીજી ઇબાદતને હજ કહે છે.

મસઅલો (૧૨૦) : ઉમરએ તમત્તોઅમાં પાંચ આમાલ વાજિબ છે :

૧. કોઇ એક મીકાતથી એહરામ બાંધવો. મીકાત એ સ્થળને કહેવામાં આવે છે જે

ઇસ્લામી શરીઅત મુજબ એહરામ બાંધવા માટે ખાસ જગ્યાઓ છે. દરેક દરેક સ્થળના મીકાત જુદા જુદા છે.

૨. ખાનએ કા’બાનો તવાફ઼ (સાત ચક્કર લગાવવા)

૩. તવાફ઼ની નમાઝ

૪. સફ઼ા અને મરવા વચ્ચે સાત ચક્કરના રૂપમાં સઇ

૫. તકસીર

મસઅલો (૧૨૧) : હજમાં વાજિબ આમાલ તેર (૧૩) છે, જેના વિશે નીચે મુજબ સ્પષ્ટતા કરવામાં આવે છે :

૧. મક્કા મુકર્રમામાંથી એહરામ બાંધવો.

૨. ઝિલ્હજની ૯ તારીખના અરફાતમાં રહેવું.

૩. ઇદની રાતે મુઝદલફામાં રાતનો અમુક ભાગ (સૂર્યોદય સુધી) રોકાવું.

૪. ઇદના દિવસે મિનામાં જમરએ અકબાને પત્થર મારવા.

૫. મિનાના સ્થળે ઇદના દિવસ અથવા તશ્રીકના દિવસો (એટલે ૧૧-૧૨-૧૩ ઝિલ્હજ)માં ઊંટ અથવા કોઇ જાનવરની કુરબાની કરવી.

૬. મિનાના સ્થળે માથું મૂંડાવવું અથવા અમુક વાળ કાપવા. આ અમલ પછી જે વાતો

એહરામની હાલતમાં તેના પર હરામ હતી, તેમાંથી સ્ત્રી, ખુશ્બૂ લગાવવી, સિવાયના બીજા કામો તેના પર હલાલ થઇ જશે, એહતિયાતે વાજિબની રૂએ શિકારનો પણ આજ હુકમ છે.

૭. પાછું મક્કા મુકર્રમા જઇને ઝિયારતનો તવાફ કરવો.

૮. તવાફની નમાઝ.

૯. સફા અને મરવા વચ્ચે સઇ કરવી, આ અમલ પછી ખુશ્બુ લગાવવી પણ હલાલ થઇ જાય છે.

૧૦. તવાફુન્નિસા.

૧૧. તવાફુન્નિસાની નમાઝ, આ અમલ પછી ઔરત પણ હલાલ થઇ જાય છે.

૧૨. ૧૧-૧૨-૧૩ ઝિલ્હજની રાતો મિનામાં વિતાવવી.

૧૩. ૧૧-૧૨-૧૩ ઝિલ્હજના ત્રણેય શૈતાનોને પત્થર મારવા.

## હજ સંબંધી અમુક શરઇ મસઅલાઓ

મસઅલો (૧૨૨) : શું જિદ્દા શહેરથી એહરામ બાંધી શકાય છે જ્યારે કે જહાઝ જિદ્દામાં ઉતરે છે. જો અહીંથી એહરામ બાંધવો જાઇઝ નથી તો મુસલમાન આ હુકમ પર કેવી રીતે અમલ કરશે ?

જવાબ : જિદ્દા શહેર એ સીમાઓમાં નથી આવતું અને ન તે કોઇ મીકાતની સામે ગણાય છે. એટલે આ સ્થળેથી ઉમરા અથવા હજના માટે એહરામ બાંધવો સહી નથી. જો હાજીને આ વાતનું યકીન હોય કે જિદ્દા અને હરમની દરમિયાન એવી જગ્યાએથી પસાર થવાતું હોય, જે કોઇ એક મીકાતની સામે ગણાતી હોય, તો એ સૂરતમાં હાજીના માટે એહરામ બાંધવાની રજા છે, શક્ય છે કે જિદ્દા અને મક્કાની વચ્ચે એવી કોઇ જગ્યા હોય જે જોઅફાની સામે પડતી હોય, તે ઊપરાંત જિદ્દાથી નજર કરીને પણ એહરામ બાંધી શકે છે.

મસઅલો (૧૨૩) : જો મિનાના સ્થળે માથું મૂંડાવવા દરમિયાન હાજીના માથામાં ઝખમ આવી જાય અને તેમાંથી ખૂન નીકળી આવે તો હાજી એવા સંજોગમાં શું કરે ? શું તેના માથે કોઇ કફ્ફારો લાગુ પડશે?

જવાબ : જો આ ખૂન વાળ કપાવવા દરમિયાન અચાનક યા લાગી જવાના કારણે વહ્યું છે, તો હાજીના માથે કોઇ જવાબદારી નથી.

મસઅલો (૧૨૪) : પ્રતિ વરસે બયતુલ્લાહની હજ કરવી મુસ્તહબ પરંતુ સંખ્યાબદ્ધ મુસ્લિમ દેશોમાં એવા મોમિનો મોજૂદ છે, જેઓ ગરીબ અને નાદાર છે, બે વખતની રોટલી અને કપડાના મહોતાજ છે. મનાસિક વારંવાર અદા

કરવા પર ખર્ચ કરવા અથવા માસૂમોની ઝિયારત કરવા અને આ ગરીબો અને નાદાર મોમિનો પર ખર્ચ કરવામાં કોઇ એકને મહત્વ આપવું પડે તો કોને પહેલા કરે ?

જવાબ : મોહતાજ અને નાદાર મોમિનોની મદદ કરવી પોતે મુસ્તહબ હજ અને મુકદ્દસ સ્થળોની ઝિયારતથી વધારે શ્રેષ્ઠ છે, પરંતુ કેટલીક વખત હજ અને પવિત્ર સ્થળોની ઝિયારત સાથે એવા કાર્યો હોય છે, જેના કારણે હજ અથવા ઝિયારત ફઝીલતમાં મોમિનની મદદ કરવા બરાબર અથવા તેનાથી વધારે સવાબભર્યું કામ થઇ જાય છે.

મસઅલો (૧૨૫) : અરફાત અને મિનાના સ્થળોમાં હાજીઓના રહેવાની જગ્યાઓ સઊદી હુકૂમત નક્કી કરે છે અને અમે નથી જાણતા કે, આ જગ્યાઓ એ સીમાઓની અંદર છે, જ્યાં ઠહેરવું વાજિબ છે કે તેની બાહર, શું આ કારણોસર લોકોને પૂછવું જરૂરી છે ?

જવાબ : જો આ સ્થળો હુકૂમતે જાહેર કરેલી સીમાઓ અને મુકદ્દસ ઝિયારતોના એંધાણ માટે ખોડેલી સીમા ચિહ્નોની અંદર છે, જે વરસોથી આવી રહ્યા છે. તો તેના વિશે વ્યાધિ ચિંતા કે શોધખોળ કરવાની જરૂરત નથી.

મસઅલો (૧૨૬) : કહેવામાં આવે છે કે મિનામાં કુરબાનીના અમુક સ્થળ અથવા બધા

સ્થળો મિનાની સીમા બહાર છે. શું અમારા પર વાજિબ છે કે, કુરબાની પહેલા તેની તપાસ કરે ? જ્યારે કે એ સ્પષ્ટ છે કે એ દિવસે સંશોધન કરવું અને પછી બીજી કુરબાનગાહની તરફ રૂખ કરવું, પછી ચોકસાઇ કરવી, એ દિવસે કેટલું મુશ્કેલ અને પરેશાન કરતું કામ છે અને માનવંત હાજીઓની પાસે સમય પણ ઓછો હોય છે, જેમકે આપ જાણો છો. શું આ સ્થિતિમાં કોઇ ઉકેલ ફરમાવશો?

જવાબ : આ વાત તો શરઇ હુકમોમાં શામિલ છે કે મિનાની સીમાની અંદર ઝબ્હને યકીની બનાવવામાં આવે. જો મિનાના સ્થળમાં બધા હાજીઓ માટે ગુંજાઇશ ન હોય કે બધા

માનનીય હાજીઓ એક જ સમયે એક જ સ્થળે કુરબાની કરે તો મહેસર માં કુરબાની કરવી જાઇઝ છે. ધ્યાનમાં રહે કે કુરબાની (ઝબ્હ)નો સમય ઇદના દિવસથી ખાસ નથી. બલ્કે તશ્રીક (૧૧,૧૨,૧૩ ઝિલ્હજ)ના અંતિમ સુધી કુરબાનીની ગુંજાઇશ હોય છે.

મસઅલો (૧૨૭) : માનનીય હાજીઓ માનસિક રીતે એક મુશ્કિલ અને મૂંઝવણ અનુભવે છે, તે એ કે તેઓને એ વાતની લાગણી થઇ રહી છે કે આ બધી કુરબાનીઓ ઝબ્હ થયા પછી વેડફાઇ જાય છે. જ્યારે કે આપણા ઇસ્લામી દેશોમાં બહુ સંખ્યામાં એવા લોકો ફેલાએલા છે, જેઓ નાદર અને મોહતાજ

છે, જેઓને ઘણા ઘણા દિવસો સુધી ગોશ્ત જોવા નથી મળતું. આવી સૂરતમાં શું અમને એ વાતનો અધિકાર છે કે, અમે કુરબાની માત્ર પોતાના દેશમાં કરીએ અથવા આપ આ મસઅલાનો કોઇ શરઇ ઉપાય બતાવો છો જે એક હાજી માટે અમલ યોગ્ય હોય?

જવાબ : મિનાના સ્થળે કુરબાની કરવી હાજીની શરઇ ફરજ છે. ઝબ્હના બરબાદ હોવા વિશે આ લાગણી હોય કે આ ગુનાહ છે તો તેની જવાબદારી ત્યાંના કારભારીઓ પર છે.

મસઅલો (૧૨૮) : જો એક મુસલમાન વિદ્યાર્થીની પરીક્ષા તારીખ હજની તારીખ સાથે મળતી અને ટકરાતી હોય તો શું વિદ્યાર્થી

પરીક્ષા ખાતર હજને બીજા વર્ષ પર મુલ્તવી રાખી શકે છે ? ખાસ કરીને જ્યારે આ પરીક્ષા વિદ્યાર્થી માટે અસાધારણ મહત્વ ધરાવતી હોય.

જવાબ : જો વિદ્યાર્થીને એ યકીન હોય કે તે આવતા વર્ષે હજ બજાવી શકશે તો તેને વિલંબ કરવામાં કોઇ વાંધો નથી. પરંતુ જો તે આવતા વર્ષે હજ નહીં કરી શકે તો તેણે હજ અદા કરવામાં ઢીલ ન કરવી જોઇએ, પરંતુ જો પરીક્ષા છોડી દેવાથી તેને કોઇ નુકસાન અથવા અસહ્ય મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય તો એ સંજોગમાં આ વર્ષે હજ બજાવી લાવવી જરૂરી નથી.

મસઅલો (૧૨૯) : એક શખ્સ ગયા વર્ષે હજની ક્ષમતા રાખતો હતો, પણ હજ ન કરી, શું આ શખ્સ રજબમાં ઉમરાના આમાલ કરી શકે છે? અને જો રમઝાનમાં ઉમરા કરવાની શક્તિ રાખતો હોય તો ઉમરા કરી શકે છે?

જવાબ : એ શખ્સનો ઉમરએ મુફરદા સહી છે, પરંતુ જો ઉમરા કરવાથી પછી આવનારા વર્ષમાં હજની ઇસ્તેતાઅત (ક્ષમતા) ન રહે તો પછી ઉમરએ મુફરદા જાઇઝ નથી.

મસઅલો (૧૩૦) : જો કોઇ અપરિણિત નવજવાનને હજની ઇસ્તેતાઅત હોય અને તેને શાદીની ચિંતા પણ વળગેલી હોય, જો આ નવજવાન હજ પર સફરે જાય છે તો તેની શાદી

એક લાંબા સમય સુધી ઢીલમાં પડી જાય છે, એવી સ્થિતિમાં હજ અને શાદીમાંથી કોને અગ્રતા આપે ?

જવાબ : આ નવજવાન પહેલી તકે હજ બજાવી લાવે અને શાદીને મુલતવી રાખી દે. પરંતુ જો સહનશીલતા અને ધીરજની શક્તિ ન હોય અને શાદીને ઢીલમાં નાખવામાં સખ્ત મુશ્કેલીઓનો સામનો છે, તો એ સ્થિતિમાં શાદી પહેલે કરી લેવી લાઝમી રહેશે. (વલ્લાહુલ આલિમ – અલ્લાહ જ જાણનાર છે)

# પ્રકરણ સાતમું

## વિષય : મૈયતના હુકમો

“દરેક જીવ એક ન એક દિવસ મોતનો સ્વાદ ચાખનાર છે અને તમે લોકો કયામતના દિવસે પૂરેપૂરો બદલો મેળવશો. એટલે જે શખ્સને જહન્નમથી બચાવવામાં આવ્યો અને બેહિશ્તમાં મોકલી દેવામાં આવ્યો, બસ એ જ સફળ રહ્યો અને દુનિયાની આ ચાર દિવસની જિંદગી ધોકા સિવાય કંઇ નથી.” (સૂરે આલે ઇમરાન ૧૮૫)

“અને કોઇને એટલી પણ ખબર નથી કે કાલ તે શું કરશે અને કોઇ શખ્સ એ પણ

નથી જાણતો કે તે કઇ ધરતી પર મરશે. નિ:શંક ખુદા દરેક બાબત જાણે છે અને ખબરદાર છે.'' (સૂ. લુકમાન-૩૪)

આ પ્રકરણમાં ટૂંકમાં મોત, ગુસ્લે મૈયત, હનૂત કરવું, કફન દફનના કેટલાક શરઇ હુકમો બયાન કરવામાં આવશે :

મસઅલો (૧૩૧) : એહતેયાતે વાજિબ તરીકે મય્યતને મૃત્યુ સમયે કિબ્લા રૂખ કરી દેવું જોઇએ. અર્થાત એ કે તેને પીઠભર સૂવરાવી દેવામાં આવે અને તેના પગો કિબ્લા તરફ લાંબા હોય. એવી રીતે કે, જો તેને ઊભા કરી બેસાડવામાં આવે તો તેનું મોં કિબ્લા સામે હોય અને મરનારને શહાદ્તનો કલમો પઢવાવવો

સુન્નત છે. અને તેનાથી પયગંબર રસૂલેખુદા (સ.અ.વ.) ની રિસાલત અને પવિત્ર ઇમામો (અ.મુ.સ.) ની ઇમામતનો ઇકરાર કરાવવામાં આવે.

મસઅલો (૧૩૨) : મુડદાની આંખો અને મોં બંધ કરવું મુસ્તહબ છે. તેના બંને હાથોને પડખા સાથે લાંબા કરવામાં આવે અને તેના પગ લાંબા કરવામાં આવે અને તેના પર કોઇ ચાદર નાખી દેવામાં આવે. તેની પાસે કુરઆને પાકની તિલાવત કરવામાં આવે. જે ઘરમાં મરહૂમ રહેતો હતો ત્યાં દીવો સળગાવવામાં આવે. યાદ રાખવાની વાત એ છે કે મૈયતને એકલું રાખવું મકરૂહ છે.

મસઅલો (૧૩૩) : મૈયતના બદન પર ચોંટેલ વીર્ય, રકત અને બીજી નજાસતોને દૂર કરવા પછી તેને ત્રણ ગુસ્લો આપવામાં આવશે.

પ્રથમ ગુસ્લ : બોરડીના પાણીથી એવી રીતે આપવામાં આવશે કે થોડા બોરડીના પાંદડાં પાણીમાં નાખવામાં આવશે, બીજું ગુસ્લ કપૂરવાળા પાણી સાથે, ત્રીજું ગુસ્લ સ્વચ્છ પાણી સાથે આપવામાં આવશે. જો બોરડીના પાન ન મળી શકે તો એહતેયાતે વાજિબ તરીકે માત્ર ખાલિસ પાણીથી ગુસ્લ આપવામાં આવે તો વાંધો નથી અને જો કપૂર ન મળી શકે તો તેની જગ્યાએ પણ ખાલિસ પાણીથી ગુસ્લ આપી શકાય છે. અને આ બંને

ગુસ્લો પછી ખાલિસ પાણીનું ગુસ્લ આપવામાં આવશે. આ સ્થિતિમાં આ બધા ગુસ્લો પછી એક તયમ્મુમનો પણ ઉમેરો કરવામાં આવે.

મસઅલો (૧૩૪) : મૈયતનું ગુસ્લ જરૂરી છે કે, તરબીતી હોવું જોઇએ. એટલે પ્રથમ માથું અને ગરદનને ધોવા જોઇએ, પછી જમણી બાજુને અને પછી ડાબી બાજુને ધોવામાં આવે.

મસઅલો (૧૩૫) : એ વાતનું ધ્યાન રાખવું જોઇએ કે, મૈયત પુરૂષનું છે કે સ્ત્રીનું, તેના માટે ઘણું જરૂરી છે કે પુરૂષના મૈયતને પુરૂષ અને સ્ત્રીના મૈયતને સ્ત્રી ગુસ્લ આપે. અલબત્તા પતિ અને પત્ની એક બીજાને ગુસ્લ આપી શકે છે.

અને ઉત્તમ એ છે કે, કપડા સહિત ગુસ્લ આપવામાં આવે.

એહતેયાતે વાજિબની રૂએ

‘જો સજાતીય મોજૂદ ન હોય તો પુરૂષ અને સ્ત્રી પણ એક બીજાને ગુસ્લ આપી શકે છે, જેનું કૂળ, દૂધ પીવા અથવા કોઇ સગપણને કારણે તેઓ વચ્ચે નિકાહ કરવા હરામ હોય, જેમકે ભાઇ બહેન’

આ હુકમમાં પણ વાજિબ છે કે કપડાઓ સમેત ગુસ્લ આપવામાં આવે.

આવી જ રીતે પુરૂષ અથવા સ્ત્રી અણસમજુ બાળક (જેને સારા અને ખરાબ

કાર્ય વચ્ચે ફર્ક ની ખબર ન પડતી હોય) બાળકીને ગુસ્લ આપી શકે છે.

મસઅલો (૧૩૬) : ગુસ્લ આપનારનું મોમિન હોવું ઘણું જરૂરી છે, પરંતુ જો મરનારનું કોઇ સજાતીય (અર્થાત બાર ઇમામોનો ઇકરાર કરનાર મુસલમાન) મોજૂદ ન હોય અને સામેની વ્યક્તિ મેહરમ ન હોય તો ગૈર ઇસ્નાઅશરી (શિયા) મુસલમાન ગુસ્લ આપી શકે છે અને જો ગૈર ઇસ્નાઅશરી (શિયા) મુસલમાન ન હોય તો સજાતીય એહલે કિતાબ અર્થાત યહૂદી અને ઇસાઇ પણ મુસલમાનના મૈયતને ગુસ્લ આપી શકે છે.

અહીં એ બતાવું જરૂરી છે કે, બિન-મુસ્લિમ, જે એહલે કિતાબ છે, તેણે એક મુસલમાન મય્યતને ગુસ્લ આપવા પહેલાં પોતે ગુસ્લ કરવું જરૂરી છે. ત્યાર પછી જ તે મુસલમાન મૈયતને ગુસ્લ આપે અને મુસલમાનનો સજાતીય એહલે કિતાબ પણ મોજૂદ ન હોય તો મૈયતને વગર ગુસ્લે દફનાવી દેવામાં આવે.

મસઅલો (૧૩૭) : ગુસ્લ આપ્યા પછી મૈયતને હુનૂત કરવું વાજિબ છે. હુનૂત કરવાની સૂરતમાં તેના સિજદા સાત અવયવો દાખલા તરીકે કપાળ, બંને હથેળીઓ, બંને ગોઠણો અને પગના બંને અંગૂઠાપર પીસેલું કપૂર

ચોપડવામાં આવે, જેમાં ખુશ્બૂ મોજૂદ હોય. બહેતર છે કે મૈયતના કપાળથી હુનૂતની શરૂઆત કરે અને બંને હથેળીઓ પર તેનો અંત કરે.

મસઅલો (૧૩૮) : હુનૂત લગાવ્યા પછી મૈયતને ત્રણ કપડામાં કફન આપવામાં આવે, જે નીચે મુજબ છે :

૧. લુંગી – એહતેયાતે વાજિબ પ્રમાણે લુંગી એવી હોય જે દૂંટીથી ગોઠણ સુધી પૂરા બદનને ચારે તરફથી ઢાંકી દે.

૨. ખમીસ – એવી હોય કે જે ખભાઓથી ગોઠણની નીચે અર્ધે સુધી પૂરૂં શરીર ઢાંકી લે.

૩. ચાદર – કફનનું જરૂરી અંગ છે. અને ચાદર એટલી હોય કે પૂરા બદનને ઢાંકી લે. ચાદરની લંબાઇ સંબંધે હુકમ એ છે કે તે એટલી હોવી જોઇએ કે બંને છેડા પર ગાંઠ મારી શકાય અને તે પહોળી એટલી હોય કે, એક છેડો બીજા છેડા પર આસાનીથી આવી શકે.

મસઅલો (૧૩૯) : જો મૈયતની વય છ વરસથી વધારે હોય તો તેની નમાઝે જનાઝા પઢવી વાજિબ છે. જે બાળક નમાઝને સમજી શકતું હોય તેની નમાઝે જનાઝા જરૂરી છે, ભલે તેની વય છ વરસથી નાની હોય.

મસઅલો (૧૪૦) : નમાઝે મૈયતની રીત :

નમાઝ પઢનાર પાંચ તકબીરો કહે અને સારૂં એ છે કે નમાઝ પઢાવનાર પહેલી તકબીર કહે, તેની પછી બંને શહાદતો પઢે. બીજી તકબીર કહે અને મોહમ્મદ (સ.અ.વ.) અને આલે મોહમ્મદ (અ.મુ.સ.) પર દુરૂદ મોકલે, ત્યાર પછી ત્રીજી તકબીર કહે અને મોમિનો તથા મોમેનાત માટે દુઆ કરે. અને ચોથી તકબીર પછી મૈયત માટે દુઆ કરે, પછી પાંચમી તકબીર કહે અને નમાઝ પૂરી કરે.

મસઅલો (૧૪૧) : મુસલમાનની મૈયતને વાજિબ છે. તેને જમીનની નીચે એવી રીતે દફન કરવામાં આવે કે કોઇ જાનવર લાશ ની બેહુરમતી ન કરે અને લાશ ખરાબ થવાથી

લોકો ને તકલીફ ન પહોંચે મૈયતને કબ્રમાં એવી રીતે સુવડાવવામાં આવે કે જમણુ પડખુ કિબ્લા સામે આવે

મસઅલો (૧૪૨) : કાફરોના કબ્રસ્તાનમાં મુસલમાન મૈયતને દફન કરવું જાઇઝ નથી, પણ એ કે કબ્રસ્તાનનો એક ભાગ જો મુસલમાનો માટે ખાસ હોય તો મૈયતને દફન કરવામાં કોઇ વાંધો નથી, એવી જ રીતે મુસલમાનોના કબ્રસ્તાનમાં કાફરને દફન કરવો જાઇઝ નથી.

મસઅલો (૧૪૩) : જો મુસલમાનના કબ્રસ્તાનમાં એક મુસલમાનની મૈયતને દફનાવવા માટે જગ્યા ન મળી શકે અને તેને કોઇ બીજા શહેર અથવા મુસલમાન દેશોમાં લઇ

જવું પણ શક્ય ન હોય,કે જ્યા તેને દફનાવી દેવામાં આવે, તો એવી સ્થિતિમાં મુસલમાન મય્યતને બિન-મુસ્લિમના કબ્રસ્તાનમાં દફનાવી શકાય છે.

મસઅલો (૧૪૪) : સરકારે દોઆલમ (સ.અ.વ.)ની પાક હદીસ છે, આપ (સ.અ.વ.) એ ફરમાવ્યું :

"મૈયત પર કબ્રમાં પ્રથમ રાતથી વધારે કઠીન, મુશ્કેલ સમય બીજો કોઇ નથી વીતતો, પોતાના મરહૂમો પર રહેમ કરો. અને તેના નામ પર સદકો આપતા રહો અને જો એ શક્ય ન હોય તો, મરહૂમો માટે બે રકઅત નમાઝ પઢો, જેની પહેલી રકઅતમાં અલ હમ્દ પછી એક

વખત આયતુલ કુરસી અને બીજી રકઅતમાં સૂર હમ્દ પછી દસ વખત ''ઇન્ના અન્ઝલ્નાહો'' (સૂરે કદ્ર) પઢો અને સલામ કહે બાદ આ દુઆ પઢે : –

**અલ્લાહુમ્મ સલ્લે અલા મોહમ્મદિવં વ આલે મોહમ્મદિવં વબઅસ સવાબહા ઈલા કબ્રે....** (અહીં મરનારનું નામ લે)

## મૈયતને લગતા સવાલ જવાબ

મસઅલો (૧૪૫) : કેટલાક બિન-ઇસ્લામી દેશોમાં મૈયતને લાકડીના તાબૂત (પેટી)માં રાખી જમીન નીચે દફન કરવામાં આવે છે એવી સ્થિતિમાં અમારી શું ફરજ છે?

જવાબ : મૈયતને લાકડીના તાબૂતમાં રાખી દફન કરવામાં કોઇ વાંધો નથી, પરંતુ એહતેયાતે વાજિબ તરીકે દફન દરમિયાન એ બધી શરતો અને વાજિબ અમલોનો ખ્યાલ રાખવો જરૂરી છે જે મૈયતના માટે હુકમ છે. એ શરતોમાંથી એક હુકમ એ છે કે, મૈયતને તાબૂતમાં જમણા પડખે કિબ્લા સામે રાખવામાં આવે.

મસઅલો (૧૪૬) : જો કોઇ મુસલમાનનું મૃત્યુ કોઇ બિન-ઇસ્લામી દેશમાં થઇ જાય, જ્યાં મુસલમાનો માટે કોઇ કબ્રસ્તાન પણ ન હોય અને તેને કોઇ ઇસ્લામી દેશમાં લઇ જઇને દફનાવવું શકય હોય, પણ ખર્ચો ઘણો આવતો

હોય તો એવા સંજોગોમાં શું મુસલમાન મૈયતને કાફરોના કબ્રસ્તાનમાં દફન કરવું જાઇઝ હશે?

જવાબ : એ સંજોગોમાં મુસલમાન મૈયતને કાફરોના કબ્રસ્તાનમાં દફન નથી કરી શકાતું.

મસઅલો (૧૪૭) : જો કોઇ મુસલમાન બિન-મુસ્લિમ દેશમાં રહેતો હતો અને તેનું મૃત્યુ એ જ દેશમાં થઇ જાય અને એ કે એ બિન મુસ્લિમ દેશમાં મુસલમાનોનું કોઇ કબ્રસ્તાન પણ ન હોય અને મરહૂમના વારસો ગરીબી અને તંગદસ્તીના કારણે તેને કોઇ મુસ્લિમ દેશમાં લઇ પણ ન જઇ શકે, શું એવા સંજોગોમાં મુસલમાન પર આવી પડેલ આ મસઅલાના ઉપાયની જવાબદારી ઇસ્લામી

કેન્દ્ર અને સેન્ટરો પર આવી પડે છે કે તે મુસલમાન મૈયતના કફન દફન અને ઇસ્લામી દેશમાં ફેરવણીના ખર્ચાઓ ભોગવે અને એ શહેરના મુસલમાનો પર પણ વાજિબ છે કે તેઓ મૈયતને ઇસ્લામી દેશમાં ફેરવવા માટે સહાય કરે ?

જવાબ : જો મુસલમાન મૈયતને કોઇ ઇસ્લામી દેશમાં દફન કરવાની માટે ખર્ચાઓ જરૂરી હોય અને મરહૂમ એટલું પાછળ મૂકી ગયો ન હોય જેનાથી આ જરૂરત પૂરી થઇ શકે અને તેના વંશવારસો પણ ખર્ચ ઉપાડવાને સમર્થ ન હોય તો વાજિબે કિફાઇ તરીકે ત્યાંના મુસલમાનોની ફરજ છે કે, તેઓ એ ખર્ચાઓ ઉપાડે. સેહમે

ઇમામ, ઝકાત અને બીજી શરઇ રકમો પણ આ કામ માટે ખર્ચ કરી શકાય છે.

મસઅલો (૧૪૮) : જો પરદેશમાં મરવાવાળાનું કોઇ સગુંવહાલું ન હોય તો તેના કફન દફનની ફરજો કોણ અંજામ આપશે ?

જવાબ : મરહૂમ જે દેશમાં રહેતો હતો, ત્યાં મોજૂદ મુસલમાનો પર વાજિબે કિફાઇ છે કે તે શખ્સના કફન દફનની ફરજો અંજામ આપે.

મસઅલો (૧૪૯) : જો એ શહેર કે દેશમાં મુસલમાનોનું કોઇ કબ્રસ્તાન ન હોય, જેમાં મુસલમાનનું મરણ થયું છે, તો તેને મુસલમાન દેશમાં દફન કરવાના ખર્ચાઓ કોણ ભોગવશે?

શું તેનો છોડેલો માલ તેના વારસોમાં વહેંચવા પહેલાં તેમાંથી કફ્ન દફ્નના ખર્ચાઓ અલગ કરવામાં આવશે કે તરકાના ત્રીજા ભાગમાંથી કાઢવામાં આવશે ? જો ત્રીજો ભાગ મોજૂદ હોય, કે એ ખર્ચાઓ માટે કોઇ બીજો હુકમ છે?

જવાબ : જો મરવાવાળો એ વસિયત ન કરે કે કફ્ન દફ્નના ખર્ચાઓ ત્રીજા ભાગમાંથી કાઢવામાં આવે તો એ ખર્ચાને તેના મૂળ તરકામાંથી જ કાઢવામાં આવશે બાકી તરકો તેના વારસોમાં વહેંચી દેવામાં આવશે અને જો મરહૂમની એ વસિયત હોય કે કફ્ન દફ્ન માટે

ખર્ચાઓ ત્રીજા ભાગમાંથી લેવામાં આવે તો વસિયત પર પ્રથમ અમલ કરવામાં આવશે.

મસઅલો (૧૫૦) : અર્વાચીન યુગમાં બિન-મુસ્લિમ દેશોમાં મુસલમાનોની વસ્તી અને તેઓનો વંશવેલો દિનપ્રતિદિન વધી રહ્યો છે. એ સ્થિતિ સંજોગોમાં જો અમને યકીન હોય કે એક ન એક દિવસ કોઇ ન કોઇ મુસલમાન બિન-મુસ્લિમોના કબ્રસ્તાનમાં દફન થશે, કેમકે બધા મુસલમાનો તો એ સામર્થ્ય નથી રાખતા કે પોતાના મરહુમોને દફનાવવા માટે પોતાના દેશ મોકલી શકે. અમુક લોકો આ સંબંધમાં આળસથી કામ લે છે, આ સંજોગોમાં શું હેસીયતવાળા મુસલમાનો પર વાજિબ છે. કે

તેઓ જગ્યા ખરીદી મુસલમાનોના કબ્રસ્તાન માટે વકફ કરી દે ?

જવાબ : મુસલમાન મૈયતને બિન-મુસ્લિમોના કબ્રસ્તાન સિવાય બીજી જગ્યાએ જે મુસલમાનો માટે સારી હોય દફનાવવી અને તેના બીજા શરઇ હુકમો પૂરા કરવા વલી પર વાજિબ છે. જો મરહૂમનો કોઇ વારસ ન હોય અથવા તે આ ફરજ બજાવવાથી અશક્ત હોય અથવા ઇન્કાર કરી રહ્યો હોય તો ત્યાં પર મોજૂદ બીજા મુસલમાનો પર આ અમલ વાજિબે કિફાઇ છે.તે માટે જરૂરી હોય તો કબ્રસ્તાન માટે ખરીદવાની કોશશિ કરવી

વાજિબ છે. અને વલીની ઇજાઝત મેળવી જો શકય ન હોય તો જરૂરી નથી

મસઅલો (૧૫૧) : મુસલમાનના મૈયતને ગૈર ઇસ્લામી દેશમાં મુસલમાનોના કબ્રસ્તાનમાં દફન કરવું બેહતર છે કે ઇસ્લામી દેશ લઇ જવું બેહતર છે? જેના માટે ઘણો ખર્ચો કરવો પડે તેમ છે?

જવાબ : જો વારિસ અથવા બીજો કોઇ ખર્ચ માટે તૈયાર હોય અથવા તેની વસિયત હોય કે વારસાનો ત્રીજો ભાગ ને નેક કામમાં વાપરવામાં આવે અને તે માલ ખર્ચ માટે પૂરતો હોય તો બેહતર છે. મુકદ્દસ મકામ (અઇમ્મા

(અ.મુ.સ.) ના રોઝા) અથવા બીજી મુસ્તહબ જગ્યાએ લઇ જઇને દફન કરવામાં આવે.

મસઅલો (૧૫૨) : જો મુસલમાનના મૈયતને ઇસ્લામી દેશમાં લઇ જવાનો ખર્ચ બહુ હોય તો અહલેકિતાબના કબ્રસ્તામાં દફન કરવું જાઇઝ છે?

જવાબ : મુસલમાન મૈયતને કાફિરના કબ્રસ્તાનમાં દફન કરવું જાઇઝ નથી સિવાય કે મુસલમાનોની મજબૂરીના કારણે તેનું દફન કરવું કાફીરના કબ્રસ્તાનમાં દફન કરવા પર જ અવંલબિત હોય.

મસઅલો (૧૫૩) : કારણ કે યહૂદી, ઇસાઇ, મજૂસી આસમાની કિતાબો અને દીનના માનવાવાળા છે, એટલે તેઓની સાથે રહેતા ખાવા પીવાની સંબંધી ઘણી મુશ્કેલીઓ આસાન થઇ જાય છે. એટલે એક મુસલમાન તરીકે આપણે તેઓનું ખોરાકનું ખાઇ શકીએ છીએ, તેઓએ ખોરાકને ભીનો હાથ લગાડયો હોય કે ન હોય, એ શરતે કે આપણને એ વાતનું યકીન અને ખાત્રી હોય કે આ ખોરાકમાં શરાબ કે તેના જેવી હરામ અને નજીસ ચીજો શામિલ નથી. અલબત્તા ગોશ્ત ચરબી અને તેનાથી જ બનેલી ચીજોના ખાસ હુકમો છે, જેના વિશે આગળ કહેવામાં આવશે.

મસઅલો (૧૫૪) : મુસલમાનો માટે એ હક પહોંચે છે કે તેઓ એહલે કિતાબ સિવાય બીજા કાફરોના હાથનું બનેલું ખાવાનું ખાઇ લે. એ શરતે કે મુસલમાનને એ વાતનું સંપૂર્ણ યકીન અને ઇત્મીનાન ન હોય કે કાફરે તેને ભીનો હાથ લગાડયો છે અને તેને એ વાતનું પણ યકીન, ઇત્મીનાન ન હોય કે એમાં એવા અંશો ભળેલા છે, જેનું ખાવું હરામ છે, ઉદા: શરાબ વગેરે. અલબત્તા ગોશ્ત ચરબી અને તેનાથી બનેલી વસ્તુઓ વિશે, ખાસ હુકમો છે.

## ભાગ બીજો – વિષય : વહેવાર

ફિકહી વહેવારને લગતા આ બીજા ભાગમાં અગિયાર પ્રકરણ છે.

પ્રકરણ પહેલું : ખાવા પીવાની ચીજો, તેના કેટલાક હુકમો અને તેને લગતા  શરઇ મસઅલાઓ.

પ્રકરણ બીજું : કપડા, તેના કેટલાક હુકમો અને તેને લગતાં  શરઇ હુકમો વિશે.

પ્રકરણ ત્રીજું : મુહાજિરો જે દેશોમાં વસે છે ત્યાંના કાનૂનોને અનુસરવું.

પ્રકરણ ચોથું : કામ, તેની મૂડીનું ચલણ, અને તેને લગતા હુકમો અને મસઅલાઓ.

પ્રકરણ પાંચમું : સામાજિક સંબંધો, તેના અમુક હુકમો અને તેને લગતા શરઇ મસઅલાઓ.

પ્રકરણ છઠ્ઠું : આરોગ્યના મામલાઓ, તેના કેટલાક ફિકહી હુકમો, અને તેના શરઇ મસઅલાઓ.

પ્રકરણ સાતમું : શાદીના કેટલાક હુકમો અને તેને લગતા શરઇ મસઅલાઓ.

પ્રકરણ આઠમું : સ્ત્રીઓના મસઅલાઓ તેના કેટલાક હુકમો અને તેને લગતા શરઇ મસઅલાઓ

પ્રકરણ નવમું : નવજવાનોના મામલાઓ અને તેને લગતા શરઇ મસઅલાઓ.

પ્રકરણ દસમું : સંગીતના હુકમો, ગાયન ગાવું, નાચ કરવો અને તેને લગતા શરઇ મસઅલાઓ.

પ્રકરણ અગિયારમું : આ પ્રકરણ એવા હુકમો અને શરઇ મસઅલાઓ પર સમાવિષ્ટ છે, જે કોઇ ખાસ પ્રકરણ માટે નથી.

## પ્રકરણ પહેલું

## ખાવા પીવાની વસ્તુઓ

સામાન્ય રીતે એક મુસલમાનનું પાલન પોષણ પોતાના વાતાવરણ (ઇસ્લામી દેશ),

પોતાના ઇલાકા, પોતાના ઘર અને પોતાના કુટુંબની અંદર થાય છે, જે પોતાના દેશમાં બનતી ખાવા પીવાની એવી વસ્તુઓ વાપરે છે, જેનાથી તે ટેવાયેલો હોય છે. અને તેને પીવા અથવા વાપરવાનું પસંદ કરે છે. જે વસ્તુઓ તેને હજમ થઇ જાય છે અને જેને વાપરવાથી કોઇ પણ પ્રકારનું શારીરિક નુકસાન નથી થતું. ઉપરાંત તેને એ પણ ખબર છે કે આ વસ્તુઓ કયા પદાર્થો અને પ્રવાહીઓથી બને છે અને તેને ખાત્રી હોય છે કે આ ખોરાકમાં કોઇ એવી ચીજ ભળેલી નથી, જેનો વપરાશ કરવાની આપણો દીન રજા નથી

આપતો અને ઇસ્લામી કેન્દ્રો અને રશ્મો રિવાજ્થી દૂર છે.

પરંતુ જ્યારે તેઓ પશ્ચિમી દેશો તરફ હિજરત કરે છે, તો તેઓને આ બિન-ઇસ્લામી દેશમાં જીવન વિતાવવું પડે છે, તો ખાવા પીવાની બાબતોમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. તેઓ એવું ખાવાનું નથી મેળવી શકતા જેનાથી તેઓ ટેવાયેલા છે, જેને તેઓ પસંદ કરે છે અને તેને હલાલ પણ સમજે છે. આ ખાવા પીવાના બનાવટના પદાર્થો એ નથી હોતા, જેનું તેમને જ્ઞાન હોય છે, જે તેઓના સ્વભાવને અનુકૂળ હોય, અને તેના આદી હોય. કેમકે આધુનિક સમાજ બિન-મુસ્લિમ સમાજ

હોય છે, જે પોતાના ખાસ દ્રષ્ટિબિંદુઓ અને વિચારસરણીઓ ધરાવે છે અને સમાજના બિન-મુસ્લિમ લોકો ખાવા પીવામાં ઇસ્લામી શરીઅતની સીમાઓ અને હુકમોના પાબંદ પણ નથી હોતા અને જ્યારે કોઇ મુસલમાન કોઇ બિન-મુસ્લિમ હોટલથી કંઇ ખાવાનું ખાય છે તો તેને હરામ-હલાલ, જાઇઝ-નાજાઇઝ, નજીસ-પાક હોવાનો અને આ પ્રકારના બીજા મસઅલાઓ અને પ્રશ્નો ઊભા થાય છે.

આ પ્રકરણમાં અમુક હુકમો વિશે નીચે મુજબ બયાન રજૂ કરવામાં આવે છે.

મસઅલો (૧૫૫) : મુસલમાન એ દરેક ખાવાનું ખાઇ શકે છે, જેને તૈયાર કરનારે ખાવા

માટે બનાવેલ હોય, જો મુસલમાન આ ભોજન તૈયાર કરવાવાળાના અકીદા, દીન અને દ્રષ્ટિકોણ વિશે કંઇ ન જાણતો હોય, ચાહે એ ખાવાનું પકાવવાવાળાએ ખાવાને ભીના હાથ લગાડયા હોય કે ન લગાડયા હોય, એ શરતે કે મુસલમાનને એ યકીન અને ઇત્મીનાન ન હોય કે એમાં એવી વસ્તુઓ ભળેલી છે, જેનું ખાવું હરામ છે, ઉદાઃ શરાબ વગેરે. અલબત્તા ગોશ્ત, ચરબી અને તેનાથી બનેલી વસ્તુઓ વિશે, ખાસ હુકમો છે, જેનો ઉલ્લેખ આગળ કરવામાં આવશે.

મસઅલો (૧૫૬) : મુસલમાન પર એ વાજિબ નથી કે, તે ખાવાનું બનાવનારથી તેના

ઇમાન અને બનાવટની વસ્તુઓ વિશે પૂછપરછ કરે અને એ કે તેણે આ ખોરાકને ભીનો હાથ લગાડયો છે કે નહીં, જો કે આ સવાલ આસાન અને ખાવાનું પકાવવાવાળા માટે સામાન્ય વાત હોય.

આ વાતચીતનો મૂળ આશય એ છે કે એક મુસલમાન માટે એ જાઇઝ છે કે તે ગોશ્ત, ચરબી અને તેનાથી બનેલી ચીજો સિવાય ચીજોને ખાવાના માટે વાપરી શકે, જો કે મુસલમાનને એ વાત નુ ગુમાન હોય કે તેના બનાવટના અંશો એવા છે જેનું ખાવું હરામ છે. એ વાત નુ ગુમાન પણ હોય કે તેના બનાવનારે

ભલે તે કોઇ પણ હોય તેને ભીનો હાથ લગાવ્યો હશે.

મસઅલો (૧૫૭) : જો કે મુસલમાનના માટે વાજિબ નથી કે એ ખાવાની વસ્તુઓના બનાવટના અંશો વિશે શોધખોળ કરે જેથી એ વાતનું યકીન કરી લે કે આ હરામ વસ્તુઓથી ખાલી છે. ઉપરાંત ખાવાનું બનાવનારથી એ પૂછવું વાજિબ નથી કે તેણે ખાવાનું તૈયાર કરતી વખતે અથવા ત્યારપછી તેને ભીનો હાથ લગાડયો છે કે નહીં.

મસઅલો (૧૫૮) : મુસલમાન વ્યક્તિઓ માટે ગોશ્ત, ચરબી અને તેનાથી બનેલી વસ્તુઓ સિવાય બંધ ડબ્બાઓમાં પેક બધા પ્રકારના

ખાવાનો ઉપયોગ જાઇઝ છે. જો કે તેઓને આ ખાવાના અંશોમાં એવી ચીજો ભળેલી હોવા નુ ગુમાન હોય, જેને ખાવું જાઇઝ નથી અથવા એ વાત નુ ગુમાન હોય કે તેના બનાવવાળાઓએ, ભલે તે ગમે તે હોય ભીનો હાથ લગાવ્યો હશે અને તેના અંશો વિશે શોધખોળ કરવી પણ વાજિબ નથી કે તેઓનું ખાવું જાઇઝ છે.

મસઅલો (૧૫૯) : મુસલમાન દરેક એ શખ્સથી હલાલ ગોશ્તની બધી કિસમો ખરીદી શકે છે, જે મુસલમાન હોય અને મુસલમાનોને વેચી રહ્યો હોય, એટલે આ ગોશ્તના હલાલ હોવાનો હુકમ લાગશે. ભલે પછી ગોશ્તના વેચવાવાળાના મઝહબમાં ઝબ્હની શરતો

આપણી શરતોથી જુદી હોય, પણ એ શરતે કે તેમાં એ શકયતા મોજૂદ હોય કે, હેવાનને આપણા મઝહબ પ્રમાણે ઝબ્હ કર્યું હોય, આ કિબ્લા રૂખ સિવાયની બીજી શરતોનો હુકમ છે અને જ્યાં સુધી કિબ્લારૂખ હોવાનો સંબંધ છે, જો ઝબ્હ કરનારની નજીક કિબ્લા રૂખ હોવું જરૂરી ન હોય તો કિબ્લા રૂખનો ખ્યાલ ન રાખવામાં કોઇ વાંધો નથી.

મસઅલો (૧૬૦) : જો મુસલમાનોને એ વાતનું યકીન હોય કે આ ગોશ્ત કોઇ હલાલ ગોશ્ત દાખલા તરીકે ગાય, ભેડ, બકરી કે એના જેવા જાનવરનું છે, પરંતુ તેને ઇસ્લામી શરીઅતના કાનૂનો પ્રમાણે ઝબ્હ નથી કરવામાં

આવ્યું, તો આ મુરદાર અથવા હરામ ગણાશે અને મુસલમાનો માટે તેને ખાવું જાઇઝ નથી, ભલે પછી તેના વેચવાવાળો મુસલમાન હોય આ ગોશ્ત નજીસ રહેશે અને જે ચીજ એ ગોશ્ત સાથે ભીનાશ સાથે લાગેલી હશે તે પણ નજીસ થઇ જશે.

મસઅલો (૧૬૧) : જે ગોશ્ત મુસલમાન કોઇ કાફ્રર પાસેથી ખરીદે અથવા કોઇ કાફ્રર પાસેથી વસૂલ કરે અથવા એવા મુસલમાન પાસેથી વસૂલ કરે, જેણે આ ગોશ્ત કોઇ કાફ્રર પાસેથી લીધું હોય અને તેના ઝબ્હ વિશે ચોકસાઇ ન કરી હોય તો તે પણ હરામ છે.

પરંતુ જો મુસલમાનને તેના શરઇ તરીકાથી ઝબ્હ ન હોવાનું યકીન ન હોય તો તેના પર નજાસતનો હુકમ લગાડી નથી શકાતો જો કે તેનું ખાવું હરામ છે.

મસઅલો (૧૬૨) : દરેક પ્રકારની મછલી ખાવી બે શરતની સાથે જાઇઝ છે

(૧) મછલી છીલકાવાળી હોય (૨) મુસલમાનને યકીન અથવા ઇત્મેનાન હોય કે મછલી પાણીમાંથી જીવતી પકડવામાં આવી છે. અલબત્તા તેના માટે શરત નથી કે શિકાર કરતી વખતે બિસ્મીલ્લાહ કહે અલ્લાહનું નામ લઇ અથવા શિકાર કરનાર મુસલમાન હોય.

અલબત્તા જો કાફર મછલીનો શિકાર કરે અને તેને પાણીમાંથી જીવતી કાઢે અથવા શિકારની જાળમાં અથવા તેના ખાડામાં મરી જાય અને તે છીલટાવાળી હોય તો એ મછલી હલાલ છે. જો મચ્છી મુસલમાનની સામે મોજૂદ હોય તો તેનું નિરીક્ષણ કરી તેના વિશે પહેલી શરત વિશે સંતોષ મેળવી શકાય છે. અથવા જ્યારે તેના પર નામની મહોર લાગેલી હોય અને તેના પર લખાણ સહી હોવાનું ઇત્મીનાન હોય.

બીજી શરત પણ બધા દેશોમાં સિદ્ધ છે, કેમકે આંતરરાષ્ટ્રીય તરીકે મછલીના શિકારનો ભરોસાપાત્ર તરીકો આજ છે કે

મછલી પાણીમાંથી જીવતી જ નીકળે છે, અથવા જાળમાં જ મરે છે.

એટલે જે મછલીને મુસલમાનો પાસેથી લઇને ખાવી જાઇઝ છે, એવી જ રીતે મછલી કાફરથી લઇને ખાવી પણ જાઇઝ છે. પછી તે બંધ પાકીટોમાં હોય અથવા પેક કરેલા બંધ ડબાઓમાં હોય. અલબત્તા વાજિબ શરત તરીકે એ છે કે તેનું છીલટાવાળી હોવું જરૂરી છે.

મસઅલો (૧૬૩) : ઝીંગા પાણીથી જીવતા કાઢવામાં આવે તો તેને ખાવા હલાલ છે. અલબત્તા દેડકા, કરચલા, કાચબો અને એના જેવા બીજા જાનવરો જે ખુશ્કી અને પાણી

(બંનેમાં) રહે છે, તેના ઉપરાંત વહેલ મછલી અને ઘૂંઘા ખાવા જાઇઝ નથી.

મસઅલો (૧૬૪) : મછલીના ઇંડા ખુદ મછલીના તાબે હોય છે. અર્થાત હલાલ મછલીના ઇંડા હલાલ અને હરામ મછલીના ઇંડા હરામ ગણવામાં આવશે.

મસઅલો (૧૬૫) : શરાબ બીઅર અને દરેક એ ચીજ જે સંપૂર્ણ કે અંશતઃ નશાકારક હોય, નક્કર હોય કે પ્રવાહી એ બધી હરામ છે, રબ્બુલ ઇઝઝત કુરઆનમાં ફરમાવે છે:

‘‘અય ઇમાન લાવનારાઓ! શરાબ, જુગાર બુત અને પાસા નાપાક (ખરાબ)

શૈતાની કામ છે, તો તમે લોકો તેનાથી બચતા રહો જેથી તમે ભલાઇ પામો. શૈતાનની તો બસ એજ તમન્ના છે કે શરાબ, જુગાર દ્વારા તમારામાં આપસમાં કુસંપ અને દુશ્મનાવટ નાખી દે, તમને ખુદાની યાદથી અને નમાઝથી રોકી રાખે, તો શું તમે રોકનારા છો?'' (અલ માએદા, આ.૯૦-૯૧)

અંતિમ નબી હઝરત મોહમ્મદ મુસ્તફા (સ.અ.વ.)એ ફરમાવ્યું :- ''જે શખ્સ ખુદાની તરફથી મારી જીભે શરાબને હરામ ઠેરવાવા પછી તેને પીએ, તે એને લાયક નથી કે જો તે માંગુ મોકલે તો તેની સગાઇ કરવામાં આવે અને જો કોઇના માટે માધ્યમ છે તો તેની ભલામણ

સ્વીકારવામાં આવે, જો તે વાત કરે તો તેનું સમર્થન કરવામાં આવે અને ન એને કાબિલ છે કે તેને કોઇ અમાનત સોંપવામાં આવે.'' (ફરોગે કાફી, જી.-૬, પેજ-૩૯૬)

રિવાયત છે કે :

'શરાબ અને તેના માટે અંગૂરનું વૃક્ષ વાવનાર, અંગૂરનો રસ નીચોવનાર, તેને (શરાબને) પીવરાવનાર, તેને વેચવાવાળો, તેને ખરીદનાર, તેનો નફો ખાનાર, તેને ઉપાડનાર અને જેના તરફ ઉપાડી જવામાં આવી રહી હોય, ખુદા એ બધા પર લાનત કરે.'

મસઅલો (૧૬૬) : જે સુફરા પર શરાબ, કોઇ અન્ય નશાકારક વસ્તુ પીવામાં આવતી હોય, તેના પર ખાવું પીવું હરામ છે. એહતેયાતે વાજિબ તરીકે એ દસ્તરખાન પર બેસવું પણ હરામ છે.

મસઅલો (૧૬૭) : મુસલમાનને શરઇ રીતે એ સ્થળો પર જવાનો અધિકાર છે, જ્યાં ખાવા સાથે શરાબ આપવામાં આવતી હોય. એક મુસલમાનના માટે એ સ્થળે જવું એ સંજોગમાં જાઇઝ ગણવામાં આવશે કે એ હોટલોમાં આ અમલ (શરાબ વેચવી)ને પ્રાધાન્ય ન હોય, પરંતુ એ વાતનો ખ્યાલ રહે કે, એ દસ્તરખાન (અથવા ટેબલ) પર ખાવાનું ન ખાય, જેના

પર શરાબ પીવાઇ રહી હોય. એહતેયાતે વાજિબ તરીકે એ દસ્તરખાન પર બેસવાથી પણ બચે અલબત્તા તેનાથી હટીને અથવા બીજા દસ્તરખાન પર બેસવામાં કોઇ વાંધો નથી.

મસઅલો (૧૬૮) : તહારત અને નજાસતના ખાસ કાર્યમાં બતાવવામાં આવ્યું છે કે આલ્કોહોલની બધી કિસમો ચાહે તે લાકડાંમાથી તૈયાર કરવામાં આવી હોય અથવા કોઇ અન્ય વસ્તુથી, પાક છે. અને તેનું ખાવું પણ હલાલ હશે જેમાં અંશતઃ આલ્કોહોલ ભળેલી હોય અને એ પ્રવાહીઓ પણ પાક છે, જેમાં આલ્કોહોલને ભેળળવામાં આવ્યુ હોય.

મસઅલો (૧૬૯) : કેટલાક મછલી ઉછેરના નિષ્ણાંતનું કહેવું છે કે મોટા ભાગની ભીંગડાં વગરની મછલીઓનો ખોરાક દરિયાનો કચરો છે. જાણે મછલીઓ દરિયાને મેલ કચરો, ગંદગી અને અસ્વચ્છતાથી સાફ કરે છે.

મસઅલો (૧૭૦) : કેટલાક સંશોધકો અને નિષ્ણાંતોનું કહેવું છે કે ઝબ્હ દ્વારા જે પ્રાણીના બદનથી ખૂન નીકળવા પછી તેનું ગોશ્ત, એ ગોશ્તની સરખામણીમાં વધારે આરોગ્યવર્ધક છે, જેને શરઇ રીતે ઝબ્હ ન કરવામાં આવ્યું હોય.

આ સંશોધન આશ્ચર્યજનક નથી કે કેટલાક બિન-મુસ્લિમ તંદુરસ્તી બચાવવા

ખાતર એવી જગ્યાએથી ગોશ્ત ખરીદે છે, જ્યાં શરઇ તરીકે જાનવર ઝબ્હ કરવામાં આવે છે.

મસઅલો (૧૭૧) : દરેક એ વસ્તુ જે ઇન્સાન માટે અસાધારણ નુકસાનનું કારણ હોય, જેમકે કાતિલ ઝેર, ગર્ભવતિ સ્ત્રીએ એવી ચીજ ખાવી જેનાથી ગર્ભ પડી જાય તે ઊપરાંત દરેક એવી ચીજનો વપરાશ હરામ છે. જેનાથી નુકસાનનું યકીન, ગુમાન કે વહેમ હોય. એ શરતે કે આ સંભાવનાની બુદ્ધિવાનોમાં કોઇનોંધ લેવામાં આવતી હોય અને આ નુકસાન એટલું અસાધારણ હોય જે મોત અથવા કોઇ અંગમા ખોડ–ખાંપણ પેદા કરનાર હોય.

મસઅલો (૧૭૨) : શરઇ રીતે દસ્તરખાનના ઘણા આદાબ છે. તેમાં મુસ્તહબ તરીકે ખાવાનો આરંભ કરતી વેળા બિસ્મિલ્લાહ પઢવી, જમણા હાથે ખાવાનું ખાવું, નાના કોળિયા લેવા, દસ્તરખાન પર લાંબા સમય સુધી બેસવું, સારી રીતે ચાવીને ખાવું, ખાધા પછી અલ્લાહનો શુક્ર અને તારીફ઼ કરવી, ફળને ખાવા પહેલાં ધોવું, પેટ ભરીને ન ખાવું, પોતાનું ખાવાનું મૂકી બીજાના ખાવા પર નજર ન રાખવી, જો સમૂહ રીતે ભેગા મળીને ખાવાનું ખવાઇ રહ્યું હોય તો બીજાઓના સામેથી ખાવાનું ન ઉપાડવું, નમકથી ખાવાની શરૂઆત કરવી અને તેના પર અંત કરવો.

## આ પ્રકરણના વિશેષ સવાલ જવાબ

મસઅલો (૧૭૩) : કેટલીક બિન-મુસ્લિમ કંપનીઓ તરફથી મુસ્લિમ દેશોમાં આયાત થનાર ગોશ્ત પર લખેલું હોય છે ‘‘ઇસ્લામી તરીકેથી ઝબ્હ કરવામાં આવેલ છે’’ શું મુસલમાન કોઇ સંદેહ વગર આ ગોશ્ત ખાઇ શકે છે ? જો આ ગોશ્ત કોઇ બિન-ઇસ્લામી દેશની ઇસ્લામી કંપની નિકાસ કરે તો તેનો શું હુકમ છે? અથવા કોઇ અજાણ્યા દેશની અજાણી કંપની નિકાસ કરે તો એ સંબંધે શું હુકમ છે?

જવાબ : ગોશ્તના ઉપર લખેલા લખાણનું કોઇ શરઇ મૂલ્ય નથી. એ પાયા પર કે જો ગોશ્ત કોઇ મુસલમાન તરફથી નિકાસ કરવામાં આવેલ

હોય અથવા એવા શહેરથી નિકાસ થએલ હોય, જ્યાં મુસલમાનો બહુમતિમાં હોય અને એ વાતનું પણ યકીન ન હોય કે આ ગોશ્તને નિકાસ કરનાર બિન-મુસ્લિમ છે તો તેનું ખાવું જાઇઝ રહેશે. જે દેશમાં મુસલમાનો બહુમતિમાં નથી અને એ યકીન પણ ન હોય કે તેને નિકાસ કરનાર મુસલમાન છે, તો એ ગોશ્તને પોતા માટે વાપરવું જાઇઝ નથી.

મસઅલો (૧૭૪) : યૂરોપના બજારો અને માર્કેટોમાં બંધ પેકેટોના રૂપમાં ગોશ્ત મોજૂદ હોય છે. જેને યૂરોપી કંપનીઓ તરફથી નિકાસ કરવામાં આવે છે. એ પેકેટો પર આમ લખેલું હોય છે ''હલાલ છે'' અથવા ''શરઇ રીતે

ઝબ્હ કરેલ છે'' શું આવું ગોશ્ત ખરીદવું અને ખાવું જાઇઝ છે?

જવાબ : શરઇ દ્રષ્ટિબિંદુથી જ્યાં સુધી એ વિશે ખાતરી ન થઇ જાય, આવા પ્રકારના લખાણોનો કોઇ ફાયદો નથી.

મસઅલો (૧૭૫) : કેટલીક કંપનીઓ પુષ્કળ સંખ્યામાં મુરઘીઓને મશીન વડે એક જ વારમાં ઝબ્હ કરે છે. જો મશીન ચલાવનાર મુસલમાન હોય અને ઝબ્હ કરવા સમયે બધા માટે એક જ તકબીર અને બિસ્મીલ્લાહ પઢતો હોય, તો શું એ મુરઘીઓનું ગોશ્ત હલાલ છે? અને જો તેના હલાલ હોવામાં શક હોય તો તેને પાક સમજી ખાઇ શકીએ છીએ?

જવાબ : જો ઓપરેટર જ્યાં સુધી ઝબ્હ કરી રહ્યો છે, બિસ્મીલ્લાહનો પુનરોચ્ચાર કરતો જાય, તો એજ કાફી હશે. અને તેનું ગોશ્ત ખાવું જાઇઝનો હુકમ રાખે છે. જો બિસ્મીલ્લાહ ન પઢવામાં આવ્યું હોય અને એ કારણે તેના હલાલ હોવાનો શક હોય, તો તેને પાક સમજવામાં આવશે અને તેનું ગોશ્ત ખાવું જાઇઝ રહેશે.

મસઅલો (૧૭૬) : જો સુપર માર્કેટના મુસલમાન માલિક શરાબ વેચનારથી એ કારણે ગોશ્ત ખરીદવું જાઇઝ છે કે તેને શરઇ તરીકે ઝબ્હ કરવામાં આવ્યું હશે કે નહિ?

જવાબ : જી હા, એ ગોશ્તને ખરીદવું, ખાવું જાઇઝ અને હલાલ છે, જો તેને કોઇ ગૈર મુસ્લિમ પાસેથી લીધુ હોય તો એ શરતે કે ગુમાન હોય કે ગોશ્ત વેચવાવાળાની નજીક એ વાત પૂરવાર છે કે તેને શરઇ રીતે ઝબ્હ કરવામાં આવ્યું છે, નહિતર એ જાઇઝનો હુકમ નહીં રાખે.

મસઅલો (૧૭૭) : બિન-ઇસ્લામી દેશોમાં તૈયાર કરવામાં આવેલી પનીર વાઇછડી અથવા કોઇ અન્ય પ્રાણીના રેનીનથી બનાવવામાં આવે છે અને આપણને નથી ખબર કે આ રેનીનને કોઇ એવા જાનવરથી લેવામાં આવ્યું છે, જેને શરઇ તરીકાથી ઝબ્હ કરવામાં આવ્યું હોય કે

નહીં, તેને કોઇ અન્ય ચીજમાં ફેરવવામાં આવ્યું છે કે નહીં. શું આવા પનીરનું ખાવું જાઇઝ છે?

જવાબ : એ હિસાબે એ પનીરમાં કોઇ ઇશ્કાલ નથી, તેનું ખાવું જાઇઝ છે. (વલ્લાહુલ આલિમ– અલ્લાહ જ જાણનાર છે.)

મસઅલો (૧૭૮) : પશ્ચિમી દેશોમાં જીલેટીનને તૈયાર કરવામાં આવે છે અને તેને કેટલાક ખાણાઓ અને પીણાઓમાં ભેળવવામાં આવે છે. શું અમે આ ખાણાઓ અને પીણાઓ વાપરી શકીએ છીએ, જ્યારે કે અમે એ નથી જાણતા કે એ જીલેટીનને વનસ્પતિમાંથી બનાવવામાં આવેલ છે કે કોઇ પ્રાણીના હાડકાઓમાંથી બનાવવામાં આવેલ છે

અથવા હાડકા સાથે મળેલી પાતળી ચામડીમાંથી તૈયાર કરવામાં આવી છે. અને આપણે એ પણ નથી જાણતા કે જાનવર હલાલ ગોશ્તવાળું હતું કે હરામ ગોશ્તવાળું ?

જવાબ : જો પ્રાણી કે વનસ્પતિ વિશે કોઇ ગુમાન હોય તો તેનું ખાવું જાઇઝ છે. પણ જો યકીન હોય કે આ જાનવરના ગોશ્તથી તૈયાર થઇ છે તો તેનું ખાવું જાઇઝ નથી, જ્યાં સુધી એ પૂરવાર ન થાય કે તેને શરઇ રીતે ઝબ્હ કરવામાં આવેલ છે.

તદ્ઉપરાંત એ કે જો આ ચીજ કોઇ પ્રાણીના હાડકામાંથી પણ બની હોય તો તેના માટે પણ એહતેયાતના તરીકે આ જ હુકમ છે.

હા, જો એ વાતનું યકીન હોય કે તેને રસાયણિક પ્રક્રીયાથી પસાર કરી તેના મૂળ ભૂત અંશોને ફેરવી નાખવામાં આવ્યા છે તો તેને ખાવામાં કોઇ વાંધો નથી, ભલે તેને કોઇ પણ ચીજથી બનાવવામાં આવેલ હોય.

મસઅલો (૧૭૯) : મોટી મોટી શિકારી કિશ્તીઓ સમંદરથી કેટલાક ટન મછલીઓ કાઢી બજારમાં રાખી દે છે અને આ વાત પણ સામાન્ય છે કે મછલી મારવાના આધુનિક તરીકા પ્રમાણે મછલીને પાણીથી જીવતી કાઢવામાં આવે છે અને ઘણીવાર આ કંપનીઓ એ મછલીઓને ગંદગીના ભયથી ફેંકી દે છે, જે પાણીમાં મરી જાય છે.

અને એવી સ્થિતિમાં શું અમે એ માર્કીટોમાંથી મછલી ખરીદી શકીએ છીએ, જ્યાં બિન-મુસ્લિમ આવી મછલીઓ વેચી રહ્યા હોય? અને શું એ માર્કીટોથી મછલી ખરીદવી જાઇઝ છે, જેમાં એવા મુસલમાન મછલીનો ધંધો કરતા હોય, જેને આ મછલીના શરઇ હુકમની જાણ નથી હોતી ?

અને એ વાત પણ ધ્યાનમાં રહે કે, આ ખરૂં છે કે મારી સામે મોજૂદ પાણીથી મછલી જીવતી કાઢવામાં આવી છે અથવા એવા સાક્ષીઓ ગોતવા જે આ વાતની ખબર આપે, તે એક કઠીન કામ છે, બલ્કે તેને અશક્ય અમલ કહેવું પણ અસ્થાને નથી.

એવી સ્થિતિમાં પાકા અકીદાવાળા મુસલમાનની મુશ્કેલીઓનો કોઇ ઇલાજ મોજૂદ છે, જેઓ શરઇ ઝબ્હ વિશે સંદેહમાં પડી જાય છે અને ફક્ત મછલી જ ખાય છે?

જવાબ : આવા પ્રકારની મછલીને મુસલમાન અને બિન-મુસલમાન દુકાનદારથી ખરીદવામાં કોઇ વાંધો નથી, જ્યારે કે એ પૂરવાર થઇ જાય કે માછલી ભિંગડાવાળી છે અને એના વિશે એ પણ ખબર હોય કે તેને ઉપરોકત તરીકેથી શિકાર કરવામાં આવે છે તો તેને ખાવામાં કોઇ વાંધો નથી.

મસઅલો (૧૮૦) : કેટલીકવાર માછલીના બંધ પેકેટ પર મછલીનું નામ અને તેનું ચિત્ર

બનેલું હોય છે, જેનાથી એમ સમજવામાં આવે છે કે માછલી ભીંગડાવાળી છે. શું મછલી ખરીદ કરતી વેળા અમે આ નામ અને ચિત્ર પર ભરોસો કરી શકીએ છીએ, જ્યારે કે અમે એ પણ જાણીએ છીએ કે આવા પ્રકારના ધંધામાં જૂઠ બોલવાથી કંપનીને ઘણું નુકસાન વેઠવું પડી શકે છે. પરંતુ આ નુકસાનથી વધીને કંપનીને કોઇ બીજા ખતરો પણ નડી શકે છે?

જવાબ : જો આ લખાણ અને ચિત્ર ખરૂં હોવાનું ઇત્મીનાન હોય તો એ પ્રમાણે અમલ કરી શકાય છે.

મસઅલો (૧૮૧) : શું જીંગાની જેમ કરચલાની વિવિધ જાતીઓ ખાવી જાઇઝ છે?

જવાબ :કરચલો એક મુસલમાન માટે ખાવો જાઇઝ નથી.

મસઅલો (૧૮૨) : શું અમે સુન્નીઓથી મછલી ખરીદી શકીએ છીએ? જ્યારે કે અમે તે નથી જાણતા કે આ ભીંગડાવાળી છે કે નહીં ?

જવાબ : તેનું ખરીદવું જાઇઝ છે, પરંતુ ત્યાં સુધી તેને ખાવું જાઇઝ નહીં થાય, જ્યાં સુધી એ પૂરવાર ન થઇ જાય કે તે ભીગડાવાળી છે.

મસઅલો (૧૮૩) : શું હલાલ ખાણાને ખાવું જાઇઝ છે, જેને એવા ગોશ્તની વરાળથી પકાવવામાં આવ્યું હોય કે જેને શરઇ રીતે ઝબ્હ નથી કરવામાં આવ્યું ?

જવાબ : આવો ખોરાક ખાવો જાઇઝ નથી, આ ખોરાક પર નજાસતનો હુકમ લગાવવામાં આવશે, કેમકે ધારણા એ જ છે કે આ ખાવામાં નજીસ ગોશ્તની વરાળો પાણીના અંશોના રૂપમાં શામિલ થઇ ગયા છે.

મસઅલો (૧૮૪) : જો કોઇ દસ્તરખાન પર મુસલમાનની ગણત્રી બેસવાવાળાઓમાંથી થતી હોય તો શું એ દસ્તરખાન જેના પર શરાબ મોજૂદ હોય બેસવું હરામ છે? અહીં દસ્તરખાનથી શું મુરાદ છે?

શું તેનાથી મુરાદ એક મહેફિલ છે? જો કે દસ્તરખાન જુદા જુદા હોય અથવા તેનાથી મુરાદ એક જ દસ્તરખાન છે અને તેનો શું અર્થ

લેવામાં આવશે? કે જો બે દસ્તરખાનો વચ્ચે કોઇ વસ્તુનું અંતર થઇ જાય તો બીજા દરસ્તરખાન જેના પર શરાબ નથી પીવાઇ રહી, તેના પર બેસવું જાઇઝ છે?

જવાબ : દસ્તરખાનથી મુરાદ એક દસ્તરખાન છે, ન કે એક મહેફીલ અને એ જાણવું જરૂરી છે કે જે દસ્તરખાન પર શરાબ અથવા બીજી નશાકારક ચીજો પીવાઇ રહી હોય તેના પર બેસવું એહતેયાત પ્રમાણે હરામ છે. અલબત્તા એ દસ્તરખાન પર ખાવુંપીવું તદ્દન હરામ છે.

મસઅલો (૧૮૫) : શું બીઅરનું પીવું હલાલ છે, જેના પર ચોખ્ખું લખેલું હોય છે કે આમાં આલ્કોહોલ નથી?

જો બીઅરથી આશય જવની શરાબ છે, જે કંઇક અંશે નશાકારક છે તો તેનું પીવું જાઇઝ નથી અને જો તેનાથી મુરાદ જવનું પાણી છે જે તદ્દન નશાકારક નથી હોતું તો તેના પીવામાં કોઇ વાંધો નથી.

મસઅલો (૧૮૬) : આલ્કોહોલને ઘણી બધી જડીબુટ્ટીઓ અને દવામાં ભેળવવામાં આવે છે, શું એ બંનેનું પીવું જાઇઝ અને પાક છે?

જવાબ : આ દવાઓ પાક છે, અને કેમકે તેમાં વપરાએલ આલ્કોહોલ દવાઓમાં ઘોળાઇ મળી જાય છે એટલે તેનું પીવું જાઇઝ છે.

મસઅલો (૧૮૭) : શરાબમાંથી બનાવેલો સુરકો અર્થાત એ પ્રવાહી જે પ્રથમ શરાબ હતું અને પછી તેને રસાયણિક રીતે સુરકામાં ફેરવી નાખવામાં આવ્યું અને એજ કારણે સુરકાની બોતલ પર ખજૂર અથવા અંગૂરની શરાબનો સુરકો લખેલ હોય છે, જેથી આ સુરકા અને જવ વગેરેના સુરકામાં ફરક જાણી શકાય. આ સુરકાની ઓળખ એ છે કે તેને સુરકાની બોટલોના ખાસ ખાનામાં રાખવામાં આવે છે અને એ વિશે કેટલીયવાર અનુભવ કરવામાં આવ્યો છે કે આ સુરકા અને આસવથી બનાવવામાં આવેલ ખજૂરના સુરકામાં કોઇ ફરક નથી સમજવામાં આવતો. શું શરઇ

દ્રષ્ટિબિંદુથી આ શરાબથી બનેલ સુરકાને પણ સુરકો કહેવામાં આવશે?

જવાબ : જો સામાન્ય રીતે તેને સુરકો કહેવામાં આવતો હોય અને સવાલમાં પણ એ જ ધારી લેવામાં આવ્યું છે તો તેના પર સુરકાના હુકમ લાગુ પડશે.

મસઅલો (૧૮૮) : ખૂલા ખોરાક તૈયાર કરવાવાળા પેક કરેલા ખાણા તૈયાર કરવાવાળા અને મીઠાઇ બનાવવાવાળા એ વાતથી બંધાએલા હોય છે કે તેઓ આ ખાણાઓ, મીઠાઇઓમાં વપરાએલ વસ્તુઓ વિશે વાપરનારાઓને બતાવે.

કેમકે આ ખોરાક બંધ પેકેટોમાં આવે છે, તેને ખરાબ થવાના ભયે તેમાં કેટલાક એવા પદાર્થ મેળવવામાં આવે છે, જેને જાનવરોમાંથી બનાવવામાં આવે છે.

આ હેતુસર શબ્દ ઊનું નિશાન વાપરવામાં આવે છે, દાખલા તરીકે આપે જોયું હશે કે પેકેટ ઉપર આ રીતે આકડાઓ લખેલા હોય છે ઊ૭૨ અથવા ઊ૪૫૦. તો નીચે જણાવેલ સંજોગોમાં આ ખાણાઓ/ખોરાકો વિશે શરઇ હુકમો શું છે?

૧. જો એક પુખ્તવયના સમજદાર ઇન્સાનને આ બનાવેલ વસ્તુઓ વિશે કંઇ ખબર ન હોય.

૨. અને જો જુએ છે કે, જે લોકો ‘‘ઇસ્તેહાલા’’ના વિશે કંઇ નથી જાણતા, તેઓએ એક સૂચી બનાવી છે, જે મુજબ તે ખોરાકોના અમુક લાભદાયક અંશો હરામ છે, કેમકે હકીકતમાં આ પ્રાણીજય અંશો છે.

૩. કેટલાક અંશો સંબંધમાં એ સંશોધન અને યકીન છે કે તે પોતાની હાલાત પર બાકી નથી, બલ્કે તેઓનું મૂળ રૂપ તદ્દન ફરી ગયું છે અને તેને બીજા પદાર્થમાં ફેરવી નાખવામાં આવ્યું છે.

જવાબ : ૧. આવા અંશોમાં શામિલ ખાવાની વસ્તુઓનો વપરાશ જાઇઝ છે.

૨. બનાવવાવાળા બેશક એ વાતનો દાવો કર્યા કરે, પરંતુ જ્યાં સુધી એ વાતનું યકીન ન હોય કે આ ભાગો કોઇ હૈવાનના છે એ ખોરાકોને ઉપયોગમાં લેવું જાઇઝનો હુકમ રાખે છે. ઉપરાંત એ સૂરતમાં પણ તેનું ખાવું જાઇઝ છે જ્યારે પ્રાણીજય ભાગો ભળેલા હોવાનું યકીન પણ હોય, પરંતુ નજીસ અને મુરદારના ભાગો હોવાનું યકીન ન હોય અને એ કે એ વસ્તુઓના ખરાબ થવાના ભયે જે પદાર્થોનો ઉમેરો કરવામાં આવ્યો છે, તે સામાન્ય માન્યતા મુજબ ભેળસેળ થઇ ગયા છે અને ન હોવા બરાબર છે.

૩. જો સામાન્ય માન્યતા મુજબ પ્રથમ હકીકતના મૂળભૂત ભાગો બાકી નથી રહ્યા અને ઇસ્તહાલાના કારણે તેનું રૂપ બદલાઇ ગયું છે તો તેના પાક અને હલાલ હોવામાં કોઇ શક નથી.

મસઅલો (૧૮૯) : તદુપરાંત નીચે મુજબના પેટા સવાલોના જવાબો આપવામાં આવે છે:

૧. શું જીલેટીન પર પાક હોવાનો હુકમ લાગુ પડશે અને તેને પાક સમજવામાં આવશે?

૨. જો ઇસ્તેહાલાની વિશાળતા અને વિગતોમાં કોઇ શંકા અને સંદેહ હોય કે તેનું રૂપાંતર થયું છે કે નહીં તો એવી સ્થિતિમાં નજાસતના પહેલાના

હુકમ પ્રમાણે પહેલાની હાલતને કાયમી રાખી શકાય છે?

જવાબ : જાનવરના ભાગોથી બનેલી જેલી જો તેની મૂળભૂત ભાગોની નજાસતથી સાબિત ન હોયઃ દાખલા તરીકે એ સાબિત ન હોય કે તેને એવા પ્રાણીના ભાગોથી બનાવવામાં આવ્યું છે કે જેને શરઇ રીતે ઝબ્હ કરવામાં નહીં આવ્યું હોય તો તેના પર તહારતનો હુકમ લાગશે, અર્થાત તેને પાક સમજવામાં આવશે. અલબત્તા જ્યાં સુધી એ પૂરવાર ન થાય કે તેને કોઇ હલાલ જાનવરના ગોશ્તથી બનાવવામાં આવી છે જે શરઇ તરીકાથી ઝબ્હ થયેલ છે અથવા એ પૂરવાર ન હોય કે તેના ભાગોનું

મૂળરૂપ ફેરવી  નાખવામાં આવ્યું છે ત્યાં સુધી ખાવું જાઇઝ નથી પણ જો તેનું એટલું પ્રમાણ ખાવામાં મેળવવામાં આવે જે ખાવામાં ભેળસેળ થઇ જાય અને નજર પણ ન આવે. (તો ખાવામાં વાંધો નથી)

અલબત્તા એ સ્થિતિમાં કોઇ ફરક નથી પડતો કે, એ પ્રાણીના ભાગોમાં જીવન વહે છે, જેમકે નરમ હાડકા અને નક્કર હાડકા, અલબત્તા હાડકા સંબંધમાં એહતેયાતનો હુકમ મોજૂદ રહેશે.

પરંતુ જો મૂળ ભાગોના નજીસ હોવાનું સાબિત થઇ જાય અર્થાત એ યકીન હોય કે આ જેલી નજીસ હૈવાનની નરમ અથવા સખ્ત

હાડકાથી બનાવવામાં આવી છે અને જેને શરઇ રીતે ઝબ્હ નથી કરવામાં આવ્યા, એવા હેવાનની ભીનાશ અને મડદાને અડવાના કારણે આ ચીજો નજીસ થઇ જાય છે.

જો જેલી સંબંધે એ પૂરવાર થઇ જાય કે તેનું ઇસ્તેહાલા (રૂપાંતર) કરવામાં આવ્યું છે, જ્યારે કે તે નજીસ અંશોથી તૈયાર કરવામાં આવી હોય, તેને ખાવામાં વાપરવી જાઇઝ છે. આ સવાલનો જવાબ અગાઉના શરઇ મસઅલાઓમાં આપ વાંચી ચૂકયા છો.

૨. આ પદાર્થોમાં પ્રથમની સ્થિતિ કાયમ રાખવા (ઇસ્તિસ્હાબ) માં કોઇ વાંધો નથી. (વલ્લાહુલ આલિમ–અલ્લાહ જ જાણનાર છે)

મસઅલો (૧૯૦) : પશ્ચિમી દેશોની મારકેટોમાં જ્યાં ખાવા પીવાની વસ્તુઓ વેચાય છે અને અમે તેની બનાવટના અંશો વિશે કોઇ જાણ નથી રાખતા કે આ ખાવા પીવાની ચીજો હરામ અંશોથી ખાલી પણ હોઇ શકે છે અને હરામ વસ્તુઓથી બનેલી પણ હોઇ શકે છે. શું આ વસ્તુઓના ખાસ અંશો વિશે તહકીક (ચોકસાઇ) અને તેના વિશે પૂછપરછ કર્યા વગર અમે તેને ખાઇ શકીએ છીએ કે નથી ખાઇ શકતા?

જવાબ : જ્યાં સુધી કે યકીન ન હોય કે આ વસ્તુઓ ગોશ્ત ચરબી અને તેનાથી બનેલી કોઈ ચીજથી બનેલી છે. તેને ખાઇ શકાય છે.

મસઅલો (૧૯૧) : શું ખાવા વગેરેમાં વ્હેલ મછલી, બીજી હરામ પ્રકારની મછલીઓ અને ઘૂંઘા (સપેદાર મછલી) નું ખાવું જાઇઝ છે?

જવાબ : ખાવામાં આ વસ્તુઓનો ઉપયોગ જાઇઝ નથી, અલબત્તા ખાવા સિવાય બીજી જરૂરતોમાં તેનો વપરાશ જાઇઝ છે.

મસઅલો (૧૯૨) : શું મુસલમાનનું એવી મહેફિલમાં જાવું જાઇઝ છે, જેમાં શરાબ પીરસવામાં આવતી હોય?

જવાબ : આવી મહેફિલમાં બેસી ખાવું પીવું હરામ છે, અલબત્તા આ પ્રકારની મહેફિલમાં

માત્ર હાજર રહેવાનો સંબંધ છે તો એહતેયાતે વાજિબ તેની હાજરી પણ હરામ છે.

અલબત્તા નહી અનિલ મુન્કર (મનાઇ કરવા સમજાવવા)નો હેતુ હોય તો ત્યાં જવામાં કોઇ હરજ નથી.

મસઅલો (૧૯૩) : શું સમંદરી કરચલા અને સમંદરી ઘુંઘા ખાવા હલાલ છે?

જવાબ : સમંદરી પ્રાણીઓમાં ભીંગડાવાળી મછલી જેમાં જીંગા પણ શામિલ છે, તે સિવાય બધા સમંદરી પ્રાણીઓ હરામ છે. મછલી સિવાય બીજા જાનવરો અથવા ભીંગડા વગરની મછલીનું ખાવું પણ જાઇઝ નથી.

# પ્રકરણ બીજું – લિબાસ સંબંધી

અસલી ચામડું વાપરવું અને તેને પહેરવું ખરેખર એક વિકટ મસઅલો છે. અને આ મસઅલાથી બિન-ઇસ્લામી દેશોમાં રહેવાવાળા મુસલમાનોને વાસ્તો પડતો રહે છે.

એક મુસલમાન પોતાના દેશમાં વગર સંદેહે અને ગુમાને ચામડાની બનેલી વસ્તુઓને અત્યંત નિશ્ચિંતપણે અને દિલી સંતોષ સાથે ખરીદે છે. એટલા માટે કે તેમને એ વાતનું સંપૂર્ણ યકીન હોય છે કે આ ચીઝોને એવા જાનવરોની ચામડી (અથવા ખાલ)થી બનાવવામાં આવી છે, જેને શરઇ રીતે ઝબ્હ કરવામાં આવેલ છે.

એટલે આ મુસલમાન પોતાના દેશમાં ચામડાની બનેલી ચીજો અને વસ્ત્રોને વગર સંકોચે ઉપયોગમાં લે છે, અને તેની સાથે નમાઝ અદા કરવાની ફરજ પણ પૂરી કરે છે. અને કોઇપણ ભય કે સંકોચ વગર આ વસ્રો અથવા વસ્તુઓને પોતાનો ભીનો હાથ પણ લગાડી દે છે.

પરંતુ બિન-ઇસ્લામી મુલ્કમાં આ વસ્તુ સ્થિતિ તદ્દન ઉલટી છે. એટલા માટે યોગ્ય જણાય છે કે નીચે દર્શાવેલ હુકમો વિશે મુસલમાનોને જાણકારી રહે.

મસઅલો (૧૯૪) : ચામડાના બનેલા એવા વસ્ત્રોમાં નમાઝ પઢવી જાઇઝ નથી, જેને શેર,

ચિત્તો, વાઘ, શિયાળ, ગીદડ અને એવા પ્રકારના બીજા ફાડી ખાનાર પ્રાણીઓના ચામડાથી બનાવવામાં આવેલ હોય. એ સિવાય એહતેયાતે વાજિબના આધારે એ પ્રાણીઓના ચામડાથી તૈયાર થનાર લિબાસમાં નમાઝ પઢવી પણ જાઇઝ નહીં થાય, અને એ જાનવરોના ચામડાને વાપરવું પણ જાઇઝ નહીં થાય, જે ભક્ષક તો નથી પરંતુ હરામગોશ્ત જાનવર છે, જેમકે વાંદરા અને હાથી.

જો કે તેના શરઇ ઝબ્હ હોવાની સૂરતમાં અથવા એહતેમાલની સૂરતમાં, તેનું ચામડુ પાક હશે, અલબત્તા આ ચામડાની બનેલ બેલ્ટ અથવા અન્ય ચીજો જેનાથી ગુપ્તાંગો નથી

છુપાવી શકાતા, વાપરવા જાઇઝ છે. પરંતુ શરઇ ઝબ્હનો એહતેમાલ ન હોય અને એ વિશે આપણને યકીન હોય કે તેને એવા પ્રાણીના ચામડાથી બનાવવામાં આવ્યા છે, જેને શરઇ રીતે ઝબ્હ નથી કરવામાં આવેલ તો તે નજીસ છે અને તેમાં નમાઝ પઢવી જાઇઝ નથી. ત્યાં સુધી કે એહતેયાત રૂપે બેલ્ટ વગેરેમાં પણ નમાઝ ન પઢવામાં આવે, જેને પહેરવામાં તો આવે છે પરંતુ નમાઝમાં તેનાથી શર્મગાહને નથી છુપાવી શકાતી. એ સિવાય અગર તેના શરઇ રીતે ઝબ્હ હોવાનો નબળો એવો, જેમકે બે ટકા એહતેમાલ હોય, જેની તરફ અકલમંદો

લક્ષ નથી આપતા, તો પણ તેમાં નમાઝ પઢવી જાએઝ નથી.

મસઅલો (૧૯૫) : બિન-મુસ્લિમ દેશોમાં સાંપ અને મગરમચ્છના ચામડાથી બનેલા વસ્ત્રો વેચવામાં આવે છે. તેની લેવેચ અને એવા કામોમાં વાપરવી જ્યાં તહારત (પાકીઝગી) શરત છે જાઇઝ છે.

મસઅલો (૧૯૬) : બિન-મુસ્લિમ દેશોમાં બનેલ ચામડાના વસ્ત્રો, જેના સંબંધમાં શંકા હોય કે કુદરતી છે કે બનાવટી ચામડુ છે, પાક છે અને તેમાં નમાઝ પઢી શકાય છે.

મસઅલો (૧૯૭) : જ્યારે એ વાતનું યકીન હોય કે આ લિબાસ એવા ચામડામાંથી બનાવવામાં આવ્યો છે. જે શરઇ રીતે ઝબ્હ નથી કરવામાં આવ્યુ તો તે લિબાસ નજિસ છે. અને તેમા નમાઝ પઢવી જાઇઝ નથી.

મસઅલો (૧૯૮) : એ પ્રાણીના ચામડાથી બનેલા જોડાં, જેને શરઇ રીતે ઝબ્હ ન કરવામાં આવેલ હોય, પગમાં પહેરવાથી પગો નજીસ નથી થઇ જતાં, પણ એ કે પગો અને જોડા ભીના હોય, જેના કારણે નજાસત લાગી જાય. હા, જો પગોને પસીનો આવી જાય, મોજા પસીનાને ચૂસી લે અને જોડાના નજીસ ચામડા

સુધી ભીનાશ ન પહોંચે તો પગો પણ નજીસ નહી થાય અને મોજા પણ નજીસ નહીં થાય.

મસઅલો (૧૯૯) : બિન-ઇસ્લામી દેશોમાં ચામડાના જેકેટ ટોપી અને પટ્ટાઓમાં નમાઝ પઢવી જાઇઝ છે, એ શરતે કે તેના વિશે અહેતમાલ  હોય કે તેને હલાલ જાનવરના ચામડાથી બનાવવામાં આવેલ છે અને તેને શરઇ રીતે ઝબ્હ કરવામાં આવેલ છે.જેમ કે અગાઉના મસઅલામાં બયાન થયુ.

મસઅલો (૨૦૦) : પુરૂષ માટે સોનાનો વપરાશ જાઇઝ નથી, પછી તે વીંટી હોય, શાદીના કડા, કાંડાની ઘડિયાળ અથવા કોઇ અન્ય ચીજના રૂપમાં.

નમાઝની હાલત અથવા સામાન્ય સ્થિતિ બંને સૂરતોમાં જાઇઝ નથી. અલબત્તા આ એ સૂરતમાં પહેરવું શકય અને જાઇઝ હશે, જે ચીજો પર માત્ર સોનાનું પાણી ચઢાવવામાં આવ્યું હોય અને તે માત્ર સોનેરી રંગ ગણાતું હોય.

મસઅલો (૨૦૧) : ઇસ્લામી દેશમાં બનેલા અને બિન-ઇસ્લામી દેશમાં વહેચાતી ચામડાની ચીજો પાક છે અને તેમાં નમાઝ પઢી શકાય છે.

મસઅલો (૨૦૨) : પુરૂષ માટે પ્લેટીનમની બનેલી ચીઝો પહેરવી જાઇઝ છે. જેને સફેદ સોનુ કહેવામાં આવે છે.

મસઅલો (૨૦૩) : સ્ત્રીઓ માટે નમાઝની હાલતમાં પણ સોનું પહેરવું જાઇઝ છે.

મસઅલો (૨૦૪) : પુરૂષ માટે કોઇ પણ સ્થિતિમાં (પછી તે નમાઝની સ્થિતિમાં હોય કે સામાન્ય સ્થિતિમાં)ખાલિસ અને કુદરતી રેશમ પહેરવું જાઇઝ નથી. સિવાય ખાસ જગ્યાઓ કે જેનો ઉલ્લેખ ફિકહી કિતાબોમાં કરવામાં આવ્યો છે.

મસઅલો (૨૦૫) : સ્ત્રી માટે રેશમ પહેરવું જાઇઝ છે, ચાહે તે નમાઝની હાલતમાં હોય કે સામાન્ય હાલતમાં.

મસઅલો (૨૦૬) : પુરૂષ માટે એ શંકાસ્પદ રેશમી કપડાં પહેરવા અને તેમાં નમાઝ પઢવી જાઇઝ છે, જેના વિશે એ યકીન ન હોય કે આ લિબાસ ખાલિસ અથવા કુદરતી રેશમથી બનાવવામાં આવ્યો છે કે બનાવટી રેશમથી. ઉપરાંત એવા લિબાસમાં નમાઝ પઢવી પણ જાઇઝ થશે, જેના સાથે રૂઇ, ઉન અને નાઇલોનના અંશો મળેલા હોય, એ શરતે કે તેમાં ભળેલ રેશમનું પ્રમાણ ઘણું ઓછું હોય, જેથી તેને શુદ્ધ રેશમ ન કહેવામાં આવે. પુરૂષનું આ લિબાસમાં નમાઝ પઢવું જાઇઝ છે.

મસઅલો (૨૦૭) : એહતેયાતે વાજિબની રીતે પુરૂષના માટે સ્ત્રીના કપડાં પહેરવા જાઇઝ

નથી. આ હુકમ પ્રમાણે ઔરતના માટે પુરૂષના કપડા પહેરવા જાઇઝ નથી.

મસઅલો (૨૦૮) : એહતેયાતે વાજિબ તરીકે મુસલમાન પુરૂષો માટે એ વસ્ત્રો પહેરવા જાઇઝ નથી જે કાફરો માટે ખાસ છે.

## લિબાસ અંગે સવાલ જવાબ

મસઅલો (૨૦૯) : યૂરોપી ઇલાકાઓમાં રહેવાવાળા મુસલમાન એવા ચામડાના બનાવેલા જોડા, બેલ્ટ અને બીજા વસ્ત્રો વાપરવા માટે ખરીદે છે, જેના વિશે એ એહતેમાલ હોય છે કે આ એ પ્રાણીઓના ચામડાથી તૈયાર થયા છે, જેને શરઇ રીતે

ઝિબ્હ નથી કરવામાં આવેલ. કેટલીક વખત આ ચીજો ઇસ્લામી દેશોથી આયાત કરવામાં આવે છે અથવા તો યૂરોપના કતલ ખાનાથી લેવામાં આવે છે. બ્રિટનમાં કેટલાક કતલખાના દ્રષ્ટાંત રૂપે ઉલ્લેખનીય છે.

અને શકય છે કે એ વસ્તુઓને ઇસ્લામી દેશોથી આયાત કરવામાં આવેલ છે અથવા કોઇ એવા કસાઇ ખાનામાંથી લેવામાં આવેલ છે, જ્યાં ઇસ્લામી રીતે ઝબ્હ થાય છે, જો કે આ શક નબળો હોય, શું એવા સંજોગમાં એ ચીજોની બનેલી વસ્તુઓ પર તહારતનો હુકમ લાગુ પડશે?

જવાબ : જો કે આ (શરઇ તરીકાથી ઝબ્હ કરવાનો) એહતેમાલ એટલો નબળો છે કે તેની વિરૂદ્ધ બીજા એહતેમાલનું ઇત્મીનાન હોય દાખલા તરીકે બે ટકા તો તેને કોઇ મહત્વ નહીં આપવામાં આવે. બીજા સંજોગોમાં તેને પાક સમજવામાં કોઇ વાંધો નથી. (વલ્લાહુલ આલિમ- અલ્લાહ જ જાણનાર છે.)

મસઅલો (૨૧૦) : ફકીહોના મત મુજબ પુરૂષ માટે ખાલિસ અને કુદરતી રેશમ પહેરવું જાઇઝ નથી. શું પુરૂષ એ ટાઇ પહેરી શકે છે, જેના અંશોમાં રેશમ અને બિન-રેશમ બંને સામિલ હોય. ઉપરાંત શું પુરૂષ માટે ખાલિસ

અને કુદરતી રેશમની બનેલી ટાઇ પહેરવી જાઇઝ છે.

જવાબ : ટાઇ પહેરવી હરામ નથી, ભલે પછી તે ખાલિસ રેશમની બનેલી હોય, કેમકે તેનાથી ગુપ્તાંગો છુપાવી નથી શકાતા, જ્યાં સુધી મિશ્ર રેશમનો સંબંધ છે, જે હવે ખાલિસ રેશમ નથી કહેવાતું, તેનું પહેરવું જાઇઝના હુકમમાં આવે છે, ભલે પછી તેનાથી ગુપ્તાંગો પણ છુપાવી શકાય.

મસઅલો (૨૧૧) : કેટલીક કંપનીઓ પોતાની બનાવટો પર લખી દે છે કે આ ખાલિસ રેશમની બનેલી છે, પરંતુ એ એટલી સસ્તી કિમતે મળે છે કે તેના ખાલિસ રેશમ હોવાની

શંકા ઊભી થાય છે, શું એવા વસ્ત્રો પહેરવામાં અને તેમાં નમાઝ પઢવી જાઇઝ છે?

જવાબ : શંકાની સ્થિતિમાં તેને પહેરવી અને તેમાં નમાઝ પઢવી જાઇઝ છે.

મસઅલો (૨૧૨) : શું એવા કપડાં પહેરવા અને તેનો વેપાર કરવો જાઇઝ છે, જેના પર શરાબ પીવાની જાહેરાત માટે શરાબના વાસણોના ના ચિત્રો બનેલા હોય.

જવાબ : એવા વસ્ત્રો પહેરવા પણ હરામ છે અને તેની તિજારત પણ હરામ છે.

મસઅલો (૨૧૩) : શું પુરૂષ એવી ઘડિયાળ પહેરી શકે છે જેની અંદર મશીનરીમાં સોનાના

ભાગો હોય અથવા ઘડિયાળની સાંકળી સોનાની હોય અને શું તેને પહેરી નમાઝ પઢી શકાય છે?

જવાબ : પ્રથમ સ્થિતિમાં ઘડિયાળ પહેરવી પણ જાઇઝ છે (અર્થાત જો તેની અંદરની મશીનરીના અંગો સોનાના હોય) બીજી સ્થિતિમાં જાઇઝ નથી (અર્થાત ઘડીયાળની સાંકળી સોનાની હોય.)

## પ્રકરણ ત્રીજું

## વિષય : બિન ઇસ્લામી દેશોના કાનૂનોની પાબંદી

દુનિયાના વિવિધ દેશોમાં પ્રચલિત કાનૂનો લોકોના જીવન બાબતો માટે

બનાવવામાં આવે છે. આ કાનૂનો કેટલીક વખત કોઇ કામનો હુકમ આપે છે અને કેટલાક કામોથી રોકે છે.

આ કાનૂનો હેઠળ અમુક કામો મર્યાદિત અને શરતીય બની જાય છે. આ કાનૂનો સામાન્ય નફાઓની મર્યાદા અથવા વિવિધ ખાતાઓ સંબંધી હોય છે. જેનો સંબંધ કોઇ ખાસ ભૌગોલિક સ્થળની અંદર લોકોના રોજીંદા જીવન સાથે હોય છે. જેની અવગણના કરવાથી સમાજમાં અંધાધૂંધી અને અરાજકતા ફેલાઇ જાય છે.

આ દ્રષ્ટિબિંદુને સામે રાખી નીચે મુજબ અમુક સ્પષ્ટિકરણો રજૂ કરવામાં આવે છે.

મસઅલો (૨૧૪) : કોઇ મુસલમાનને એ હક નથી કે જ્યાં સુધી મકાન ધણીના રાજીપણાનું યકીન ન હોય, તેઓની અંગત મિલ્કતોની દિવાલો પર બહાર જાહેરખબરો ચોંટાડે અથવા લખે.

મસઅલો (૨૧૫) : એક સમજુ અને પુખ્તવયના ઇન્સાન માટે એ જાઇઝ નથી કે તે પોતાના દેશ કે કોઇ બિન-મુસ્લિમ દેશમાં મુખ્ય માર્ગ પર કોઇ રૂકાવટ ઊભી કરે, જે પગપાળા ચાલવાવાળા માટે પરેશાનીનું કારણ બને.

મસઅલો (૨૧૬) : એક મુસલમાનને જે અમાનત અને ફરજ સોંપવામાં આવી છે તેમાં ખ્યાનત કરવી હરામ છે. જો કે અમાનત

સોંપવાવાળો બિન-મુસ્લિમ જ કેમ ન હોય અને એ મુસલમાન પર વાજિબ છે કે તે અમાનતને સાચવે અને પૂરેપૂરી પરત કરે, એટલે જે શખ્સ જે જગ્યાએ કામ કરે છે, અથવા મુનીમ છે, તેના માટે એ જાઇઝ નથી કે માલિકથી કોઇ પ્રકારની ખયાનત કરે અને પોતાના કબ્જા હેઠળના કોઇ માલમાંથી કાંઇ ઊપાડી લ્યે.

મસઅલો (૨૧૭) : બિન-મુસ્લિમોની અંગત અથવા સામાન્ય ચીઝોની ચોરી એ રૂપમાં પણ જાઇઝ નથી કે જ્યારે ઇસ્લામી અને મુસલમાનોની આબરૂને નુકસાન પહોંચે તેમ ન હોય (પરંતુ આ કાર્યથી ઇસ્લામ અને

મુસલમાનોની આબરૂને ચોક્કસ નુકસાન પહોંચે છે) પરંતુ બિન-મુસ્લિમોની સાથે એ કરારથી ગદ્દારી અને વચનભંગ સમજવામાં આવતું હોય, જે એ દેશમાં પ્રવેશ કરવા અથવા ત્યાં રહેણાંક રાખવાની અરજીના પ્રસંગે આડકતરી રીતે શરત હોય એટલે ગદ્દારી અથવા શાંતિમાં ખલલ કોઇ પણ રીતે જાઇઝ કામ નથી ભલે તેનો દીન અને અકીદો ગમે તે હોય.

મસઅલો (૨૧૮) : ઇસ્લામી દેશમાં પ્રવેશ કરનારા બિન-મુસ્લિમોના માલની ચોરી કરવી જાઇઝ નથી.

મસઅલો (૨૧૯) : મુસલમાનો માટે ગેરકાનૂની રીતે પગાર અને બીજી સહાય વસૂલ

કરવી જાઇઝ નથી. દાખલા તરીકે પોતાના સ્વાર્થ ખાતર પૂછનારાઓને અને સરકારી માણસોને જૂઠી ખબરો પહોંચાડે.

મસઅલો (૨૨૦) : દરેક મુસલમાનને એ હક છે કે તે વિવિધ ઇન્શ્યોરન્સ કંપનીઓથી પોતાની ઝિંદગી, માલ, તબાહી અથવા ચોરી ડાકાના માટે વીમો ઊતરાવે. આ એક લાઝમી મામલો (અકદે લાઝિમ) છે, જે બંને પક્ષો અર્થાત વીમો ઉતારનાર અને ઊતરાવનારની રજામંદી વગર નક્કી થતો કે તૂટતો નથી.

મસઅલો (૨૨૧) : કોઇ મુસલમાનને ઇન્શ્યોરન્સ કંપનીને પોતાના વિશે ગલત માહિતી આપવાનો તદ્દન કોઇ હક નથી

પહોંચતો કે તે પોતાની ગલત બયાનીથી માલ અને બદલો વસૂલ કરે, જે તેનો હક નથી. દાખલા તરીકે જાણી જોઇને કોઇ બનાવટી અકસ્માતની સૂરત ઊભી કરે કે જેથી વીમા કંપની તેને નુકશાનનો બદલો આપે, એ શખ્સ માટે આ માલ હરામ છે.

મસઅલો (૨૨૨) : કેટલીક વખત બિન-ઇસ્લામી દેશોમાં રહેવાવાળા મુસલમાનોના મહાન લાભોની દ્રષ્ટિએ સંજોગો એ વાત માગી લે છે કે તે કોઇ ન કોઇ પક્ષ સાથે જોડાએલો રહે, સભાઓનો સભ્ય બની પ્રધાનપદા સુધી પહોંચે. આ સંજોગોમાં મુસલમાનોની ભલાઇના તકાદા પ્રમાણે ઉપરોક્ત કામ જાઇઝ હશે, પરંતુ

એ સંજોગોના તકાદાઓ નક્કી કરવા માટે નિષ્ણાંત અને ભરોસાપાત્ર લોકોની સલાહ લેવી પણ જરૂરી છે.

મસઅલો (૨૨૩) : શાળાઓની પરીક્ષાઓમાં ધોકો કરવો નાજાઇઝ કૃત્ય છે, પછી તે ધોકો આપવો વિદ્યાર્થીઓ તરફથી હોય કે વહીવટકર્તાઓ તરફથી અથવા પરસ્પર સહકારથી અથવા ગુપ્ત રીતે પેપરો વાપરવાની સૂરતમાં હોય કે નિરીક્ષકોને ધોકો આપવાના રૂપમાં હોય અથવા કોઇ બિન શરઇ કાર્ય અથવા વ્યવસ્થાની વિરૂદ્ધ હોય.

મસઅલો (૨૨૪) : જ્યારે મુસલમાનોના માલ, જાન અને આબરૂના નુકસાનની વાત

હોય અને વાતમાં અગત્યની કાનૂની સંસ્થાઓ અને અદાલતોથી રજૂ કર્યા વગર હક અને ન્યાય મેળવવો અશક્ય હોય તો તેની તરફ રજૂ થવું જાઇઝ છે.

## આ પ્રકારણના વિશેષ સવાલ જવાબ

મસઅલો (૨૨૫) : જો કોઇ મુસલમાન બેંકના કોમ્પ્યુટરથી પોતાનો માલ કાઢવા માટે અને કોમ્પ્યુટરથી પોતાની માંગેલ પ્રમાણથી વધારે માલ નીકળી આવે તો શું આ માલ વધારો વસૂલ કરવો જાઇઝ છે, જેની બિન-ઇસ્લામી બેંકને ખબર નથી.

જવાબ : આ જાઇઝ નથી.

મસઅલો (૨૨૬) : જો કોઇ મુસલમાન કોઇ બિન-ઇસ્લામી દેશથી માલ ખરીદે અને સેલ્સમેન તેને તેની માંગથી વધારે પ્રમાણમાં માલ આપે, તો શું મુસલમાન આ વધારાના માલને રાખી શકે છે? કે તેને સેલ્સમેનની આ ભૂલની જાણકારી આપવી જરૂરી છે?

જવાબ : મુસલમાન આ માલને લેવાનો હક નથી રાખતો તેના પર વાજિબ છે કે તે સેલ્સમેનને તેની ભૂલની જાણકારી આપે અને માલ પાછો આપે.

મસઅલો (૨૨૭) : શું બિન-મુસ્લિમ કંપનીનો મુસલમાન નોકર તે કંપનીને બતાવ્યા

વગર કંપનીનો કોઇ માલ ઉપાડી શકે છે અને શું આ અમલ તેના માટે જાઇઝ છે?

જવાબ : એક મુસલમાન માટે આમ કરવું જાઇઝ નથી.

મસઅલો (૨૨૮) : શું બિન-ઇસ્લામી દેશોમાં પાણી, વીજળી અને ગેસના મીટરોને ચાલવાથી રોકવા અને તેને છેડવા જાઇઝ છે?

જવાબ : આ પણ જાઇઝ નથી.

મસઅલો (૨૨૯) : એક મુસલમાન કોઇ પશ્ચિમી દેશમાં વસે છે, તેને ડ્રાઇવીંગ લાયસન્સની જરૂરત છે. અને તે દાવો કરે છે કે, પોતાના દેશમાં વર્ષોથી ગાડી ચલાવી રહ્યો

છે. અને પોતાના દાવાના પૂરાવા માટે તે ખોટા સર્ટીફિકેટ બનાવી પેશ કરી દે છે. જેથી ઇન્શ્યુરન્સ ફી ઓછી આપવી પડે અને વધારેમાં વધારે લાભ ઉઠાવી શકે. શું મુસલમાન તોરયાની રીતે પણ આ ખોટું કામ અંજામ આપી શકે છે અને આ અનુંસંધાનમાં તેની મદદ કરવી જાઇઝ છે?

જવાબ : આ હેતુસર જૂઠ બોલવુ જાઇઝ નથી અને આ અનુસંધાનમાં માલ મેળવવો પણ જાઇઝ નથી અને આ અનુસંધાનમાં કોઇની મદદ કરવી ગુનાહમાં મદદ કરવાના ખાતામાં આવશે.

મસઅલો (૨૩૦) : શું બિન-ઇસ્લામી દેશની વીમા કંપનીઓને ધોકો આપવો જાઇઝ છે? જ્યારે કે આ વાતનું યકીન હોય કે તેનાથી ઇસ્લામ અને મુસલમાનોની આબરૂને કોઇ નુકસાન નહીં પહોંચે ?

જવાબ : આ પણ જાઇઝ નથી.

મસઅલો (૨૩૧) : કેટલીકવાર કોઇ મુસલમાન માત્ર વીમા કંપનીને ધોકો આપવાની નિય્યતથી પોતાનું ઘર સળગાવી દે છે, જેથી બિન-મુસ્લિમ વીમા કંપનીઓથી બદલો વસૂલ કરી શકે. શું મુસલમાનનો આ અમલ જાઇઝ છે અને જે વળતર તેને દેવામાં આવશે તે તેનો માલિક બની શકશે?

જવાબ : મુસલમાનો માટે પોતાનો માલ વેડફી નાખવો અથવા બરબાદ કરવો જાઇઝ નથી. અને ન તો વળતર ખાતર વીમા કંપનીને જૂઠી ખબર આપવી જાઇઝ છે. આ રીતે મેળવેલ માલ એ મુસલમાન માટે હરામ છે.

મસઅલો (૨૩૨) : શું યુરોપી દેશોની શાળાઓમાં ધોકો આપવો જાઇઝ છે? શું કોઇ ખાનગી ઇસ્લામી અથવા બિન-ઇસ્લામી સ્કૂલોમાં ધોકો આપવો જાઇઝ છે?

જવાબ : તેઓમાંથી કોઇને પણ ધોકો આપવો જાઇઝ નથી.

મસઅલો (૨૩૩) : કેટલીક ગાડીઓમાં લખેલું હોય છે સિગરેટ પીવાની મનાઇ છે. શું આ લખાણની અવગણના કરવી જાઇઝ છે?

જવાબ : જો આ તે ગવર્નમેન્ટના કાનૂનોના હુકમથી છે અને દરેક મુસાફર ગાડીમાં સિગરેટ ન પીવાની પેટા શરત પર ગાડીમાં સવાર થયો છે અને તેને તેના પર અમલ કરવાને પાબંદ બનાવવામાં આવ્યો છે તો નક્કી શરત અને પાબંદી પર અમલો કરવો પડશે.

મસઅલો (૨૩૪) : શું એ શખ્સ જે નોકરી માટે બીજા દેશમાં જઇ રહ્યો છે, તેના માટે બિન-ઇસ્લામી દેશોના કાનૂનોની પાબંદી કરવી

જરૂરી છે, જેમાં ટ્રાફીકના નિયમો અને મઝદૂરીના કાનૂનો પણ શામેલ છે?

જવાબ : જો એ શખ્સે કોઇ બીજા દેશના કાનૂનોની પાબંદીનો કરાર કર્યો હોય તો તેના પર અમલ કરવો જરૂરી છે, એ શરતે કે આ પાબંદી પવિત્ર શરીઅતની વિરૂદ્ધ ન હોય. ટ્રાફીકના ઇશારાની પાબંદી હર હાલતમાં જરૂરી છે, અલબત્તા આ એ સૂરતમાં છે કે જ્યારે તેની અવગણનાથી એવા શખ્સને નુકસાન પહોંચતુ હોય, જેને નુકસાન પહોંચાડવું હરામ છે. અર્થાત એ શખ્સ જેનો માલ પણ મોહતરમ હોય અને જાન પણ મોહતરમ હોય.

મસઅલો (૨૩૫) : કેટલાક દેશો એ શરતે મુહાજિરોની મદદ કરે છે કે તેઓ કોઇ કારોબાર કે મઝદૂરી ન કરે. તેઓ માટે શરઇ હુકમ શું છે? શું તેઓ માટે કારોબાર અને મજદૂરી જાઇઝ છે? શું આ મુહાજિરો મજૂરી વસૂલ કરી શકે છે? અને તેઓ આ મજૂરીને પોતાની મિલ્કત બનાવી શકે છે?

જવાબ : આવા સંજોગોમાં મુહાજિરો માટે મજુરી કરવી જાઇઝ છે અને તેઓ એ મજૂરીના પણ માલિક બની શકે છે, પરંતુ જ્યાં સુધી તે એ દેશના સંબંધિત ખાતાઓને પોતાની મજૂરીની જાણ નહી કરે, તેઓની મદદ લેવી જાઇઝ નથી.

મસઅલો (૨૩૬) : શું કોઇ મુસલમાન યૂરોપ, અમેરીકા અને એવા પ્રકારના બીજા ગેર ઇસ્લામી દેશોમાં કાફરોનો માલ ચોરી શકે છે? અને શું તેને એ પણ હક છે કે તેઓથી માલ ચોરી લેવા માટે એવાજ તરીકાઓ અને તરકીબો અપનાવે છે જે ત્યાં રિવાજ પામી ચૂકી છે.

જવાબ : કાફરોના અંગત અને સામાન્ય માલની ચોરી કરવી જાઇઝ નથી અને જો તેનાથી ઇસ્લામ અને મુસલમાનોની આબરૂને નુકસાન પહોંચતુ હોય તો તેઓના માલને બરબાદ કરવો પણ જાઇઝ નથી, એક સૂરત એ પણ છે કે, જેમાં ઇસ્લામ અને મુસલમાનોની

આબરૂને નુકસાન ન પણ પહોંચતું હોય, તો પણ કાફરોનો માલ બરબાદ કરવો જાઇઝ નથી અને તે એ કે તેઓનો માલ બરબાદ કરવો એ મુલકથી ગદ્દારી અને પ્રતિજ્ઞા ભંગ સમજવામાં આવશે. એ પ્રતિજ્ઞા જે વીઝા મેળવવા માટે વીઝાની દરખાસ્તના સમયે આડકતરી રીતે તેઓ સાથે કરવામાં આવે છે. કેમકે કોઇ પણ શખ્સ સાથે ગદ્દારી કરવી શાંતિ ભંગના અનુસંધાનમાં હરામ છે.

મસઅલો (૨૩૭) : શું કોઇ મુસલમાન યૂરોપી દેશોમાં કાનૂની રીતે આર્થિક અને ઔદ્યોગિક લાભો મેળવવા ખાતર તેઓને ખોટી માહિતી આપી શકે છે.

જવાબ : આ કામ જાઇઝ નથી, એટલા માટે કે આ જૂઠ છે અને ઉપરોક્ત કારણો જૂઠ માટે જવાઝ (કારણરૂપ) નથી બની શકતા.

મસઅલો (૨૩૮) : શું કોઇ પરદેશમાં રહેતા શખ્સને એ હક પહોંચે છે કે તેઓ રાજયના કાનૂનોની અવગણના કરીને કોઇ બીજાનો પાસપોર્ટ ખરીદે અથવા એ પાસપોર્ટ પર લાગેલ ફોટોને ફેરવી નાખે જેથી કોઇ બીજા દેશમાં દાખલ થઇ શકે અને એ દેશને વસ્તુસ્થિતિથી પરિચિત કરે.

જવાબ : અમે આ કામની રજા નથી આપતા.

# પ્રકરણ ચોથું – વિષય : કામધંધાઓ અને મૂડીનું રોકાણ

એક મુસલમાનનો એક મૂળભૂત અધિકાર છે કે તે જીવનના વિવિધ કામધંધાઓ અપનાવે અને કોઇ પણ એવી પ્રવૃત્તિની વરણી કરે, જેનો ફાયદો બિન-મુસ્લિમ કોમો ઉપાડી રહી હોય, જેમના માટે આ કામ કરે છે. આમ તે પોતાને પણ લાભ પહોંચાડશે અને બીજી માનવ જાતને પણ. પરંતુ તેમાં શરતે વાજિબ એ છે કે, તેનું આ કાર્ય શરીઅત અને ઇસ્લામની વિરૂદ્ધ ન હોય, અને એ કામના કારણે મુસલમાન ભાઇઓના લાભોને કોઇ નુકસાન ન પહોંચતું હોય. ઇસ્લામ અને

મુસલમાનોના દુશ્મનોના ફાયદાઓ અને યોજનાઓની સેવા અને સમર્થન ન થતું હોય.

આ વાતને લક્ષમાં રાખી માનનીય વાંચકો ! કેટલાક શરઇ હુકમો વિશે બતાવવું જરૂરી છે.

મસઅલો (૨૩૯) : મુસલમાન માટે એ જાઇઝ નથી કે તે કોઇપણ ઇન્સાનના સામે પોતાને હડધૂત કરે, પછી તે મુસલમાન હોય કે કાફર. આ કારણે જો મુસલમાનના કામથી બિન-મુસ્લિમના સામે તેનું પોતાનું અપમાન થાતું હોય તો તે અપમાનભર્યું કામ જારી રાખવું જાઇઝ નથી.

મસઅલો (૨૪૦) : એવા પ્રાણીનું ગોશ્ત જેને શરઇ રીતે ઝબ્હ ન કરવામાં આવ્યું હોય, મુસલમાન એવા લોકોની સામે પેશ કરી શકે છે, જે તેને પાક સમજતા હોય, જેમકે યહૂદી અને ઇસાઇ વગેરે. ઉપરાંત એવી જગ્યાએ પણ કામ કરવું જાઇઝ છે જ્યાં આવા પ્રકારનું ગોશ્ત તેઓ માટે પકાવવામાં અને તૈયાર કરવામાં આવતું હોય. અને એ બિન-મુસ્લિમોથી મળનાર આર્થિક લાભની માલિકીપણાને ખરૂ ઠરાવવાનો તરીકો એ છે કે તેને એ ગોશ્તથી છુટકારો મેળવવાનો બદલો સમજવામાં આવે. જેનો મુસલમાન માલિક તો નથી બની શકતો, પરંતુ તેની સાથે ખાસ થઇ ગયું હોય.

મસઅલો (૨૪૧) : મુસલમાનો માટે એ જાઇઝ નથી કે તે બિન મુસ્લિમોના હાથે સુવ્વરનું ગોશ્ત વેચે, જેને તેઓ હલાલ સમજે છે અને એહતેયાતે વાજિબ છે કે તેઓ માટે સુવ્વરનું ગોશ્ત પેશ ન કરે.

મસઅલો (૨૪૨) : મુસલમાન માટે જાઇઝ નથી કે તે કોઇના માટે પણ શરાબ પેશ કરે, જો કે તેને પીવાવાળો તેને હલાલ સમજતો હોય અને એવી રીતે એક મુસલમાન માટે શરાબના વાસણ ધોવા અને તેની સપ્લાઇ કરવી પણ જાઇઝ નથી. એ શરતે કે આ બંને કામ શરાબખોરીની પૂર્વ તૈયારનું કારણ અને માધ્યમ બનતા હોય.

મસઅલો (૨૪૩) : મુસલમાનો માટે એ વાત જાઇઝ નથી કે તે એવા પ્રકારની નોકરી અપનાવે, જ્યાં શરાબ વેચાતું હોય અથવા શરાબ પીવાના વાસણો ધોવાની મજૂરી કરવી પડતી હોય. આ વિષયમાં એ વાત પણ શામિલ છે કે આ પ્રકારના કામોનું વળતર લેવું પણ જાઇઝ નથી, એટલા માટે કે તે હરામ છે. પરંતુ કેટલાક લોકો પોતાની સખ્ત જરૂરત અને મજબૂરીને આ કામો માટે કારણરૂપ હોવાનું ગણાવે છે, જે કોઇપણ સંજોગમાં સ્વીકાર્ય નથી.

અલ્લાહ તઆલા કુરઆને મજીદમાં ઇરશાદ ફરમાવે છે :

''જે શખ્સ અલ્લાહનો તકવો અપનાવે, ખુદા તેના માટે (સખ્તીમાંથી નીકળવાનો) માર્ગ કાઢી આપે છે. અને તેને એવા સાધનો દ્વારા રિઝક અને રોજી અર્પણ કરે છે, જે તેની કલ્પનામાંય નહીં હોય અને જે શખ્સ ખુદાની જાત પર ભરોસો કરે ખુદા તેને માટે પૂરતો છે.'' સૂરે તલાક, ૨-૩)

સૂરએ નિસામાં રબ્બુલ ઇઝઝતનો ઇરશાદ છે:-

''બેશક, જ્યારે લોકોની રૂહ ફરિશ્તાઓએ એ સમયે કબ્જ કરી છે કે (કાફિરોની વસ્તીમાં પડયા) પોતાના જીવો પર ઝુલ્મ કરી રહ્યા હતા, તો ફરિશ્તાઓ રૂહ કબ્જે

કર્યા પછી શબને કહે છે, તમે કોઇ ગફલતમાં તો નહોતા? તો તેઓ (પછતાવાના ઢંગમાં) કહે છે કે અમે તો જમીન પર નિરાધાર હતા, તો ફરિશ્તાઓ કહે છે કે ખુદાની (આવડી વિશાળ) ધરતીમાં એટલી પણ ગુંજાઇશ નહોતી કે તમે હિજરત કરી ચાલ્યા જાતે. બસ આવા લોકોનું ઠેકાણું જહન્નમ છે અને તે ઘણું ખરાબ ઠેકાણું છે, પણ જે સ્ત્રી પુરૂષો અને બાળકો એટલા લાચાર છે કે ન તો કોઇ યોજના કરી શકે છે, ન તેમને પોતાના છુટકારાનો કોઇ માર્ગ સૂઝે છે, તો આશા છે કે ખુદા એવા લોકોને માફ કરી દેશે અને ખુદા તો ઘણો બક્ષવાવાળો અને માફી આપનાર છે.

વસાએલુશ્શીઆમાં લખેલું છે કે, જનાબે સરકારે દોઆલમ (સ.અ.વ.)એ આખરી હજના પ્રસંગે ઇરશાદ ફરમાવ્યું :-

‘જાણી લ્યો ! મને જિબ્રઇલ અમીન દ્વારા વહી થઈ કે, કોઇ પણ શખ્સ ત્યાં સુધી નથી મરી શકતો, જ્યાં સુધી તેની રોજી અને જીવનદોરી સંપૂર્ણ ન થાય. એટલે અલ્લાહનો તકવા (ડર) અપનાવો, સારી રીતથી આજીવિકા શોધો. રોજી મળવાનો વિલંબ તમને નાજાઇઝ રીતે રિઝકની તલાશ માટે તૈયાર ન કરે. અલ્લાહ તઆલાએ પોતાના બંદાઓમાં હલાલ રોજીની વહેંચણી કરી રાખી છે, હરામ રોજીને નથી વહેંચી. જે શખ્સ અલ્લાહનો તકવો

અપનાવે અને ધીરજ ધરે, ખુદા તેને હલાલ માર્ગે રોજી આપે છે અને જે શખ્સ ઇસ્મતના પડદાને ચીરે અને ઉતાવળ કરી નાજાઇઝ રીતે કમાવા લાગે, તેની હલાલ રોજી ઓછી કરી દેવામાં આવે છે અને કયામતના દિવસે તેનો હિસાબ લેવામાં આવશે.'

મસઅલો (૨૪૪) : રંગરાગના સ્થળો અને હલાક કરનાર ગુનાહોના સ્થળો પર કામ કરવાથી હરામ કામોમાં સંડોવાનો ખતરો રહે તો એ કામ કરવું જાઇઝ નથી.

મસઅલો (૨૪૫) : મુસલમાનો માટે ઇસાઇઓ સાથે મળી એવો વેપાર કરવો જાએઝ છે, જે ઇસ્લામી શરીઅતમાં હલાલ

હોય, જેમકે લે-વેચ કરવી, આયાત નિકાસ અને ઠેકાઓ વગેરે.

મસઅલો (૨૪૬) : બિન-ઇસ્લામી બેંક પછી તે ખાનગી હોય કે સરકારી, તેમાં ખાતું ખોલવું જાઇઝ છે, ભલે પછી વ્યાજ આપવાની શરત પણ કરવામાં આવે, કેમકે બિન-મુસ્લિમોથી વ્યાજ લેવું જાઇઝ છે.

મસઅલો (૨૪૭) : જો મુસલમાન બિન-મુસ્લિમ બેંકથી કરજો લેવા ઇચ્છે તો જરૂરી છે કે, વ્યાજની શરત પર કરજ લેવાનો ઇરાદો ન કરે, જો કે તેને ખબર હોય કે, બેંક તેનાથી કરજની મૂળ રકમ અને વ્યાજ બંને વસૂલ કરશે, કેમકે વ્યાજ આપવું જાઇઝ નથી.

મસઅલો (૨૪૮) : મુસલમાન બીજાઓને બેંકો અને કંપનીઓના શેરો ખરીદવા સારૂં પોતાના નામ અને હેસીયત વાપરવાની ઇજાઝત આપી શકે છે. અને આ ઇજાઝતના બદલે બંને પક્ષો વચ્ચે નક્કી થનાર વળતર પણ વસૂલ કરી શકે છે.

મસઅલો (૨૪૯) : મુસલમાનો માટે એવા દેશોમાં બનાવવામાં આવેલી વસ્તુઓ ખરીદવી જાઇઝ નથી, જે ઇસ્લામ અને મુસલમાનો સાથે જંગની સ્થિતિમાં છે, જેમકે ઇસરાઇલ.

મસઅલો (૨૫૦) : મુસલમાનોને મારકીટ ભાવ, અથવા તેનાથી ઓછા અથવા તેનાથી વધુ ભાવે કરન્સી બદલી કરવાનો હક છે. એમાં

કોઇ ફરક નથી પડતો આ તબ્દીલી રોકડ હોય કે મુદ્દતી.

મસઅલો (૨૫૧) : ખોટી, ચલણમાંથી નીકળી ગયેલી કરન્સી વડે સોદો કરવો, જેનાથી લોકોને ધોકો થાય, હરામ છે. અલબત્તા આ એ રૂપમાં હરામ છે, જ્યારે કરન્સી વસૂલ કરનારને તેનું ઇલ્મ ન હોય.

મસઅલો (૨૫૨) : જો એ આશય અને આશા પર નસીબ અજમાવાની ટિકીટ ખરીદવામાં આવે કે તેનાથી ઇનામ નીકળશે તો તે જાઇઝ નહીં હોય, લોટરી માટે પણ એજ હુકમ છે. જો ઇસ્લામી દ્રષ્ટિકોણ પ્રમાણે લોક કલ્યાણના કાર્યો માટે નસીબ અજમાવવાની

ટિકિટ ખરીદવામાં આવે ન કે ઇનામ પ્રાપ્તિની ગરજથી, દાખલા તરીકે હોસ્પિટલો, અને યતીમ ખાનાઓ બંધાવવા, તેની પ્રગતિ કરવા માટે તો તેની ખરીદારી જાઇઝ રહેશે.

પરંતુ બિન-ઇસ્લામી દેશોમાં એમ ધારવું મુશ્કેલ છે. એ દેશોમાં ઇસ્લામી શરીઅત પ્રમાણે હરામ કામોને લોક કલ્યાણના મન્સૂબા સમજવામાં આવે છે, ગમે તેમ નસીબ અજમાવાની ટિકિટ જે આશય માટે પણ ખરીદવામાં આવેલ હોય, જો ખરીદનારના નામ પર ઇનામ નીકળી આવે તો બિન-મુસ્લિમથી તેને વસૂલ કરી શકાય છે.

મસઅલો (૨૫૩) : ચિત્તો, વીંછી, શિયાળ, હાથી, સિંહ, રીંછ અને બિલાડી જેવા પ્રાણીઓને વેચવા જાઇઝ છે. એવી જ રીતે વહેલ માછલી હોય તો તેને પણ, જો તેને કોઇ હલાલ અને જાઇઝ ફાયદો હોય, જેના કારણે તેની માર્કીટમાં કિંમત મળતી હોય તો તેને પણ વેચવી જાઇઝ છે. ભલે પછી તેનો આ ફાયદો મર્યાદિત અને ખાસ લોકો માટે હોય. પણ કુતરો જો શિકારી ન હોય અને સુવ્વર આ હુકમથી જુદા છે.

મસઅલો (૨૫૪) : શણગારના હેતુથી કિંમતી વાસણો દાખલા તરીકે સોના ચાંદીના-ની લે-

વેચ જાઇઝ છે, પરંતુ એ વાસણોમાં ખાવું પીવું જાઇઝ નથી.

મસઅલો (૨૫૫) : ઇસ્લામી દેશોની હુકૂમતો તરફથી કોઇ પણ નોકરના ખાતામાં જમા થનારો તેનો પગાર, જે હજી તેના હાથમાં નથી આવ્યો, તેના પર ખુમ્સ વાજીબ નહીં થાય, જો કે આ પગાર તેના વર્ષના ખર્ચાઓથી વધારે હોય.

## આ પ્રકરણને લગતા ખાસ શરઇ હુકમો અને મસઅલાઓ

મસઅલો (૨૫૬) : પશ્ચિમી દેશોમાં ઇન્સાન વિવિધ પ્રકારના બેન્ક ખાતાઓ ખોલાવી શકે

છે, જેમાં વધારે નફાવાળા ખાતાઓ પણ હોય છે, અને ઓછા નફાવાળા પણ. અને તેને ખોલવામાં કોઇ પ્રકારની મુશ્કેલી પણ નથી નડતી. શું આ બેન્કોમાં વધારે નફાવાળા ખાતા ખોલવા જાઇઝ છે? પરંતુ બેન્ક એ નફો રોકી લે તો તેની માગણી ન કરે અને જો આ યોગ્ય નથી, તો શું એવો ઉકેલ મોજૂદ છે, જેનાથી આ ખાતું ખોલાવવું જાઇઝ હોય, જ્યારે કે ઇન્સાનની દિલી ઇચ્છા એ હોય છે કે તેને વધુમાં વધુ નફો મળે?

જવાબ : મુસલમાન આ બેન્કોમાં ખાતા ખોલાવવાનો હક રાખે છે અને નફાની શરત પર તેમાં રકમ જમા કરાવી શકે છે, એ શરતે કે

આ બેંકોની મૂડી હુકૂમતની હોય અથવા બિન-મુસ્લિમોની અંગત મૂડી.

મસઅલો (૨૫૭) : પશ્ચિમી દેશોની બેન્કો વધારે નફો અને મકાન ગિરવી રાખવા પર કેટલાક લોકોને કિસ્તો પર કરજ આપે છે, જેઓ મકાન ખરીદવાની ક્ષમતા નથી ધરાવતા. શું એક મુસલમાન આ પશ્ચિમી દેશોની બેન્કોથી ફાયદો ઉપાડી શકે છે? જો એ જાઇઝ નથી તો આપની દ્રષ્ટિમાં આ શખ્સ માટે કોઇ ઊકેલ મોજૂદ છે?

આ શખ્સ એ વાતનો દાવો કરે છે કે રહેવાના મકાન માટે મકાન ગિરવી રાખવાની શરત પર કરજનો મોહતાજ છે. અને તેની પાસે એટલો

પૈસો નથી, જે મકાન ખરીદવા માટે પૂરતો હોય.

જવાબ : એ બેન્કથી રકમ લઇ શકાય છે જેની મૂડી હુકૂમત અથવા બિન-મુસ્લિમોની અંગત હોય. કરજની નિય્યતથી રકમ વસૂલ કરવી જાઇઝ નથી, ભલે પછી તે જાણતો હોય કે બેન્ક કોઇપણ સંજોગમાં તેને રકમ અને તેનો નફ઼ો અદા કરવા પર મજબૂર કરશે, આ મસઅલાનો હુકમ બદલાઈ નથી શકતો.

મસઅલો (૨૫૮) : કેટલીક હુકૂમતો સંબંધિત દેશમાં રહેતા જરૂરતમંદ લોકોને ખાસ શરતો પર રહેણાંકનું મકાન પૂરૂં પાડવાને બંધાએલી હોય છે. શું કોઇ મુસલમાન એ હક રાખે છે કે

તે પોતાનું અંગત ઘર ખરીદે અને તેમાં ટૂંક સમય રહેવાનું કરે જેથી, તેને ખુમ્સ ન આપવું પડે, પછી તેને ભાડા પર આપી દે અને પોતે એ ઘરમાં રહેવા ચાલ્યો જાય, જેનું ભાડું હુકૂમત આપે છે.

જવાબ : જ્યાં સુધી મકાનની ખરેખર જરૂરત ન હોય, તેમાં ટૂંક સમય રહેણાંક રાખી લેવાથી ખુમ્સનો હુકમ ટળી નથી જતો. બલ્કે તેને અદા કરવો વાજિબ છે. એટલે આ સવાલમાં એમજ ધારી લેવામાં આવ્યું છે કે, તેને મકાનની જરૂરત નથી.

મસઅલો (૨૫૯) : કેટલાક વેપારી અને ઉદ્યોગિક પેઢીઓ ખાનગી અથવા ઇસ્લામી

અને સરકારી બેંકોથી વ્યાજે કરજા લે છે અને મૂડી રોકાણ દ્વારા નફો મેળવે છે. શું એ કંપનીઓથી શેરો ખરીદવા અને તેઓની યોજનાઓમાં ભાગીદારી નાજાઇઝ છે?

જવાબ : જો તેઓના વ્યાજ કરનાર કારોબારમાં ભાગીદારી ન ગણાતી હોય તો જાઇઝ થશે. જો કંપની મુસલમાનોની છે અને તેઓ બિન મુસ્લિમ બેન્કોથી નફો મેળવતી હોય, તેઓથી શેરો ખરીદવામાં કોઇ વાંધો નથી.

મસઅલો (૨૬૦) : કેટલીક હુકૂમતો, એજ રીતે કેટલીક બિન ઇસ્લામી અને ઇસ્લામી દેશોની કંપનીઓ પોતાના નોકરોના પગારો

સીધે સીધા તેઓની બેંકોમાં જમા કરાવી દે છે અને નોકરોનો પગાર રોકડ રૂપમાં તેઓના હાથમાં નથી આવતો, પરંતુ જ્યારે ઇચ્છે તેઓ બેન્કથી રકમ ઉપાડી શકે છે. આમ નોકરોનો બેન્ક બેલેન્સ વધી જાય અને તેના વાર્ષિક ખર્ચાઓથી વધારે હોય, તેમાંથી ખુમ્સ વાજિબ થઇ જાય છે?

જવાબ : આ રકમમાં જે કંઇ વરસના ખર્ચાઓથી વધારે હશે, તેનું ખુમ્સ આપવું પડશે. પણ એ કે આ શખ્સ કોઇ મુસ્લિમ દેશમાં સરકારી નોકર હોય અને તેનો પગાર સરકારી કે અર્ધ સરકારી બેંકમાં જમા થાતો હોય, એ સૂરતમાં જ્યાં સુધી હાકિમે શરઅની

ઇજાઝતથી મિલ્કતમાં લેવા પછી જ એ વરસના નફામાં ગણાશે, જેને તેણે મેળવેલ છે અને એ રકમમાંથી જે તેના વરસના ખર્ચાઓથી વધારે હશે તેનું ખુમ્સ આપવું જરૂરી રહેશે.

મસઅલો (૨૬૧) : જો એક મુસલમાન કોઇ બીજા મુસલમાનથી કોઇ રકમ કરજ લઇ લે, જેના અમુક સમય પછી એ કરન્સીનો બજાર ભાવ ઘટી જાય, એવા સંજોગમાં કરજદાર કરજની રકમ એટલી જ અદા કરશે, જેટલી તેણે તેનાથી કરજ લીધી હતી અથવા આપતી વખતે એ રકમની બજારમાં કિંમતની બરાબર અદા કરશે? ઉપરાંત જો કરજ દેવાવાળો કાફર હોય તો શું આ મસઅલાનો હુકમ જુદો હશે?

જવાબ : રકમ એટલા પ્રમાણમાં પાછી આપવામાં આવશે જેટલી રકમ લેવામાં આવી હતી અને એ વાતથી કોઇ ફરક નથી પડતો કે કરજ ચાહે દેનાર મુસલમાન હોય કે કાફર.

મસઅલો (૨૬૨) : શું એવી કંપનીઓમાં મૂડી રોકવી જાઇઝ છે, જે શરાબ બનાવવાનો ધંધો કરતી હોય, જ્યારે કે એક માલ બીજા માલથી અલગ પણ નથી કરી શકાતો.

જવાબ : શરાબ બનાવવામાં કોઇની સાથે ભાગીદારી કરવી અથવા તેનો ધંધો કરવો જાઇઝ નથી.

મસઅલો (૨૬૩) : જો કોઇ બિન ઇસ્લામી દેશમાં મુસલમાન બિલ્ડર અથવા ઠેકેદારને બિન-ઇસ્લામી ઇબાદત ઘર ચણવાની ઓફર મળે તો તેને સ્વીકારવી જાઇઝ છે?

જવાબ : આ ઓફર કબૂલ કરવી નાજાઇઝ છે એટલા માટે કે આ ખોટા ધર્મોના પ્રચાર અને પ્રસારના માટે ચણવામાં આવી રહી છે.

મસઅલો (૨૬૪) : જો કોઇ મુસલમાન એન્જીનિયરને શરાબ ખોરી, રકસની મહેફીલ, અથવા એવી હોટલનો નકશો બનાવવાની ઓફર આવે જ્યાં સુવ્વરનું ગોશ્ત વપરાતું હોય, શું તેને કબૂલ કરવી જાઇઝ હશે ?

જવાબ : તેને એક મુસલમાન માટે કબૂલ કરવું જાઇઝ નહીં હશે, કેમકે આ દુરાચારો અને દુષણોનો પ્રચાર થાશે.

મસઅલો (૨૬૫) : શું એવી માર્કેટો અને વેચાણઘરો પર લે-વેચ કરવી જાઇઝ છે, જ્યાંનો કંઇક નફો ઇસરાઇલના માટે ખાસ રાખવામાં આવે છે?

જવાબ : અમે તેને જાઇઝ નથી સમજતા.

મસઅલો (૨૬૬) : જો કોઇ મુસલમાન એક ઇમારત ખરીદે છે, જેના વિશે તે એ નથી જાણતો કે આ શરાબખોરીનો અડ્ડો હતો. અને ભાડૂતને પણ આ ઇમારતથી કાઢવો મુશ્કેલ

હોય, પરંતુ પછી તેને જાણ થાય તો એવા સંજોગમાં મકાન ઘણીએ ભાડૂતથી જે શરાબખોરીનું કામ કરે છે, ભાડૂ લઇ શકે છે?

અને જો આ નાજાઇઝ છે તો શું હાકિમે શરઅની ઇજાઝત લઇ શકે છે? અને ક્યા હવાલાથી લઇ શકે છે?

માની લ્યો કે ખરીદાર આ વાતને પ્રથમથી જાણતો હોત કે આ મકાનમાં શરાબખોરી થાય છે, તો શું એ સૂરતમાં ઇમારત ખરીદવી જાઇઝ છે? જ્યારે કે ભાડૂત કાઢવો પણ ઘણીના માટે કઠીન દેખાતું હોય.

જવાબ : શરાબખોરીના સંજોગમાં વપરાશના બદલામાં ભાડૂ વસૂલ કરવું જાઇઝ નથી.

કેમકે મકાન માલિક એક મુસલમાન છે અને આ પ્રકારના માલિકોથી હલાલ ફાયદાઓના બદલામાં ભાડાનો હકદાર છે એટલા માટે તેને માટે જાઇઝ છે કે, શરાબખોરીની જગ્યાનો ભાડા પેટે તેને જે કંઇ આપવામાં આવે, તેમાંથી પોતાનો હક વસૂલ કરવાની નિય્યતથી ભાડુ વસૂલ કરે અથવા જો ભાડૂત બિન-મુસ્લિમ હોય તો ભાડાને પોતાની મિલ્કતમાં લેવાની નિય્યતથી વસૂલ કરે.

આ ઇમારતને ખરીદવી જાઇઝ છે, જો કે ખરીદનારને ખબર છે કે તેમાં ઉપરોકત ભાડૂત રહે છે, જેને કાઢવો ઘણો મુશ્કેલ છે.

મસઅલો (૨૬૭) : શું કોઇ ફેકટરી કે કારખાનાવાળા માટે એ જાઇઝ છે કે કોઇ બેરોઝગાર મુસલમાનની મોજૂદગીમાં કોઇ બિન–મુસ્લિમને એ કારખાનામાં નોકર રાખે?

જવાબ : આ અમલ જો કે જાઇઝ તો છે, પરંતુ ઇસ્લામી ભાઇચારાને ધ્યાનમાં લેતા એક મુસલમાન પર બીજા મુસલમાનના હકનો એ જ તો તકાદો છે, મુસલમાનને બિન મુસ્લિમ પર પહેલી પસંદગી આપવામાં આવે.

મસઅલો (૨૬૮) : શું એવી દુકાનમાં કામ કરવું જાઇઝ છે, જ્યાં નગ્ન ફોટાવાળા સામયિકો અને પુસ્તિકાઓ વેચાતા હોય ? શું આવી પુસ્તિકાઓ વેચવી અને છાપવી જાઇઝ છે?

જવાબ : આ બધા કામ જાઇઝ નથી. કેમકે આવા કામોથી હરામ કાર્યનો રિવાજ પડે છે અને અશ્લીલતાનો પ્રચાર થાય છે.

મસઅલો (૨૬૯) : શું એવા પ્રકારના કૂતરાઓ ખરીદવા અથવા પાળવા જાઇઝ છે, જેનાથી રક્ષણ અને રખેવાળીનું કામ લેવામાં આવતું હોય. અને સ્ત્રીઓ સડકો પર હરતા ફરતા પોતાની હિફાઝતના હેતુથી તેને સાથે

રાખતી હોય ? શું આવા કૂતરાઓનો વેપાર અને તેને ભાડે દેવા જાઇઝ છે?

જવાબ : આવા કૂતરાઓનો વેપાર નાજાઇઝના હુકમમાં આવે છે. અલબત્તા જેઓ પાસે આવા કૂતરા હોય તેને એક ખાસ હક મળી જાય છે, જેનાથી હાથ ઉઠાવી લેવાની સૂરતમાં તેને કંઇ ન કંઇ અદા કરી શકાય છે. આ ચૂકવણી પછી એ કૂતરા પર ચૂકવણી કરનારનો અધિકાર થશે. અલબત્તા હલાલ નફાના ઇરાદાથી શિકારી કૂતરાઓને ભાડે આપી શકાય છે.

મસઅલો (૨૭૦) : શું આંધળાઓને દોરનાર કૂતરાઓ ખરીદવા અને તેનો વેપાર કરવો જાઇઝ છે?

જવાબ :આ કૂતરાઓ માટે પણ એજ હુકમ છે જે ઉપરોકત સવાલ માટે હતો.

મસઅલો (૨૭૧) : જે મુસલમાન બિન-મુસ્લિમ દેશોમાં કોઇ પ્રાઇવેટ દફતર અથવા સરકારી ઓફિસમાં નોકર છે અને કલાકોના હિસાબથી નક્કી વેતન પર કામ કરે છે. એવો નોકર જો કામમાં બેઇમાની અર્થાત જાણીબૂઝીને ફરજ બજાવણીમાં આળસ કે વિલંબ કરે અને એમ છતાં પોતાની મજૂરી અથવા વેતન પૂરૂં વસૂલ કરે, એ મુસલમાન માટે શું આ પૂરી મજૂરી લેવી જાઇઝ છે?

જવાબ : એક નોકરે પોતાના કામમાં બેઇમાની અથવા આળસ કરવી જાઇઝ નથી. જ્યારે કે

તેને પોતાની મજૂરી કલાકોના બદલે નક્કી કરી હોય. બેઇમાની અથવા સુસ્તીની સૂરતમાં પૂરી મજૂરી અથવા પગાર લેવો તેના માટે નાજાઇઝ છે.

મસઅલો (૨૭૨) : ઘણા મુસલમાન ઇસ્લામી દેશોથી કુરઆન મજીદના કલમી નુસ્ખા (હસ્તલિખિત પ્રતો) પશ્ચિમી દેશોમાં મગાવે છે અને તેનો વેપાર કરે છે. શું તેઓના આ અમલ જાઇઝ છે? જો આ મામલામાં રૂકાવટ એ હોય કે કાફરના હાથમાં કુરઆન વેચવું જાઇઝ નથી તો શું તેને હલાલ અને જાઇઝ કરવાની કોઇ સૂરત છે? જો છે તો શું છે?

જવાબ : અમે તેની રજા નથી આપી શકતા કેમકે આ મુસલમાનોનો વારસો છે અને તેમના સંગ્રહોને નુકસાન પહોંચાડવા સમાન છે.

મસઅલો (૨૭૩) : ઇસ્લામી દેશોથી કિતાબોના નુસ્ખાઓ, તોહફા ભેટો અને ઇસ્લામી અવશેષો લઇને તેને પશ્ચિમી દેશોમાં મોંઘા ભાવે વેચવા જાઇઝ છે અથવા એ કે આ કામ ઇસ્લામી દોલત બરબાદ કરવી ગણાશે અને તેને નાજાઇઝ સમજવામાં આવશે?

જવાબ : ઇસ્લામમાં આની પણ ઇજાઝત નથી.

મસઅલો (૨૭૪) : કેટલીકવાર રાતના સમયે શરાબખોરીની દુકાનો શરાબખોરોથી

ખીચોખીચ ભરાઇ જાય છે અને આ શરાબીઓ નશામાં ચકચૂર, મદહોશીની સ્થિતિમાં ખાવાઓની હોટલોની તલાશમાં નીકળી જાય છે. શું મુસલમાન હોટલ માલિકો આ નશાખોરોને હલાલ ખાવાનું પેશ કરી શકે છે? અને મુસલમાનોનું આ ખાણું શરાબની અસર ઓછી કરવામાં સહાયરૂપ પૂરવાર થાય તો શું આ કાર્ય ગુનાહ પૂરવાર થાશે?

જવાબ : આ અમલમાં કોઇ વાંધો નથી.

મસઅલો (૨૭૫) : શું મુસલમાન એ લોકોના હાથે સુવ્વરનું ગોશ્ત વેચી શકે છે? જેઓ તેને હલાલ સમજે છે, જેમકે એહલે કિતાબ.

જવાબ : મુસલમાન માટે સુવ્વરનું ગોશ્ત વેચવું કોઇપણ પ્રકારે જાઇઝ નથી.

મસઅલો (૨૭૬) : કોઇ શખ્સને એ યકીન હોય કે તે ટેલીવીઝન પર કોઇ ન કોઇ દિવસ ફિલ્મ દ્વારા કોઇ હરામ કાર્યક્રમ જરૂર જોશે, શું તેના માટે ટેલીવીઝન જોવું જાઇઝ છે?

જવાબ : અકલી રીતે તો એ જ લાઝીમ છે કે એવી ચીજ પોતાની પાસે ન રાખવામાં આવે.

મસઅલો (૨૭૭) : શું કોઇ બાલિગ મુસલમાનને એ હક પહોંચે છે કે તે કોઇ નાબાલિગ બાળકને એ વાત પર તૈયાર કરે કે તે

બાળક નસીબ અજમાવાની ટિકિટ ખરીદી તેને હદિયો કરે.

અથવા કોઇ એહલે કિતાબ (યહૂદી કે ઇસાઇ) થી એ આશાએ આ ટિકિટ ખરીદે કે તેનું ઇનામ નીકળી આવશે.

જવાબ : આ રીતથી કોઇ નાજાઇઝ વાત જાઇઝ નથી થઇ જાતી, કેમકે ખરીદવા માટે વકીલ બનાવવો અને ખરીદવાનું કારણ બનવું એક જ વાત છે. અને તેના માટે એજ હુકમ છે, જે પોતાના હાથે ખરીદવાનો છે.

મસઅલો (૨૭૮) : શું એ મધની બાટલી ખરીદવી જાઇઝ છે, જેના પર ઇનામી કુપન

લાગેલું હોય અને ખરીદવા માટે ઇનામ નીકળી આવવાની આશા હોય ?

જવાબ : જો કિંમતની ચૂકવણી એ એહતેમાલ અને ધારેલ નફાના બદલે ન હોય, બલ્કે મધ ખરીદયુ છે તેના મુકાબલામાં હોય, તો જાઇઝ રહેશે.

મસઅલો (૨૭૯) : જો કોઇ મુસલમાનનું નામ લોટરી દ્વારા નીકળી આવે અને તે એ ફેંસલો કરી લે કે આ ઇનામનો અમુક ભાગ વસૂલ કર્યા પછી મુસલમાનોના લાભાર્થે ખર્ચ કરશે. શું મુસલમાન આ નેક કામના ખાતર આ ઇનામ વસૂલ કરી તેને નેક કામમાં વાપરી શકે છે?

શું ઇનામ નીકળવા પહેલાની આવી નિય્યત અને પછીની નિય્યતનો હુકમ એક જ હશે કે જુદો?

જવાબ : અગર આ માલ એવા લોકોનો છે જેનો માલ મોહતરમ નથી તો તેનો વપરાશ જાઇઝ છે.

મસઅલો (૨૮૦) : જો લોટરી દ્વારા ઇનામ મેળવેલ શખ્સ આ લોટરીના માલથી હજ બજાવી લાવે તો શું આ હજ સહી ગણવામાં આવશે ?

જવાબ : આ સવાલનો જવાબ પણ ગત સવાલના જવાબ પ્રમાણે છે.

મસઅલો (૨૮૧) : જો કોઇ ઝાલિમ અને ગાસિબ સંસ્થા કોઇ મુસલમાનને હજના ખર્ચાઓ પૂરા પાડે તો આ હજના વિશે શું શરઇ હુકમ હશે.

જવાબ : જો આ માલ ગસ્બી હોવાનું યકીન ન હોય તો હજના ખર્ચા પૂરા પાડનાર સંસ્થાના ગાસિબ હોવાથી કોઇ ફર્ક નથી પડતો.

મસઅલો (૨૮૨) : કેટલાક પશ્ચિમી દેશોની માર્કેટોમાં ઘરેલું સામાન વેચાય છે અને તેના ખરીદનારને એ હક અને અધિકાર દેવામાં આવે છે કે ખરીદવાની તારીખના બે સપ્તાહની અંદર અંદર ખરીદેલો માલ પાછો આપી શકે છે. શું આવો માલ ખરીદવો જાઇઝ છે કે બે

અઠવાડિયા દરમિયાન વાપરવા પછી તેને પાછો આપી દેવામાં આવે ? તેનો હેતું તો એ છે કે ખરીદારે બે અઠવાડિયા માટે આ સામાન ખરીદીને વાપરે, હકીકી ખરીદારી ન કરી. શું આ અમલ જાઇઝ છે? આ સૂરતમાં જો દુકાનદાર મુસલમાન પણ હોય તો શું તેનો હુકમ જુદો હશે ? જો આ મામલો જાઇઝ છે તો તે કયા ઇરાદે જાઇઝ હશે ?

જવાબ : દુકાનનો માલિક જો મુસલમાન છે તો જાઇઝ નહીં થાય, બીજી સૂરતમાં જાઇઝ છે. એ શરતે કે આ સામાન ખરીદવાની નિય્યત ન કરે, બલ્કે એક કાફરનો માલ હાથ કરી લેવાની

નિય્યતમાં માલ લઇ લે અને કોઇ નુકસાનનો પણ ખતરો ન હોય.

મસઅલો (૨૮૩) : શું એ હોટલમાં કામ કરવું જાઇઝ છે જેમાં શરાબ પીરસવામાં આવતી હોય, જ્યારે કે કામ કરવાવાળો પોતે શરાબ પીરસતો નથી, બલ્કે વાસણો સાફ કરવાના અમલમાં શરીક છે ?

જવાબ : જો શરાબના વાસણો ધોવા, શરાબખોરી અને શરાબ પીરસવાની પૂર્વ તૈયારી ગણાય તો આ અમલ શરીઅતની રૂએ હરામ છે.

મસઅલો (૨૮૪) : એક મુસલમાન જેની અંતરની ઇચ્છા દીનનો પ્રચાર પ્રસાર અને, પશ્ચિમી દેશોની ઓફિસોમાં નોકરી મેળવવા માટે કેટલાક હરામ કામ કરવા પર મજબૂર છે અને તેને આશા છે કે નજીકના ભવિષ્યમાં ઓફિસની અંદર વર્ચસ્વ જમાવીને પોતાના દીનની સેવા કરી શકશે, જેનું મહત્વ ઉપરોકત હરામ કામથી વધારે છે. શું આ મકસદ માટે હરામ કામ જાઇઝ છે?

જવાબ : માત્ર ભવિષ્યની આશાએ હરામ કામ આચરવું જાઇઝ નથી.

મસઅલો (૨૮૫) : શું એક મુસલમાન વકીલ કોઇ બિન-ઇસ્લામી દેશમાં વકાલત કરી શકે

છે? જ્યાં એ દેશના કાનૂનો મુજબ કેસો મળે છે અને તેને બિન-મુસ્લિમના કેસો લેવા બંધનકર્તા થવું પડે છે. અને તેની કોશિશ હોય છે કે કોઇ ન કોઇ કેસ મળી જાય ?

જવાબ : જો આ કામથી કોઇનો હક બરબાદ ન થતો હોય તો અથવા કોઇના કેસના કારણે જૂઠું બોલવું અથવા હરામ કામ ન કરવું પડતું હોય તો જાઇઝ થાશે.

મસઅલો (૨૮૬) : શું કોઇ વકીલ બિન-ઇસ્લામી દેશોમાં જજની ફરજો અદા કરી શકે છે, જ્યાં એ બિન-મુસ્લિમ દેશોના કાનૂનો પ્રમાણે ફેંસલો કરવામાં આવે છે?

જવાબ : જે શખ્સ જજ બનવાને પાત્ર નથી, તે જજની ફરજો અંજામ આપવાનો હક પણ નથી રાખતો અને ન તેને ઇસ્લામી કાનૂનની વિરૂધ્ધ કોઇ ફેંસલો આપવો જાઇઝ છે.

મસઅલો (૨૮૭) : યૂરોપી દેશોમાં કોઇ ઇલેકટ્રીક એન્જીનીયરને વીજળીનું લાઉડ સ્પીકર ઠીક કરવા માટે બોલાવવામાં આવે છે. એ મુસલમાન એન્જીનીયરને જો કદી કામ માટે રંગ-રાગના સ્થળોએ પણ જવું પડે છે તો શું આ શખ્સ એ સ્થળે કામ કરી શકે છે અથવા વીજળીની નવી મશીનરી લગાડી શકે છે? જ્યારે કે એ પણ યકીન છે કે જો આ મુસલમાન એન્જીનીયર એક બે વાર આવા સ્થળોએ કામ

કરવાની મનાઇ કરી દે તો તેને ભવિષ્યમાં ક્યાંય કામ નહીં મળે અને લોકો સંપૂર્ણપણે તેની તરફ રજૂ થવું મૂકી દેશે?

જવાબ : આ મુસલમાન એન્જીનીયરનું એવા સ્થળોએ કામ કરવું જાઇઝ છે.

મસઅલો (૨૮૮) : શું મુસલમાન શાકભાજીની એવી દુકાન પર કામ કરી શકે છે, જેના એક ખૂણામાં શરાબ વેચવામાં આવે છે, જ્યારે કે આ મુસલમાનનું કામ માત્ર પૈસા વસૂલ કરવાનું છે?

જવાબ : મુસલમાન નોકરના માટે શરાબ સિવાય બીજી વસ્તુઓની કિંમત વસૂલ કરવી

જાઇઝ છે. બલ્કે વેચનાર અને ખરીદનાર બિન-મુસ્લિમ હોય તો શરાબની કિંમત વસૂલ કરવી જાઇઝ છે.

મસઅલો (૨૮૯) : પશ્ચિમી દેશોમાં જો કોઇ મુસલમાન પ્રેસનો માલિક હોય હોટલ માટે ખાવાની ચીજોની સૂચી છાપી આપે છે જેમાં સુવ્વરનું ગોશ્ત પણ શામેલ છે, શું તેનું આ સૂચી પત્ર છાપવું જાઇઝ છે? વળી શરાબ વેચવાની અને બીજી હરામ કામોની દુકાનોની જાહેરાત છાપવી જાઇઝ છે? જ્યારે કે આ પ્રેસના માલિકનું ગુમાન છે કે આ પ્રકારની ચીજો ન છાપે તો તેના ધંધા પર અસર પડે છે.

જવાબ : જોકે તેના ધંધા પર અસર પડશે, એમ છતાં આ કામ જાઇઝ નહીં થાય.

## પ્રકરણ પાંચમું – વિષય : સામાજિક સંબંધો

કોઇપણ સમાજ હોય, મુસ્લિમોનો કે બિન મુસ્લિમોનો, તેઓની સામાજીક સ્થિતિમાં તેઓની સાથે વિશેષ હોય છે. દરેક સમાજ પોતાના બાપદાદાઓનું અનુકરણ કરે છે, તેની ઓળખ, મૂલ્યાંકન, આદતો અને રીત રિવાજ પ્રમાણે હોય છે.

આ એક હકીકત છે કે, યૂરોપી અને પશ્ચિમી દેશોના સામાજિક હાલત તેઓના મૂલ્યાંકનો અને રહેણીકરણી કોઇ પણ ઇસ્લામી

દેશથી જુદી હશે, જ્યાં મુસલમાન હિજરત કરી વસવાને મજબૂર છે, જેના કારણે ત્યાં રહેનાર મુસલમાન હંમેશા એ ફિક્રમાં રહે છે કે આ પશ્ચિમી અથવા યૂરોપી સમાજમાં કયું કામ યોગ્ય અને કયુ અયોગ્ય હશે.

આ એ સમાજથી તદ્દન જુદા અને નવીન સમાજમાં જીવન ગુજારવું જેના મુલ્યાંકન તેનાથી તદ્દન જુદા હોય છે, જ્યાં તેણે જન્મ લીધો હતો. એટલે આ ઇસ્લામી સમાજમાં તેનો ઉછેર થયો આ મુસલમાન પુત્ર, જે અજીબ અને વિચિત્ર અને અનોખા મૂલ્યાંકન પર આધારિત સમાજમાં જીવન વીતાવવા ઇચ્છે છે. તેના એક મુસલમાન હોવાના નાતે એ

ફરજ બને છે કે, તે પોતાને, પોતાના બાલ બચ્ચાઓ અને ઘરના સભયોને આ સમાજમાં ભેળસેળ થઇ જવાથી બચાવે, જેના માટે તેને અસાધારણ મહેનત કરવી પડે છે, જેથી પોતાના કુટુંબ અને બાળકોને સમાજની ઘાતક અસરોથી સુરક્ષિત રાખી શકે.

મસઅલો (૨૯૦) : મુસલમાન પર સિલે રહેમી વાજિબ છે અને કત્એ રહેમી મોટા ગુનાહમાંથી છે, જો સામાન્ય પરિસ્થિતિમાં સિલે રહેમી વાજિબ અને કત્એ રહેમી એ મોટા ગુનાહોમાંથી છે જેની સજા જહન્નમની આગ બતાવવામાં આવી છે. પરદેશ અને પરાયા વાતાવરણમાં જ્યાં ઇન્સાન પોતાની બિરાદરી

અને સગાવહાલાથી દૂર હોય છે, કુટુંબથી અલગ પડી જાય છે, દીની સંબંધો ખતમ થઇ જાય છે, અને ભૌતિક સ્વાર્થો વર્ચસ્વ જમાવી બેઠા હોય છે, એવા સ્થળો પર સિલે રહેમીનું મહત્વ અનેક ગણું વધી જાય છે.

રબ્બુલ ઇઝઝતે કત્એ રહેમથી મનાઇ ફરમાવી છે. ઇરશાદે રબ્બે કરીમ છે :

‘‘શું તમારાથી કંઇ દૂર છે, જો તમે સત્તાવાન છો તો ધરતી પર ફસાદ ફેલાવતો ફરો અને પોતાના રિશ્તા નાતાને તોડવા લાગો. આ એજ લોકો છે, જેના પર ખુદાએ લાનત કરી છે અને તેમના કાનોને બહેરા અને આંખોને

આંધળી કરી દીધી છે.'' (સૂરે મોહમ્મદ, આ: ૨૨-૨૩)

કાફીમાં લખેલું છે કે હઝરત અલી (અ.સ.) એ ફરમાવ્યું :

''એક ઘર-કુટુંબવાળાઓ જેઓ આપસમાં સંપ સલાહથી રહે છે, એક બીજાથી હમદર્દી દાખવે છે. તેઓ ગુનેહગાર અને દુરાચારી પણ હોય તો ખુદા તેઓને રોજીથી નવાજતો રહે છે. અને એક ઘર-કુટુંબવાળાઓ જેઓ આપસમાં કુસંપ અને કમેળના શિકાર હોય છે અને એક બીજાથી સંબંધો તોડી નાખે છે તેઓ મુત્તકી અને પરહેઝગાર પણ હોય તો

ખુદા તેઓને રિઝક અને રોજીથી વંચિત કરી દે છે.'' (જી-૨, પેજ-૩૪૮)

ઇમામ બાકિર (અ.સ.)થી રિવાયત છે : આપ (અ.સ.) એ ફરમાવ્યું : ''કિતાબે અલીમાં છે, ત્રણ આદતો એવી છે, જેને આચરનાર, ત્યાં સુધી નથી મરતો, જ્યાં સુધી તેની સજા ન ભોગવી લે. ઝુલ્મ, કત્એ રહેમ અને ખોટી કસમ. જે ખુદાથી લડવા બરાબર છે. ખુદાની તાબેદારીમાંથી જેનો સવાબ સૌથી જલ્દી મળે છે તે સિલે રહેમ છે, ગુનેહગાર અને દુષ્ટ કોમો પણ જ્યારે સિલે રહેમ કરે છે, તો તેઓનો માલ વધી જાય છે અને ધનવાન બની જાય છે. જૂઠી કસમ અને કત્એ રહેમ તો

આબાદ ઘરોને તેના રહેવાસીઓથી ખાલી અને ઉજ્જડ કરી દે છે.''

મસઅલો (૨૯૧) : કત્એ રહેમ (અર્થાત સગાવાળાઓને તજી દેવા) હરામ છે. જો કે તે બેનમાઝી અને શરાબી હોય અને અમુક દીની હુકમોને મહત્વ પણ ન આપતો હોય, દાખલા તરીકે કોઇ સ્ત્રી બેપર્દા રહેતી હોય અને તેની સામે કોઇ બોધ, નસીહત અને ચેતવણી અસરકારક પુરવાર ન થતી હોય, તેવા લોકોથી પણ સિલે રહેમ વાજિબ છે, એ શરતે કે તેઓથી સિલે રહેમના પરિણામે નાજાઇઝ કામને ટેકો ન મળતો હોય.

નરાકી કૃત જામેઉસ્સઆદાતમાં આપેલું છે, બંને જહાનના સરદાર હઝરત મોહમ્મદ (સ.અ.વ.) એ ફરમાવ્યું :

“સદાચારમાં સૌથી શ્રેષ્ઠ એ છે કે તમારાથી કત્એ રહેમ કરે તમે તેનાથી સિલે રહેમ કરો, જે તમને વંચિત કરે, તમે તેમને આપો અને જે તમારા પર ઝુલ્મ કરે તેને માફ કરી દયો.” (જી.-૨, પેજ-૨૬૦)

ઉસૂલે કાફીમાં આપનું આ ફરમાન પણ છે

''કત્એ રહેમ ન કરો, ભલે તે તમારાથી કત્એ રહેમ કરે.'' (ઉસૂલે કાફી જી-૨, પે-૩૪૭)

મસઅલો (૨૯૨) : કદાચ સૌથી સામાન્ય અને મામૂલી અમલ એ છે કે જેની વડે એક મુસલમાન સિલે રહેમ કરી શકે છે, તે એ છે કે પોતાના નજીકના સગાઓથી મળે અને મુલાકાત કરે અને તેમના ખબર પૂછે, ભલે દૂરથી જ સહી.

ઉસૂલે કાફીમાં આપેલું છે કે, નબી કરીમ હઝરત મોહમ્મદ (સ.અ.વ.)એ ઇરશાદ ફરમાવ્યું :

“નેક કામોમાં સૌથી જલ્દી જેનો સવાબ મળે છે તે સિલે રહેમ છે.” (જી-૨, પે.-૧૫૨)

ઉસૂલે કાફીમાં લખેલું છે કે, જનાબે અમીરૂલ મોઅમેનીન (અ.સ.)એ ફરમાવ્યું :

“સિલે રહેમ કરતા રહો, ભલે સલામ દ્વારા જ હોય. અલ્લાહ તઆલાનું ફરમાન છે અને ખુદાથી ડરો જેના વસીલાથી આપસમાં એક બીજાથી સવાલ કરો છો અને કત્એ રહેમથી ડરો, બેશક ખુદા તમારા પર રખેવાળી કરી રહ્યો છે.” (જી-૨, પે-૧૫૫)

ઉસૂલે કાફીમાં ઇમામ જઅફર સાદિક (અ.સ.)થી રિવાયત છે કે આપ (અ.સ.)એ ફરમાવ્યું :

“બેશક, સિલે રહેમ અને નેકી (કયામતના દિવસે) હિસાબ હળવો બનાવી દેશે અને ગુનાહોથી બચાવે છે. એટલે સિલે રહેમ કરતા રહો અને પોતાના ભાઇઓથી નેકી કરો, ભલે તે સલામ અને જવાબી સલામ દ્વારા જ કેમ ન હોય.” (જી-૨, પેજ-૧૫૭)

મસઅલો (૨૯૩) : સૌથી વધારે ખરાબ કત્એ રહેમ, મા-બાપથી આક થવું છે, જેઓથી ખુદાએ નેકી અને ભલાઇનો હુકમ આપ્યો છે, જેમકે અલ્લાહ તઆલાનો ઇરશાદ છે. :

'અને તમારા પરવરદિગારે જ હુકમ આપ્યો છે કે તેના સિવાય કોઇની ઇબાદત ન કરજો, મા બાપથી નેકી કરજો, જો તેઓમાંથી એક અથવા બંને તારી સામે વૃદ્ધાવસ્થાએ પહોંચે અને કોઇ વાત પર ગુસ્સે થાય તો ખબરદાર ! તેના જવાબમાં 'ઉફ' સુદ્ધાં ન કહેજે અને ઠપકો ન આપજે અને ઘણી સભ્યતાપૂર્વક (વાત) કહેજ''

ઉસૂલે કાફીમાં આપેલું છે, કે ઇમામ જઅફર સાદિક (અ.સ.)એ ફરમાવ્યું :

''મા-બાપના આક થવાનો મામૂલી અર્થ એ છે કે ઔલાદ મા-બાપની સાથે 'ઉફ' કરે, જો ખુદાના ઇલ્મમાં ઉફથી પણ હળવી

ચીઝ હોત તો તેની મનાઇ કરત.'' (જી-૨, પે.-૨૪૮)

ઉસૂલે કાફીમાં ઇમામ (અ.સ.)થી આ ફરમાન આવેલુ છે કે આપ (અ.સ.) એ ફરમાવ્યું

''મારા માનનીય પિતાશ્રીએ એક શખ્સને જોયો, જેની સાથે તેનો પુત્ર ચાલી રહ્યો હતો અને પુત્રે બાપનો આધાર લીધો હતો. તેનાથી મારા પિતાશ્રી એટલા ગુસ્સે થયા કે પોતાની શહાદત સુધી એ શખ્સના પુત્રથી વાત ન કરી.'' (પે-૩૪૯)

આપ (અ.સ.)નું આ કથન પણ ઉસૂલે કાફીમાં આપેલું છે :

‘‘કોઇ શખ્સ પોતાના માતા પિતાને એવી સ્થિતિમાં ક્રોધથી આંખો કાઢે, જ્યારે તેઓ તેના પર ઝુલ્મ કરી રહ્યા હોય, તો ખુદા તેની નમાઝ કબૂલ નહીં કરે.’’ (જી-૨, પેજ-૩૪૯)

મસઅલો (૨૯૪) : ‘‘મા-બાપના આક’’ ના મુકાબલામાં મા-બાપથી નેકી છે. આ અમલ એ બધા અમલોથી શ્રેષ્ઠ છે જેના વડે અલ્લાહ તઆલાની કુરબત હાંસિલ કરી શકાય છે.

સૂરે ઇસ્રામાં માયાળું પરવરદિગારનો ઇરશાદ છે:

“અને તેમની સામે વિનય અને નમ્રતાની બાજુ નમાવી રાખો અને તેઓના હકમાં દુઆ કરો, અય મારા પરવરદિગાર ! જેવી રીતે આ બંનેએ બાળપણમાં મારૂં પાલણપોષણ કર્યું છે એવી રીતે તું પણ તેઓ પર રહેમ કર.” (આ.૨૪)

ઉસૂલે કાફીમાં ઇબ્રાહીમ બિન શોએબ રિવાયત કરે છે :

“મેં ઇમામ જઅફર સાદિક (અ.સ.) થી અરજ કરી, મારા પિતા ઘણા વૃદ્ધ અને

નિર્બળ થઇ ગયા છે, તેને કોઇ હાજત હોય તો અમે તેને હાથો પર ઉપાડી લઇએ છીએ. આપ (અ.સ.) એ ફરમાવ્યું : ''જો તમારાથી બની શકે તો આ વર્તાવ લગાતાર જારી રાખો. પોતાના હાથથી તેના મોંમાં કોળિયો આપ્યા કરો, એટલા માટે કે કાલ (કયામતના દિવસે) આ તમારા માટે દોઝખની આગની સામે ઢાલ અને બચાવ પૂરવાર થશે.'' (જી-૨, પેજ-૧૬૨)

(હદીસોમાં બાપથી સિલે રહેમની પહેલા માથી સિલે રહેમ પર ભાર મૂકવામાં આવ્યો છે.)

ઇમામ જઅફર સાદિક (અ.સ.)નું ફરમાન છે, જે ઉસૂલે કાફીમાં આપેલું છે, આપ (અ.સ.) એ ફરમાવ્યું :

'એક શખ્સ બંને જહાનના સરદાર (સ.અ.વ.)ની સેવામાં આવ્યો અને અરજ કરી, ''યા રસુલુલ્લાહ ! હું કોનાથી નેકી કરૂં ? આપ (સ.અ.વ.)એ ફરમાવ્યુ: તારી માતાથી ફરી પૂછયું : ત્યાર પછી કોની સાથે નેકી કરૂં ? આપ (સ.અ.વ.) એ ફરમાવ્યુ : તારી માથી. પછી પૂછયું : કોનાથી નેકી કરૂં ? આપ (સ.અ.વ.) એ ફરમાવ્યું : તારી માતાથી. વળી પૂછયું : ત્યાર પછી કોની સાથે નેકી કરૂં ?

આપ (સ.અ.વ.) એ ફરમાવ્યું : તારા પિતાથી.'

મસઅલો (૨૯૫) : કેટલીક રિવાયતોથી એ વાતનો ઉલ્લેખ મળે છે કે મોટા ભાઇનો નાના ભાઇ પર હક છે. આ સંબંધનું ધ્યાન રાખવું જોઇએ. જેથી કુટુંબમાં ભાઇચારો અને પ્રેમ અને એક બીજાના રક્ષણની ભાવના મજબૂત બને અને જળવાઇ રહે અને કઠીન પરિસ્થિતિમાં આ બધા એક બીજાના આધાર પૂરવાર થાય.

જામે ઉસ્સઆદાત આજ ઉલ્લેખનીય રિવાયત વિશે આ નબી (સ.અ.વ.)ની હદીસ છે. આપ (સ.અ.વ.)એ ફરમાવ્યું :

“નાના ભાઇ પર મોટાભાઇનો હક એવો છે જેવો બાપનો પુત્ર પર.” (જી-૨, પે-૨૬૭)

મસઅલો (૨૯૬) : બાળકના વલી અર્થાત બાપ દાદા અથવા તેમના તરફથી રજા મેળવેલી વ્યક્તિના સિવાય કોઇ બીજાને એ હક નથી પહોંચતો કે બાળકને નાફરમાની અથવા ગલત કામોના કારણે તેને સભ્યતા શીખવવા અને સીધા માર્ગે લાવવા માટે મારપીટ કરે. અલબત્તા વાલી અથવા એ આદમી જેને વાલીએ છૂટ આપી હોય, તેને એ હક હાંસલ છે કે તે બાળકને અદબ શીખવાડવાની ગરજથી એટલું મારે કે બાળક માટે કષ્ટદાયક ન હોય

અને ન તો આ મારપીટથી બાળકનું બદન લાલ થાય, આ માર પણ ત્રણ વખતથી વધારે ન હોય.

અને એ હદ સુધી પણ એ સૂરત જાઇઝ થશે, જ્યારે બાળકને આદાબ શિખવાડવા માટે તેના સિવાય કોઇ ચારો ન હોય. તો પણ મોટા ભાઇને એ હક નથી પહોંચતો તે પોતાના ભાઇને જે હજી નાનું બાળક હોય, તેને મારે પીટે, પણ એ કે તે એ બાળકનો વલી હોય અથવા તેને વલી તરફથી મારવાની છૂટ હોય. સ્કુલના માસ્તરોને પણ કોઇ પણ સૂરતમાં એ હક નથી પહોંચતો કે તે વલી અથવા તેના તરફથી રજા મળેલ શખ્સની રજા વગર શિષ્યને મારે પીટે.

મસઅલો (૨૯૭) : એહતેયાતની રીતે બૂરાઇથી રોકવા માટે પુખ્ત વયના છોકરાને મારવો જાઇઝ નથી, પરંતુ એ કે અમ્રબિલ મઅરૂફ અને નહી અનિલ મુન્કરના શરઇ ઉસૂલો પ્રમાણે અને શરઇ હુકમ પ્રમાણ અને હાકીમે શરઇની ઇજાઝતથી મારવામાં આવે.

## વડીલોનું માન

મસઅલો (૨૯૮) : રસૂલુલ્લાહ (સ.અ.વ.)એ આપને વડીલોનું માન મોભો જાળવવાનું સૂચન કર્યું છે, આપ (સ.અ.વ.)એ ફરમાવ્યું :

જે શખ્સ કોઇ મોટી વયના બુઝુર્ગનો માન મોભો સમજે અને તેમની બુઝુર્ગીની

ખાતર તેમનું સન્માન કરે, અલ્લાહ તઆલા તેને કયામતના દિવસની ભયાનકતાથી તેને પોતાના રક્ષણ અને પનાહમાં રાખશે.''

સવાબુલ આમાલ અને એકાબુલ આમાલ શેખે સદૂક કૃતમાં આપ (સ.અ.વ.)નું પવિત્ર ફરમાન છે :

''સફેદ દાઢીવાળા મોમિનનું માન સન્માન કરો તે અલ્લાહનું માન સન્માન છે.'' (પેજ-૨૨૫)

મસઅલો (૨૯૯) : આપણા નબી હઝરત મોહમ્મદ મુસ્તફા (સ.અ.વ.) અને માસૂમ ઇમામો (અ.મુ.સ.)ની સંખ્યાબંધ રિવાયતો

એવી છે, જેમાં મોમિનોએ એક બીજાને મળવું, એક બીજાથી પ્યાર અને ભાઇચારો બાંધવો, મોમિનોને ખુશ કરવા, મોમિનની હાજતો પૂરી કરવી, મોમિન બીમારોના ખબર પૂછવા જવું અને તેઓના જનાઝામાં ભાગ લેવો અને સુખદુઃખ બંને સ્થિતિમાં તેઓથી હમદર્દીની ઘણી વધારે તાકીદ કરવામાં આવી છે.

ઉસૂલે કાફીમાં છે કે, ઇમામ જઅફર સાદિક (અ.સ.) એ ફરમાવ્યું :

'જો કોઇ શખ્સ કોઇ મોમિન ભાઇની મુલાકાત કરે, અલ્લાહ રબ્બુલ ઇઝઝત, તેને ફરમાવે છે કે તે મારી મુલાકાત કરી અને તારો સવાબ અને વળતર મારા પર છે અને તારા

માટે જન્નતથી ઓછો કોઇ અજર અને સવાબ પર રાજી નહીં થાઉં.'

(આ વિષયને લગતી હદીસો અને માસૂમ ઇમામો (અ.મુ.સ.)ની રિવાયતો પ્રકરણ ''કઝાએ હવાએજિલ મોમિન'' (જી-૨, પે-૧૯૨) અને અલ સઇ ફી હાજતિલ મોમિન (જી-૨,પે-૧૯૬) અને ઉસૂલે કાફી તફરીજુલ કરબુલ મોમિન (જી-૨,પે-૧૯૯) પર લખેલ છે. મોમિનો એહદીસો અને રિવાયતોનો લાભ ઉપાડી શકે છે.)

ઇમામ જઅફર સાદિક (અ.સ.)એ ખૈસમાથી ફરમાવ્યું :

'અમારાથી મોહબ્બત કરનારાઓને સલામ પહોંચાડો અને તેઓને ભલામણ કરો કે તેઓ અલ્લાહનો તકવો અપનાવે, અમીરો, ગરીબોની, શક્તિશાળી નિર્બળોની મદદ કરે, જીવતાઓ મરનારાના જનાઝામાં ભાગ લે અને ઘરો પર જઇ એક બીજાને મળે.'

મસઅલો (૩૦૦) : પડોશીઓનો હક, સગાવાળાના હક જેવો હોય છે, અર્થાત સગપણી સગાઓથી વધારે નિકટ અને આ હકમાં મુસલમાન પડોશી અને બિન-મુસ્લિમ પડોશી સરખા છે.

અંતિમ નબી (સ.અ.વ.)એ બિન-મુસ્લિમના માટે આ હક પૂરવાર કર્યો છે. જેમકે

મુસ્તદરકુલ વસાઇલ કિતાબુલ હજ (પ્રકરણ ૭૨)માં આપ (સ.અ.વ.)નો ઇરશાદે પાક છે:

'પડોશીઓ ત્રણ પ્રકારના હોય છે: કેટલાક પડોશીઓ એવા છે જેમના પર ત્રણ હકો હોય છે. ઇસ્લામનો હક, પડોશીનો હક અને સગા હોવાનો હક. કેટલાક એવા છે, જેના બે હક હોય છે, ઇસ્લામનો હક અને પડોશીનો હક, અને કેટલાક પડોશીએ હોય છે, જેનો એક જ હક હોય છે, તે કાફર છે, જેઓને પડોશીનો હક પ્રાપ્ત છે.' (મુસ્તદરક કિતાબુલ-હજબાબ-૭૨)

આપ (સ.અ.વ.)એ ફરમાવ્યું :

‘‘પોતાના પડોશીઓની સાથે સદ્દવર્તત દાખવો તો (ખરા) મોમિન બનશો.’’

અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અ.સ.)નું ફરમાન નહેજુલ બલાગહમાં લખેલું છે કે, આપ (અ.સ.)મે મલઉન ઇબ્ને મુલ્જિમનો વાર લાગવા પછી ઇમામ હસન (અ.સ.) અને ઇમામ હુસૈન (અ.સ.)ને પડોશીઓના સંબંધમાં વસિયત કરતા ફરમાવ્યું :

‘પોતાના પડોશીઓ સંબંધમાં અલ્લાહથી ડરતા રહો, કેમકે તેઓ વિશે આપણા નબી હઝરત મોહમ્મદ (સ.અ.વ.)એ બરાબર હિદાયત કરી છે અને આપ

(સ.અ.વ.) એટલી હદ સુધી તેઓ વિશે ભલામણ કરતા રહ્યા કે અમને લોકોને લાગ્યું કે નજીકમાં તેઓને વારસો પામનારાઓમાં શામિલ કરી દેશે.'

મુસ્તદરકુલ વસાઇલમાં ઇમામ જઅફર સાદિક (અ.સ.)નું ફરમાન આપેલું છે :

'જે શખ્સ પોતાના પડોશીને દુઃખ આપે તે મલઉન છે, મલઉન છે'

ઉપરાંત જામેઉસ્સઆદાતમાં આપનો ઇરશાદ આપેલ છે :

"એ શખ્સ અમારામાંથી નથી, જે પડોશીઓ સાથે સારો વર્તાવ ન રાખે." (જી-૨, પેજ-૨૬૮)

## સદ્‌વર્તન (હુસ્ને ખુલ્ક)

મસઅલો (૩૦૧) : મોમિનો અને નેક લોકોની નિશાની એ છે કે બંને જગતના સરદાર હઝરત મોહમ્મદ મુસ્તફા (સ.અ.વ.)ના નકશે કદમ પર ચાલે છે અને સદાચારી સદ્‌વર્તની હોય છે. એ મોમિનો અને નેકૂકારો વિશે ખુદ વિશ્વના પાલનહારનો ઈરશાદ છે :

‘‘બેશક આપ મહાન સદ્‌ગુણના (ખુલ્ક)ના ધણી છો.’’ (સૂરે અલ-કલમ, આ.૪)

જામેઉસ્સઆદાતમાં રસૂલ (સ.અ.વ.)નું ફરમાન છે :

‘‘કયામતના દિવસે સદ્‌વર્તનથી ઉત્તમ કોઇ અમલ, અમલના ત્રાજવામાં નહીં હોય.’’ (જી-૧, પેજ-૪૪૩)

જામઉસ્સઆદાત (જી-૨, પેજ-૩૩૧) ઉસૂલે કાફી (જી-૨, પેજ-૯૯) અને વસાએલુશ્શીઆ (જી-૧૫, પેજ-૧૯૮)માં આપ (સ.અ.વ.)ની એક પવિત્ર હદીસ છે :

રિવાયત છે કે આપ (સ.અ.વ.)ને પૂછવામાં આવ્યું :

'મોમિનોમાં સૌથી શ્રેષ્ઠ ઇમાન કોનું છે? આપ (સ.અ.વ.)એ ફરમાવ્યું : એનું ઇમાન શ્રેષ્ઠ છે જેના સદ્વર્તન સૌથી સારા છે.'

## પ્રતિજ્ઞા પાલન

મસઅલો (૩૦૨) : મોમિનો અને નેકૂકારોના ગુણધર્મોમાંથી એક એ છે કે તેઓ વાણી વર્તનમાં સાચા હોય અને વચન પાલન કરે. સૂરે મરિયમમાં અલ્લાહ તઆલા પોતાના નબી હઝરત ઇસ્માઇલ (અ.સ.)ની આ શબ્દોમાં પ્રશંસા ફરમાવે છે :

‘‘તેઓ વાયદાના સાચા હતા અને ખુદાના રસૂલ અને નબી છે.’’ (આ-૫૪)

ઉસૂલે કાફીમાં છે, રસૂલે અકરમ (સ.અ.વ.)એ ફરમાવ્યું :

‘‘જે શખ્સ ખુદા અને કયામતના દિવસ પર ઇમાન રાખતો હોય તેને જોઇએ કે જ્યારે કોઇથી વાયદો કરે તો તેને પૂરો કરે.’’ (જી-૨, પેજ-૩૬૩)

સાચું બોલવું અને વચન પાળવાનું મહત્ત્વ અહીંથી જ જાહેર થાય છે કે ઘણા બિન-મુસ્લિમો ઇસ્લામ વિશે પોતાનો ફેસલો અથવા મત મુસલમાનોનું ચલણ અને તેમના

ચારિત્ર્યને જોઇને જાહેર કરે છે. જેમકે એવા ઘણા મુસલમાન છે, જેમણે પોતાના પ્રશંસનીય ચારિત્ર્ય દ્વારા ઇસ્લામનો બિન-મુસ્લિમો સામે શ્રેષ્ઠ નમૂનો પેશ કર્યો અને એ લોકોની પણ ઉણપ નથી જેમણે પોતાના નીંદનીય ચારિત્ર્ય દ્વારા ઇસ્લામના નામને બદનામ કર્યું છે.

## દંપતી જીવન

મસઅલો (૩૦૩) : સુશીલ સ્ત્રીની ઓળખ એ છે કે તે પોતાના પતિને હેરાન ન કરે, તેની સાથે ખરાબ વર્તન ન કરે અને તેને તંગ ન કરે.

નેક પતિની ઓળખ એ છે કે તે પોતાની પત્નીને દુઃખ ન આપે, તેની સાથે ખરાબ વર્તન ન કરે અને તેને તંગ ન કરે.

આપણા નબી હઝરત મોહમ્મદ મુસ્તફા (સ.અ.વ.) એ ફરમાવ્યું :

‘જે પત્ની પોતાના પતિને દુઃખી કરે, જ્યા સુધી તે પોતાના ધણીની મદદ ન કરે અને તેને રાજી ન કરે, ખુદા ન તેની નમાઝને કબૂલ કરે છે ન તેની કોઇ બીજી નેકીને કબૂલ ફરમાવે છે. જો કે જીવનભર રોઝો રાખતી હોય, અને નમાઝો પઢતી રહે. ખુદાના માર્ગમાં ગુલામ આઝાદ કરે, ખુદાના માર્ગમાં ખર્ચ કરે. તો પણ સૌથી પહેલા તે જહન્નમમાં દાખલ થાશે.’

ત્યાર પછી આપ (સ.અ.વ.) એ ફરમાવ્યું :

'જો કોઇ પુરૂષ (અર્થાત પતિ) પોતાની પત્ની પર ઝુલ્મ કરે અને દુઃખ આપે તો તેના ગુનાહ અને સજા પણ એટલી જ થાશે.'

(આ મસઅલા વિશે વધારે વિગત વસાએલુશ્શીઆ અને અબ્દુલ હુસૈન દસ્તેગયબની કિતાબ ''ગુનાહે કબીરા''માં મૌજૂદ છે. મોમિનો અને મોમિનાઓ તેનો લાભ લઇ શકે છે.

મસઅલો (૩૦૪) : મુસલમાનોને એ હક પહોંચે. છે કે, તે બિન-મુસ્લિમોથી જાણકારી

લે અને તેઓને પોતાના દોસ્ત બનાવે તેઓ સાથે નિસ્વાર્થપણે વર્તે અને તેઓ પણ નિસ્વાર્થપણે વર્તે. પોતાના દુન્યવી પ્રશ્નો અને મુશ્કેલીઓમાં મુસલમાન પોતાના બિન-મુસ્લિમ દોસ્તોથી મદદ માંગે અને બિન-મુસ્લિમ પણ મુસલમાનથી મદદ માંગે.

જેમ કે અલ્લાહનું ફરમાન છે :

‘‘જે લોકોએ તમારાથી તમારા દીન વિશે લડાઇ નથી કરી અને તમને ન તેઓએ તમારા ઘરેથી કાઢયા છે, એ લોકો સાથે ભલાઇ કરવા અને તેઓ સાથે ન્યાયથી વર્તવાથી ખુદા તમને રોકતો નથી, બેશક ખુદા ન્યાય

કરવાવાળાઓને દોસ્ત રાખે છે.'' (સૂરે મુમ્તહેના, આ-૮)

આવા પ્રકારની દોસ્તી અને સંબંધોથી જો ભરપૂર લાભ ઉપાડવામાં આવે તો આ ચીજો એક બિન-મુસ્લિમ દોસ્ત, બિન-મુસ્લિમ પડોશી, બિન-મુસ્લિમ સાથી અને ભાગીદારને ઇસ્લામી કદરોથી પરિચિત અને પોતાના દીનના શરઇ ચાલચલણથી માહિતગાર કરવા માટે પૂરતું છે અને મુસલમાનોની આ વર્તણૂંક બિન-મુસ્લિમોને પહેલેથી વધારે આ પ્રકાશમાન દીનની નજીક લાવી શકે છે.

મુસ્તદરફુલ વસાઇલમાં લખેલું છે કે હઝરત મોહમ્મદ મુસ્તફા (સ.અ.વ.) એ

જનાબે અમીરૂલ મોઅમેનીન(અ.સ.)ને સંબોધી ફરમાવ્યું

‘‘અય અલી ! એમાં શંકા નથી કે જો ખુદા તમારા મારફત એક આદમીને પણ હિદાયત આપે તો એ તમારા માટે પશ્ચિમથી પૂર્વ સુધી પૂરી ધરતીથી વધારે બહેતર છે.’’ (જી-૧૨, પેજ -૨૪૧)

મસઅલો (૩૦૫) : યહૂદીઓ, ઇસાઇઓ અને બીજા એહલે કિતાબને, એવી રીતે એહલે કિતાબ સિવાય બીજા કાફરોને તેઓના તહેવારો પર મુબારકબાદ આપવી જાઇઝ છે, જેના તેઓ તહેવાર મનાવે છે. જેમકે ઇસ્વીસન

ની શરૂઆતની ઈદ, ક્રિસમસ અને ઈસ્ટરના તહેવાર.

## અમ્રબિલ મઅરૂફ અને નહી અનિલ મુન્કર

મસઅલો (૩૦૬) : અમ્રબિલ મઅરૂફ (નેકીનો આદેશ આપવો) અને નહી અનિલ મુન્કર (બૂરાઇથી રોકવું) એવી ઇબાદતો છે જે શરતો મોજૂદ હોય તો મુસલમાન પુરૂષ અને સ્ત્રી બંને પર વાજિબ છે.

સૂરે આલે ઇમરાનમાં અલ્લાહનો ઇરશાદ છે

‘‘અને તમારામાં એક સમૂહ એવા લોકોનો પણ હોવો જોઇએ જે લોકોને નેકીની

તરફ બોલાવે, સારા કામોની આજ્ઞા કરે, બૂરા કામોથી રોકે અને આવા લોકો જ આખેરતમાં મનની મુરાદો પામશે.'' (આયત -૧૦૪)

સૂરે તૌબા (આયત ૭૧)માં રબ્બુલ ઇઝઝતનું ઇરશાદ છે :

'અને ઇમાનદાર મર્દ અને ઔરતો, તેઓમાંથી કેટલાક, કેટલાકના સાથી છે, લોકોને સારા કામોની આજ્ઞા કરે છે અને બૂરા કામોથી રોકે છે.'

વસાએલુશ્શીઆમાં ફરમાન છે રસૂલે ખુદા (સ.અ.વ.) નું : જ્યાં સુધી મારી ઉમ્મતના લોકો અમ્રબિલ મઅરૂફ અને નહી

અનિલ મુન્કર અને નેકીમાં એક બીજાને સહકાર કરતા રહેશે તેઓ આફીયતથી રહેશે. અને જ્યારે એને તજી દેશ, તો આ બરકતો તેઓથી આંચકી લેવામાં આવશે અને અમુકને અમુક પર વર્ચસ્વ આપવામાં આવશે અને ન જમીન પર તેઓનો કોઇ મદદગાર હશે ન આસમાન પર.'' (જી-૧૬, પેજ નં.-૩૯૬)

વસાએલુશ્શીઆમાં છે કે, ઇમામ જઅફર સાદિક (અ.સ.)એ પોતાના પવિત્ર દાદા અને બંને જહાનના સરદાર હઝરત મોહમ્મદ મુસ્તફા (સ.અ.વ.)થી રિવાયત કરી છે કે આપ (સ.અ.વ.)એ ફરમાવ્યું : ''એ સમયે તમારી શી હાલત ગશે, જ્યારે તમારી

ઔરતો બગડી જાશે અને તમારા યુવાનો ગુનેહગાર થઇ જશે ? તમે અમ્રબિલ મઅરૂફ અને નહી અનિલ મુન્કર નહીં કરો. આપ (સ.અ.વ.)ને પૂછવામાં આવ્યું : યા રસૂલલ્લાહ ! શું આવું પણ થશે ? આપ (સ.અ.વ.) એ ફરમાવ્યું : આ તો કંઇ નથી, આથી પણ વધારે ખરાબ સમય આવશે. એ સમયે તમારી શું સ્થિતિ હશે, જ્યારે તમે બૂરાઇનો હુકમ આપશો અને નેકીઓથી રોકશો ? આપ (સ.અ.વ.) થી પૂછવામાં આવ્યું : ''યા રસૂલલ્લાહ ! શું આવું પણ બની શકે છે? આપ (સ.અ.વ.)એ ફરમાવ્યું : ''હા, બલ્કે આનાથી પણ બદતર હશે. એ સમયે તમારી શી હાલત થશે, જ્યારે

તમે નેકીને બૂરાઇની નજરે અને બૂરાઇને નેકીની દ્રષ્ટિએ જોશો.''

આ બંને મહત્વના ફરીજાઓની અગત્યતા અને તાકીદ એ સમયે વધી જાય છે, જ્યારે નેકીને તજવાવાળો અને બૂરાઇને આચરનાર વ્યક્તિ તમારા પોતાના કુટુંબમાં અથવા ઘરમાંથી હોય. કેટલીક વખત તમારા ઘરના સભ્યો કેટલાક વાજિબો તમારી સામે ધ્યાનમાં નથી લેતા. કેટલાકને તેઓ જુએ છે કે તેઓ સહી વુઝૂ નથી કરતા, પોતાના બદન અને વસ્ત્રોને વાજિબ રીતે પાક નથી કરતા. નમાઝમાં વાજિબ ઝિક્રોને સહી રીતે ઉચ્ચારતા નથી, પોતાના માલનું ખુમ્સ અને ઝકાત અદા

નથી કરતા અને કેટલાક ઘરવાળાઓને જોશે કે તેઓ કેટલાક હરામ કામો આચરે છે અને અનૈતિક હરકતો કરે છે.

જુગાર રમે છે, સંગીત સાંભળે છે, શરાબ પીએ છે, મુરદારનું ગોશ્ત ખાય છે, નાહક લોકોનો માલ ખાય છે, લોકોને ધોકો આપે છે અને મિલાવટ અને ચોરી જેવા કાર્યો અંજામ આપે છે.

ઘરની સ્ત્રીઓ શરઇ પર્દો નથી કરતી, માથાના વાળો ઢાંકતી નથી અને કેટલીક સ્ત્રીઓ વુઝૂ અને વાજિબ ગૂસ્લના વખતે પોતાના નખો પરથી પોલિસ સાફ નથી કરતી. કેટલાકને જોશો કે તેણી પતિ સિવાય બીજાઓ માટે

ખુશબૂ લગાડે છે અને કેટલીક સ્ત્રીઓ પોતાના કાકાના પૂત્ર, ફૂફી પુત્ર, ગામ પુત્ર, માસયાઇ ભાઇ, દીયર, જેઠ અને શોહરના દોસ્તોનો પર્દો નથી કરતી. તેઓની સામે પોતાના વાળ, બદન ઢાંકતી નથી અને દલીલમાં આ બચાવ રજૂ કરે છે કે આ લોકો એક કુટુંબ અથવા ઘરના છે. આ મારા ભાઇની જેમ છે, અથવા આ પ્રકારના બીજા અયોગ્ય બહાના રજુ કરે છે.

કેટલાક ઘરના સભ્યોને જૂઓ કે જૂઠ બોલે છે, લોકોની ગીબત કરે છે, બીજાઓના હક મારે છે, અને ઝુલ્મ કરે છે, ખોટા ખર્ચાઓ કરે છે, ઝાલિમોને સાથ આપે છે, અને પોતાના પડોશીઓને પોતાના વર્તનથી દુઃખ આપે છે.

જ્યારે પણ આવા શરીઅત વિરૂધ્ધના કૃત્યો જોવામાં આવે તો નેકીનો હુકમ કરો, અને બૂરાઇથી રોકો. આ મહત્વની ફરજને એ રીતે અદા થઇ શકે છે, કે પ્રથમ આપ બૂરાઇથી દિલી નફરત કરો અને બીજા પ્રસંગે જીભથી તિરસ્કાર વ્યક્ત કરો. ત્રીજા સમયે બૂરાઇથી રોકવા માટે સક્રીય પગલા ભરો અને તેમાં પણ હળવા પ્રયોગથી આરંભ કરો અને જરૂરત પડે તો સખ્ત પગલાં ભરો (અલ ફતાવા અલ મયસરા આકાઇ સીસ્તાની)

ઘરના સભ્યોમાંથી કોઇ શરઇ હુકમો અને મસઅલાઓથી અજાણ હોય તો તેમને

હુકમો શીખવાડવા જરૂરી છે અને તેની પાબંદી કરવા પર તેઓને તૈયાર કરો.

## નમ્રતા

મસઅલો (૩૦૭) : બધા લોકો સાથે નમ્રતાથી વર્તવું, શરીઅતની મુસ્તહબ બાબતોમાંથી છે, જેની દીને ઇસસ્લામમાં ઘણી તાકીદ કરવામાં આવી છે અને ઉત્તેજન આપવામાં આવ્યું છે.

વસાએલુશ્શીઆમાં આપેલું છે કે સરકારે દોઆલમ મોહમ્મદ (સ.અ.વ.) એ ફરમાવ્યું :

‘‘મારા રબે મને બધા લોકોથી એ રીતે જ નમ્રતાથી વર્તવાનો હુકમ આપ્યો છે, જેવો

વાજિબ કામો બજાવી લાવવાનો હુકમ આપ્યો છે.'' (જી-૧૨, પેજ-૨૦૦)

ઉપરાંત આપ (સ.અ.વ.)નો ઇરશાદ છે : ત્રણ ઇબાદતો એવી છે કે, જે શખ્સમાં ન હોય, તેનો કોઇ અમલ સંપૂર્ણ નથી, એક ખુદાનો ડર, જે તેને અલ્લાહના ગુનાહોથી બચાવી રાખે, એવા સંસ્કાર જેનાથી તે લોકો સાથે નમ્રતાથી વર્તે, એવું ઇલ્મ જેના વડે તે અજ્ઞાનોની અજ્ઞાનતાનો જવાબ આપે.''

નમ્રતાનો હુકમ માત્ર મુસલમાનો માટે નથી. આ વિશે અમીરૂલ મોઅમેનીન અલી (અ.સ.)થી રિવાયત છે કે એક વખત આપ

(અ.સ.) કૂફાના રસ્તે એક બિન-મુસ્લિમ શખ્સના સહપ્રવાસી બન્યા.

જ્યારે આ બિન-મુસ્લિમ શખ્સ એ સ્થળે પહોંચ્યો, જ્યાં તેનો રસ્તો આપ (અ.સ.)ના રસ્તાથી જુદો પડતો હતો, તો થોડે દૂર સુધી અમીરૂલ મોમેનીન (અ.સ.) એ બિન -મુસ્લિમની સાથે ચાલતા રહ્યા, જેથી તેનાથી વિખૂટા પડવા પહેલા તેને વિદાય કરવાની શરઇ હુજ્જત પૂરી થઇ જાય.

જ્યારે એ બિન-મુસ્લિમ સહ પ્રવાસીએ અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ને પોતાનો માર્ગ મૂકી આ બિન-મુસ્લિમની સાથે ચાલવાનું કારણ પૂછયું, તો આપ (અ.સ.) એ ફરમાવ્યું

: ‘‘સંપૂર્ણ પ્રવાસસાથ એ છે કે, જે સહપ્રવાસીથી તમારો માર્ગ જુદો પડે, થોડીવાર માટે તેની સાથે ચાલતા રહો અને આ અમારા નબીનો હુકમ છે.’’

આ બિન-મુસ્લિમ શખ્સ ઇસ્લામી તાલીમથી એટલો પ્રભાવિત થયો કે, મુસલમાન થઇ ગયો.

હઝરત અલી (અ.સ.)ના ન્યાયનો એક ઉચ્ચ દ્રષ્ટાંત એ છે કે, જેને શોઅબીએ એક બિન-મુસ્લિમ સાથે યોગ્ય વર્તવાનો ઉલ્લેખ કર્યો છે.

શબઇ કહે છે, એક વખત જનાબે અમીરૂલ મોઅમેનીન (અ.સ.) બજારમાં ગયા, જ્યાં આપ (અ.સ.)એ એક નસરાની (ઇસાઇ)ને જોયો, જે એક બખ્તર વેચી રહ્યો હતો. શબઇ કહે છે, જનાબે અલી (અ.સ.)એ પોતાનુ બખ્તર ઓળખી કાઢયુ અને ફરમાવ્યું : આ બખ્તર મારૂ છે અને આપણી વચ્ચે આ વાતનો ફેંસલો મુસલમાનોનો કાજી કરશે. શબઇ કહે છે, એ વખતે મુસલમાનોનો કાજી શુરૈયહ હતો. હઝરત અલી (અ.સ.)એ શુરૈયહને પોતાનો કાજી માની લીધો. અને ફેસલાની માંગણી કરી. શુરૈયહ કહ્યું : ''આ અમીરૂલ મોઅમેની (અ.સ.) આપ શું ફરમાવો છો?''

આપ (અ.સ.)એ ફરમાવ્યું : આ બખ્તર મારૂ છે, જે એક અરસા પહેલા મારી પાસેથી ખોવાઇ ગયુ હતુ.

શુરૈયહ નસરાનથી કહ્યું : ''તું શું કહે છે?''

નસરાનીએ કહ્યું : ''હું અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ને તો જૂઠો નહીં કહું, અલબત્તા આ બખ્તર મારૂ છે.''

શુરૈયહ કહ્યું : ''હું નથી સમજતો કે આ બખ્તર નસરાનીના હાથમાંથી નીકળી શકે, શું અમીરૂલ મોઅમેનીન (અ.સ.) પાસે કોઇ ગવાહ છે?''

આપ (અ.સ.) એ ફરમાવ્યું : ‘‘શુરૈયહ સાચું કહે છે.’’

શબઇ કહે છે કે નસરાની કહેવા લાગ્યો :

‘‘હું ગવાહી આપું છું કે આ હુકમો નબીઓના છે કે, અમીરૂલ મોઅમેનીન (અ.સ.) ! ખુદાની કસમ આ બખ્તર આપની જ છે. મેં લશ્કરમાંથી નીકળી આપનો પીછો કર્યો હતો અને એ જ દરમિયતાન આપના ઊંટ પરથી પડી ગયુ હતુ, જેને મેં ઉપાડી લીધુ હતુ.

હું ગવાહી આપું છું કે ખુદા સિવાય કોઇ ઇબાદતને લાયક નથી અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અલ્લાહના રસૂલ છે.''

અલી (અ.સ.) એ ફરમાવ્યું : ''હવે જ્યારે તું ઇસ્લામ લઇ આવ્યો છો તો આ બખ્તર તારૂ છે.''

ત્યારપછી આપ (અ.સ.)એ નસરાનીને અસીલ ઘોડા પર સવાર કર્યો.

શબઇ કહે છે કે, મેં મારી સગી આંખે આ નસરાનીને મુશ્રિકો સાથે જેહાદ કરતા જોયો : રિવાયતમાં છે કે :

'એક વખત એક વૃદ્ધ આંધળો લોકોથી માંગતો પસાર થયો, તો અમીરૂલ મોઅમેનીન (અ.સ.) એ ફરમાવ્યું : ''આ હું શું જોઇ રહ્યો છું?'

લોકો એ કહ્યું : અમીરૂલ મોઅમેનીન આ એક નસરાની છે આપ (અ.સ.)એ ફરમાવ્યું : તમે તેઓથી બરાબર કામ લ્યો છો અને જ્યારે તેઓ બુઢા થઇ જાય છે અને કામ કરવાથી લાચાર થઇ જાય છે તો તેઓને વંચિત રાખો છો. બૈતુલ માલમાંથી તેમના પર ખર્ચ કરો (અર્થાત તેના ખર્ચાઓ બયતુલ માલમાંથી આપવામાં આવે) (અત્તહઝીબ, જી-૨, પે.૩૨૯)

વસાએલુશ્શીઆમાં ઇમામ જઅફર સાદિક (અ.સ.)નું ફરમાન નોંધાએલ છે કે આપ (અ.સ.) એ ફરમાવ્યું :

“જો તમારી સાથે બેસનારો યહૂદી હોય તો તેની સાથે પણ સદ્વર્તન કરો.

મસઅલો (૩૦૮) : લોકોમાં સુલહ કરાવવી અને તેઓને એક બીજાની નિકટ લાવવા અને વિરોધનું અંતર ઓછું કરવામાં ઘણો બધો સવાબ છે. જો સામાન્ય સંજોગોમાં આ અમલનો અજર અને સવાબ વધારે હોય તો પરદેશમાં સમાધાન કરાવવાનો સવાબ કેટલો વધારે હશેઃ જ્યાં ઇન્સાન પોતાનું ઘરબાર,

કુટુંબના સભ્યો, ભાઇબંધો અને દીની જાણકારીઓથી દૂર રહે છે.

નહેજુલ બલાગાહમાં આપેલું છે કે, જનાબે અમીરૂલ મોઅમેનીન હઝરત ઇમામ અલી (અ.સ.) પોતાની શહાદતના થોડા સમય પહેલાં ઇમામ હસન (અ.સ.) અને ઇમામ હુસૈન (અ.સ.)ને ઘણી વસિયતો કરી, જેમાં અલ્લાહનો તકવો, વહીવટ વ્યવસ્થા અને સમાધાન શામિલ છે. આપ (અ.સ.) ફરમાવે છે :

‘હું તમને પોતાની ઔલાદને, પોતાના કુટુંબને અને જે લોકો સુધી મારો આ પૈગામ

પહોંચે, બધાને વસિયત કરૂં છું કે, અલ્લાહથી ડરતા રહો, પોતાના મામલાઓ ઠીક અને આપસના સંબંધો જોડી રાખજો, કેમકે મેં તમારા નાના રસૂલલ્લાહ (સ.અ.વ.)ને ફરમાવતા સાંભળ્યા છે કે આપસના કલેશો મિટાવવા, સામાન્ય નમાઝો રોઝાઓથી શ્રેષ્ઠ છે.'

મસઅલો (૩૦૯) : બીજાઓને નસીહત કરવી અને મોમિન ભાઇઓને મળનારી નેઅમતો બાકી રહેવાનો ઇરાદો કરવો અને તેઓને કોઇ કષ્ટ અથવા કોઇ પ્રકારનું દુ:ખ પહોંચે તો અણગમો દિલગીરી દર્શાવવી અને તેઓને એવા કામો તરફ દોરી જવા, જેમાં તેઓની ભલાઇ,

નેકી અને લાભ હોય, ખુદાની નજીક પસંદ થએલા આમાલોમાંથી છે.

નસીહત અને તેના માટે પ્રેત્સાહિત કરનારી ઘણી રિવાયતો છે.

રસૂલે પાક (સ.અ.વ.)ની રિવાયતોમાંથી એક રિવાયત આ છે, જેમાં આપ (સ.અ.વ.) એ ફરમાવ્યું :

‘‘કયામતના દિવસે ખુદાની નજીક સૌથી મહાન સ્થાન એ શખ્સનું હશે, જે ધરતીના પટ પર લોકો સાથે સૌથી વધારે ભલાઇ કરતો રહ્યો હોય.’’ (ઉસૂલે કાફી, જી-૨, પેજ-૨૦૮)

ઉસૂલે કાફીમાં જ ઇમામ મોહમ્મદ બાકિર (અ.સ.)થી રિવાયત છે કે, રસૂલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું :

'દરેક શખ્સને જોઇએ કે, પોતાના મોમિન ભાઇને માટે એવી રીતે ભલાઇ કરે, જેવી રીતે સ્વયંના માટે ભલાઇ ઇચ્છે છે.'

ઉપરાંત આપ (અ.સ.) એ ફરમાવ્યું :

''દરેક મોઅમિનની બીજા મોઅમિન પર ફરજ છે કે તે હાજરીમાં અને ગેરહાજરીમાં પણ તેની ભલાઇ ચાહે.

ઉપરાંત ઉસૂલે કાફીમાં આ પણ આપ (અ.સ.)નું ફરમાન છે :

''તમારી ફરજ છે કે તમે અલ્લાહની મખ્લૂકમાં શ્રેષ્ઠ આમાલની નસીહત કરો, કેમકે અલ્લાહની બારગાહમાં પેશ કરવા માટે આનાથી વધીને કોઇ અમલ નથી.'' (જી-૨, પેજ નં.-૧૬૪)

મસઅલો (૩૧૦) : શરીઅતે ઇસ્લામમાં જાસૂસી કરવી, મુસલમાનોની ગુપ્ત બાબતો જાણવાની કોશિશ કરવી અને તેઓની એ બાબતોને ઉઘાડી પાડવી, જેમને તેઓએ છુપાવી રાખેલ છે, હરામ ગણવામાં આવે છે.

સૂરે અલ હુજરાતમાં અલ્લાહનું ફરમાન છે : ''અય ઇમાનદારો ! ઘણી કુશંકાઓથી બચતા રહો, કેમકે કેટલીક કુશંકા ગુનાહ છે

અને આપસમાં એક બીજાની ખોજમાં ન રહ્યા કરો.'' (આ-૧૨)

વસાએલુશ્શીઆમાં લખેલું છે કે ઇમામ જઅફર સાદિક (અ.સ.)ના સહાબી ઇસ્હાક બિન અમ્માર કહે છે, મેં ઇમામ (અ.સ.)ને એમ કહેતા સાંભળ્યા છે કે જનાબ સરકારે દોઆલમ હઝરત મોહમ્મદ મુસ્તફા (સ.અ.વ.) એ ફરમાવ્યું : ''અય મુસલમાનોના એ સમૂહ ! જેઓ જીભથી તો ઇમાન લાવ્યા છે, પરંતુ શુદ્ધ ઇમાન તેઓના અંતરમાં પ્રવેશ્યું નથી. મુસલમાનોની નીંદા ન કરો અને તેમની છુપી વાતો શોધતા ન ફરો, એટલા માટે કે જે શખ્સ લોકોની ગુપ્ત બાબતોની ખોજમાં રહેશે ખુદા

તેઓની ગુપ્ત વાતોની ખોજમાં રહેશે અને ખુદા જેઓની ગુપ્તતાની ખોજમાં રહે, તેને હડધૂત કરી દેશે, પછી તે તેના ઘરમાં જ કેમ ન હોય.'' (જી-૧૨, પેજ-૨૭૫) (મિન્હાજુસ્સાલેહીન જી-૧, પેજ-૧૭, આકાએ સીસ્તાની)

## ગીબત

મસઅલો (૩૧૧) : ગીબત શું છે? ગીબત કોઇ મોમિનની ગેરહાજરીમાં તેના એબ બયાન કરવાને કહે છે. આ એબ શોધવા ચાહે ખોડ કાઢવાની નિય્યતથી હોય કે ન હોય, આ ખોડ શારીરિક, વંશીક, નૈતિક, કથન સંબંધે, કાર્ય વિશે, દીન વિશે, દુનિયા વિશે અથવા એ સિવાય કંઇ પણ હોય, જે લોકોથી છુપા હોય.

એ વાતથી કોઇ ફરક નથી પડતો કે, જીભથી કુથલી કરવામાં આવે અથવા કોઇ એવું કામ કરવામાં આવે જે કોઇની ખોડ જાહેર કરતું હોય. અલ્લાહ તબારક વ તઆલા કલામે પાકમાં આ વાતની મઝિમ્મત કરે છે અને ગીબત કરવાવાળાઓ વિશે એ કંઇ કહેવામાં આવ્યું છે કે ઇન્સાનની રૂહ કંપી ઉઠે.

સૂરે અલ હુજરાતમાં અલ્લાહ તઆલાનું ઇરશાદ છે :

‘અને ન તમારામાંથી કોઇ એક બીજાની ગીબત કરે, શું તમારામાંથી કોઇએ વાતને પસંદ કરશે કે તે પોતાના મરેલા ભાઇનું ગોશ્ત ખાય ? તમે તેનાથી જરૂર તિરસ્કાર કરશો.’

બન્ને જગતના સરકાર હઝરત મોહમ્મદ (સ.અ.વ.)નું પવિત્ર ફરમાન છે : ‘‘ગીબતથી બચતા રહો, કેમકે ગીબત વ્યભિચારથી પણ મોટો ગુનાહ છે. એટલા માટે કે ઇન્સાન વ્યભિચાર કરે અને તેના પછી તૌબા કરે, તો ખુદા તેની તૌબા કબૂલ કરી લે છે, પરંતુ જે શખ્સ ગીબત કરે છે, ખુદા તેને ત્યાં સુધી નથી બક્ષતો, જ્યાં સુધી એ આદમી ન માફ કરે, જેની ગીબત કરવામાં આવી છે. (જામેઉસ્સઆદાત, જી-૨, પેજ-૩૦૨)

આકાએ સીસ્તાની ફરમાવે છે કે,

‘‘મોઅમિનને એ શોભતું નથી કે તે પોતાના મોમિન ભાઇની ગીબત સાંભળતો રહે,

બલ્કે હુઝૂર પુરનૂર હઝરત મોહમ્મદ મુસ્તુફા (સ.અ.વ.) અને ઇમામો (અ.મુ.સ.)ની રિવાયતોથી એ જાહેર થાય છે કે જે શખ્સ કોઇની ગીબત સાંભળે, તેની ફરજ છે કે, ગીબત જેની થઇ રહી છે તેની મદદ કરે અને ગીબત કરવાથી રોકે અને ટોકે. જો એ શખ્સ ન રોકે તો ખુદા તેને આ જગત અને આખેરતમાં રૂસ્વા કરી દે છે. અને ગીબત સાંભળનારના ગુનાહ એટલાજ છે, જેટલા ગીબત કરવાવાળાના છે.'' (મિન્હાજુસ્સાલેહીન, જી-૧, પેજ-૧૭)

મસઅલો (૩૧૨) : જ્યારે પણ ગીબતની વાત નિકળે છે સામાન્ય રીતે મોમિનના

દિમાગમાં એક અન્ય શબ્દ પ્રયોગ આવે છે જેને ઇસ્લામે હરામ ઠરાવ્યો છે. અને એ કાર્યમાં સંડોવાનારાની ટીકા કરી છે, જેથી સમાજને વિખેરાવા અને વેરણ છેરણ થવાથી બચાવી શકાય અને તે શબ્દ પ્રયોગ ચુગલખોરી (ચાડી) છે, દાખલા તરીકે કોઇ શખ્સને એમ કહેવામાં આવે કે ફલાણા માણસે તમારા વિશે આ વાત કરી છે અને બંનેના પરસ્પર સંબંધોમાં આડ નાખી દે અથવા અણબનાવને વધુ વધારે. એટલે પયગંબરે ખુદા હુઝૂર નબી અકરમ (સ.અ.વ.)એ ફરમાવ્યું :

‘‘તમને બતાવું ? તમારામાંથી સૌથી ખરાબ શખ્સ કોણ છે? લોકોએ કહ્યું : ‘‘જી,

હુઝૂર ! ફરમાવો.'' આપ (સ.અ.વ.) એ ફરમાવ્યું : ''જે લોકોમાં ચુગલખોરી કરતો ફરે છે. અને મિત્રોમાં વેરભાવ નાખે છે.'' (જી-૨, પેજ-૨૭૬)

ઉસૂલે કાફીમાં ઇમામ મોહમ્મદ બાકિર (અ.સ.)નું ફરમાન આપેલું છે, આપ (અ.સ.) એ ફરમાવ્યું :

''ગીબત કરવાવાળાઓ અને ચાડી ખાનારાઓ પર જન્નત હરામ છે.'' (જી-૨, પેજ-૩૬૯)

ઉપરાંત આપ (અ.સ.)નું ફરમાન છે :

‘‘અલ્લાહ ખૂનરેજી કરવાવાળાઓ, શરાબ બનાવવાવાળાઓ અને ચુગલખોરી કરવાવાળાઓને જન્નતમાં દાખલ નહીં ફરમાવે.’’ (સવાબુલ આમાલ, એકાબુલ આમાલ, સદૂક કૃત, પેજ-૨૬૨)

## બદગુમાની (કુશંકા)

મસઅલો (૩૧૩) : અલ્લાહ તઆલાએ બદગુમાનીની મના ફરમાવી છે. ખુદા તઆલાનો ઈરશાદ છે :

‘‘અય ઈમાનવાળાઓ ! ઘણા ગુમાનોથી બચો કેમકે કેટલાક ગુમાનો ગુનાહ છે.’’ (સૂરે અલ હુજરાત, આ-૧૨)

આ મુબારક આયતની રૂએ કોઇ મોમિન માટે એ જાએઝ નથી કે તે કોઇ સ્પષ્ટ દલીલ વગર પોતાના ભાઇ અને મોમિન ભાઇ વિશે બદગુમાન રહે.

દિલની વાતોને ખુદા સિવાય કોઇ નથી જાણતું, જ્યારે મોમિન ભાઇના કોઇ અમલને સારો ગણવાની શકયતા હોય, તો તેને સારો ગણવો જોઇએ, સિવાય કે તેની વિરૂધ્ધ કોઇ પૂરાવો મળી જાય.

વસાએલુશ્શીઆમાં જનાબે અમીરૂલ મોઅમેનીન અલી (અ.સ.)નું ફરમાન આપેલું છે

‘પોતાના મોમિન ભાઇના અમલને (સદા) સારી બાજુએ જુઓ, પણ એ કે કોઇ તેની વિરૂધ દલીલ મળી જાય પોતાના મોમિન ભાઇના મોંથી નિકળેલા શબ્દથી કોઇ બૂરાઇનો સંદેહ ન કરો જ્યાં સુધી તેને કોઇ ખરા અર્થ - સારી બાજુ ઘટાડવું શકય હોય.’

## ઉડાવપણું

મસઅલો (૩૧૪) : ઇસરાફ અને ખોટા ખર્ચા આ બંને એવા કાર્યો છે જેના વિશે ખુદ અલ્લાહ તઆલાએ મઝિમ્મત કરી છે :

જેમકે સૂરે અઅરાફમાં અલ્લાહનું ફરમાન છે :

‘‘અને ખાઓ, પીઓ અને ખોટા ખર્ચાઓ ન કરો, કેમકે ખુદા ખોટા ખર્ચા કરવાવાળાઓને દોસ્ત નથી રાખતો.’’ (આ-૩૧)

કુરઆને મજીદે ફુઝૂલ ખર્ચીની ટીકા કરતા ઇરશાદ ફરમાવ્યું છે :

‘‘નકામા ખર્ચા કરનારાઓ ખરેખર શૈતાનોના ભાઇ છે અને શૈતાન, પોતાના પાલનહારનો મોટો નાશુક્રી કરવાવાળો છે.’’ (સૂરે ઇસ્રા, આયત -૨૭)

નહેજુલ બલાગાહમાં જનાબે અમીરૂલ મોઅમેનીન (અ.સ.)નો વ્યર્થ ખર્ચાની નિંદા

કરતો ઝિયાદના નામે એક પત્ર નોંધાએલો છે, જેમાં આપ (અ.સ.)એ ફરમાવ્યું :

‘‘મધ્યમ ચાલ અપનાવો અને વ્યર્થખર્ચાઓ તજી દો. આજના દિવસે આવતી કાલને ભૂલી ન જાઓ, માત્ર જરૂરત પૂરતો માલ રોકી મોહતાજીના દિવસો માટે આગળ વધારો. શું તમે એ આશા રાખી બેઠા છો કે તમને વિવેક અને નમ્રતા કરવાવાળો બદલો મળશે ? જ્યારે કે તમે તેની પાસે અભિમાનીઓમાં છો અને એ લાલચ રાખો છો કે તે ખૈરાત કરવાવાળાઓનો સવાબ તમારા માટે નક્કી કરશે, જ્યારે કે તમે વિલાસમાં રચ્યાં પચ્યાં રહો છો? અને નિરાધારો અને વિધવાઓને

વંચિત કરી રાખ્યા છે. ઇન્સાન પોતાનાજ કર્યા ભોગવે છે અને જે આગળ મોકલી ચૂકયા છે તેને જ આગળ જતા પામશે.''

## ખુદાના માર્ગમાં દાન

મસઅલો (૩૧૫) : સૂરે ફાતિરમાં અલ્લાહ તઆલા ઇરશાદ ફરમાવે છે :

''નિ:શંક ! જે લોકો ખુદાની કિતાબ પઢયા કરે છે અને સમયસર નમાઝ પઢે છે અને જે કંઇ અમે તેમને આપ્યું છે, તેમાંથી છુપાવીને અને દેખાડીને ખુદાની રાહમાં આપે છે. તે એવા વેપારીનો આશરો રાખે છે, જે કદી દીવાળું નહીં ફૂંકે, જેથી ખુદા તેઓને તેઓની

નેકીનો પૂરેપૂરો બદલો આપશે બલ્કે પોતાના ઉદારતા અને મહેરબાનીથી એથી વધીને આપશે. નિઃશંક તે મોટો માફ કરવાવાળો અને મોટો કદરદાન છે.’’ (આયત ૨૯-૩૦)

સૂરે અલ-હદીદમાં અલ્લાહ તઆલાનું ઇરશાદ છે :

‘‘કોણ એવો છે જે ખુદાને કર્ઝેહસના આપે, તો ખુદા તેના માટે (બદલો) અનેક ગણો કરી દેશે. અને તેના માટે માનભર્યુ વળતર (જન્નત) જ છે. જે દિવસે તમે મોમિન પુરૂષ અને મોઅમેના સ્ત્રીઓને જોશો કે તેઓનું નૂર તેઓની આગળ આગળ અને જમણી બાજુ ચાલી રહ્યું હશે, તો તેમને કહેવામાં આવશે

તમને મૂબારક થાય કે, આજ તમારા માટે એ બાગ છે જેના નીચે નહેરો વહી રહી છે, તેમાં સદાકાળ રહેશો, આજ તો મોટી સફળતા છે'' (આયત ૧૧-૧૨)

સૂરે અલ મુનાફેકૂનમાં અલ્લાહ તઆલાનો ઇરશાદ છે :

''અને અમે જે કંઇ તમને આપ્યું છે, તેમાંથી (ખુદાના માર્ગમાં) ખર્ચી નાખો, એ પહેલા કે તમારામાંથી કોઇનું મૃત્યુ થઇ જાય. તો (એનો વારો ન આવે કે) કહેવા લાગે કે, અય પાલનહાર ! તેં મને થોડી મોહલત વધારે કેમ ન આપી, જેથી હું ખેરાત કરત અને નેકૂકારોમાંથી થઇ જાત અને જ્યારે કોઇની મોત આવી જાય

છે તો ખુદા તેને કદાપિ મોહલત નથી આપતો અને તમે જે કંઇ કરો છો, ખુદા તેનાથી જાણકાર છે.'' (આયત ૧૦-૧૧)

જે લોકો ધન પર ધન ભેગું કરે છે અને સંગ્રહખોરી કરે છે અને ખુદાની રાહમાં ખર્ચ નથી કરતા, એવા લોકોના વિશે કુરઆને હકીમની સૂરે તૌબા (આ ૩૪-૩૫)-માં મહાપવિત્ર ખુદા અત્યંત ભયજનક શબ્દોમાં ફરમાવે છે, અલ્લાહનું કથન છે :

'અને જે લોકો સોનું રૂપું ભેગું કરતા જાય છે અને તેને ખુદાના માર્ગમાં ખર્ચ નથી કરતા તો (અય રસૂલ !) તેઓને દર્દનાક અઝાબની ખુશખબરી સંભળાવી દયો. જે

દિવસે તે (સોનું રૂપું) જહન્નમની આગમાં ગરમ (લાલ) કરવામાં આવશે, પછી તેના વડે તેઓના કપાળો અને તેઓના પડખાઓ અને તેઓની પીઠો ડામવામાં આવશે અને તેઓને કહેવામાં આવશે, આ એ છે જેને તમે પોતા માટે (દુનિયામાં) ભેગું કરી રાખ્યું હતું તો (હવે) પોતાના ભેગા કરેલાનો સ્વાદ ચાખો.'

અમીરૂલ મોઅમેનીન (અ.સ.)એ ઇસ્લામના મહાન ઉસૂલોને સાક્ષાત કરી રજૂ કર્યા. અને આ નાશવંત દુનિયાથી દૂર થઇ જવા અને તેની ચમક દમકથી પાલવ બચાવી, તે સમયે પોતાના હાથમાં મૌજૂદ દરેક ચીજને ખુદાની રાહમાં ખર્ચી નાખી, જ્યારે

મુસલમાનોનો બૈતુલ માલ આપના અધિકારમાં હતો. આપ (અ.સ.)એ પોતાની સ્થિતિ અને વિચારધારાને આ શબ્દોમાં નહેજુલ બલાગાહમાં બયાન ફરમાવે છે:

"જો હું ઇચ્છત તો સ્વચ્છ અને સાફ મધ, ઉચ્ચ પ્રકારના ઘઉં અને રેશમના બનેલા કપડાઓ માટે સવગડ કરી શકતો હતો, પણ એવું ક્યાં થઇ શકે છે કે, ઇચ્છાઓ મને ઘેરી લે અને લાલચ મને ઉમદા ઉમદા ભોજનો આરોગવાની દાવત આપે, જ્યારે કે હિજાઝ અને યમામામાં કદાચ એવા લોકો હોય જેઓને એક રોટલી પણ મળવાની આશા ન હોય, તેઓને પેટ ભરીને કદી ખાવાનું નસીબ ન થયું

હોય, શું પેટ ભરીને પડયો રહૂં ? જ્યારે કે મારી આસપાસ ભૂખ્યા પેટે તરસ્યા કાળજે તડપતા હોય અથવા હું એવો થઇ જાઉં, જેવું કહેવાવાળાએ કહ્યું છે :

તમારી બીમારી શું આ ઓછી છે કે તમે પેટ ભરીને લાંબી તાણીને સૂઇ જાઓ અને તમારા ફરતા કેટલાક એવા કાળજા હોય જે સૂકા ચામડા માટે તડપતા હોય.''

બંને જહાનના સરદાર હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને માસૂમીન ઇમામો (અ.મુ.સ.)ની હદીસોમાં આ અસરો અને ફાયદાઓની સ્પષ્ટતા કરવામાં આવી છે, જે કયામતના દિવસે જે મહાન બદલાની આશા

છે, તેના પહેલા આ દુનિયામાં ખુદાની રાહમાં ખર્ચ કરવાથી મળે છે.

‘કયામતના દિવસે કોઇ માલ કામમાં નહીં આવે અને ન કોઇની ઔલાદ’

‘ખુદાની રાહમાં દાન કરનારને આ જ દુનિયામાં જે મળે છે, તેમાંથી એક રોઝી છે.’

વિશ્વના સરદાર મોહમ્મદ મુસ્તફા (સ.અ.વ.)એ ફરમાવ્યું :

‘‘સદકો આપી રોઝી માગો’’ (અલ-બેહાર જી-૧૯ પે-૧૧૮)

ખુદાના માર્ગમાં ખર્ચ કરવાનો એક લાભ એ પણ છે કે, તમે તમારી બીમારીનો ઇલાજ

પામી શકો. જેમકે રસૂલે ખુદા (સ.અ.વ.)થી રિવાયત છે કે આપ (સ.અ.વ.)એ ફરમાવ્યું :

“સદકા વડે પોતાના રોગીઓનો ઇલાજ કર્યા કરો.” (કુર્બુલ અસ્નાદ અલ હમીરી પે-૭૪)

સદકા અને દાનનો એક અગત્યનો લાભ લાંબુ આયુષ્ય અને બૂરી મોતને ટાળવી છે. ઇમામ બાકિર (અ.સ.)થી રિવાયત છે કે આપ (અ.સ.) એ ફરમાવ્યું :

‘નેકી અને સદકો નિર્ધનતા અને ફકીરીને દૂર કરે છે, વયને વધારે છે અને નેકી

કરવાવાળા અને સદકા દેવાવાળાથી સિત્તેર (૭૦) બૂરી મોતને દૂર કરે છે.'

ખુદાના માર્ગમાં ખર્ચ કરવાના ફાયદાઓ વિશે વસાએલુશ્શીઆમાં લખેલું છે કે, દાનના ફાયદાઓમાંથી એક બરકત અને કરજનું અદા થઇ જવું છે. જેમકે ઇમામ જઅફર સાદિક (અ.સ.) ફરમાવે છે :

''સદકો કરજ ચૂકવી આપે છે અને બરકત મૂકી જાય છે.'' (જી-૨, પેજ-૨૫૫)

ઉપરાંત વસાએલુશ્શીઆમાં ઇમામ જઅફર સાદિક (અ.સ.)નું ફરમાન છે :

‘‘જે શખ્સ આ દુનિયામાં સારી રીતે સદકો આપે છે, અલ્લાહ તઆલા તેના પછી તેના સંતાનોને સારા વારસદાર બનાવે છે.’’ (જી-૧૯, પેજ-૧૧૮)

સવાબુલ આમાલ અને એકાબુલ આમાલ સદૂક કૃતમાં ઇમામ મોહમ્મદ બાકિર (અ.સ.)નું ફરમાન આપેલું છે:

‘‘એક મુસલમાન કુટુંબની સરપરસ્તી અને ગરીબનવાઝી ભૂખ્યા ઇન્સાનને પેટ ભરી ખવરાવવું, નવવસ્ત્રાને વસ્ત્રો પહેરાવવા અને મુસલમાનોની આબરૂ બચાવવી મને સિત્તેર (૭૦) હજોથી વધારે પસંદ છે.’’ (પેજ-૧૭૨)

મસઅલો (૩૧૬) : રસૂલેખુદા (સ.અ.વ.)ના એ ફરમાન વિશે ઇબ્ને અબ્બાસની આ રિવાયત લખેલી છે કે આપ (સ.અ.વ.) એ ફરમાવ્યું કે ''સદ્ધર લોકોએ પોતાના બાલ બચ્ચાઓ માટે ભેટો લઇ જવા અને તેઓને ખુશ કરવા તરફ દાવત આપી અને તેઓને આ અમલ પર પ્રોત્સાહન આપે છે. આપ (સ.અ.વ.)એ ફરમાવ્યું :

'જે શખ્સ બજાર જાય અને ત્યાંથી કોઇ ભેટ ખરીદે અને પોતાના બાલ બચ્ચાઓને લાવીને આપે. આ એવું છે, જાણે એક મોહતાજ અને જરૂરતમંદ કોમને કોઇ સોગાત લાવી આપી હોય.'

જામેઉસ્સઆદાત (જી-૨, પેજ-૨૯૯)માં રસૂલે અકરમ (સ.અ.વ.)ની હદીસ આપેલ છે કે,

'જે શખ્સની સવાર એવી સ્થિતિમાં થાય કે, તે મુસલમાનોના મામલાઓ અને મુશ્કેલીઓને મહત્વ ન આપે, તે મુસલમાન જ નથી.'

ઉપરાંત આપ (સ.અ.વ.- એ ફરમાવ્યું :

'જે શખ્સની સવાર એ સ્થિતિમાં થાય કે, તે મુસલમાનોના મામલાઓ અને

મુશ્કેલીઓને મહત્વ ન આપે તે અમારામાંથી નથી.’

## આ પ્રકારણના વિશેષ સવાલ જવાબ

મસઅલો (૩૧૭) : શું બિન-મુસ્લિમ પડોશીની મૈયતમાં જવું જાઇઝ છે.

જવાબ : જો મરનાર અને જનાઝામાં ભાગ લેનારાઓ ઇસ્લામ અને મુસલમાનોની દુશ્મનીમાં મશ્હૂર ન હોય તો તેઓના જનાઝા સાથે જવામાં કોઇ વાંધો નથી, પરંતુ તેના માટે એ બહેતર છે કે જનાઝાની પાછળ રહે.

મસઅલો (૩૧૮) : જો કોઇ બિન-મુસ્લિમ પડોશી હોય અથવા કોઇ ધંધામાં ભાગીદાર

હોય તો તેનાથી મોહબ્બત અને હમદર્દી રાખવી જાઇઝ છે?

જવાબ : જો તે શખ્સ પોતાના વાણી વર્તનથી ઇસ્લામ અને મુસલમાનોની દુશ્મની જાહેર ન કરતો હોય, તો એવા પગલાં ભરવામાં કોઇ વાંધો નથી, જે મોહબ્બત અને હમદર્દી માટે જરૂરી હોય, જેમકે તેની સાથે ભલાઇ અને ઉપકાર કરવો, જેમકે અલ્લાહ તઆલાનો ઇરશાદ છે:

'જે લોકો તમારાથી તમારા દીન વિશે નથી લડયા અને ન તમને ઘરોથી કાઢયા છે, એ લોકોની સાથે નેકી કરવા અને તેઓ સાથે ન્યાયથી વર્તવાથી ખુદા તમને રોકતો નથી.

નિ:શંક ખુદા ન્યાય કરવાવાળાઓને દોસ્ત રાખે છે.’

મસઅલો (૩૧૯) : શું એહલેકિતાબ અને બીજા કાફરોનું મસ્જિદો અને મુસલમાનોના બીજા ઇબાદતઘરોમાં દાખલ થવું જાઇઝ છે અને જાઇઝ હોય તો શું અમારા પર વાજિબ છે કે તેઓની બેપર્દા સ્ત્રીઓને ચાદર પહેરાવીએ અને પછી દાખલ થવા દઇએ?

જવાબ : એહતેયાતની રૂએ તેઓનું મસ્જિદમાં દાખલ થવા દેવું જાઇઝ નથી. અલબત્તા બીજા ઇબાદતઘરોમાં દાખલ થવા દેવામાં કોઇ હરજ નથી. અને જો બેપર્દા સ્ત્રીઓના પ્રવેશથી

ઇબાદત ઘરની હુરમત ન જળવાતી હોય તો તેણીઓને પર્દો કરાવવો લાઝમી છે.

મસઅલો (૩૨૦) : શું યહૂદી, ઇસાઇ અથવા તદ્દન અધર્મી (બેદીન) પડોશીને તંગ કરવો જાઇઝ છે?

જવાબ : કોઇપણ કારણ (જવાઝ) વગર તેઓને સતાવવા અને તંગ કરવા જાઇઝ નથી.

મસઅલો (૩૨૧) : શું કાફર ફકીરોને ચાહે તેઓ કિતાબી હોય કે બિન-કિતાબી સદકો આપવો જાઇઝ છે અને સદકો દેનાર સવાબને પાત્ર થશે ?

જવાબ : જે શખ્સ હકવાળાઓ અને હકથી દુશ્મની ન રાખતો હોય, તેને સદકો આપવામાં કોઇ હરજ નથી અને સદકો દેનારને સવાબ અજ્ર પણ મળશે.

મસઅલો (૩૨૨) : જે શખ્સ એહલેબૈત (અ.મુ.સ.)નો દોસ્ત નથી અથવા એહલે કિતાબમાંથી છે અને અસરનો સંભવ પણ હોય અને નુકસાનનો ખતરો પણ ન હોય, તો શું તેને અમ્રબિલ મઅરૂફ અને નહી અનિલ મુન્કર કરવું વાજિબ છે ?

જવાબ : અગર અમ્રબિલ મઅરૂફ અને નહી અનિલ મુન્કર વાજિબ થવાની બીજી શર્તો મોજૂદ હોય તો સવાલમાં જણાવાયેલા લોકોને

અમ્રબિલ મઅરૂફ અને નહી અનિલ મુન્કર કરવું વાજિબ છે. તે શર્તોમાંથી એક શર્ત એ પણ છે કે સારા કાર્યોને છોડનાર અને બૂરાઇનો આચરનાર શરઇ રીતે મજબૂર અને મઅઝૂર ન હોય અને જાહિલ મુકસ્સર મઅઝૂર અને મજબૂરમાં નથી ગણાતો. માટે પહેલા તેને શરઇ હુકમથી જાણકાર કરવામાં આવે જેની અગર તે વિરૂદ્ધતા કરે તો અમ્રબિલ મઅરૂફ અને નહી અનિલ મુન્કર કરવામાં આવે. અગર મુન્કર અને બૂરાઇ એવા પ્રકારની હોય કે શારેઅ કોઇ પણ સંજોગમાં તે મુન્કર સામે આવવા પર રાજી ન હોય, જેમકે જમીનમાં ફસાદ ફેલાવવો, મોહતરમ જીવને કતલ કરવો વગેરે, એવા

સંજોગોમાં તેની વિરૂધ્ધતા કરવાવાળાને દરેક હાલતમાં મુન્કરથી રોકવું જરૂરી છે ભલે પછી તે જાહિલે કાસિર હોય.

મસઅલો (૩૨૩) : યૂરોપમાં એક સ્કૂલ છે, જેના સ્ટાફમાં એવા ટીચરો છે, જે કોઇ પણ દીન પર ઇમાન નથી રાખતા, અને શિષ્યોની સામે અલ્લાહનો ઇન્કાર કરે છે. શું આવી સ્કૂલમાં પોતાના બાળકો અને વિદ્યાર્થીઓને રાખવા જાઇઝ છે? જ્યારે કે બાળકોના આવા ઉસ્તાદથી ખોટા દ્રષ્ટિબિંદુઓથી પ્રભાવિત થવાનો ખતરો પણ છે.

જવાબ : આવી સ્કૂલોમાં બાળકોનું રહેવું જાઇઝ નથી અને બાળકોના વાલીઓ આ કામના જવાબદાર છે.

મસઅલો (૩૨૪) : શું એવું સહ શિક્ષણ જાઇઝ હશે કે કોઇ મિડલ અથવા હાઇસ્કૂલના છોકરા છોકરીઓ ભેગા મળીને શિક્ષણ મેળવી રહ્યા હોય અને તે યકીન હોય કે કોઇ વિદ્યાર્થી અથવા વિદ્યાર્થીની દ્રષ્ટિભ્રષ્ટના રૂપમાં જ સહી હરામ કામ આચરી દે.

જવાબ : આવું સહશિક્ષણ જાઇઝ નહીં થાય.

મસઅલો (૩૨૫) : શું મુસલમાન પુરૂષ એવા તરવાના સ્થળો પર જઇ શકે છે, જ્યાં સ્ત્રી

પુરૂષ મળીને નહાતા હોય. ખાસ કરીને જ્યારે એ સ્ત્રીઓએ સુશીલતા પાક દામનીનો આંચળ ઉતારી નાખ્યો હોય અને તેને કોઇ કામથી રોકવામાં આવે તો રોકાતી નથી.

જવાબ : પર્દા વગરની સ્ત્રીઓને વાસના વગરની દ્રષ્ટિએ જોવું જાઇઝ છે. એહતેયાતે વાજિબની રૂએ આવા રોકથામ વગરના સ્થળો પર જાવું કોઇપણ સંજોગોમાં જાઇઝ નથી.

મસઅલો (૩૨૬) : શું પશ્ચિમમાં રહેવાવાળા મુસલમાન પોતાની પર્દેદાર પુત્રીઓને એવા પ્રકારની સ્કૂલોમાં મોકલી શકે છે, જ્યાં મિશ્ર કેળવણી આપવામાં આવતી હોય. ચાહે તાલીમ હાસલ કરવી લાઝમી હોય કે ન હોય,

જ્યારે કે એવી સ્કૂલો પણ મોજૂદ હોય, જ્યાં સહશિક્ષણ નથી. પરંતુ વધારે ફી અથવા દૂર હોવાના કારણે તેઓનું તાલીમી ધોરણ નીચું છે.

જવાબ : બાળકીઓના નૈતિક પતનનો ખતરો હોય તો જાઇઝ નથી કે એવી સ્કૂલોમાં તેઓને મોકલવામાં આવે. અને જો તેના અકાઇદને ખતરો હોય અથવા દીનના પાબંદ ન રહે તો આવી સ્થિતીમાં મોકલવા બિલકુલ જાઇઝ નથી.

મસઅલો (૩૨૭) : શું મુસલમાન છોકરાઓ સાથે યુનિવર્સિટીઓમાં પઢવાવાળી છોકરીઓ

માટે હરવા ફરવા માટે છોકરાઓ સાથે જવું જાઇઝ છે?

જવાબ :ના, જાઇઝ નથી, પરંતુ એ કે કોઇ હરામમાં પડવાનો ખતરો ન હોય. (તો જ જાઇઝ છે.)

મસઅલો (૩૨૮) : શું પશ્ચિમના દેશોમાં સડકો પર થતા આશીકીના દ્રશ્યો જોવા જાઇઝ છે?

જવાબ : વાસના અને હરામમાં ફસાઇ જવાનો ડર હોય તો જાઇઝ નથી અને એહતેયાત મુજબ દરેક સંજોગોમાં આવા દ્રશ્યો જોવાથી દૂર રહેવું જોઇએ.

મસઅલો (૩૨૯) : મિશ્ર સીનેમા અને ગેરશરઇ રંગ-રાગના સ્થળો પર જાવું જાઇઝ છે, જ્યારે કે હરામ કાર્યમાં સપડાવાનો ઇત્મેનાન ન હોય?

જવાબ : જાઇઝ નથી.

મસઅલો (૩૩૦) : તરવાના મિશ્ર તળાવોમાં આનંદ અને વાસના વગર જઇને તરવું જાઇઝ છે.

જવાબ : એહતેયાતની રૂએ આવા સ્થળો પર ન જવું જોઇએ, જ્યાં અખ્લાક બગડવાનો ખતરો હોય.

મસઅલો (૩૩૧) : શું ધૂપના દિવસોમાં સમંદર કાંઠે અથવા અવામી બાગોમાં જાવું જોઇઝ છે, જ્યારે કે એ સ્થળો પર સામાન્ય રીતે અખ્લાકની વિરૂદ્ધ દ્રશ્યો પણ જોવામાં આવતા હોય.

જવાબ : અગર હરામ કાર્યમાં સંડોવાઇ જવાનો ભય હોય તો જાઇઝ નથી.

મસઅલો (૩૩૨) : પશ્ચિમી દેશોમાં હોસ્પિટલ ખાસ મકસદો અને નકશાઓ મુજબ બનાવવામાં આવે છે, જેમાં યકીની રીતે કિબ્લાનો ખ્યાલ રાખવામાં નથી આવતો, એ રીતે ઇસ્લામી દેશોમાં પણ એવું જ થાઇ છે. શું અમે આવી ઇમારતોના ટોયલેટ (સંડાશ)

વાપરી શકીએ છીએ, જ્યારે કે અમને કિબ્લાની દિશાનું કંઇ જ્ઞાન નથી હોતું અને અમને ખબર પડી જાય કે તેનું મોં કિબ્લા રૂખ છે તો શું અમે વાપરી શકીએ છીએ ? જો એ જાઇઝ નથી તો અમારી શરઇ ફરજ શું છે?

જવાબ : પહેલી સૂરતમાં એહતેયાતની રૂએ વાપરવી જાઇઝ નથી પણ એ કે કોઇ પણ રીતે કિબ્લાની દિશા જાણી ન શકાય અને જરૂરી હાજત માટે વાટ જોવી નુકસાનકારક હોય.

બીજી સૂરતમાં એહતેયાત મુજબ લાઝીમ છે કે બયતુલ ખલા વાપરવા દરમિયાન કિબ્લા સામે બેસવા અને કિબ્લાને પીઠ કરી બેસવાથી બચે અને જો મજબૂરી હોય તો

કિબ્લાને પીઠ કરીને બેસે, કિબ્લાની સામે મોં રાખી ન બેસે.

મસઅલો (૩૩૩) : જો કોઇ મુસલમાનને પશ્ચિમી દેશોમાં અથવા અમેરીકા અથવા એવા પ્રકારના દેશોમાં કપડાનો એવો થેલો મળી જાય, જેના પર માલિકની નિશાની હોય અથવા એવો થેલો મળી જાય, જેના પર કોઇ નિશાની ન હોય તો એવા માલનું શું કરવામાં આવશે ?

જવાબ : સામાન્ય રીતે કપડાના થેલા પર કોઇ ન કોઇ એવી નિશાની હોય છે. જેના વડે માલિક સુધી પહોંચી શકાય, એટલે જો એ ખબર પડી જાય કે આ માલ કોઇ મુસલમાનનો છે અથવા એવા શખ્સનો છે, જેનો માલ

મોહતરમ છે (જેમકે ઝિમ્મી કાફર) અથવા આ વાતનો ઉલ્લેખનીય એહતેમાલ હોય તો એક વરસ સુધી તેનું એલાન કરવામાં આવે અને માલિક સુધી ન પહોંચી શકાય તો એ સંજોગમાં એહતેયાતે વાજિબ તરીકે માલિકના તરફથી સદકો આપી દે, પરંતુ જો એ વિશે જાણકારી રાખતો હોય કે આ માલ કોઇ બિન-મુસ્લિમનો છે અથવા એનો છે જે બિન-મુસ્લિમના હુકમમાં આવે છે તો એ માલને પોતાની મિલકીયતમાં લઇ શકે છે, એ શરતે કે એ શખ્સે શરઇ રીતે અમલ પાત્ર કોઇ શરત પર એ વચન ન આપ્યું હોય કે આ દેશમાં જે ચીજ મળશે તે કોઇ ખાસ કાર્યાલય અથવા સંસ્થાને સોંપી દેશે.

એવા સંજોગોમાં તે એ ચીજને પોતાના માલેકીપણામાં નથી રાખી શકતો, તેને પોતાના વચનપાલન પર અમલ કરવો જોઇએ.

મસઅલો (૩૩૪) : જો કોઇને યૂરોપી દેશમાં અમુક પ્રમાણમાં માલ મળી જાય અને તેના પર કોઇ નિશાની પણ ન હોય તો શું તેને પોતાની મિલ્કત બનાવી શકાય છે?

જવાબ : જો એ માલમાં એવી નિશાની કે એંધાણ ન હોય જેના વડે મૂળ ધણી સુધી પહોંચી શકાય તો તેને પોતાની મિલ્કતમાં લઇ શકાય છે. અથવા ઉપરોકત કરાર પર તેણે અમલ કરવો પડશે, જો કરાર કર્યો હોય.

મસઅલો (૩૩૫) : પશ્ચિમી દેશોમાં કેટલીક વખત એવી કિંમતી ચીજો સસ્તા ભાવે વેચવા માટે રાખવામાં આવતી હોય છે જેમાં ખરીદારને એ એહતેમાલ રહે છે કે કદાચ ચોરીનો માલ છે. જો આ અનુસંધાન યકીન અથવા ગુમાન થઇ જાય કે આ માલ કોઇ મુસલમાન અથવા કાફરથી ચોરવામાં આવેલો છે, પછી તે વેચવાવાળો મુસલમાન હોય અથવા કાફર, શું આવો માલ ખરીદવો જાઇઝ છે?

જવાબ : જો મુસલમાન ખરીદનારને એ યકીન થઇ ગયું હોય કે આ એવા માણસથી ચોરવામાં આવેલ છે, જેનો માલ મોહતરમ છે, ભલે તે

મુસલમાન હોય કે કાફર તો તેને ખરીદવું અને માલિકીમાં લેવું જાઇઝ નથી.

મસઅલો (૩૩૬) : પશ્ચિમી દેશોમાં સિગરેટની કિંમત રોજ રોજ વધતી જાય છે. શું ઇસરાફ અને ખોટા ખર્ચાના કારણે તેને ખરીદવી હરામ ગણાશે ? જ્યારે કે ખરીદનારને એ યકીન હોય કે આ લાભદાયી નથી બલ્કે નુકસાનકારક છે?

જવાબ : તેનું ખરીદવું જાઇઝનો હુકમ રાખે છે. માત્ર ઉપરકોત કારણોસર તેનો વપરાશ હરામ નથી થતો. હા, જો સિગરેટ પીનારને તેનું નુકશાન પહોંચે છે અને આવતી તેને છોડી દેવામાં કોઇ નુકશાન ન હોય અથવા સાધારણ નૂકશાન હોય તો તેનાથી બચવું જરૂરી છે.

મસઅલો (૩૩૭) : આજકાલ એવા સાધનો મોજૂદ છે જેના વડે લોકોની ટેલીફોનની વાતચીત ટેપ કરવામાં આવે છે, જેની વાતચીત કરનારને ખબર નથી હોતી. શું કોઇની ઇજાઝત વગર તેની વાતચીત ટેપ કરી શકાય છે, જેથી જરૂરતના સમયે તેની વિરૂદ્ધ વાપરી શકાય ?

જવાબ : આ વાજિબના હુકમમાં નથી આવતું કે, વાતચીત કરવાવાળાથી તેની વાતચીત ટેપ કરવાની રજા લે, પરંતુ જો મોમિનનું અપમાન અથવા તેનો ભેદ ઉઘાડો પડતો હોય તો તે અવાજને વધારે આગળ પ્રસારવી અને બીજાને સંભળાવવી જાઇઝ નથી, એ શરતે કે આવા

અથવા આથી વધારે મહત્વવાળા હુકમથી ટક્કર ન થતી હોય.

મસઅલો (૩૩૮) : શું શાદીના અવસરની ફિલ્મ બનાવવી જાઇઝ છે, જેમાં શરાબ પીવાતી હોય ?

જવાબ : શરાબખોરી અને એવા પ્રકારના બીજા હરામ કામોની ફિલ્મ બનાવવી જાઇઝ નથી.

મસઅલો (૩૩૯) : મા-બાપની તાબેદારીની મર્યાદા શું છે?

જવાબ : પુત્ર પર મા-બાપની બે ફરજો લાગુ પડે છે.

૧. મા-બાપ સાથે નેકી કરે, જો તેઓ જરૂરતમંદ હોય, તો તેઓની જીવન જરૂરીયાતને પૂરી કરે, ઇન્સાનની પ્રકૃતિ અને સ્વભાવના તકાજા મુજબ તેઓના જીવનના સામાન્ય ક્રમની માંગણીઓ પણ પૂરી કરે.

એવી માંગણીઓ જેને ઠુકરાવવી અનિચ્છનીય સમજાતી હોય, કેમકે ઔલાદ પર મા-બાપના ઘણા ઉપકારો હોય છે.

૨. મા-બાપ સાથે સારો વર્તાવ કરે, અર્થાત પોતાના વાણી વર્તન દ્વારા બૂરો વર્તાવ ન કરે, બેશક જો તેઓ તેના પર જુલ્મ કરી રહ્યા હોય, આ સંબંધમાં રિવાયત છે.

'જો મા-બાપ તમને મારે, તો પણ તેને તરછોડો નહીં અને કહો ખુદા આપને માફ કરે.'

આ શરીઅતના એ હુકમો છે, જેનો સંબંધ મા-બાપ સાથે નેક વર્તણૂકનો હતો. જ્યાં સુધી ઔલાદ પોતાની હદ સુધી મામલાઓ અથવા કાર્ય પદ્ધતિનો સબંધ છે, જેના કારણે મા-બાપને દુઃખ પહોંચે છે તેના પણ બે પ્રકાર છે.

૧. પુત્રના કોઇ ખોટા આચરણના કારણે મા-બાપને એટલે દુઃખ થાય કારણ કે તેઓ પુત્રથી વહાલ અને સ્નેહ રાખે છે. એવા સંજોગમાં બાળકનો દરેક એ અમલ હરામના હુકમમાં

હશે, જેનાથી મા-બાપને દુઃખ થાય છે, ચાહે મા-બાપ તેને મનાઇ કરે કે ન કરે.

૨. મા-બાપમાંથી કોઇ એકને દુઃખ એટલા માટે થાય છે કે તેને પોતાને કોઈ એક બૂરી આદત અને ટેવ પડેલી હોય છે. દાખલા તરીકે મા-બાપ પુત્રની આખેરતની અને દુનિયાની ભલાઇ નથી ચાહતા અને જ્યારે તે કોઇ નેકીનું કામ કરે છે તો મા-બાપને દુઃખ થાય છે, જો મા-બાપનું આ પ્રકારનું દુઃખ હોય તેની નોંધ લેવામાં નહીં આવે અને તેના માટે મા-બાપનો હુકમ માનવો અથવા તેઓની ઇચ્છા પૂરી કરવી વાજિબ નહીં રહે. અહીંથી જાણવા મળ્યું કે પોતે મા-બાપની ઝાતની લગતી અમ્ર નહીની

ઇતાઅત વાજિબ નથી. (વલ્લાહુલ આલિમ-અલ્લાહ જ જાણનાર છે.)

મસઅલો (૩૪૦) : કેટલાક મા-બાપ ઔલાદના અમ્ર બિલ મઅરૂફ અને નહી અનિલ મુન્કરના અમલથી ભયભીત રહે છે. તેઓને એ ખતરો લાગી જાય છે કે જો તેની ઔલાદે આ ફરજ બજાવવામાં ભાગ લીધો તો તેને પણ ખતરો થઇ શકે છે?

શું આવા સંજોગોમાં મા-બાપની તાબેદારી વાજિબ છે? જ્યારે કે એ વાત પણ જાણમાં છે કે તેમની ઔલાદની અમ્ર બિલ મઅરૂફ અને નહી અનિલ મુન્કરની અસરનો પણ સંભવ છે અને કોઇ નુકશાનનો ભય નથી.

જવાબ : જો શરતો મુજબ અમ્ર બિલ મઅરૂફ અને નહી અનિલ મુન્કર વાજિબ હોય તો કોઇ મખ્લૂકની તાબેદારી કરી અલ્લાહનો ગુનાહ નથી કરી શકાતો.

મસઅલો (૩૪૧) : જો નિત્ય જીવનમાં કોઇ અગત્યના મસઅલા પર બાપ બેટા અથવા મા બેટીમાં ગરમાગરમ વિવાદ ઊભો થાય અને તેઓ આપસમાં ઝઘડી પડે, જેના કારણે મા-બાપ ઔલાદથી તંગદિલ ચિંતામય હોય. શું આ ચર્ચા જાઇઝ હશે અથવા એ કે કયા સુધી વાજિબ હશે કે પુત્ર પોતાના બાપને તેની ભૂલ પર ટોકે?

જવાબ : બેટાના અકીદા મુજબ જે રાઇ અને મત ખરો નથી, તેમાં તેઓથી વાદવિવાદ કરી શકે છે, પરંતુ બેટા માટે આ હુકમ જરૂરી છે કે મા-બાપથી ચર્ચા દરમિયાન સભ્યતા અને સન્માનનું ધ્યાન રાખે અને તેઓ તરફ ગુસ્સાથી પણ ન જુએ અને પોતાની અવાજને મા-બાપની અવાજથી વધારે ઊંચી ન કરે અને ન અસભ્ય વાણી વાપરે, જે ચોક્કસ રીતે જાઇઝ નથી.

મસઅલો (૩૪૨) : જો સાસુ વહુના મતભેદના કારણે મા પોતાના બેટાને વહુને તલાક આપવાનો હુકમ કરે તો તેના પર માની તાબેદારી વાજિબ છે? જો મા પુત્રને કહે, જો

તે તારી પત્નીને તલાક ન આપી તો તું મારા તરફથી આક છો, તો તેના શરાઅમાં શો હુકમ છે?

જવાબ : આ કામમાં માની તાબેદારી વાજિબ નથી અને ન તો તેની ધમકીની અસર પડશે. અલબત્તા બેટાની ફરજ છે કે પોતાની વાણી વર્તન દ્વારા માથી અસભ્યતાથી બચતો રહે.

મસઅલો (૩૪૩) : જો બાપ પોતાના પુત્રને એટલો સખ્ત માર મારે કે જેના કારણે તેની ચામડી જખ્મી અથવા લાલ થઇ જાય તો શું વાલિદ પર તેની દીયત વાજિબ થાશે ? અને જો મારવાવાળો બાપ સિવાય કોઇ બીજો હોય તો તેનો હુકમ જુદો હશે?

જવાબ : ઉપરોકતમાં દીયત વાજિબ થાશે. મારનાર બાપ હોય કે પછી કોઇ બીજો હોય.

મસઅલો (૩૪૪) : જો કોઇ મુસલમાનને એ વાતની ખાતરી હોય કે મારા પિતા, મારા વિદેશ ગમન પર રાજી નથી, જો કે તેઓ જીભથી તેનો ઉલ્લેખ ન કરે, એ સંજોગમાં પુત્ર માટે દેશ બહાર સફર કરવી જાઇઝ હશે ? જ્યારે કે બેટાની ભલાઇ એમાં છે કે તે વિદેશ સફર કરે?

જવાબ : ઔલાદની મા-બાપ સાથે નેકી એ વાત માંગી લે છે કે પુત્ર બાપની નજીક રહે અને બાપના વહાલના કારણે પોતાના વિદેશ પ્રવાસને તજી દે, એ શરતે કે તેનાથી પુત્રનું

માલી નુકશાન ન થતું હોય, નહિતર સફર છોડી દેવી વાજિબ નથી.

મસઅલો (૩૪૫) : પત્ની અગર પતિના મા-બાપ અને ભાઇ બહેનોની ખિદમત કરે એ નેકીમાં શુમાર થાશે, વળી પરદેશમાં પતિ પત્નીના મા-બાપ અને તેના બહેન ભાઇઓનો ખ્યાલ રાખે તો એ પણ નેકીમાં ગણાશે ?

જવાબ : એમાં કોઇ શંકા નથી કે ખિદમત ક્રમશ પતિ અને પત્નીથી એહસાન અને નેકી ગણાશે પરંતુ એ વાજિબ નથી.

# પ્રકરણ છઠ્ઠું - વિષય : તિબ (ચિકિત્સા) અને શરઇ મસઅલાઓ

પશ્ચિમી દેશો અને અમેરિકામાં આ નવા યુગના તકાજા પ્રમાણે સાયન્સ અને ટેકનોલોજીએ આશ્ચર્યજનક પ્રગતિ કરી છે. આધુનિક ટેકનોલોજી અને મેડીકલ સાયન્સના પ્રશંસનીય કારનામાઓના કારણે મુસલમાન પણ મોટી સંખ્યામાં દવા ચિકિત્સા માટે એ દેશો તરફ જાય છે. એ દેશોમાં રહેતા મુસલમાનોને પણ વખત-બ-વખત દવા દારૂની જરૂરત પડે છે. એટલે એ યોગ્ય લાગે છે કે નીચે અમુક શરીઅતના હુકમો સંપૂર્ણ રીતે સ્પષ્ટતાથી રજૂ કરવામાં આવે.

મસઅલો (૩૪૬) : શિક્ષણના હેતુસર અને કોઇ બીજી ગરજો ખાતર મુસલમાનોની મૈયતનું પોસ્ટમોર્ટમ જાઇઝ નથી, પરંતુ અગર ભવિષ્યમાં કોઇ મુસલમાનની ઝિંદગી આ પોસ્ટમોર્ટમ પર આધારિત સમજી લેવામાં આવે તો જાઇઝ રહેશે.

મસઅલો (૩૪૭) : ઇન્સાની શરીરમાં કોઇ પ્રાણીના અંગોમાંથી કોઇ અંગ જોડવું જાઇઝ છે, આ પ્રાણી કુતરો કે સુવ્વર જ કેમ ન હોય અને ઇન્સાની બદનને લાગેલા એ પ્રાણીજ અંગો પર એ હુકમો લાગુ પડશે જે ઇન્સાની બદનના માટે છે, આ અંગની જોડ સાથે નમાઝ પઢવી જાઇઝ છે. એટલા માટે કે આ અંગનું ઇન્સાની શરીર

સાથે મળવું અને તેમાં જીવન સંચાર હોવાથી તેને પાક સમજવામાં આવશે.

મસઅલો (૩૪૮) : ડોકટરને કોઇ પણ પ્રકારે એ હક નથી પહોંચતો કે એ મરીઝથી એ મશીન અલગ કરી નાખે, જે તેના દિલમાં ધડકન પેદા કરે છે, એમ છતાં કે તેનો મરીઝ દિમાગી કુવ્વત ખોઇ બેઠો હોય. મરીઝનું જીવન તો એક કોમળ છોડવા સમાન છે, જે આ બનાવટી ક્રિયા વગર બાકી નથી રહી શકતું. ઇસ્લામ આદરપાત્ર નફ્સની અગત્યતાને ધ્યાનમાં લેતા, ડોકટરના આ કામને જાઇઝ નથી ગણતો. જો મરીઝના લાગતા વળગતા સગાઓ પણ મરીઝનું જીવવું ન ઇચ્છતા હોય તો પણ

ડોકટરને એમ કરવાનો અધિકાર નથી. જો ડોકટર રોગીના બદનથી આ મશીન જુંદુ કરી દે અને મરીઝનું મૃત્યુ થઇ જાય તો ડોકટરનું આ કૃત્ય કતલ ગણાશે.

મસઅલો (૩૪૯) : મેડીકલના વિદ્યાર્થીઓને એ હક પ્રાપ્ત નથી કે તેઓ તાલીમ દરમિયાન કોઇના ગુપ્તાંગને જુએ પણ જો કોઇ મુસલમાનને કોઇ ઘણા મોટા નુકશાનથી બચાવવો હોય તો ગુપ્તાંગ જોઇ શકાય છે.

મસઅલો (૩૫૦) : દવાના વાપરવા પહેલા એ વાતનું યકીન પ્રાપ્ત કરવું વાજિબ નથી કે તેમાં કોઇ હરામ પદાર્થ ભળેલો છે. જો કે હરામ

પદાર્થ વિશે સંશોધન અને યકીન પ્રાપ્ત કરવું આસાન હોય.

મસઅલો (૩૫૧) : નશાકારક વસ્તુઓના જે નુકસાનો છે તેનાથી ચાહે વાપરનારને ખમવું પડે અથવા સામાન્ય સમાજને, તેની હકીકત સૌ કોઇ જાણે છે. આરોગ્ય રક્ષણના નિષ્ણાંતો અને ડોકટરોએ તેના વિરૂદ્ધ મોરચો માંડ્યો છે અને સામુદાયિક કાર્યોને લગતી સંસ્થાઓ પણ નશીલી ચીજો વિરૂદ્ધ યુદ્ધનું એલાન કરી ચૂકી છે. નશીલી ચીજો વિશે શરીઅતનો શો મત છે?

જવાબ : શરઇ દ્રષ્ટિબિંદુથી નશીલી ચીજોનો લગાતાર વપરાશ હરામ છે અને એહતેયાતે

વાજિબની રૂએ દરેક સંજોગમાં નુકશાન હોય કે ન હોય, તેનાથી બચવું જરૂરી છે. પરંતુ જો તિબ્બી દ્રષ્ટિએ તેનું વાપરવું અનિવાર્ય હોય તો એવી સ્થિતિમાં જરૂરત મુજબ તેને વાપરી શકાય છે.

મસઅલો (૩૫૨) : ધૂમ્રપાન (સિગારેટ પીવી) દિલના રોગો અને કેન્સરનું મૂળ કારણ બતાવવામાં આવે છે. ધૂમ્રપાન કેટલીક વખત વયને ઘટાડી દે છે. એવી સ્થિતિમાં નીચે જણાવેલ લોકો માટે ધૂમ્રપાનનો શો હુકમ છે ?

૧. એ શખ્સ જે સિગરેટ પીવી શરૂ કરવા માગે છે.

૨. સિગરેટ પીવાને આદી શખ્સ.

૩. સિગરેટ પીનારાઓ પાસે બેસનાર શખ્સ.

કેમકે મેડીકલ નિષ્ણાંતોનું કહેવું છે કે સિગરેટ પીવાવાળાઓ પાસે બેસનારને પણ નુકસાન થાય છે. ખાસ કરીને જ્યારે આ સિગરેટ પીનારાઓ પાસે બેસવાવાળાઓને કોઇ શારીરિક રોગનો સંભવ પણ હોય.

જવાબ : સિગરેટ પીવી એ વખતે હરામ થાશે જ્યારે તેનાથી ભવિષ્યમાં કોઇ મોટું નુકશાન પહોંચતું હોય અર્થાત એવા પ્રકારનું નુકસાન હોય કે જેનાથી અકલમંદ ભય અનુભવે, પરંતુ જો તેનાથી કોઇ મોટા નુકસાનનો ખતરો નથી

અને તેને વધારે પ્રમાણમાં વાપરવામાં ન આવતી હોય તો સીગરેટ પીવામાં કોઇ હરજ નથી.

૨. સીગરેટ પીવાથી જો કોઇ મોટું નુકસાન પહોંચતું હોય તો તેને છોડી દેવી જરૂરી છે, પરંતુ એ કે અગર સીગરેટ પીનારને તેને છોડવાથી નુકસાન પહોંચતું હોય, જે સામાન્ય સ્થિતિમાં અસહ્ય હોય.

૩. આ શખ્સ અંગે પણ એજ વિગત આપવામાં આવશે જે સીગરેટ પીવાનો આરંભ કરવાવાળા માટે છે.

મસઅલો (૩૫૩) : મેડીકલ નિષ્ણાંતોના સંશોધન મુજબ દિમાગના મરવાથી ઇન્સાનનું મૃત્યુ થઇ જાય છે, જો કે તેની નાડ ધડકવી તરત જ બંધ ન થઇ હોય, જે પાછળથી ચોક્કસ બંધ થઇ જવાની. જેમકે ડોકટરનું કહેવું છે કે બેશક નાડનું ચાલવું બાકી હોય, પરંતુ દિમાગની મોતથી ઇન્સાન મરેલો કહેવાશે.

જવાબ : મૈયતના સંબંધમાં લાગુ પડનારા શરઇ હુકમોનો દારોમદાર ઉર્ફની રાઇ પર છે કે તેઓ અગર એ કહે કે આ મૈયત (મૃત) છે. ઉર્ફ (સામાન્ય લોકો)ની નજદીક ઉપરોકત ઇન્સાન પર 'મૈયત'નો શબ્દ બંધ નહીં બેસે.

મસઅલો (૩૫૪) : તિબ્બના ધંધાની માગ મુજબ ડોકટર સ્ત્રી રોગીઓનો સમયસર અને સંપૂર્ણ નિરીક્ષણ કરે. કેટલાક યૂરોપી દેશોમાં આ રિવાજ છે કે તપાસ દરમિયાન મરીઝનો ઉપરનો લિબાસ ઉતારી નાખવામાં આવે છે. શું આ રીત પ્રમાણે તિબ્બી ધંધો ચાલુ રાખવો જાઇઝ છે?

જવાબ : જો મરીઝને સ્પર્શ અને હરામ દ્રષ્ટિએ જોવાથી પરહેઝ કરે અને એ મર્યાદામાં રહે જે રોગના નિદાન માટે અનિવાર્ય હોય તો જાઇઝ છે.

મસઅલો (૩૫૫) : ડોકટર ના મત મુજબ તપાસ દરમિયાન પર સ્ત્રીને બદનના અવ્યવો

પ્રદર્શિત કરવા પડે છે, જેમાં ગુપ્તાંગ ઉપરાંત શરીરના કોમળ અંગો પણ શામિલ છે, શું નીચે જણાવેલ પરિસ્થિતિમાં સ્ત્રી નિરીક્ષણ માટે પોતાનું બદન જાહેર કરી શકે છે.

૧. સ્ત્રી ડોકટરથી તપાસ કરાવવી શકય છે, પરંતુ તેના ખર્ચો પ્રમાણમાં વધારે છે.

૨. બીમારી હજી એટલી નથી વધી, પણ દર્દ છે.

૩. ગુપ્તાંગ દેખાડવું પડે, તો તે વિશે શરઇ હુકમ શું છે?

જવાબ : જો ખાતૂન ડોકટરને દેખાડવું શકય છે તો મર્દ ડોકટરને દેખાડવું જાઇઝ નથી પરંતુ એ

કે ખાતૂન ડોકટરનો ખર્ચ વધારે હોય કે મરીઝની આર્થિક સ્થિતિ પર ભાર પડતો હોય.

૨. ઇલાજ ન કરાવવાની સૂરતમાં નુકસાનનો ખતરો છે અથવા અસહ્ય તકલીફ અને વેદના છે તો જાઇઝ છે.

૩. ગુપ્તાંગ દેખાડવા વિશે શરઇ હુકમ એ છે કે, એટલો ભાગ જાહેર કરવામાં આવે જેટલી જરૂરત હોય. જો એ જગ્યા જોયા વગર ઇલાજ શક્ય હોય, જેને જોવું હરામ છે. દાખલા તરીકે આધુનિક ટેકનોલોજી પ્રમાણે ટેલીવિઝનની સ્ક્રીન પર જોયને ઈલાજ શક્ય હોય તો, એહતેયાત એ જ છે કે આવી રીતથી તપાસ અને ઇલાજ કરાવવામાં આવે.

મસઅલો (૩૫૬) : ગર્ભ અને જનનવિદ્યા (Genetic Ingenioring) ના નિષ્ણાંતો એ દાવો કરે છે કે તેઓ ઇન્સાની જીન (ગર્ભ) પર અસર પાડી શકે છે અને તેને સુંદર બનાવી શકે છે જે દરમિયાન :

૧. બદસૂરતી દૂર કરી શકાય છે.

૨. ખૂબસૂરતી પેદા કરવાવાળી વિશેષતા ભેળવી શકાય છે.

૩. ઉપરોકત બંને કામોને અંજામ આપે છે. શું વિજ્ઞાનીકો આ કામ અંજામ આપી શકે છે?

શું કોઇ મુસલમાનને એ હક પહોંચે છે કે તે કોઇ ચિકિત્સકને પોતાની વારસાગત જીવોને ખૂબસૂરત બનાવવાની તક આપે ?

જવાબ : જો આ કાર્યમાં રૂપ શકલ ફેરવવા સિવાય કોઇ અન્ય પ્રકારની અસરો ન પડતી હોય તો આ કામો અંજામ આપવામાં કોઇ હરજ નથી.

મસઅલો (૩૫૭) : પશ્ચિમી દેશોની દવા બનાવનાર કંપનીઓ કોઇ દવાને બજારમાં મૂકવા પહેલા તેના પ્રયોગ કરવો જરૂરી સમજે છે. શું એ દવાઓને અજમાવવાના હેતુથી કોઇ મરીઝને કંઇ બતાવ્યા વગર તેના પ્રયોગ કરી શકાય છે? જ્યારે કે ડોકટર એ વાત પર યકીન

રાખતો હોય કે આ દવા મરીઝ માટે લાભદાયક નીવડશે?

જવાબ : આ અનુસંધાનમાં મરીઝને જાણ કરવાની અને દવાના તજરૂબાની રજા લેવી જરૂરી છે, પણ એ કે દવાની ખોટી અસર (Reaction) ન હોવાનું યકીન હોય અને ફાયદાની શંકા હોય તો ઇજાઝત લેવાની જરૂરત નથી.

મસઅલો (૩૫૮) : મૈયતની મોતનું કારણ જાણવા માટે કેટલીકવાર પોસ્ટમોર્ટમની માગણી કરવામાં આવે છે તો કઇ હાલતમાં પોસ્ટમોર્ટમની રજા આપવી જાઇઝ છે?

જવાબ : મુસલમાન મૈયતના માટે તેના વલીને એ હક પ્રાપ્ત નથી કે તે મોતનું કારણ જાણવાના હેતુથી મૈયતના પોસ્ટમોર્ટમની છૂટ આપે, હા જો કોઇ અગત્યની અને અસધારણ મસ્લેહત હોય, જે પોસ્ટમોર્ટમ પર અવલંબિત હોય તો પછી જાઇઝ છે.

મસઅલો (૩૫૯) : શું એક મુસલમાન કોઇ કાફરને અથવા એક કાફર કોઇ મુસલમાનને પોતાનું જીવંત અવયવ, ઉદાઃ ગુડદો, મૈયતના અવયવ, જેની તેને વસિયત કરી હોય, કોઇ જીવંતને તેની ભેટ આપી શકે છે? ઉપરાંત આ મસઅલામાં અમુક અવયવોનો હુકમ અમુક અવયવોથી જુદો છે?

જવાબ : ભેટ તરીકે એક જીવતો માણસ પોતાના શરીરના અવયવો આપી શકે છે, એ શરતે કે આ અર્પણ કરનારને કોઇ નૂકસાન ન પહોંચતું હોય. દાખલા તરીકે જો કોઇ પોતાનો એક ગુડદો કોઇ મરીઝને અર્પણ કરી દે.

કોઇની વસિયત પ્રમાણે તેના અવયવો કાપીને લગાવવા એ સંજોગોમાં જાઇઝ છે, જ્યારે મરનાર મુસલમાન પણ ન હોય અને એવો શખ્સ પણ ન હોય, જેના પર મુસલમાનના હુકમો લાગુ પડતા હોય અથવા કોઇ બીજા મુસલમાનની ઝિંદગી બચાવવી, તેની વસિયત પર આધારિત હોય. આ બે સૂરતો સિવાય વસિયત પર અમલ કરવો અને

મૈયતના કોઇ અવયવને કાપવું ઠીક નથી. પરંતુ વસિયત પ્રમાણે અવયવ કાપવાવાળા શખ્સ પર દીયત તો કોઇ પણ રીતે સાબિત નહીં થાય.

મસઅલો (૩૬૦) : જો કોઇ કાફરનું અંગ એક મુસલમાનને લગાડવામાં આવે અને ઓપરેશન પછી એ અવયવ મુસલમાનના શરીરનો ભાગ બની જાય તો તે પાક સમજવામાં આવશે ?

જવાબ : કોઇપણ જીવતા ઇન્સાનના બદનનો અલગ થયેલ ભાગ નજીસ છે, ચાહે કોઇ મુસલમાનનો હોય કે કોઇ કાફરનો, પરંતુ ઓપરેશન પછી એ અવયવમાં જીવન સંચાર થાય અને આ અંગ મુસલમાન અથવા જેઓ

મુસલમાનોના હુકમમાં આવે છે (જેમકે નાબાલિગ બાળક અને પાગલ) બદનનો ભાગ ગણાતો હોય તો તેના પર તહારતનો હુકમ આવશે. (તેને પાક સમજવામાં આવશે.)

મસઅલો (૩૬૧) : ઇન્સુલીન ડાયાબીટીસની બીમારીના ઇલાજ માટે વાપરવામાં આવે છે. આ પદાર્થ કેટલીકવાર સુવ્વરના (પેન્ક્રીઆઝ) થી બનાવવામાં આવે છે. ઇન્સુલીનનો વપરાશ જાઇઝ છે?

જવાબ : ગોશ્ત, રગ અથવા ચામડીની નીચે ટીકા લગાડવામાં કોઇ હરજ નથી.

મસઅલો (૩૬૨) : ટેસ્ટ ટ્યુબમાં સ્ત્રી અને પુરૂષના નુત્ફામાં મેળાપ પછી તેને ફરીવાર ગર્ભાશયમાં રાખવો જાઇઝ છે?

જવાબ : જાઇઝ છે.

મસઅલો (૩૬૩) : કેટલીક બીમારીઓ વારસાગત હોય છે, મા-બાપથી તેના બાળકોમાં પણ ઊતરે છે, જે ભવિષ્યમાં કોઇ ન કોઇ ખતરાનું કારણ બને છે. મેડીકલ સાયન્સે આ રોગોનો એક ઇલાજ શોધ્યો છે. આ આધુનિક ઇલાજમાં સ્ત્રીના ગર્ભાશયમાંના જીવાકણને ટેસ્ટ ટયુબમાં રાખી દેવામાં આવે છે અને કણોના નિરીક્ષણ પછી કોઇ તંદુરસ્ત

જીનને માના ગર્ભાશયમાં રાખી દેવામાં આવે છે અને બાકી કણોનો નાશ કરી દેવામાં આવે છે.

જવાબ : આધુનિક ઇલાજના તરીકા પ્રમાણે આ અમલ પોતે જાઇઝ છે. (તેની સાથે બીજુ કાંઇ હરામ કામ ન થતુ હોય જેમકે હરામ નજર અને સ્પર્શ વગેરે)

મસઅલો (૩૬૪) : ટેસ્ટ ટ્યુબના બનાવટી અમલના પરિણામે એકી સાથે ઘણા જીન (જીવાણું) વજૂદમાં આવે છે, એ બધાને ઔરતના ગર્ભાશયમાં રાખવા, તેની ઝિંદગી માટે ખતરાનું કારણ છે. આ ઘણા જીનોમાંથી એકની પસંદગી કરી બાકીનો નાશ કરવો જાઇઝ છે?

જવાબ : એક જીનની પસંદગી કરી બાકીનો નાશ કરવો જાઇઝ છે.

મસઅલો (૩૬૫) : ઇન્સાનના બદન અથવા ચહેરા પર પ્લાસ્ટીક સર્જરી કરવી જાઇઝ છે?

જવાબ : આ અમલ જાઇઝ છે. અલબત્તા એવા અંગને સ્પર્શવા અથવા જોવાથી બચવું જોઇએ, જેને જોવું અને અડવું હરામ છે.

મસઅલો (૩૬૬) : 'એઇડઝ' એ ખતરનાક બીમારીઓમાંથી છે, જેને આજનો ઇન્સાન ભેટી રહ્યો છે. ૧૯૯૬ના આંકડાઓની ગણત્રી મુજબ ધરતીના ગોળા પર ૮૦ લાખ લોકો આ હઠીલા રોગમાં સપડાએલા છે. અને લગભગ

૨૨૦ લાખ લોકોમાં આ બીમારીના ચેપ મળી આવે છે. અંતિમ ગણત્રી પ્રમાણે આજ સુધીમાં આ બીમારીથી ૧૯૯૬ના વર્ષ દરમિયાન ૧૫લાખ જણા મૃત્યુનો કોળિયો બની ગયા છે. આ ગણત્રી મુજબ આજદિન સુધીમાં મરનારાઓની સંખ્યા ૬૦ લાખ સુધી જઇ પહોંચી છે. આની જાહેરાત વિશ્વ એઈડ્ઝ દિવસના મોકા પર કરી હતી.

આરોગ્ય નિષ્ણાંતો આ બીમારી પ્રસરવાના નીચે જણાવેલ મૂળભૂત કારણો જણાવે છે

૧. જાતીય સમાગમ, આ સમાગમ સજાતીય હોય અથવા વિજાતીય. આ બીમારીના

પ્રસારમાં આ કારણ સૌથી વધારે ખતરનાક અને સામાન્ય છે. અને ૮૦ ટકા લોકો સુધી આ બીમારી આજ માર્ગે પહોંચે છે.

૨. રકત દ્વારા પણ આ બીમારી ફેલાય છે. દાખલા તરીકે એઇડઝમાં સપડાએલા મરીઝનું ખૂન કોઇ મરીઝને લગાવવામાં આવે અથવા એ મરીઝે વાપરેલી સીરીંજ કોઇ બીજા મરીઝને આપવામાં આવે, ખાસ કરીને આ રોગી નશાબાજ પણ હોય. ખુલ્લા જખ્મો અને સર્જરીના પરિણામે પણ આ બીમારી ઘણી તેજીથી ફેલાતી રહે છે. ત્યાં સુધી કે, જો સર્જરીના શસ્ત્રો સંપૂર્ણ રીતે જરાસિમથી પાક ન

હોય તો ઓપરેશન દ્વારા પણ તેના જરાસીમો બીજામાં વળગે છે.

૩. એઇડઝની બીમાર સગર્ભા સ્ત્રીના ગર્ભ ધારણ તથા જન્મ સમયે બીમારી વળગી શકે છે. એક મધ્યમ આંકડા ગણત્રી પ્રમાણે અત્યારે પૂરી દુનિયાના લોકો આ બીમારીની લપેટમાં છે અને કોઇપણ કોમ તેનાથી સુરક્ષિત નથી. આ બીમારીમાં સપડાએલ મોટા ભાગના પુરૂષો છે. એઇડઝની પેટા અસરો એ પણ છે કે ઘણી બીમારીઓ જેનાથી દુનિયા સંપૂર્ણ રીતે છૂટકારો પામવાવાળી હતી, તે ફરી ફેલાવી શરૂ થઇ છે, જેમકે ટીબીની બિમારી.

મસઅલો (૩૬૭) : એઇડઝના મરીઝોને બીજાથી અલગ રાખવા વિશે છે. શું આ મરીઝ પર વાજિબ છે કે તે પોતાને બીજાઓથી અલગ રાખે ? શું ઘરવાળાઓ પર પણ વાજિબ છે કે તેને અલગ-થલગ રાખે ?

જવાબ : ન એઇડઝના મરીઝ પર વાજિબ છે કે તે પોતાને અલગ થલગ રાખે અને ન તો તેના ઘરવાળાઓ પર વાજિબ છે. બલ્કે મસ્જિદમાં અને એ પ્રકારના સ્થળો પર આવવા જવાથી તેને કદાપી રોકે નહીં, જ્યાં સુધી આ બિમારીના ફેલાવાનો કોઇ ખતરો સ્પષ્ટ ન થઇ જાય. અલબત્તા જે વાતોથી બીમારી ચોક્કસ કે સંભવિત રીતે ફેલાય છે, તેઓથી મરીઝ

સિવાય બીજા લોકોએ પણ અલગ રહેવું જોઇએ.

મસઅલો (૩૬૮) : આ બીમારીને જાણી જોઇને બીજાઓ સુધી પહોંચાડવા વિશે શું હુકમ છે?

જવાબ : આ અમલ જાઇઝ નથી, ભલે પછી આ અમલની અસરો એક સમય પછી જાહેર થાય અને બીજા શખ્સની મોતનું કારણ બની જાય, તો મરવાવાળાના વલીને એ હક પહોંચે છે કે આ બીમારીનો ચેપ લગાડનારથી કિસાસ લે, એ શરતે કે બીમારીનો ચેપ લાગવા સમયે એ વાતની જાણ હોય કે બીમારી સામાન્ય રીતે જીવલેણ પૂરવાર થાય છે. પરંતુ તેને એ

જાણકારી ન હોય અથવા એ સમયે એ ધ્યાનમાં પણ ન હોય તો તેના પર દીયત અને કફ્ફારો જ વાજિબ થાશે.

મસઅલો (૩૬૯) : એઇડઝના મરીઝ માટે જાઇઝ છે કે, આ બીમારીથી રક્ષિત ઇન્સાન સાથે શાદી કરે ?

જવાબ : જી હા ! આ જાઇઝ છે, અલબત્તા એઇડઝની રક્ષિત શખ્સને ધોકામાં રાખવો જાઇઝ નથી. એટલે એઇડઝના મરીઝ માટે એ સમાગમ પણ જાઇઝ નથી, જે બીમારી ફેલાવવાનું કારણ બને. પરંતુ એ બીમારીના ચેપ લાગવાનો માત્ર સંભવ હોય અને યકીન ન હોય તો સમાગમથી દૂર રહેવું વાજિબ નથી.

મસઅલો (૩૭૦) : શું આવા લોકો આપસમાં શાદી કરવાને યોગ્ય છે, જેઓમાં એઇડઝનો ચેપ મોજૂદ હોય ?

જવાબ : એમાં કોઇ વાંધો નથી, પરંતુ એ વાતનો ભય પણ મોજૂદ છે કે જાતીય સંબંધોથી આ બીમારી ખતરનાક હદ સુધી વધી શકે છે. એ સૂરતમાં તેનાથી બચવું જરૂરી છે.

મસઅલો (૩૭૧) : એઇડઝનો રોગી બીજાઓથી જાતીય સંબંધો જોડી શકે છે? શું આ બીમારીથી રક્ષિત માનવી જાતીય સંબંધોનો ઇન્કાર કરી શકે છે? કેમકે આ એક

ખુલ્લી વાત છે કે જાતીય સમાગમ આ બીમારીના ફેલાવાનું મૂળભૂત કારણોમાંથી છે?

જવાબ : એઇડઝની બીમારીથી બચેલી પત્નીને એ વાતનો હક પ્રાપ્ત છે કે તે એઇડઝના મરઝમાં સપડાએલ પોતાના પતિને સમાગમથી તક ન આપે, ભલે બીમારીના ફેલાવાનો માત્ર સંભવ હોય. આવા સંજોગમાં પત્ની પર વાજિબ છે કે તે પત્ની ની ફરજો પૂરી કરવાનો ઇન્કાર કરે. જો વીર્યપાત બહાર કરી પત્ની ને બિમારીનો ચેપ લાગવાનો ખતરો ઓછો થઇ શકે, જેનું કોઇ મહત્વ ન હોય, તો એ સૂરતમાં પત્ની સમાગમની તક આપી શકે છે, બલ્કે એહતેયાતની રૂએ તેના માટે ઇન્કાર કરવો

જાઇઝ નથી. આ મસઅલાથી એ ધારણાનો હુકમ પણ સ્પષ્ટ થઇ જાય છે, જેમાં પતિ આ બીમારીથી રક્ષિત છે, જ્યારે કે પત્ની હઠીલી બીમારીમાં સપડાએલ છે. આ સૂરતમાં જો બીમારી સ્થળાંતર થવાનો (ચેપ લાગવાનો) સંભવ હોય તો પતિ માટે પત્નીથી સમાગમ કરવો જાઇઝ નથી અને દરેક ચાર મહીના પછી, પત્નીને જે સમાગમનો હક છે, તે પણ સાકિત થઇ જાય છે. પણ એ કે કોઇ એવી રીત જેનાથી બીમારી ફેલાવાનો ડર ન હોય તો એ સૂરતમાં સમાગમ કરવો જાઇઝ હશે.

મસઅલો (૩૭૨) : પતિ, પત્ની જે કોઇ એક એઇડઝની બીમારીથી રક્ષિત હોય, શું તલાકની માગણી કરી શકે છે?

જવાબ : જો નિકાહ પઢાવતી વખતે બીમારી વિશે જાહેર કરવામાં ન આવ્યું હોય અને પાછળથી આ વાત જાહેર થાય તો એવા સંજોગમાં જેનાથી ધોકો કરવામાં આવ્યો છે, તેને નિકાહ ખતમ કરવાનો અધિકાર પ્રાપ્ત છે. અલબત્તા આ વાત એ સમયે ધોકો નહીં ગણાય, જ્યારે પતિના ખ્યાલમાં પત્ની આ બિમારથી રક્ષિત હોય અને પત્ની અથવા તેનો વલી તે અંગે ચૂપ રહે, પરંતુ પતિ પત્નીમાંથી કોઇએ ધોકાથી કામ ન લીધું હોય અથવા એ કે

બીમારી નિકાહ પછી લાગી હોય તો એ પરિસ્થિતિમાં પતિને એ હક પ્રાપ્ત છે કે તે એઇડઝમાં સપડાએલ પોતાની પત્નીને તલાક આપી દે, જો કે તલાક શરીઅતની રૂએ એક અનિચ્છનીય અમલ છે. જે પત્ની આ બીમારીથી રક્ષિત છે અને તેનો પતિ આ બીમારમાં સપડાએલ છે તો આ ઔરત પોતાના આ પતિથી તલાકની માગણી કરી શકે છે કે નહીં, તેમાં બે એહતેમાલ છે.

બેહતર એ છે કે એહતેયાતના તકાજાઓ છોડી દેવામાં ન આવે, અલબત્તા શોહર પોતાની પત્નીથી અલગ-થલગ રહે અને પત્નીના મામલાને લટકાવી રાખે, તો તેણી

પોતાના મામલાને લઇને હાકીમે શરઅ પાસે રજૂ કરી શકે છે. જેથી શોહરની સાથે રહેવા અથવા તલાકના મામલામાં કોઇ એકને મજબૂર કરી શકાય.

મસઅલો (૩૭૩) : શોહર એઇડઝનો મરીઝ હોય તો પત્ની તલાક લઇ શકે છે, તેના માટે શું હુકમ છે?

જવાબ : કોઇ સ્ત્રીની માગણી પર તેના પતિને તલાક આપવા પર મજબૂર નથી કરી શકાતો અને હાકિમે શરઅના તરફથી તલાક જારી નથી કરી શકાતી. પરંતુ સ્ત્રી એ હક રાખે છે કે, તે પોતાના પતિની સાથે પત્નીની ફરજો અદા કરવાનો ઇન્કાર કરી દે. જેનાથી આ બીમારીમાં

સપડાવાનો ખતરો હોય. પરંતુ એ કારણો છતાં પતિ પર પત્નીનું ભરણપોષણ વાજિબ છે.

મસઅલો (૩૭૪) : શુ એઇડઝની બીમાર જે ગર્ભવતી છે, ગર્ભપાત કરી શકે છે?

જવાબ : તેના માટે ગર્ભપાત કરવો જાઇઝ નથી, ખાસ કરીને જ્યારે ગર્ભમાં રૂહ દાખલ થઇ ચૂકી હોય, અલબત્તા જો આ ગર્ભને બાકી રાખવાથી બીમારને કોઇ નુકસાનનો ખતરો હોય તો રૂહ દાખલ થવા પહેલા ગર્ભપાત જાઇઝ છે, બીજા સંજોગોમાં જાઇઝ નથી.

મસઅલો (૩૭૫) : શું એઇડઝની બીમાર સ્ત્રી પોતાના બાળકનો ઉછેર કરી શકે છે? જે આ

બીમારીથી સુરક્ષિત છે, તેને દૂધ પીવરાવવાનો હુકમ શું છે?

જવાબ : આ અનુસંધાનમાં સાવચેતીની યોજના જરૂરી છે, જો કે બાળકના ઉછેરનો હક જતો નથી રહેતો. અલબત્તા જો એ વાતનો સંભવ હોય કે દૂધપાન દરમિયાન માના સ્તનો દ્વારા આ બીમારી બાળકને લાગુ પડવાનો ખતરો હોય તો દૂધ પીવરાવવાથી બચવું જોઇએ.

મસઅલો (૩૭૬) : શું એઇડઝની બીમારીને જીવલેણ રોગ કહી શકાય છે?

જવાબ : આ એક એવી બીમારી છે જે લાંબા સમય સુધી બીમાર સાથે રહે છે એટલે તેને જીવલેણ રોગ કહેવામાં આવશે.

મસઅલો (૩૭૭) : શું ડોક્ટર પર એ વાજિબ છે કે તે પતિ પત્ની જેવા મરીઝના નિકટના સગાઓ અને કુટુંબીઓને આ મરઝ વિશે સાવચેત કરે ?

જવાબ : જો મરીઝ અથવા તેનો વલી એ વાતની રજા આપે તો તેના સગાવહાલાઓ અને કુટુંબીઓને બતાવવું જાઇઝ છે. ભલે લાંબા સમય સુધી જ હોય, જો મરીઝની ઝિંદગી બચાવવી એ વાતની અગમચેતી પર અવલંબિત હોય તો વાજિબ છે. અને એ

સંજોગોમાં પણ મરીઝના સગાઓને બતાવવું વાજિબ થાશે, જ્યારે કે અજાણ હોવાના કારણે આ બીમારીમાં જોઇતી સાવચેતી ન રાખી શકાય જેના કારણે બીજાઓ સુધી આ બીમારી વળગવાનો ખતરો હોય. (વલ્લાહુલ આલિમ - અલ્લાહ જ જાણનાર છે)

મસઅલો (૩૭૮) : શું તે મુસલમાન રોગી પોતાની પત્ની સાથે દંપતિ હક્કો અદા કરી શકે છે જેને એ ખબર હોય કે તે એઇડઝની બીમારીમાં સપડાએલ છે અને શું તેના પર વાજિબ છે કે તે પોતાની પત્નીને પોતાની બીમારીથી જાણકાર કરે?

જવાબ : જો એઇડઝમાં ગ્રસ્ત આ મુસલમાન મરીઝને એ યકીન હોય કે સમાગમથી આ બીમારી ફેલાશે તો તેણે કોઇપણ સૂરતમાં આમ કરવું જાઇઝ નથી અને એ સંજોગમાં પણ સમાગમ જાઇઝ નહીં થાય, જ્યારે બીમારી ફેલાવાનો નોંધપાત્ર એહતેમાલ હોય, પણ એ કે પત્નીને આ પરિસ્થિતિનું ઇલ્મ હોય અને તે પોતાની રાજીખૂશીથી સમાગમની તક આપેતો આ સંજોગોમાં લગ્ન જીવનના હક્કો અદા કરવા જાઇઝ થાશે.

# પતિ-પત્ની સંબંધે અમુક હુકમો : જાતીય સંબંધોને લગતા ખાસ શરઇ મસઅલાઓના સવાલ અને જવાબ

ઇસ્લામી શરીઅત જાતીય સંબંધો વિશે મુસલમાનો માટે કેટલાક ખાસ હુકમો છે, જે જીવનની વિવિધ બાજુઓને આવરી લે છે. આજના ઇન્સાનની તીવ્ર જરૂરતને દ્રષ્ટિ સમક્ષ રાખી એ વિશેષતાઓનું વર્ણન કરવામાં આવ્યું છે, જેના પર એવા એવા મામલાઓ ઉભા થાય છે, જે ઇસ્લામી અને એ સમાજના લોકો સાથે ગાઢ સંબંધ ધરાવે છે. ઇસ્લામી શરીઅત મુજબ સ્ત્રી પુરૂષના સંબંધોના વિવિધ હુકમો છે.

આ ભાગમાં માત્ર એ હુકમો બયાન કરવામાં આવે છે, જેનો સંબંધ બિન-મુસ્લિમ દેશોમાં રહેવાવાળા મુસલમાનોથી છે, જેઓ પોતાના સક્રીય જીવનમાં શરઇ હુકમોથી બેપરવા નથી રહી શકતા.

મસઅલો (૩૭૯) : શાદી એ શરઇ મુસ્તહબ બાબતોમાંથી છે, જેના વિશે ઘણી વધારે તાકીદ કરવામાં આવી છે. જેમકે હઝરત મોહમ્મદ મુસ્તફા (સ.અ.વ.)નું પવિત્ર ફરમાન છે કે,

‘‘જે શખ્સ શાદી કરી લે છે, તે પોતાનો અર્ધો દીન બચાવી લે છે.’’ (વસાએલુશ્શીઆ જી-૨૦, પેજ-૧૭)

‘‘વસાએલુશ્શીઆ’’માં આપ (સ.અ.વ.)નું પવિત્ર ફરમાન છે :

‘જે શખ્સ મારી સુન્નત પર ચાલવા માંગે છે, તેણે જાણી લેવું જોઇએ કે મારી સુન્નતોમાંથી એક સુન્નત શાદી છે.’’

સરવરે કાએનાત (સ.અ.વ.)નો ઇરશાદ છે, આપ (સ.અ.વ.)એ ફરમાવ્યું :

‘‘એક મુસલમાનના માટે ઇસ્લામના પછી એવી મુસલમાન પત્નીથી શ્રેષ્ઠ કોઇ ચીજ નથી કે (તે) જેની તરફ જુએ તો તેનું દિલ ખુશ થાય, પતિ હુકમ કરે તો તે તેની તાબેદારી કરે. પતિની ગેરહાજરીમાં તેણી પોતાના નફસનું

રક્ષણ કરે.'' (મિન્હાજુસ્સાલેહીન, આકાએ સીસ્તાની, અલ મુઆમેલાત, ભા-૨, પેજ - ૭)

મસઅલો (૩૮૦) : પુરૂષને જોઇએ કે તે જે સ્ત્રી સાથે શાદી કરવા ઇચ્છે છે, તે તેમાં એ સિફતો (ગુણો)ને ધ્યાનમાં રાખે, જે એક સારી અને આદર્શ પત્નીમાં હોય છે. પત્નીનું પાકદામન, કૂળવાન, નેક, દુન્યવી અને આખેરતના જીવનમાં પતિની વફાદાર હોવું જરૂરી છે.

કોઇપણ પુરૂષ માટે એ યોગ્ય નથી કે સ્ત્રીના બાહ્ય સૌંદર્ય, રૂપ અને માલ દોલતને તેના વ્યકિતત્વની ખૂબીઓ સમજે. નબી કરીમ

(સ.અ.વ.)નું ઇરશાદ છે, જે ''વસાએલુશ્શીઆ'' (જી-૨૦, પે-૩૫) પર લખેલું છે. આપ (સ.અ.વ.)થી રિવાયત છે :

'અય લોકો ! કચરાપેટી પર ઊગવાવાળી લીલોતરીથી બચો. આપ (સ.અ.વ.)ને પૂછવામાં આવ્યું : યા રસૂલલ્લાહ ! આ લીલોતરીથી શું મુરાદ છે? આપ (સ.અ.વ.) એ ફરમાવ્યું તેનાથી મુરાદ બદકિરદાર કુટુંબની સૌંદર્યવાન સ્ત્રી છે.''

મસઅલો (૩૮૧) : સ્ત્રીના વારસદારોને પણ જોઇએ કે તેઓ સ્ત્રીને સદ્‌ગુણોનું મહત્વ સમજાવે, જેનું એક પુરૂષમાં પતિ તરીકે હોવું જરૂરી છે અને સ્ત્રીને જોઇએ કે તે એવા પુરૂષ

પોતાનો જીવન સાથી બનાવે જે દીનદાર, પાક દામન, અખ્લાકવાળો અને સામાજિક દૂષણો દાખલા તરીકે શરાબ ખોરી અને બીજા હલાક કરનાર ગુનાહો ન આચરતો હોય.

મસઅલો (૩૮૨) : એ વાત પ્રશંસનીય થશે કે કોઇ દીનદાર, નીતિવાન, ચારિત્રશીલ પુરૂષ માંગુ મોકલે તો તેનો ઇન્કાર ન કરે.

જવાબે સરવરે કાએનાત (સ.અ.વ.)નું પવિત્ર ફરમાન ''તહઝીબુલ અહકામ'' (જી-૭, પેજ-૩૯૫) પર લખેલું છે, આપ (સ.અ.વ.) એ ફરમાવ્યું :

'જ્યારે કોઇ એવો છોકરો, પુત્રીનું માગુ લઇને તમારી પાસે આવે, જેના અખ્લાક અને દીન પસંદપાત્ર હોય તો તેને રિશ્તો આપી દયો, નહિતર જમીન પર ફસાદ અને બગાડ પેદા થાશે.'

મસઅલો (૩૮૩) : શાદીના માટે ઇચ્છુક લોકો માટે કોશિશ કરવી, તેના માટે માધ્યમ બનવું અને બંને પક્ષોને સગાઇ પર તૈયાર કરવા મુસ્તહબ છે.

મસઅલો (૩૮૪) : પુરૂષને જોઇએ કે શાદી પહેલાં એ સ્ત્રીના વ્યક્તિત્વની બધી બાજુઓ નિરીક્ષણ કરે અથવા તેની સાથે વાતચીત કરે, જે સ્ત્રી સાથે શાદી કરવા ચાહે છે, તેનો ચહેરો,

વાળ, ગરદન, હથેળીઓ, પીંડલીઓ, કાંડાઓ જોવા જાઇઝ છે, એ શરતે કે જોવા નો મકસદ, જાતીય આનંદ મેળવવો ન હોય.

મસઅલો (૩૮૫) : ઇસ્લામી શરીઅતમાં નિકાહના બે પ્રકાર છે, દાએમી નિકાહ અને આરઝી નિકાહ. દાએમી નિકાહ એ લગ્નગ્રંથીને કહેવામાં આવે છે, જેમાં શાદીની મુદ્દત નક્કી કરવામાં નથી આવતી. આ સંબંધમાં પત્ની દાએમી પત્ની કહેવાય છે.

આરઝી નિકાહ એને કહે છે, જેમાં નિકાહની મુદ્દત એક વરસ અથવા તેનાથી વધારે અથવા તેનાથી ઓછી નક્કી કરવામાં

આવે છે. આ શાદીના સંબંધમાં પત્ની મવકૂતા (આરજી) કહેવાય છે.

મસઅલો (૩૮૬) : દાએમી નિકાહમાં સીગો પ્રથમ સ્ત્રી પુરૂષને સંબોધીને કહે છે :

**ઝવ્વજતો નફસી બે મહરિન કંદરોહૂ........**

ખાલી જગ્યા પર મહેરની રકમનો ઉલ્લેખ કરે.

ત્યાર પછી તરતજ પુરૂષ કહે : **કંબિલતુત તઝવીજ**

આરઝી નિકાહમાં (મુત્આ)નો સીગો : પહેલે સ્ત્રી પુરૂષને કહે :

**ઝવ્વજતો નફ્સી બે મહેરિન કંદરોહૂ................લે મુદ્દતે.........**

પ્રથમ ખાલી જગ્યા પર મહેરની રકમ અને બીજી ખાલી જગ્યાએ નિકાહની મુદ્દતનો ઉલ્લેખ કરે.

મસઅલો (૩૮૭) : મુસલમાન પુરૂષ, યહૂદી અને ઇસાઇ સ્ત્રીથી આરઝી નિકાહ (મુત્આ) કરી શકે છે  અને એહતેયાતે વાજિબ એ છે કે બિન-મુસ્લિમ સ્ત્રી (એહલે કિતાબ)થી દાએમી નિકાહ ન કરવામાં આવે, પરંતુ એહલે કિતાબ સિવાય બીજી કાફ઼ર ઔરતોથી કોઇ પણ પ્રકારના નિકાહ જાએઝ નથી. અને એહતેયાતે વાજિબની રૂએ મજૂસી ઔરતથી આરઝી

નિકાહ સુધ્ધાં નથી થઇ શકતા. પરંતુ મુસલમાન ઔરત માટે એ જાઇઝ નથી કે તે કોઇ પણ કાફરથી નિકાહ કરે. (ભલે તે એહલે કિતાબ હોય)

મસઅલો (૩૮૮) : કુંવારી કન્યા ચાહે તે મુસલમાન હોય કે એહલે કિતાબ, જો તે જીવનની બાબતોમાં આઝાદ અને પોતે પોતાનો નિર્વાહ કરતી ન હોય તો તેના નિકાહમાં બાપ અથવા દાદાની રજામંદી શરત છે. બલ્કે એહતેયાતે વાજિબ એ છે કે જો તે આઝાદ અને સ્વાવલંબી હોય તો પણ બાપ અથવા દાદાની રજામંદી મેળવવી જરૂરી છે.

અલબત્તા ભાઇ, બહેન અને બીજા કુટુંબીઓની રજામંદીની જરૂર નથી.

મસઅલો (૩૮૯) : સમજદાર બાલીગ અને કુંવારી કન્યાના નિકાહમાં બાપ અથવા દાદાની રજામંદી એ સંજોગમાં શરત નથી, જ્યારે બાપ અથવા દાદા તેના શરઇ અને લાયક કુફવથી નિકાહ કરવાની મનાઇ કરે અથવા તેના નિકાહમાં કોઇ પ્રકારનો રસ ન લે અથવા તેઓની ગેરહાજરીમાં તેઓથી રજા લેવી શકય ન હોય, એ સૂરતમાં સમજદાર, બાલીગ અને કુંવારીના માટે શાદી તેની અત્યંત જરૂરત હોય તો બાપ અથવા દાદાની રજા વગર શાદી કરી શકે છે.

મસઅલો (૩૯૦) : જે કન્યા કુંવારી ન હોય, તેના નિકાહમાં બાપ અથવા દાદાની રજામંદી જરૂરી સમજવામાં નહીં આવે. કુંવારી ન હોવાનો મતલબ એ છે કે તેની પહેલાં પણ શાદી થઇ ચૂકી હોય, અર્થાત તેણે પોતાના પતિ સાથે સમાગમ કર્યો હોય. પરંતુ જો કોઇ છોકરીનું (કુંવારાપણું) કોઇ અકસ્માત, વ્યભિચાર અથવા કોઇ અન્ય કારણે દૂર થઈ ગયું હોય તો તે છોકરી કુંવારીજ સમજવામાં આવશે અને બાપ દાદાની રજામંદી જરૂરી રહેશે.

મસઅલો (૩૯૧) : જે શખ્સ શાદી ન કરવાના કારણે પોતાને હરામ કૃત્યથી બચાવી

શકતો ન હોય તેના પર શાદી કરવી વાજિબ છે.

મસઅલો (૩૯૨) : જે દેશોમાં અધર્મીઓ, ખુદામાં ન માનનારાઓ અને એહલે કિતાબની બહુમતિ હોય, એ દેશમાં રહેનારા મુસલમાન પર એ વાજિબ છે કે તે છોકરીથી નિકાહ કરવા માગે, તેનાથી તેના દીન વિશે પૂછી લે જેથી તે યકીન મેળવી લે કે એ અધર્મી નથી, જેથી નિકાહ ઠીક થઇ શકે અને આ સંબંધમાં છોકરીનું કથન સ્વીકાર્ય થાશે.

મસઅલો (૩૯૩) : મરદ અને ઔરત પોતે પોતાના અકદનો સીગો પડી શકે છે. અથવા કોઇને વકીલ પણ બનાવી શકે છે. બંનેની

હાજરી જરૂરી નથી તેજ પ્રમાણે મૌલાનાનું હાજર રહેવું પણ જરૂરી નથી.

મસઅલો (૩૯૪) : જે લોકો સહીહ અરબીમાં સીગો નથી પડી શકતા તેઓ બીજા ભાષામાં પણ અકદ પઢી શકે છે. જેનાથી શાદીનો મતલબ સંપૂર્ણ રીતે સમજાય જતો હોય.

મસઅલો (૩૯૫) : જે મુસલમાન પુરૂષે કોઇ મુસલમાન સ્ત્રીથી શાદી કરી રાખી હોય, તેના માટે જાઇઝ નથી કે, પોતાની મુસલમાન પત્નીની રજા વગર યહૂદી અને ઇસાઇ જેવી (એહલે કિતાબ) ઔરતથી નિકાહ કરે. એહતેયાતે વાજિબ એ છે કે, જો તેની મુસલમાન પત્ની ઇજાઝત આપી પણ દે, તો

પણ એહલે કિતાબથી આરઝી નિકાહ (મુત્આ) સુધ્ધાંથી પરહેઝ કરે અને આ મસઅલામાં ફરક નથી પડતો કે તે મુસલમાન પુરૂષ પાસે તેની પત્ની હાજર છે કે નહીં.

મસઅલો (૩૯૬) : શરઇ નિકાહ વગર યહૂદી અને ઇસાઇ એહલે કિતાબ સ્ત્રીઓથી જાતીય સમાગમ અંજામ આપવો જાઇઝ નથી, એ છતાં કે એ દેશની હુકૂમત મુસલમાનો સાથે જંગની હાલતમાં હોય.

મસઅલો (૩૯૭): એહતેયાતે વાજિબ એ છે કે જે સ્ત્રી વ્યભિચારમાં પ્રખ્યાત હોય, જ્યાં સુધી તે પોતાની ગુનાહિત ઝિંદગીથી તૌબા ન કરી લે, તેની સાથે નિકાહ કરવા જાઇઝ નથી.

એટલે એ પણ એહતેયાતે વાજિબ છે કે, ઇન્સાન એ સ્ત્રીથી પણ, તેના તૌબા કરવા પહેલા, નિકાહ ન કરે, જેની સાથે તેણે વ્યભિચાર કર્યો હોય.

મસઅલો (૩૯૮) : જો બિન-મુસ્લિમ પુરૂષ અને બિન-મુસ્લિમ સ્ત્રી પોતે પોતાના મઝહબ પ્રમાણે શરતો મુજબ અને સહી નિકાહ થયા હોય, ત્યારે પણ શરઇ હુકમ પ્રમાણે સહી નિકાહની અસરો અને હુકમો લાગુ થશે. ચાહે બંને એહલે કિતાબ હોય કે બંને એહલે કિતાબ ન હોય. જેમકે બંને કાફર અથવા એક કાફર અને એક એહલે કિતાબ હોય, ત્યાં સુધી કે બંને પતિ પત્ની એકી સાથે મુસલમાન થઇ જાય

તો પોતાના પહેલાંના સગપણ (નિકાહ) પર કાયમ રહેશે. અને આપણા મઝહબ પ્રમાણે કોઇ નવી શાદી કે નિકાહની જરૂરત નહીં રહે.

મસઅલો (૩૯૯) : જો કોઇ બાપ પોતાની યુવાન પુત્રી જે અઢાર વર્ષની થઇ ગઇ હોય તેના પરથી પોતાની સરપરસ્તી ઉપાડી લે અને તેને આઝાદી આપી દે, જેમકે અમેરિકા અને કેટલાક યૂરોપી દેશોમાં કરવામાં આવે છે, તો પુત્રીથી બાપની વિલાયત ખતમ થઇ જશે. અને બાપની રજા અને ખૂશ્નુદી વગર તે પોતાની મરજી મુજબનો રિશ્તો કરી શકે છે.

મસઅલો (૪૦૦) : પતિ અને પત્ની એક બીજાના જાહેરી અને છુપા ભાગને, ત્યાં સુધી કે

ગુપ્તાંગને પણ જોઇ શકે છે એ જ રીતે એ બંને પોતાના બદનના કોઇ પણ ભાગને એક બીજાના બદનના કોઇ પણ ભાગ સાથે અડાડી શકે છે, ભલે તે લજ્જત સાથે હોય કે વગર લજ્જતે.

મસઅલો (૪૦૧) : પતિ અને પોતાની પત્નીનું ભરણપોષણ વાજિબ છે જેના નિકાહ દાએમી હોય અને જે બાબતોમાં પતિની તાબેદારી વાજિબ હોય, એ વાતોમાં તે પોતાના પતિની તાબેદારી કરે, તો પતિ પર વાજિબ છે કે તે પોતાની પત્નીને જીવન જરૂરિયાતો પૂરી પાડે, જેમાં અર્વાચીન યુગ પ્રમાણે જરૂરી સાધનો મોજૂદ હોય, જે શોહરની

સ્થિતિ પ્રમાણે પત્નીના મોભાને લાયક હોય, અલબત્તા આ જીવનની જરૂરિયાતો સમય અને સ્થળ સંજોગો અને જીવનના સ્તર મુજબ વિવિધ હોઇ શકે છે.

મસઅલો (૪૦૨) : પત્નીના ખર્ચાઓ પતિ પર વાજિબ છે, ચાહે તે મુસલમાન હોય અથવા યહૂદી અથવા ઇસાઇ.

મસઅલો (૪૦૩) : પત્નીનું ભરણપોષણ માત્ર એજ સૂરતમાં વાજિબ નથી કે જ્યારે પત્ની ગરીબ અને મોહતાજ હોય, બલ્કે એ સૂરતમાં પણ વાજિબ છે, જ્યારે તે અમીર અને શ્રીમંત હોય.

મસઅલો (૪૦૪) : મુસાફરી દરમિયાન પત્ની પતિ સાથે હોય તો તેનું ભાડું અને બીજા ખર્ચાઓ પતિના માથે વાજિબ થાશે. ભલે સફરના ખર્ચાઓ, તેના ઘરેલું અને દેશના ખર્ચાઓથી વધારે હોય. એ સંજોગમાં પણ ભાડા અને સફરના ખર્ચાઓ પતિ પર વાજિબ થાશે જ્યારે પત્ની એકલી જીવનના કામકાજ અંગે કોઇ સફર પર જઇ રહી હોય, દાખલા તરીકે તે ઇલાજ માટે જઇ રહી હોય, એ સૂરતમાં પત્નીના ભરણપોષણ સફર અને ઇલાજના ખર્ચાઓ પતિ પર વાજિબ રહેશે.

મસઅલો (૪૦૫) : યુવાન પત્ની સાથે ચાર મહિનાથી વધારે સમય સુધી સમાગમ ન કરવો

જાઇઝ નથી. પણ એ કે આ અનુસંધાનમાં કોઇ કારણ હોય. દાખલા તરીકે પતિ કોઇ તકલીફમાં સંડોવાયો હોય અને તેને આ કાર્ય અંજામ આપવાથી કોઇ તકલીફ થાતી હોય અથવા આ કાર્ય (સમાગમ) તેને માટે નુકસાનકારક પૂરવાર થાય અથવા પત્ની એ વાત પર રાજી હોય અથવા પતિએ નિકાહ સમયે પત્નીથી ચાર મહિનાથી વધારે સુધી સમાગમ છોડી દેવાની શરત લગાવી હોય અને એહતેયાતની રૂએ આ હુકમ માત્ર દાયમી પત્ની માટે નથી બલ્કે એ પત્ની પણ શામિલ છે જેનાથી તેને મુત્આહ કર્યા છે. આ હુકમ માત્ર હાજર શખ્સ માટે

નથી, બલ્કે મુસાફર પણ તેમાં શામિલ છે, કોઇ પણ શરઇ કારણ અને મજબૂરી સિવાય સફરને વધારે લંબાવવી જાઇઝ નથી, જેનાથી પત્નીનો હક માર્યો જાય. ખાસ કરીને જ્યારે આ સફર સામાન્ય પ્રથા મુજબ પણ જરૂરી ન હોય, દાખલા તરીકે માત્ર હરવા ફરવા અને આનંદ માટે સફર કરવામાં આવે.

મસઅલો (૪૦૬) : મુસલમાન સ્ત્રી કાફર પુરૂષ સાથે દાયમી નિકાહ પણ નથી કરી શકતી અને આરઝી નિકાહ (મુત્આ) પણ નહીં.

મસઅલો (૪૦૭) : જો પતિ પોતાની પત્નીને દુ:ખ આપે અને કોઇ પણ શરઇ જવાઝ

(કારણ) વિના તેના પર સખ્તી કરે તો પત્ની પોતાનો મામલો લઇને હાકિમે શરઅની પાસે રજૂ કરી શકે છે, જેથી હાકિમે શરઅ તે પતિને નેક વર્તાવ કરવાનો હુકમ આપે અને જો તેનો કોઇ ફાયદો ન હોય તો પોતાના મત પ્રમાણે તેને ઠપકો આપે અને જો તેનાથી પણ કોઇ લાભ ન થાય તો પત્ની તલાકની માંગણી કરી શકે છે, જો પતિ તલાક દેવાનો ઇન્કાર કરી દે અને તેને તલાક પર મજબૂર ન કરી શકાય, તો હાકિમે શરઅ, તેની તલાકનો સીગો જારી કરી શકે છે. (મિન્હાજુસ્સાલેહીન, મામલાત ભા-૨, પેજ-૧૦-૧૧)

મસઅલો (૪૦૮) : કૃત્રિમ રીતે પતિનું વીર્ય પત્નીના ગર્ભાશયમાં પહોંચાડવું જાઇઝ છે. એ શરતે કે આ અમલ દરમિયાન કોઇ અન્ય હરામ કાર્ય ન કરવામાં આવે, જેમકે શરીરના એ ભાગને ન જોવો પડે જેને જોવું જાઇઝ નથી.

મસઅલો (૪૦૯) : સ્ત્રી માટે એવી દવાઓ વાપરવી જાઇઝ છે, જે ગર્ભને રોકનારી હોય, એ શરતે કે તેને કારણે સ્ત્રીને કોઇ મોટું નુકસાન ન થાતું હોય, પણ એ વાતથી કોઇ ફરક નથી પડતો કે પુરૂષ રાજી છે કે નહીં.

મસઅલો (૪૧૦) : સ્ત્રી ગર્ભ રોકવા માટે કોપરટી અને એવા બીજા સાધનો વાપરી શકે છે. હા, અલબત્તા તેને તેનાથી કોઇ મોટું

નુકસાન ન થતું હોય, અને સંતતિ નિયમનના વપરાશ દરમિયાન કોઇ હરામ કામ અંજામ ન આપવું પડે, અર્થાત ડોકટરને કોઇલ રાખવા સમયે સ્ત્રીના શરીરને સ્પર્શવી અથવા જોવી ન પડે. એવી જ રીતે જો લેડી ડોકટર આ કોપરટી રાખવાવાળી હોય તો તેને પણ હાથ મોજા પહેર્યા વગર સ્ત્રીના ગુપ્તાંગને સ્પર્શવું કે જોવું ન પડે. ઉપરાંત એહતેયાતે વાજિબ તરીકે આ કોપરટીના કારણે ધારેલા ગર્ભ બરબાદ ન થઇ જાય.

મસઅલો (૪૧૧) : સ્ત્રી માટે એ જાઇઝ નથી કે ગર્ભમાં રૂહ પ્રવેશવા પછી કોઇ પણ કારણે તેને બરબાદ કરે. અલબત્તા કોઇ અસહ્ય

તકલીફની સૂરતમાં, તેમાં રૂહ દાખલ થયા પહેલાં ગર્ભપાત કરી શકે છે.

મસઅલો (૪૧૨) : જો કોઇ સ્ત્રી પેટમાં બચ્ચાને પોતે બરબાદ કરી દે તો તેના પર દીયત વાજિબ થાશે. એવી જ રીતે બચ્ચાનો બાપ અથવા કોઇ અન્ય શખ્સ દાખલા તરીકે ડોકટર ગર્ભપાત કરી દે તો પર દીયત વાજિબ થાશે.

મસઅલો (૪૧૩) : જો કોઇ સ્ત્રીને નાજાઇઝ રીતે ગર્ભ રહી જાય, તો પણ ગર્ભપાત કરવો જાઇઝ નથી, પણ એ કે આ ગર્ભને બાકી રાખવાથી સ્ત્રીની જાનનો ખતરો હોય, એ સંજોગમાં રૂહ દાખલ થવા પહેલાં ગર્ભપાત

જાઇઝ છે, પરંતુ રૂહ દાખલ થયા પછી કોઇ પણ સંજોગોમાં જાઇઝ નથી.

## આ પ્રકારણના વિશેષ સવાલ જવાબ

મસઅલો (૪૧૪) : શું એ શક્ય છે કે પશ્ચિમમાં કોઇ મોમિનની શાદીમાં ઇમામનો માલ ખર્ચ કરવામાં આવે જ્યારે કે એજ ભારી કરન્સીથી ઘણા બધા મુસ્લિમ દેશોમાં એકથી વધારે મોમિનોની શાદી કરાવી શકાય છે. શું એ શક્ય નથી કે આ ઇમામના હકથી જેટલું શક્ય હોય એટલા વધારે હકદારોને ફાયદો પહોંચાડવામાં આવે.

જવાબ : ઇમામના માલને જરૂરતમંદ મોમિનોના લગ્નમાં ખર્ચ કરી શકાય છે, પરંતુ આવી અને તેના જેવી બીજી જરૂરી વસ્તુઓ માટે તેના વકીલની રજા સિવાય ખર્ચ કરવો જાઇઝ નથી અને આ હકને વધારેમાં વધારે હકદારોમાં ખર્ચ કરવો વાજિબ નથી, બલ્કે જરૂરતોના મહત્વને ધ્યાનમાં રાખવું જોઇએ.

મસઅલો (૪૧૫) : શું નિકાહની વિધીમાં એ ગેર અરબના અરબી સીગાનો ઉચ્ચાર પૂરતો ગણાશે, જે શબ્દોના અર્થોને નથી સમજતો. જ્યારે કે તેનો ઇરાદો એજ હોય છે કે ખરા નિકાહના સીગા પઢવામાં આવે અને શું પૂરતા હોવાની સૂરતમાં એ જરૂરી છે કે અરબી

ભાષામાં જ પઢવામાં આવે અને બીજી ભાષામાં પૂરતો નથી ?

જવાબ : જો તે સીગાના ભાવાનુવાદ તરફ ધ્યાન રાખે તો એ પૂરતું છે. અલબત્તા એહતેયાતનો તકાજો એ છે કે કોઇ અન્ય ભાષામાં નિકાહનો સીગો કાફી ન હોય.

મસઅલો (૪૧૬) : શું ટેલીફોન દ્વારા નિકાહ પઢવા સહી છે?

જવાબ : સહી છે.

મસઅલો (૪૧૭) : શું ટેલીફોન, ફેક્સ, પત્ર વ્યવહાર દ્વારા ગવાહી આપી શકાય છે?

જવાબ : જો હુકમોના સમર્થનમાં કાજીની સામે ગવાહની હાજરી જરૂરી હોય, તેમાં એ સાધનો દ્વારા ગવાહી નથી દઇ શકાતી. જે હુકમોના સમર્થન માટે કોઇ પણ માર્ગ/સાધન દ્વારા ખબર આપવી પૂરતી હોય, એવા કાર્યોમાં આ રીતે ગવાહી આપવી પૂરતી છે, એ શરતે કે જૂઠ અને ગલતીથી સુરક્ષિત હોય.

મસઅલો (૪૧૮) : શું જે સ્ત્રીથી શાદીનો ઇરાદો હોય તેના ગુપ્તાંગો સિવાય બીજા શરીરના અંગોને લઝ્ઝતની નિય્યતથી અથવા વગર લઝ્ઝતથી જોવું જાઇઝ છે?

જવાબ : લઝ્ઝતની નિય્યત વગર તેનો ચહેરો, વાળ અને હથેળી જેવા બદનના અંગો જોવા

જાઇઝ છે, ભલે પછી ગેર ઇખ્તેયારી રીતે લઝ્ઝત પ્રાપ્ત થઇ જાય. જો પ્રથમ દ્રષ્ટિમાં જરૂરી માહીતી પ્રાપ્ત થઇ જાય તો વારંવાર જોવું જાઇઝ નથી.

મસઅલો (૪૧૯) : અમુક પશ્ચિમી દેશોમાં ૧૬ વરસ પછી છોકરીને એ હક મળી જાય છે કે તે સ્થૂળ અને માલી રીતે અને રહેવા કરવા અંગે મા-બાપથી અલગ-થલગ થઇ જાય. ત્યાર પછી છોકરી જીવનના કામોમાં બધા મામલાઓમાં આઝાદ થઇ જાય છે અને કદી કદી માત્ર મા-બાપથી સલાહ મશ્વેરો કરવા અથવા નૈતિક ફરજો પૂરી કરવા સારૂં સંપર્ક સાધી લે છે. શું આ પ્રકારની કુંવારી છોકરીના

બાપની રજા વગર દાયમી કે આરજી નિકાહ (મુત્આ) કરી શકે છે?

જવાબ : જો અલગ થઇ જવાનો એ મતલબ લેવામાં આવે કે બાપે પુત્રીને જેનાથી ચાહે શાદી કરી શકે છે, એની રજા આપી છે અથવા તેના પરણવાના મામલાઓમાં દખલ દેવાથી દૂર થઇ ગયો છે, તો બાપની રજામંદી વગર શાદી કરવામાં કોઇ હરજ નથી, આ સિવાય એહતેયાતની રૂએ, જાઇઝ નથી.

મસઅલો (૪૨૦) : જો કોઇ કુંવારી છોકરીની વય ૩૦ વગરસથી ઉપર થઇ જાય, તો પણ શાદી માટે બાપની ઇજાઝત લેવી વાજિબ છે?

જવાબ : જો આ સ્ત્રી જીવનના મામલાઓમાં આઝાદ ન હોય તો બાપથી ઇજાઝત લેવી વાજિબ છે, બલ્કે એહતેયાતે વાજિબ એ છે કે, આઝાદ હોવાના સંજોગમાં પણ બાપની ઇજાઝત લેવામાં આવે.

મસઅલો (૪૨૧) : શું કોઇ કુંવારી છોકરી માટે એ જાઇઝ છે કે તે સ્ત્રીઓની મહેફિલમાં શાદીની ખાતર એહલે મહેફિલને પોતા તરફ આકર્ષવા સારૂં ઠાઠ શણગાર કરે ? શું આ અમલ શારીરિક એબ છુપાવવાના ખાતામાં આવશે?

જવાબ : કન્યાનો આ અમલ જાઇઝ છે અને આ એબ છુપાવવાના ખાતામાં નથી આવતો

અને જો આ ખાતામાં આવે પણ તો હરામ કાર્યનો હુકમ નથી રાખતો પણ એ કે આ અમલ એ શખ્સથી ધોકામાં ગણાશે જે એ કન્યાથી શાદી કરવા ઇચ્છે છે.

મસઅલો (૪૨૨) : પત્ની હાકિમે શરઅથી તલાકની માગણી કયારે કરી શકે છે? શું એ પત્ની તલાકની માગણી કરી શકે છે જેનાથી તેનો પતિ લગાતાર અયોગ્ય વર્તન કરતો હોય અથવા જેનો પતિ તેની જાતીય વાસના પૂરી નથી કરતો અને હરામ કામમાં સંડોવાનો ખતરો છે?

જવાબ : એક પતિ પત્નીને દાંપત્ય હકો પૂરા કરવાનો ઇન્કાર કરે અને તલાક આપવા પર

પણ તૈયાર ન હોય અને હાકિમે શરઅ તરફથી એ બંનેમાંથી કોઇ એકનો પાબંદ બનાવવા છતાં પતિ તેના પર અમલ ન કરે, તો પત્ની હાકિમે શરઅથી ખુલાની માંગણી કરી શકે છે, જે તેના તલાકનો સીગો જારી કરે.

નીચે આપેલ સંજોગોમાં પણ ઉપરોકત હુકમ અમલમાં આવશે.

૧. પતિ પત્નીને ભરણપોષણ આપવાનો ઇન્કાર કરે અને તેને તલાક દેવાનો પણ ઇન્કાર કરે અને એ સૂરતનો હુકમ પણ એજ હશે, જ્યારે પત્નીને ભરણપોષણ આપવાની શકિત ન રાખતો હોય અને તલાક દેવા પણ તૈયાર ન હોય.

૨. જ્યારે પતિ પત્નીને દુઃખ આપે, તેના પર જુલ્મ કરે અને તેનાથી સારો વર્તાવ ન કરે, જેમકે અલ્લાહનો હુકમ આજ છે.

૩. જ્યારે પતિ પત્નીથી અલગ થઇ જાય એવી રીતે કે ન તો તે પત્ની રહે ન તો તે આઝાદ હોય, પરંતુ જ્યાં પતિ પત્નીની જાતીય ઇચ્છાને સંપૂર્ણ રીતે પૂરી ન કરતો હોય, જેનાથી તેના ગુનાહમાં પડવાનો ભય હોય, એ સૂરતમાં જો કે એહતેયાતે વાજિબ એ છે કે પતિ પત્નીની ઇચ્છા પૂરી કરે અથવા તેની તલાકની માંગણી પૂરી કરે, પણ જો પતિ એમ ન કરે તો પત્નીને સબ્ર અને વાટ જોવી જોઇએ.

મસઅલો (૪૨૩) : એક મુસલમાન સ્ત્રી જે લાંબા ગાળાથી પોતાના પતિથી અલગ છે અને ભવિષ્યમાં પણ તેને પતિ સાથે ભેગા થવાની આશા નથી અને એ સ્ત્રીનો દાવો છે કે, પશ્ચિમી વાતાવરમાં એક સ્ત્રી પતિ વગર નથી રહી શકતી અને તેને ઘરમાં ચોરી અને લૂંટનો પણ ખતરો છે, શું એવા સંજોગમાં પત્ની હાકીમે શરઅથી તલાકની માગણી કરી શકે છે? જેથી તલાક પછી કોઇ અન્યથી પોતાની મરજીથી શાદી કરી લે.

જવાબ : પતિએ પત્નીથી જુદાઇ ઇખ્તેયાર કરી રાખી હોય અને લાંબા સમયથી અલગ હોય તો પત્ની પોતાનો મામલો હાકિમે શરઅ પાસે લઇ

જઇ શકે છે. જે પતિને બે વાતોમાંથી એકનો પાબંદ કરે, કાં તો પત્નીને ઘરે લાવી વસાવે અથવા તેને સારા વર્તાવ સાથે તલાક આપી દે. જો પતિ આ બંને વાતોનો ઇન્કાર કરી દે અને તેને કોઇ એક વાત પર પણ પાબંદ ન કરી શકાય તો હાકિમે શરઅ પત્નીની માગ પર તેની તલાકનો સીગો જારી કરી શકે છે.

અને જો તેની જુદાઇનો સબબ પત્ની જ હોય, જેનો કોઇ શરઇ જવાઝ ન હોય તો તેને હાકિમે શરઅથી તલાક ની માંગણી કરી શકશે નહી.

મસઅલો (૪૨૪) : જો કોઇ કારણસર મુસલમાન પતિ અને પત્નીને લાંબા સમય સુધી

એક બીજાથી દૂર રહેવા પર મજબૂર હોય તો શું પતિને એ હક છે કે પત્નીને બતાવ્યા વગર કોઇ એહલે કિતાબ સ્ત્રીથી દાયમી નિકાહ અથવા મુત્આહ કરે. જો પતિ પત્નીથી બીજી શાદીની રજા માગે અને તે ઇજાઝત પણ આપી દે તો શું તેને બીજી શાદીનો હક છે?

જવાબ : મુસલમાન પુરૂષના એહલે કિતાબ સ્ત્રીથી દાયમી નિકાહ હર હાલતમાં એહતેયાતે વાજિબની વિરૂદ્ધ છે. ચાહે તેની મુસલમાન પત્ની હાજર હોય કે ન હોય. જો પતિને ત્યાં કોઇ મુસલમાન પત્ની ન હોય તો તે એહલે કિતાબથી આરઝી નિકાહ (મુત્આહ) કરી શકે છે, પરંતુ મુસલમાન સ્ત્રીની હાજરીમાં તેની રજા

વિના આ નિકાહ નથી કરી શકતો. બલ્કે એહતેયાતે વાજિબની રૂએ પત્નીની ઇજાઝત છતાં એહલેકિતાબથી આરઝી નિકાહ જાઇઝ નથી.

મસઅલો (૪૨૫) : કોઇ મુસલમાન સ્ત્રીનો પતિ ઘણા વર્ષોથી પોતાની પત્નિથી દૂર રહે અને સંજોગો તેને એ વાત પર મજબૂર કરે કે તે પોતાની પત્ની (મુસલમાન પત્ની)ને તલાક આપે અને કોઇ એહલે કિતાબથી નિકાહ કરી લે, તો શું પતિ પત્નીના ઇદ્દતના દિવસો વીતવા પહેલા આ કામ કરી શકે છે?

જવાબ : એ સ્થિતિમાં આરઝી નિકાહ બાતિલ થાશે, કેમકે જે સ્ત્રીને તલાકે રજઇ આપવામાં

આવી હોય તે પત્નીના હુકમમાં આવે છે અને આ વાત બયાન થઇ ચૂકી છે કે મુસલમાન પત્નીની મોજૂદગીમાં એહલે કિતાબ સ્ત્રીથી નિકાહે ઇન્કેતાઇ (મુત્આહ) જાઇઝ નથી.

મસઅલો (૪૨૬) : જે શખ્સ કોઇ આસમાની દીનની પાબંદ અથવા મુસલમાન ઔરતથી શાદી કરવા ઇચ્છે છે, શું પુરૂષને એ બતાવવું જરૂરી છે કે આ સ્ત્રીએ પ્રથમ પતિથી છુટાછેડા પછી ઇદ્દત નથી રાખી અથવા ઇદ્દતની હાલતમાં છે.

જવાબ : તેને એ બતાવવું જરૂરી નથી.

મસઅલો (૪૨૭) : શું કોઇ મુસલમાનને એ હક પહોંચે છે કે તે કોઇ કાફરની કાફર પત્નીથી નિકાહ કરે? અને જો કાફર પત્ની પોતાના પતિથી તલાક લે તો તેના માટે ઇદ્દત રાખવી જરૂરી છે? ઇદ્દતની મુદ્દત કેટલી છે? શું ઇદ્દત દરમિયાન તેનાથી સમાગમ કરવો જાઇઝ છે? અને જો તે સ્ત્રી ઇસ્લામ અંગીકાર કરે અને તેના પર ઇદ્દત વાજિબ હોય તો કેટલો સમય ઇદ્દતમાં રહે, જેથી તેણી ફરી કોઇ મુસલમાનથી શાદી કરી શકે?

જવાબ : જો એ કાફરના અકીદા પ્રમાણે સહી નિકાહ થયા હોય તો જ્યાં સુધી આ સ્ત્રી કાફરની પત્ની છે, તેનાથી નિકાહ કરવા સહી

નથી. એટલા માટે કે તે પતિવાળી ગણાશે. અલબત્તા તલાક પછી ઇદ્દતનો સમય વિતવા પછી તેનાથી આરઝી નિકાહ જાઇઝ છે. એક એહલે કિતાબ સ્ત્રીની ઇદ્દત અને તેની મુદ્દત પૂરી થવા પહેલા તેણીથી નિકાહ કરવા જાઇઝ નથી. જો પતિથી સમાગમ પછી તેની પત્ની ઇસ્લામ લઇ આવે અને પતિ મુસલમાન ન હોય તો એહતેયાતનો તકાજો એ જ છે કે ઇદ્દતની મુદ્દત વીતવા પહેલા મુસલમાન તેનાથી શાદી ન કરે અને જો પતિના સમાગમ પહેલા તેની પત્ની મુસલમાન થઇ જાય તો તરત જ તેના નિકાહ તુટી જશે અને તેના ઝિમ્મે કોઇ પ્રકારની ઇદ્દત પણ નહીં રહે.

મસઅલો (૪૨૮) : એ અદાલતથી શું મુરાદ છે જેની પત્નીઓ બાબતે જેનુ ઘ્યાન રાખવાની તાકીદ કરવામાં આવી છે?

જવાબ : પત્નીઓ સાથે જે અદાલતનુ ઘ્યાન રાખવાનો હુકમ આપવામાં આવ્યો છે. તેનાથી મુરાદ રાતોની વહેંચણીમાં અદાલત છે. તેનો મતલબ એ છે કે, જો એક રાત એક પત્ની પાસે સૂતો હોય તો ચાર રાતોમાંથી એક રાત કોઇ બીજી પત્ની પાસે પણ સૂએ. જે શરઇ અદાલતના દ્રષ્ટિબિંદુથી મુસ્તહબ છે, તેનાથી મુરાદ ભરણપોષણ અને તેના તરફ ઘ્યાન આપવી, ચહેરાને હસ્તો-ખૂશ રાખવો અને જાતીય વાસના સંતોષવામાં સરખાપણું છે.

મસઅલો (૪૨૯) : જો કોઇ મુસલમાન સ્ત્રી ઝીના કરે તો તેના પતિ માટે તેને કતલ કરવી જાઇઝ છે?

જવાબ : એહતેયાતે વાજિબ મુજબ એવી પત્નીને કતલ કરવી જાઇઝ નથી, જો કે તેણે તેને ઝીના કરતી પોતાની આંખે જ કેમ જોઇ ન હોય.

મસઅલો (૪૩૦) : કેટલીક વખત રીસાલએ અમલિયા (તવઝીહુલ મસાઇલ, મિન્હાજ વગેરે) માં ''વ્યભિચારી જે વ્યભિચારમાં મશ્હૂર''ના શબ્દો હોય છે, તેનો શું ભાવાર્થ છે?

જવાબ : એનો ભાવાર્થ છે કે લોકોના દરમિયાન ઝિના માટે મશહૂર હોય.

મસઅલો (૪૩૧) : જો કોઇ યુવાન પુરૂષને શાદીની અત્યંત જરૂરત હોય અને તેને ઝિનામાં મશહૂર સ્ત્રી સિવાય કોઇ સ્ત્રી ન મળી શકે તો એ સ્ત્રીથી મુદ્દતની નિકાહ (મુત્આહ) કરવા જાઇઝ છે?

જવાબ : એહતેયાતે વાજિબની રૂએ જ્યાં સુધી તે સ્ત્રી તૌબા ન કરી લે, તે સ્ત્રીથી મુત્આહ કરવા જાઇઝ નથી.

મસઅલો (૪૩૨) : ફકીહોનું કથન છે:

લા ઇદ્દત અલઝઝાનેયતે મિન ઝિનાહા

‘ઝિનાના કારણે ઝાનીયા પર ઇદ્દત વાજિબ નથી’ આનો શો અર્થ છે?

જવાબ : એનો અર્થ એ છે કે, જો કોઇ અપરિણિત સ્ત્રી ઝિના આચરે છે તો ઇદ્દત વગર તેનાથી શાદી કરવી જાઇઝ છે, પરંતુ જો તેણી પરિણિત હોય અને તેણી ઝિના કરે તો તેનો પતિ વગર ઇદ્દતે તેનાથી સમાગમ કરી શકે છે, પણ જો કોઇ અજનબી શખ્સ તે સ્ત્રીને પોતાની પત્ની સમજી તેનાથી સમાગમ કરે તો એ સૂરતમાં ઇદ્દત લાઝમી થાશે.

મસઅલો (૪૩૩) : શાદીની નિય્યતથી કોઇ સ્ત્રી સાથે જાતીય સંબંધો બાંધવા અને સંબંધના કારણે ગર્ભ રહી જાવા પછી શરઇ

રીતે નિકાહ પઢાવવામાં આવે તો શું આ નિકાહ પહેલાના સંબંધોની કોઇ શરઇ હેસયત હશે? અને શું પાછળના નિકાહ શરીયત પ્રમાણે પહેલાના સંબંધો જાઇઝ બનાવવામાં સહાયક થશે ? અને આ સંબંધોને કારણે જે ઔલાદ પૈદા થશે, તેના વિશે શરઇ હુકમ શું છે?

જવાબ : નિકાહમાં શરત એ છે કે શબ્દો દ્વારા દાંપત્ય સંબંધો જોડવામાં આવે અને કોઇ પણ અમલી કામ એ શરઇ શબ્દોનું સમર્થન કરે. જ્યાં સુધી શરઇ રીતે નિકાહના સીગા નથી પઢવામાં આવતા, નિકાહ ખરા પૂરવાર નહીં થાય. પાછળના નિકાહથી પૂર્વ સંબંધો જાઇઝ નથી થતા. અલબત્તા મા-બાપની અજ્ઞાનતાના

કારણે આ જે હરામ કૃત્ય અંજામ અપાયું છે, તેના પરિણામે જન્મ પામનાર ઔલાદ ‘‘હલાલઝાદા’’ જાઇઝ ગણાશે. કેમકે એ સૂરતમાં આ વતી બિશ્શુબ્હ કહેવાશે અને જો મસઅલો જાણવા સાથે આ કામ અંજામ આપવામાં આવ્યું છે, તો આ ઝિના થાશે અને તેનાથી જન્મ પામનારી ઔલાદ ‘‘વલદુઝ્ઝિના’’ કહેવાશે અને જો સ્ત્રી પુરૂષમાંથી એક આ મસઅલાને જાણતો હતો અને બીજો નહોતો જાણતો હતો તો જાહિલના માટે આ ઔલાદ ‘‘હલાલઝાદા’’ ગણાશે અને જાણવાવાળા માટે ‘‘વલદુઝ્ઝિના’’ થાશે.

મસઅલો (૪૩૪) : કેટલાક સંજોગો એ વાત

માગી લે છે કે ડોકટર અથવા લેડી ડોકટરના મારફ્ત પુરૂષની મની કૃત્રિમ અમલ દ્વારા પત્નીના ગર્ભાશયમાં રાખી દેવામાં આવે છે, જેથી ગર્ભ રહી શકે. આ અમલમાં બેપર્દગી જરૂર થાય છે, શું એવો અમલ જાઇઝ છે?

જવાબ : સ્ત્રી માટે ગુપ્તાંગ ખુલા કરવા જાઇઝ નથી, પરંતુ ઔલાદ અતિશય જરૂરતના લીધે ગુપ્તાંગ જાહેર કર્યા વગર આ અમલ શક્ય ન હોય તો જાઇઝ છે. ઔલાદની જરૂરતની એક સૂરત એ પણ છે કે સ્ત્રી પુરૂષનું બે ઔલાદ રહેવું તેઓ માટે અસહ્ય કષ્ટનું કારણ હોય.

મસઅલો (૪૩૫) : જો કોઇ સ્ત્રીને ઔલાદની ઇચ્છા ન હોય અને ડોકટર મારફ્ત પોતાની

બચ્ચાદાની બંધ કરાવવા ઇચ્છતી હોય તો શું તેનો આ અમલ જાઇઝ હશે ? ચાહે પાછળથી તેને ખોલવું શકય હોય કે ન હોય અને ચાહે તેનો પતિ આ વાત પર રાઝી હોય કે ન હોય ?

જવાબ : જો આ કામ માટે સ્ત્રીના અંગો હરામ રીતે સ્પર્શવા અને જોવા પડતા હોય તો આ અમલ જાઇઝ નથી. ચાહે પાછળથી એ નાળીઓને ખોલવી પડે. આ કામ માટે શોહરની ઇજાઝત શરત નથી કે તેનાથી ઔલાદ નહીં થઇ શકે. અલબત્તા ઔરતના માટે શોહરની રજા એ સૂરતમાં લાઝીમ છે, જયારે તેને ઘરની બહાર જવું હોય.

મસઅલો (૪૩૬) : પશ્ચિમી દેશોમાં બાળજન્મની કૃત્રિમ રીતો અપનાવવામાં આવે છે, આ રીતે વડે સ્ત્રી અને પુરૂષ પાસેથી અંડકોષ અને શુક્રાણુઓ ટેસ્ટ ટ્યુબમાં રાખવામાં આવે છે, ત્યાર પછી જીન (જીવાણું)ને સ્ત્રીની માતાના ઉદરમાં રાખી દેવામાં આવે છે અને આ કૃત્રિમ અમલ દ્વારા બાળક ઉછેર પામી જન્મ લે છે. શરઇ દ્રષ્ટિએ બાળકની મા કોણ હશે ?

જવાબ : કૃત્રિમ ક્રિયા દ્વારા જનનમાં જેમાં હરામ દ્રષ્ટિ અને સ્પર્શની જરૂરત પડે છે, તેને ધ્યાનમાં ન લેવા છતા પણ આ કાર્યનું જાઇઝ હોવુ ઇશ્કાલથી ખાલી નથી કે આ ક્રિયાના

પરિણામે બાળકનો જન્મ થઇ જાય તો શરઇ હેસયતે જન્મેલ બાળકની મા જનન પદાર્થની માલિક બનશે કે ઉદરમાં ઉછેરનાર મા. તેમાં બે એહતેમાલ (સંભવ) છે પણ બહેતર એ છે કે બંને સ્ત્રીઓ એહતેયાતનો તકાજો ધ્યાનમાં રાખી પોતાને બાળકની મા સમજે.

મસઅલો (૪૩૭) : કેટલીકવાર કોઇ પુરૂષના વીર્યને બેન્કમાં સંઘરી રાખવામાં આવે છે. શું કોઇ તલાક લીધેલ સ્ત્રી શરઇ નિકાહ વગર કોઇ ગેરપુરૂષની રજાથી અથવા રજા વગર તેનું વીર્ય વાપરી શકે છે? ઉપરાંત જો આ મની તલાક જેનાથી લીધી છે એ પતિની હોય તો ઇદ્દો પૂરો

થવા પહેલા અથવા પછી તેને વાપરવા અંગે શું હુકમ છે?

જવાબ : કૃત્રિમ જનન માટે સ્ત્રી માટે પરાયા પુરૂષનું વીર્ય વાપરવું જાઇઝ નથી. પરંતુ આ સ્ત્રી પોતાના ધણીનું વીર્ય વાપરી શકે છે, પણ માત્ર ઇદ્દા દરમિયાન. ઇદ્દો પૂરો થયા પછી જાઇઝ નથી.

મસઅલો (૪૩૮) : જો કોઇનો મામલો પોતાના ઘરવાળાઓ અને પત્નીમાંથી એકને રાજી રાખવાનો છે અને તેના માટે એ મુશ્કેલ છે: કેમકે જો પત્નીને રાજી રાખે છે તો મા-બાપ નારાજ થાય છે અને મા-બાપને રાજી રાખે છે તો પત્ની નારાજ થાય છે. આવો

શખ્સ મા-બાપને ખુશ રાખવા ખાતર પત્નીને તલાક આપી દે કે પત્નીને રાજી રાખવા માટે મા-બાપને નારાજ કરે?

જવાબ : આવા શખ્સે ફેંસલો કરવા સમયે દીન અને દુનિયાનો ફાયદો અને ન્યાય ઇન્સાફનો માર્ગ અપનાવવો જોઇએ અને જુલ્મ તથા હક મારવાથી બચવું જોઇએ.

મસઅલો (૪૩૯) : પતિ પર પત્નીના વાજિબ ભરણપોષણથી શું મુરાદ છે? પત્નીનું ભરણ પોષણ સમાજમાં પત્નીની હેસિયત અને તેના મોભા પ્રમાણે હોવું જોઇએ અથવા પત્નીની હેસિયત તેના મા-બાપના ઘર પ્રમાણે હોય કે કોઇ ત્રીજી હેસિયતે વાજિબ થાશે ?

જવાબ : પતિની પોતાની હેસિયત પ્રમાણે પત્નીને શોભે એવું ભરણ પોષણ તેના પર વાજિબ છે.

મસઅલો (૪૪૦) : જો પતિ પત્નીના વાજિબ હકો અદા ન કરે, તો શું પત્નીને એ હક પહોંચે છે કે પતિ સાથે જાતીય હકો અદા કરવાથી ઇન્કાર કરી દે?

જવાબ : શરઇ દ્રષ્ટિકોણ પ્રમાણે સ્ત્રીને એ હક નથી પહોંચતો, જો શરઇ હુકમોને સ્પષ્ટ કરવાથી પણ કોઇ ફાયદો નથી થતો તો પત્નીને એ હક પ્રાપ્ત છે કે તે પોતાના મામલાને હાકિમે શરઅ પાસે લઇ જાય જે તેના હકો માટે યોગ્ય હુકમો જારી કરે.

મસઅલો (૪૪૧) : શું કોઇ પુરૂષ માટે જાઇઝ છે કે, તે બીજા લોકોની સામે વિદાય થતી વેળા અથવા આવકાર આપતી વખતે પોતાની પત્નીને ગળે લગાડે અને તેને ચૂંબન કરે ?

જવાબ : એહતેયાતે વાજિબ મુજબ ઇસ્લામી પર્દાનો ખ્યાલ રાખવો જરૂરી છે, પરંતુ આ અમલ જો બીજાઓ માટે રસદાયક ન હોય તો જાઇઝ છે. પરંતુ એક મુસલમાનના માટે એ બહેતર છે કે બીજાઓની સામે આવી ક્રિયાથી બચે.

મસઅલો (૪૪૨) : પશ્ચિમી કાનૂનો પ્રમાણે પતિ પત્ની તલાક થઇ ગઇ હોય, પરંતુ પતિ પત્નીના શરઇ હકો અદા કરવાનો ઇન્કાર કરે છે

અને બધા શરઇ માર્ગોને ઠુકરાવી દે છે શું એવી પરિસ્થિતિમાં પત્નીનું લગાતાર સબ્ર કર્યા રહેવું, સ્ત્રીને માટે ખરેખર દુ:ખદાયક છે, એવા સંજોગોમાં સ્ત્રીના પગલા શું હોવા જોઇએ ?

જવાબ : આ પરિસ્થિતિમાં સ્ત્રી પોતાનો મામલો હાકિમે શરઅ અથવા હાકિમે શરઅના વકીલ પાસે લઇ જાય જે પતિને નોટીસ આપી બે વાતોમાંથી એકનો પાબંદ કરે કે તે પત્નીને ખર્ચો આપે અથવા શરઇ તલાક જારી કરે. જો શોહર એ બંને વાતોથી ઇન્કાર કરે અને તેના માલમાંથી પત્નીને ખર્ચો આપવો પણ શકય ન હોય તો હાકિમે શરઅ અથવા તેનો વકીલ તેની તલાકનો સીગો જારી કરે.

મસઅલો (૪૪૩) : શું એહલે કિતાબ અથવા તદ્દન બેદીન સ્ત્રીથી શરઇ નિકાહ વગર સમાગમ કરવો જાઇઝ છે? જ્યારે કે આપણને એ પણ ખબર છે કે આ સ્ત્રીનો દેશ સીધો અથવા આડકતરો મુસલમાનોથી જંગ કરી રહ્યો છે?

જવાબ : આ તદ્દન જાઇઝ નથી.

મસઅલો (૪૪૪) : એક સ્ત્રી પોતાના પતિની આજ્ઞાપાલક નથી અને તેના દાંપત્ય હકો અદા કરવાથી ઇન્કાર કરે છે. અને પતિની રજા વગર પોતાના મા-બાપના ઘરે કેટલાય કેટલાય મહિનાઓ રહી આવે છે અને તલાક મેળવવા, ઔલાદ અને ભરણપોષણ માટે શરઇ અદાલતથી રજૂ કરવાને બદલે બિન-ઇસ્લામી

અદાલતનો આશરો લે છે. શું આ સ્ત્રી પતિની કોઇ ચીજની હકદાર છે ? અને આ સ્થિતિમાં જ્યારે કે સ્ત્રી તલાક અને હકો માટે બિન ઇસ્લામી અદાલતમાં ગઇ છે, જે અદાલત બિન ઇસ્લામી કાનૂનો જારી કરે છે. શું આ સ્ત્રી પોતાના મૂળભૂત હકોની હકદાર છે?

જવાબ : આ સ્ત્રી શરઇ રીતે ભરણપોષણની હકદાર નથી (નાફરમાનીની સ્થિતિમાં) અલબત્તા શરઇ દ્રષ્ટિબિંદુથી હક્કે મહેર અને બે વરસ સુધી બાળકોના નિર્વાહનો હક સાકિત નથી થતો.

મસઅલો (૪૪૫) : એક યુવાન સ્ત્રી જે ઓપરેશન દ્વારા પોતાની બચ્ચાદાની કઢાવી

ચૂકી છે અને પંદર વર્ષથી વધારે સમયથી, તેની માસિક  પણ બંધ છે. આ અમલ પછી એક મર્યાદિત સમય માટે આરઝી નિકાહ કરે છે, જેની મુદ્દત ખતમ થઇ ગઇ છે આ ઔરત માટે ઇદ્દત વાજિબ થાશે અને વાજિબ થાય તો તેની મુદ્દત કેટલી હશે?

જવાબઃ આ સ્ત્રી એ વરસ અને વયમાં છે જેમાં માહવારી આવી શકતી હોય તો મુત્આહ પછી તેની પર ઇદ્દત વાજિબ થાશે અને તેની મુદ્દત ૪૫ દિવસ રહેશે.

મસઅલો (૪૪૬) : બિન મુસ્લિમ સ્ત્રી શાદી પછી મુસલમાન થઇ જાય છે, પરંતુ એ વાતનો કોઇ નોંધપાત્ર એહતેમાલ નથી મળતો કે તે

હકીકતમાં ઇસ્લામ લાવી ચૂકી છે. શું એ શખ્સ એ સ્ત્રીને ઇસ્લામના હુકમોની પાબંદ કરી શકે છે? જેની સામે તેણીએ કલમો પઢયો હોય?

જવાબ : આ સ્ત્રી ત્યાં સુધી શરઇ હુકમોની પાબંદ રહેશે જ્યાં સુધી તેના દ્વારા ઇસ્લામ વિરૂદ્ધ કોઇ કાર્ય અંજામ ન પામે.

મસઅલો (૪૪૭) : એક સ્ત્રીનું બીજ બીજી સ્ત્રી તરફ ફેરવવું જાઇઝ છે? જો તેનાથી ગર્ભ રહી જાય તો એ બચ્ચાની મા કોણ થાશે?

જવાબ : આવા અમલ માટે એવી જગ્યાને જોવી કે અડવી ન પડે, જે હરામ છે, તો તેમાં કોઇ વાંધો નથી. જ્યાં સુધી એ વાતનો સંબંધ

છે કે બાળક કઇ સ્ત્રીનું ગણાશે? તેમાં બે એહતેમાલ છે એહતેયાતે વાજિબ એ છે કે આ અનુસંધાનમાં એહતેયાત વર્તવામાં આવે અને બંને સ્ત્રીઓ પોતાને બચ્ચાની મા સમજે.

મસઅલો (૪૪૮) : બાળક માના પેટમાં એક પ્રવાહીમાં તરતો રહેતો હોય છે, આ પ્રવાહી બાળકના જન્મ સમયે અથવા તેની પહેલા પણ ખૂન સાથે અને કદી વગર ખૂને બહાર આવે છે આ પ્રવાહી ખૂન વગર નીકળે તો પાક છે?

જવાબ : જી હા આ પ્રવાહી પાક છે.

મસઅલો (૪૪૯) : ગર્ભપાતની કઇ રીત જાઇઝ છે? શું તેમાં ગર્ભધારણની કોઇ મુદ્દત નક્કી છે?

જવાબ : ગર્ભપાત જાઇઝ નથી. સિવાય એ કે ગર્ભવંતીને ગર્ભ બાકી રાખવામાં કોઇ નુકસાન થતું હોય અથવા એટલું દર્દ થતું હોય કે જે તેના માટે અસહ્ય હોય અને ગર્ભપાત સિવાય કોઇ બીજો ઉપાય ન હોય, એવા સંજોગોમાં ગર્ભમાં રૂહ દાખલ થવા પહેલા જાઇઝ છે, પરંતુ રૂહ દાખલ થયા પછી આમ કરવું જાએઝ નથી.

મસઅલો (૪૫૦) : ડોકટર કોઇ ગર્ભવતી સ્ત્રીના ગર્ભના પરિક્ષણ પછી એ પરિણામ પર પહોંચે છે કે આ કોઇ ખતરનાક બિમારીમાં

સપડાએલ છે અને ડોકટર તેનો નાશ કરવાને પ્રાધાન્ય આપે છે કે આ બાળક જન્મવા પછી જીવતું નહીં રહે, અથવા આ બાળકનું કોઇ અવયવ ખોળખાંપણવાળું થઇ જાશે એવી સ્થિતિમાં ડોકટર હમલને પાડી શકે છે? માને એ હક પહોંચે છે કે ગર્ભપાત હેતુથી ડોકટર પાસે જઇ શકે છે અને એ કે દીયત એ બંનેમાંથી કોના પર વાજિબ થાશે.

જવાબ : ગર્ભપાત માટે માત્ર એ જવાઝ (કારણરૂપ) નથી બનતો કે વિલાદત પછી બાળક મરી જાશે અથવા શારીરિક રીતે અપંગતાનો શિકાર થાશે, એટલા માટે માને એ હક નથી મળતો કે તેણી ડોકટરને ગર્ભપાતની

રજા આપે અને ન ડોકટર માટે એ જાઇઝ છે, જેના હાથે આ ગેભ પાડવામાં આવશે, દીયત પણ તેના ઝિમ્મે રહેશે.

મસઅલો (૪૫૧) : સંતાનની ઇચ્છા ન રાખનારી સ્ત્રી શું એ ગર્ભને પડાવી શકે છે, જેમાં રૂહ હજી દાખલ ન થઇ હોય, જ્યારે બચ્ચાના જન્મથી તેના જીવનને કોઇ ખતરો પણ ન હોય.

જવાબ : એ સ્ત્રી માટે ગર્ભપાત જાઇઝ નથી પણ એ કે તેના બાકી રાખવાથી સ્ત્રીને કોઇ નુકસાન અથવા કોઇ તકલીફનું કારણ હોય.

# પ્રકરણ આઠમું

## વિષય : યુવાનોના મસઅલાઓ

મોમિન યુવાનોને અભ્યાસ અને કેળવણી અથવા અમુક સમય માટે અથવા કાયમી હિજરતના હેતુથી બિન-મુસ્લિમ દેશોમાં ઘણી વખતે વસવાટ કરવો પડે છે. ખાસ કરીને યૂરોપ અથવા અમેરિકામાં પોતાનું રહેઠાણ બનાવવું પડે છે. મુસલમાન નવજવાન ઇસ્લામી અકીદાઓ અને હુકમોના પાબંદ હોય છે. જેના કારણે તેઓને એ દેશોમાં અસંખ્ય મુશ્કેલીઓ અને પરેશાનીઓનો સામનો કરવો પડે છે. એટલે એ યોગ્ય વાત છે કે એ નવયુવાનોની સેવામાં નીચે આપેલ હુકમો

બયાન કરવામાં આવે, જેની મદદથી તેઓ મુશ્કેલીઓનો સામનો કરી શકે અને પોતાના ઇસ્લામી અકીદાઓની સંભાળ કરી શકે.

મસઅલો (૪૫૨) : માનવંત ફકીહો એ વાત સ્પષ્ટ કરે છે કે શંકા અને લઝ્ઝતની દ્રષ્ટિએ સ્ત્રીઓને જોવી હરામ છે. ફિકહી દ્રષ્ટિએ ''લઝ્ઝત'' અને ''શંકા'' બે જુદા જુદા અર્થો ધરાવે છે, લઝ્ઝતની દ્રષ્ટિનો ભાવાર્થ એ છે કે સ્ત્રીઓને વાસનાની દ્રષ્ટિએ જોવી અને શંકાની નિય્યતનો અર્થ એ છે કે હરામ કામમાં સંડોવાનો ડર હોય.

મસઅલો (૪૫૩) : બેપર્દા સ્ત્રીઓના ચહેરા, હથેળી અને એ અંગોને જોવા જાઇઝ છે, જે

સામાન્ય રીતે છુપાવવામાં નથી આવતા, પરંતુ કામવાસનાની દ્રષ્ટિથી ન જોવામાં આવે અને જોવાવાળાને હરામ કાર્યમાં સંડોવાનો ખતરો પણ ન હોય. પરંતુ એ અવયવોને જોવા હરામ છે, જેને સામાન્ય નિયમ વિરૂદ્ધ અમુક બેપર્દા સ્ત્રીઓ જ ખુલ્લા રાખે છે.

મસઅલો (૪૫૪) : પુરૂષ કોઇ પુરૂષને કામવાસનાની દ્રષ્ટિએ નથી જોઇ શકતો. એવી જ રીતે સ્ત્રી બીજી સ્ત્રીને કામવાસનાની દ્રષ્ટિએ નથી જોઇ શકતી, આ જાઇઝ નથી.

મસઅલો (૪૫૫) : ''લવાત'' અર્થાત કોઇ પુરૂષનું પુરૂષ સાથે સૃષ્ટિ વિરૂદ્ધ કૃત્ય અંજામ આપવું જાઇઝ નથી. ''સહાક'' અર્થાત કોઇ

સ્ત્રીનું પોતાના ગુપ્તાંગ (યોની) બીજી સ્ત્રીના ગુપ્તાંગથી મસળવું પણ જાઇઝ નથી.

મસઅલો (૪૫૬) : ઇસ્તિમનાઅ (હસ્ત મૈથુન) કોઇ પણ રીતે હોય, હરામ છે.

મસઅલો (૪૫૭) : એહતીયાતે વાજીબ ની રૂએ અશ્લીલ ફિલ્મો અને તસ્વીરો જોવી હરામ છે, ભલે પછી શંકા અને લઝ્ઝત વગર હોય.

મસઅલો (૪૫૮) : આજના આ આધુનિક યુગમાં ફેશન અને નગ્નતાને પ્રણાલિકા બનાવવામાં આવી રહી છે. અશ્લીલતા ફેલાવનાર કેન્દ્રોમાં એવા સાધનો તૈયાર કરવામાં આવ્યા છે જે પુરૂષ અને સ્ત્રીના ખાસ

અંગો (ગુપ્તાંગો)ની ખુસૂસીયત પર આધારિત હોય છે. એહતેયાતે વાજિબ તરીકે તેને વાપરવાથી પરહેઝ કરવી જોઇએ, ભલે તેને વાપરવાનો હેતુ વીર્યપાત ન હોય. એનાથી કોઇ ફર્ક નથી પડતો કે ઉપયોગ કરનાર પરિણિત છે કે અપરિણિત.

મસઅલો (૪૫૯) : પરિણિત પુરૂષને માટે જાઇઝ છે કે તે ફેમીલી પ્લાનીંગ માટે ''નિરોધ'' અને એ પ્રકારના બીજા કવર વાપરી શકે છે. આ હેતુ માટે એહતેયાતે વાજિબ એ છે કે પ્રથમ પોતાની પત્નીની સંમતિ મેળવે.

મસઅલો (૪૬૦) : તરવાના એવા મિશ્ર સ્થળો અને દુરાચારના એ બધા કેન્દ્રો જ્યાં

હરામ કામમાં સંડોવાનો ખતરો હોય તો એવા સ્થળોએ જવું જાઇઝ નથી, બલ્કે શરઇ દ્રષ્ટિએ એહતેયાતે વાજિબની રૂએ એવા સ્થળોએ જવાથી બચવું જોઇએ, ભલે કોઇ પણ પ્રકારનો ખતરો ન પણ હોય.

મસઅલો (૪૬૧) : કોઇ મુસલમાન માટે એ હરગિઝ જાઇઝ નથી કે તે કોઇ પર સ્ત્રીને હાથ મોજાં પહેર્યા વગર અથવા એ પ્રકારની રૂકાવટ વગર મુસાફો કરી, પણ એ કે આ મુસાફો ન કરવાથી કોઇ અસહ્ય કષ્ટ કે નુકસાન ઉપાડવું પડે. એ સંજોગોમાં માત્ર એટલો મુસાફો જાઇઝ હશે, જેનાથી જરૂરત પૂરી થાય અર્થાત કોઇ નુકસાન કે કષ્ટથી સુરક્ષિત રહે.

મસઅલો (૪૬૨) : યુવાન પુરૂષ માટે એ જાઇઝ છે કે તે મહોબ્બત અને પ્યારના જોશમાં પોતાની યુવાન બહેન, માસી, ફૂફી અથવા તેની નાની પુત્રીઓને ચૂંબન કરે અને જો એ જ કામવાસનાનું કારણ બને તો જાઇઝ નથી.

મસઅલો (૪૬૩) : શતરંજનો ખેલ હરામ છે. આ રમત દરેક રૂપમાં હરામ છે. કોમ્પ્યુટર પર પણ બે જણાએ મળીને શતરંજ રમે તે હરામ છે. એહતેયાતે વાજિબ એ છે કે આ રમતને એક જણ પણ કોમ્પ્યુટર સાથે મળી રમે તો પણ હરામ છે ચાહે શતરંજ કોઇ પૈસાની શરત પર રમવામાં આવે અથવા એ સિવાય.

મસઅલો (૪૬૪) : જુગારના બધા સાધનો દાખલા તરીકે પત્તા વગેરે રમવા હરામ છે. એ શરતે કે તેને કોઇ પૈસાની શરતે રમવામાં આવે. એહતેયાતે વાજિબની રૂએ પૈસાની શરત વગર પણ જુગારબાજીથી દૂર રહેવું જોઇએ.

મસઅલો (૪૬૫) : અંગ કસરત માટે ફૂટબોલ, બાસ્કેટ બોલ અને ટેબલ ટેનસી રમવી જાઇઝ છે. આ ખેલ, મેદાનમાં, સ્ટેડીયમમાં અને ટેલીવીઝન પર જોવી જાઇઝ છે. ચાહે તેની ટિકીટ ખરીદવી પડે કે વગર ટિકીટે. એ શરતે કે તેના કારણે કોઇ હરામ કૃત્યમાં સંડોવાનો ખતરો ન હોય. દાખલા તરીકે કામવાસનાની દ્રષ્ટિએ ન જોવી પડે અથવા એ

ખેલના કારણે નમાઝ અથવા કોઇ અન્ય વાજિબ છોડવું ન પડે.

મસઅલો (૪૬૬) : વગર શરતે કુશ્તી લડવી અને બોકસીંગ ખેલવી જાઇઝ છે, એ શરતે કે આ ખેલથી કોઇ શારીરિક નુકસાન ન ઉઠાવવું પડે.

મસઅલો (૪૬૭) : પુરૂષનું દાઢી મૂંડાવવી જાઇઝ નથી. અને એહતેયાતે વાજિબની રૂએ કોઇ પુરૂષને એ હક પ્રાપ્ત નથી કે માત્ર હડપચીના વાળ રાખે અને બાકી મૂંડાવી નાખે.

મસઅલો (૪૬૮) : જો કોઇ મુસલમાન દાઢી મૂંડાવવા પર મજબૂર હોય અથવા કોઇ

બીમારીના ઇલાજ ખાતર દાઢી મૂંડાવવા પર મજબૂર હોય અથવા દાઢી રાખવાના કારણે કોઇ નુકસાનનો ભય હોય અથવા દાઢી રાખવાથી કોઇ મુસલમાનને કષ્ટ પડી જવાનો ડર હોય અર્થાત કે દાઢી રાખવાથી અસહ્ય ઠેકડી અથવા સખ્ત અપમાનનો સામનો કરવો પડે તો એ સ્થિતિમાં દાઢી મૂંડાવવી જાઇઝ છે.

## આ પ્રકારણના વિશેષ સવાલ જવાબ

મસઅલો (૪૬૯) : એક બાપ પોતાના પુત્રના ચાલચલણ પર નજર રાખવા માટે તેના દોસ્તને કહે છે કે તે વખતો વખત તેના પર ધ્યાન રાખે અને તેના ખાવા, વાણી વર્તનને નોટ કરતો રહે જેથી બેટાના લક્ષણોને જાણી શકે. તેનામાં

એવા લક્ષણો પણ છે જેને જાહેર કરવા પર પુત્ર કદી કોઇ પણ રીતે રાજી ન હોય.

જવાબ : હરગિઝ જાઇઝ નથી. પણ એ કે ચાલચલણમાં કોઇ ખરાબી હોય, જેને રોકવી વાજિબ હોય અને અપમાનજનક રીતે જાહેર કર્યા વિના તેને રોકવી પણ શકય ન હોય.

મસઅલો (૪૭૦) : **'અન્નઝઁરતુલ ઊલા લક વર્સ્સાંનિયતો અઁલયક'**

''પ્રથમ દ્રષ્ટિ તમારા લાભમાં, અને બીજી દ્રષ્ટિ નુકસાનમાં.''

આનો શો અર્થ છે? શું કોઇ સ્ત્રીની તરફ પ્રથમવાર જોવું અને ઘણીવાર સુધી જોતા રહેવું

અને એ વિચારે કે આ પ્રથમ દ્રષ્ટિ છે તેને ઘૂરતા જ રહેવું જાઇઝ છે?

જવાબ : ઉપરોકત વાકયથી મુરાદ એ છે કે બંને નજરોમાં ફરક મળી આવે છે. પ્રથમ દ્રષ્ટિ આકસ્મિક, ઉપરછલ્લી અને હરામ કૃત્યથી ખાલી હોય છે, એટલે નિંદા પાત્ર નથી. જ્યારે કે બીજી નજર જે ખાસ કરીને હેતુલક્ષી અને ઇરાદાપૂર્વક નાખવામાં આવે છે. જેમાં લઝ્ઝત શામિલ હોય હરામ કૃત્યનો દરજ્જો રાખે છે, જોવાવાળા માટે નુકસાનકારક હોય છે.

ઇમામ જઅફર સાદિક (અ.સ.) થી રિવાયત છે કે ફરમાવ્યું :

‘‘એકની પછી બીજી દ્રષ્ટિ, જોવાવાળાના દિલમાં કામ વાસનાના બીજ રોપે છે અને આ જોવાવાળાની પરીક્ષા માટે પૂરતું છે.’’

ઉપરોકત રિવાયતનો ભાવાર્થ, ઇન્સાનની પ્રથમ દ્રષ્ટિ સામાન્ય રીતે લઝ્ઝત મેળવવા માટે નથી હોતી અને બીજી દ્રષ્ટિ ઇરાદા પૂર્વક લઝ્ઝત મેળવવા માટે હોય છે. પરંતુ જો પ્રથમ દ્રષ્ટિ લગાતાર જમાવીને લઝ્ઝત મેળવે તો તે પણ હરામ છે. અને બીજી દ્રષ્ટિ અચાનક અને લજજત ના ઇરાદા વગર હોય તો તે હરામ નથી.

મસઅલો (૪૭૧) : કોઇ પરાઇ સ્ત્રી તરફ દ્રષ્ટિના હરામ હોવા વિશે એવા લખાણ મળે છે, જેની મર્યાદા અને વ્યાખ્યા ઘણા લોકો માટે સ્પષ્ટીકરણ માગી લે છે. દાખલા તરીકે રચ્બહ, તલઝ્ઝુઝ અને શહેવત વગેરે. ઉમ્મીદ છે કે આપ આ શબ્દ પ્રયોગોની વિગત અને સ્પષ્ટીકરણથી જાણકારી આપશો. શું બધા શબ્દો એક જ અર્થ ધરાવે છે?

જવાબ : ‘‘તલઝ્ઝુઝ’’ અને ‘‘શહેવત’’નો ભાવાર્થ જાતીય વાસનાની લઝ્ઝત છે. તેનાથી દરેક પ્રકારની લઝ્ઝત મુરાદ નથી અર્થાત એક સ્વભાવિક લઝ્ઝત પણ હોય છે, જે ઇન્સાનને

સુંદર દ્રશ્યો જોવાથી મળે છે. ‘‘રચ્બહ’’ થી મુરાદ હરામ કામમાં સંડોવાનો ડર છે.

મસઅલો (૪૭૨) : હરામ લઝ્ઝતની હદ શું છે?

જવાબ : જો ‘‘હદ’’નો ભાવાર્થ મર્તબો છે તો તેની સૌથી કમતર અને અદના હદ કામની લાગણીનો પહેલો દરજ્જો છે.

મસઅલો (૪૭૩) : પશ્ચિમી દેશોમાં દાખલા તરીકે બ્રીટન અને અમેરિકામાં સરકારી સ્તરે તાલીમી સંસ્થાઓમાં વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓને એક એવો વિષય શીખવવામાં આવે છે, જેમાં જાતીય સંબંધો અને કેળવણી

પર ઘણો ભાર મૂકવામાં આવે છે. કેળવણી દરમિયાન મૂર્તિરૂપે અને ફોટાઓ દ્વારા જનેનીંદ્રીયો દેખાડવામાં આવે છે. શું એક બાલિગ અને નવજવાન વિદ્યાર્થી માટે આ પ્રકારના વર્ગોમાં ભાગ લેવો જાઇઝ છે ? અને જો વિદ્યાર્થીનો એ ખ્યાલ કે શિક્ષણ ભવિષ્યમાં તેના માટે લાભદાયક પૂરવાર થાશે. અને તે આ વર્ગોમાં લાભ લેવા ઇચ્છુક હોય તો મા-બાપની ફરજ છે કે તેઓ તેને આવા વર્ગોમાં ભાગ લેવાથી રોકે?

જવાબ : આવા વર્ગોમાં વિદ્યાર્થીનું ભાગ લેવું તેને કોઇ હરામ કૃત્યમાં ન સપડાવે, દાખલા તરીકે લઝ્ઝત અને કામવાસનાથી ન જોવું પડતું

હોય. કેળવણી દરમિયાન વિદ્યાર્થી નૈતિક પતનથી દૂર રહે તો કોઇ વાંધો નથી.

મસઅલો (૪૭૪) : શું સ્ત્રીઓ સામે અશઆર કહેવા જાએઝ છે ? જ્યારે કે ગઝલના અશઆર એ ઔરતો વિશે ન હોય અથવા એ અશઆરથી એજ ઔરતો મુરાદ હોય અને તેઓ અપરિણિત પણ હોય અને એ અશઆરથી તેઓ અસર પણ લેતી હોય?

જવાબ : એવા અશઆર કહેવા જાઇઝ નથી.

મસઅલો (૪૭૫) : શું ખરાબ નિય્યત વગર, હરામની દાવત વગર અને કામેચ્છા વગર સ્ત્રીઓ સાથે ઇશ્કી વાતો કરી શકાય છે?

જવાબ : એહતેયાતની રૂએ જાઇઝ નથી.

મસઅલો (૪૭૬) : કોઇ અજાણી સ્ત્રી વિશે કવન અને કથન (ગદ્ય-પદ્ય)ના રૂપમાં રસાત્મક વાતો કરવી જાઇઝ છે?

જવાબ : જો આ વાતચીતમાં હરામ કૃત્યની નિય્યત શામિલ ન હોય અને તેના પર કોઇ ફસાદ પણ ન થતો હોય તો જાઇઝ છે.

મસઅલો (૪૭૭) : શું કોઇ સ્ત્રી સાથે એ નિય્યતથી વાતચીત કરવી જાઇઝ છે કે તેને પસંદ કરી પછી તેનાથી આરઝી નિકાહ (મુત્આહ)ની માંગણી કરવામાં આવે?

જવાબ : એ વાત ધ્યાનમાં રહે કે વાતચીત એવી ન હોય કે પરાઇ સ્ત્રીથી કરવી જાઇઝ નથી, તો કોઇ હરજ નથી.

મસઅલો (૪૭૮) : યૂરોપી પુરૂષોમાં એ ફેશન પ્રચલિત થઇ રહી છે કે પુરૂષો એક અથવા બંને કાનોમાં વાળીઓ પહેરે. શું આ જાઇઝ છે?

જવાબ : જો આ વાળીઓ સોનાની હોય તો જાઇઝ નથી કેમકે શરઇ દ્રષ્ટિએ પુરૂષ માટે સોનું પહેરવું હરામ છે, બલ્કે એહતેયાતની રૂએ દરેક રૂપમાં પુરૂષ માટે વાળીઓ પહેરવી જાઇઝ નથી.

મસઅલો (૪૭૯) : જો કોઇ શખ્સ હરામ કૃત્ય આચરી બેસે અને પ્રથમ દિવસે બ્લેડની મદદથી પોતાની દાઢી મૂંડાવી દે તો શું બીજા, ત્રીજા અને ચોથા દિવસે એવી રીતે બ્લેડ ફેરવવી જાઇઝ છે?

જવાબ : એહતેયાતે વાજિબની રૂએ આવું કૃત્ય છોડી દેવું જોઇએ.

મસઅલો (૪૮૦) : યૂરોપમાં કેટલીક કંપનીઓ નોકરી ઇચ્છતા ઉમેદવારોમાં દાઢી અને દાઢી વગરનાઓમાં ભેદભાવનું વર્તન દાખવે છે, જો આ વાતમાં સચ્ચાઇ હોય તો શું નોકરી ખાતર દાઢી મુંડાવવી જાઇઝ છે?

જવાબ : દાઢી મૂંડાવવી હરામ છે અને એહતેયાતે વાજિબની રૂએ કોઇ કંપનીમાં નોકરી ખાતર દાઢી મૂંડાવવવી હલાલ નથી થઇ જાતી.

મસઅલો (૪૮૧) : શું હડપચી ઉપર દાઢી રાખી, ગાલો ફરતી મૂંડાવવી જાઇઝ છે?

જવાબ : જે દાઢીનું એહતેયાતની રૂએ મૂંડાવવું હરામ છે તે બંને જડબાઓ પર આવેલા વાળોમાં શામિલ છે. ગાલોની આસપાસથી વાળ સાફ કરવા હરામ નથી.

મસઅલો (૪૮૨) : શું વગર શરતે કોમ્પ્યુટર પર જુગારના જેવી રમતો રમવી જાઇઝ છે? અને શું શરતની સાથે રમવી જાઇઝ છે?

જવાબ : જુગાર કોઇ પણ રૂપમાં હોય જાઇઝ નથી, ચાહે તે કોમ્પ્યુટર દ્વારા હોય અથવા સામાન્ય સાધનો દ્વારા બધા માટે એક જ હુકમ છે.

મસઅલો (૪૮૩) : કેટલીક એવી રમત રમાય જેમાં ગણતરીઓ પણ શામેલ છે, શું કોમ્પ્યુટર દ્વારા તેનું રમવું જાઇઝ છે?

જવાબ : કોમ્પ્યુટર દ્વારા એવી રમતનું રમવું જે જુગારની વ્યાખ્યામાં નથી આવતું, તે જાઇઝ છે.

મસઅલો (૪૮૪) : સ્ત્રીઓના શરીરના એ અંગો જોવા જાઇઝ છે, જે સામાન્ય રીતે બિન મુસ્લિમ સ્ત્રીઓ ગરમીની મોસમમાં ઉઘાડા રાખે છે?

જવાબ : જો એવી દ્રષ્ટિએ જોવામાં આવે, જેનાથી હરામ કૃત્યમાં પડવાનો ખતરો ન હોય તો કોઇ હરજ નથી.

મસઅલો (૪૮૫) : શું કોઇ પર્દેદાર સ્ત્રીની બેપર્દા તસ્વીર જોવી જાઇઝ છે?

જવાબ : એહતેયાતે વાજિબની રૂએ ચહેરા અને હાથો સિવાય બીજા અવયવો જોવા જાઇઝ નથી. ચહેરા અને હાથો વિશે એ એહતેયાત જરૂરી છે કે જાતીય વાસના અને હરામ કૃત્યમાં સંડોવાનો ખતરો ન હોય તો તેને જોવા જાઇઝ છે.

મસઅલો (૪૮૬) : શું ટેલીવીઝન પર નગ્ન અથવા અર્ધનગ્ન બિન-મુસ્લિમ સ્ત્રીઓને જોવી જાઇઝ છે, જેનો હેતુ જાણકારી, આનંદ હોય અને જાતીય મજા પ્રાપ્ત થવાનું ઇત્મીનાન ન હોય?

જવાબ : અશ્લીલ દ્રશ્યો તે સીધેસીધા હોય કે ટેલીવીઝન પર, જાતીય વાસનાની દ્રષ્ટિએ જોવું

જાઇઝ નથી. એહતેયાતે વાજિબની રૂએ કોઇપણ રીતે આવા દ્રશ્યો જોવાથી પરહેઝ કરવી જોઇએ.

મસઅલો (૪૮૭) : શું કામોત્તેજક દ્રશ્યો જોવા જાઇઝ છે, જ્યારે કે જોવાવાળને એ સંતોષ હોય કે આ દ્રશ્યોથી તેની પર કોઇ અસર નહીં પડે.

જવાબ : એહતેયાતની રૂએ કામોત્તેજક દ્રશ્યો જોવાથી બચવું જોઇએ.

મસઅલો (૪૮૮) : શું જાતીય લઝ્ઝત વગર અશ્લીલ ફિલ્મો જોવી જાઇઝ છે?

જવાબ : એહતેયાતની રૂએ કોઇ પણ સૂરતથી જોવી જાઇઝ નથી.

મસઅલો (૪૮૯) : ટેલીવીઝન પર એવા પ્રોગ્રામો આપવામાં આવે છે, જે પ્રોગ્રામોની દર્શકો માસિક ફી ભરે છે, જે અશ્લીલતાથી ખાસ નથી હોતી, પરંતુ ટેલીવીઝન પોતાની અર્ધીરાતના પ્રસારણમાં અશ્લીલ ફિલ્મો પ્રસારણ કરવી શરૂ કરી દે છે શું આવા પ્રોગ્રામોના સભ્ય બની માસિક ફી ભરવી જાએઝ છે?

જવાબ : આ જાઇઝ નથી. સિવાય કે પોતાની જાત પર ભરોસો હોય કે પોતે જોશે નહી

મસઅલો (૪૯૦) : કેટલાક બિન-મુસ્લિમ દેશોમાં સભામાં આવનારાઓ સ્ત્રીઓ સાથે જાતીય લઝ્ઝત વગર હાથ મેળવે છે, જો તેઓ સ્ત્રીઓથી હાથ નથી મેળવતા તો તેના વર્તનને અચરજની નજરે જોવામાં આવે છે. શું આવી સ્થિતિમાં સ્ત્રીઓથી મુસાફો કરવો જાઇઝ છે?

જવાબ : સ્ત્રીઓથી હાથ મેળવવા જાઇઝ નથી. એટલે એ લોકોને જોઇએ કે કાં તો તેઓ કોઇ પણથી હાથ ન મિલાવે અને જો કોઇ મહેફિલનો તકાજો એ જ છે તો હાથમોજાં પહેરીને હાથ મેળવી શકે છે. અને જો એ શક્ય ન હોય અને મુસાફાથી ઇન્કારની સ્થિતિમાં કોઇ અણગમતી ઘટનાથી વાસ્તો પડવાનો ભય હોય તો જાઇઝ

થશે. આ હુકમો માત્ર એ સૂરતમાં લાગુ પડશે જ્યારે આવી મહેફિલમાં ભાગ લેવો જરૂરી અને અનિવાર્ય હોય. બીજા સંજોગમાં મુસાફાથી બચવું શક્ય ન હોય તો આવા પ્રકારની મહેફિલોમાં ભાગ લેવો જ જાઇઝ નથી.

મસઅલો (૪૯૧) : બિન-મુસ્લિમ દેશોમાં મુસાફો સલામની રીત અથવા પ્રકાર સમજવામાં આવે છે અને તેને તજવી, ધંધાદારી અને તાલીમી તકોથી વંચિત થવું છે. શું આ મજબૂરીની સૂરતમાં કોઇ મુસલમાન પુરૂષ કોઇ નામહેરમ સ્ત્રી સાથે મુસાફો કરી શકે છે? અથવા કોઇ મુસલમાન સ્ત્રી કોઇ નામહેરમ પુરૂષથી મુસાફો કરી શકે છે?

જવાબ : આ સંજોગમાં મુસલમાન પુરૂષ અથવા મુસલમાન સ્ત્રીએ હાથ મોજાઓ વાપરવા જોઇએ અને જો એ શકય ન હોય તો એ સૂરતમાં હાથ મેળવવા જાઇઝ થાશે, જ્યારે તેને ધંધાદારી કે તાલીમી નુકસાન ઉઠાવવા અથવા અસહ્ય તકલીફ઼ ઉઠાવવાનો એહતેમાલ હોય.

મસઅલો (૪૯૨) : પશ્ચિમી દેશોમાં વસનાર મુસલમાન પુરૂષને જો મુસલમાન સ્ત્રી (પત્ની માટે) ન મળે તો શું તેના માટે બિન મુસ્લિમ સ્ત્રીથી શાદી કરવી જાઇઝ છે? જ્યારે કે બિન મુસ્લિમ સ્ત્રીની ભાષા, ધર્મ અને સામાજીક કેળવણી, રીત રિવાજ મુસલમાનોથી ઘણા

જુદા હોય છે. જે ઔલાદ માટે માનસિક મુશ્કેલીઓનું કારણ બની શકે છે.

જવાબ : એહતેયાતની રૂએ એહલે કિતાબ સ્ત્રીઓ સાથે દાએમી નિકાહ જાઇઝ નથી, જો કે આરઝી નિકાહ જાઇઝ છે. પરંતુ મુસલમાન પુરૂષોને એ નસીહત કરવી જરૂરી છે કે તે બિન-મુસ્લિમ સ્ત્રીથી ઔલાદ પેદા ન કરે. આ હુકમ એ સૂરતમાં છે કે જ્યારે એ મુસલમાન પુરૂષની કોઇ મુસલમાન સ્ત્રી ન હોય. અને જો મુસલમાન પત્ની મૌજૂદ હોય તો તેની ઇજાઝત વગર નિકાહ કે મુત્આ કરવા જાઇઝ નથી બલ્કે એહતીઆતે વાજીબ મુસલમાન પત્નીની ઇજાઝતથી પણ મુત્આ જાઇઝ નથી.

મસઅલો (૪૯૩) : બિન-ઇસ્લામી દેશોમાં અમુક કંપનીઓ એવા સાધનો બનાવે છે જે સ્ત્રીના ખાસ અંગો અર્થાત ગુપ્તાંગો જેવા હોય છે. જેને પુરૂષ મનોરંજનના હેતુથી વાપરે છે. શું આ અમલ વીર્યપાત અને હરામની ગણનામાં આવશે.

જવાબ : જો વીર્યપાતનો હેતુ છે અથવા વીર્ય પતન ન પણ થાય તો પણ આવા સાધનો વાપરવા હરામ છે બલ્કે એહતેયાતે વાજિબની રૂએ વીર્યપાત ન થવાનું યકીન હોય તો પણ એ જાઇઝ નથી.

મસઅલો (૪૯૪) : શું કોઇ પુરૂષ વાસનાના ઇરાદાથી કોઇ બીજા પુરૂષને ગળે મળી શકે છે

અથવા જાતીય મજા માણવા માટે એક બીજાને ચુંબન કરી શકે છે અને જો મામલો સૃષ્ટિ વિરૂદ્ધ કર્મની નોબતે આવી પહોંચે તો તેનો શું હુકમ છે.

જવાબ : આ બધા કામ હરામ છે. બેશક હરામના દરજ્જાઓ વિવિધ છે.

## પ્રકરણ નવમું

## વિષય : સ્ત્રીઓના મામલાઓ

ઇસ્લામી શરીઅતમાં સ્ત્રીઓના ખાસ ખાસ હુકમો છે જે ઇસ્લામી ફિકહની કિતાબોમાં આપેલ છે. સ્ત્રીઓને લગતા

ફિકહના વિવિધ મસઅલાઓ સંપૂર્ણ માહિતીથી પેશ કરીએ છીએ.

યૂરોપ અને અમેરિકાના બિન-મુસ્લિમ દેશોમાં રહેવાના કારણે મુસલમાન સ્ત્રીઓને નવી પરિસ્થિતિથી પનારો પડે છે. જેના કારણે તેઓને નવા નવા મસઅલાઓ અને સવાલો અને જવાબોનો સામનો કરવો પડે છે. અહીં કેટલાક એવા સવાલો રજૂ કરીએ છીએ જેની સાથે કેટલાક બીજા અને મશહૂર હુકમોનો પણ ઉલ્લેખ કરવામાં આવશે, જે સ્ત્રીઓ માટે ઘણા લાભદાયક પૂરવાર થાશે.

મસઅલો (૪૯૫) : સ્ત્રી નામહેરમ સામે પોતાનો ચહેરો અને હાથ જાહેર કરી શકે છે,

એ શરતે કે તેના કારણે હરામ કૃત્યમાં સંડોવાનો ભય ન હોય નહિતર મહેરમ મર્દોથી પણ પર્દો કરવો વાજિબ થાશે.

મસઅલો (૪૯૬) : સ્ત્રી માટે એ જાઇઝ નથી કે પોતાના પગોની પીઠ નામહેરમ મર્દો સામે જાહેર કરે. હા, જો નામહેરમ જોઇ ન રહ્યો હોય તો નમાઝની હાલતમાં પગના ઉપર નીચેના ભાગોને જાહેર કરવા જાઇઝ છે.

મસઅલો (૪૯૭) : સ્ત્રીઓએ આંખોમાં સુરમો કાજલ લગાવવું અને અંગૂઠી પહેરવી જાઇઝ છે, એ શરતે કે તેનો હેતુ પુરૂષોની કામેચ્છા અને વાસના ઉશ્કેરવાનો ન હોય અને

હરામ કૃત્યમાં સંડોવવાનો ખતરો ન હોય, નહિતર મહેરમથી પણ પર્દો વાજિબ થઇ જશે.

મસઅલો (૪૯૮) : સ્ત્રી પોતાના ઘરેથી ખુશ્બૂ લગાડી નીકળી શકે છે, જ્યારે કે નામહેરમ મર્દ સુધી આ ખુશ્બૂ પહોંચી જાય, પરંતુ એ કે ખુશ્બૂ થી મર્દની લાગણીઓ ન સળવળે અને સ્ત્રીઓ ખુશ્બુ લગાવવાનો હેતુ પણ આ ન હોય.

મસઅલો (૪૯૯) : સ્ત્રીનું પરાયા ડ્રાઇવર સાથે એકલા સફર કરવી જાઇઝ છે, એ શરતે કે કોઇ હરામ કૃત્યનો ડર ન હોય.

મસઅલો (૫૦૦) : સ્ત્રીએ પોતાના ગુપ્તાંગને છેડવા જાઇઝ નથી કે તેની લઝ્ઝત વધી જાય અને વીર્યસ્ત્રાવ થઇ જાય. જો સ્ત્રીના આ કૃત્યથી વહેવાવાળો પર્દાથ નીકળી જાય તો તેણી પર ગુસ્લ વાજિબ થઇ જશે અને તે વુઝુના બદલે એ ગુસ્લને પૂરતો ગણી શકે છે.

મસઅલો (૫૦૧) : એ સ્ત્રી જેને બાળક ન થતા હોય તે ઇલાજની ગરજથી પોતાના ગુપ્તાંગને જાહેર કરી શકે છે, એ શરતે કે આ માત્ર ઇલાજ માટે જરૂરી હોય, અને બેઔલાદ હોવું તેના માટે અસહ્ય દુઃખ નું કારણ બને જેનાથી ઇન્સાન શરઇત ને મુકલ્લફ (જવાબદાર) રહેતો નથી.

મસઅલો (૫૦૨) : બાળકને માનું દૂધ પીવરાવવું જોઇએ, જેમકે હદીસમાં છે :

'અને બાળક માટે પોતાની માના દૂધથી વધારે બરકત કોઇ અન્ય દુધમાં નથી.'

બાળકને ૨૧ મહિના સુધી દૂધ પીવરાવવું જોઇએ, તેનાથી ઓછું ન પીવરાવવું જોઇએ. એવી જ રીતે બે વરસથી વધારે દૂધ પીવરાવવું ઠીક નથી. જો મા-બાપ આપસમાં રાજીખૂશીથી બે વરસ પહેલા બાળકને દૂધ મૂકાવી દે તો સારૂં છે. (મિન્હાજુસ્સાલેહીન, સય્યદ સીસ્તાની, જી-૨, પેજ-૧૨૦)

મસઅલો (૫૦૩) : એક પરિણિત સ્ત્રી માટે મુસ્તહબ છે કે તે પોતાના પતિની જાતીય જરૂરીયાતો પૂરી કરવા ઉપરાંત ઘરગથ્થુ જવાબદારીઓ પણ પૂરી કરે. અલબત્તા પતિની જાતીય જરૂરતો પૂરી કરવા સિવાય બાકી ઘરગથ્થુ મામલાઓ વાજિબ નથી.

મસઅલો (૫૦૪) : પર સ્ત્રીની અવાજ સાંભળવી જાઇઝ છે, જો લઝ્ઝત અને વાસનાની અસર ન લે, જેથી હરામ કૃત્યમાં સંડોવાનો ખતરો પણ ઊભો ન થાય. આ જ હુકમ સ્ત્રી માટે પણ છે. અલબત્તા સ્ત્રી માટે એ જાઇઝ નથી કે તે પોતાની અવાજને સુંદર અને આકર્ષક બનાવે કે જેનાથી સાંભળનારની

તબીયતમાં સળવળાટ પેદા થાય, પછી તે સ્ત્રીનો મહેરમ જ કેમ ન હોય.

મસઅલો (૫૦૫) : જો કોઇ સ્ત્રી પોતાના ઇલાજ કરાવવા પર મજબૂર હોય અને મર્દ ડોકટર તેનો વધારે માહેર હોય તો તે સ્ત્રીના બદનને જોઇ અને અડકી શકે છે, એ શરતે કે તેને જોયા અને અડયા વિના ઇલાજ શકય ન હોય અને જો જોવાથી જ ઇલાજ શકય હોય તો હાથ લગાડવો જાઇઝ નથી, અને જો હાથથી સ્પર્શી ઇલાજ શકય હોય તો જોવું જાઇઝ નથી.

મસઅલો (૫૦૬) : કેટલાક આલિમોનો ખ્યાલ છે કે ઇસ્લામે સર્વે જાતીય લઝ્ઝતોને ફેમીલી દાંપતિક જીવન સુધી મર્યાદિત કરવા

માટે સ્ત્રી પર અજાણ્યા પુરૂષોથી મુલાકાતના પ્રસંગે હિજાબને ફર્ઝ ઠેરવયો છે. (મસઅલએ હિજાબ, શેખ શહીદ મુર્તઝા મુતહહરી.)

મસઅલો (૫૦૭): વિશ્વ વિખ્યાત ફિલ્મ બનાવનાર ‘‘હતીશ્કૂક’’નું કહેવું છે કે પૂર્વીય સ્ત્રી પોતાની અંદર એવું આકર્ષણ રાખે છે જે તેને વધારે કુવ્વત અને તાકત આપે છે, પરંતુ જ્યારથી પૂર્વીય સ્ત્રીઓએ પશ્ચિમી સ્ત્રીની બરાબર થવાની કોશિશ કરી છે તે હિજાબ (લજ્જા) હળવે હળવે ખતમ થઇ ગયો છે અને આ હિજાબ ખત્મ થવાના કારણે તેનું આકર્ષણ અને ખેંચાણ ઓછું થતું ગયું છે.

મસઅલો (૫૦૮) : મશહૂર સંશોધક અને વિદ્વાન વેલ ડેવરન્ટ સ્ત્રીની જાતીય ચલન વિશે લખે છે :

'આજ સ્ત્રી એ નતીજા પર પહોંચી છે કે માર્ગથી ભટકવું નબળાઇ અને અશક્તિ અને બદનામીનું કારણ બની રહ્યું છે, અને તેમણે પોતાની પુત્રીઓને પણ આજ તાલીમ આપી છે.'

એટલે કે સ્ત્રી શીયળવંતી, પાકદામની, હિજાબ અને લજ્જાથી શરીર ઢાંકવાના કુદરતી વલણને કારણે પોતાનું મૂલ્ય વધારી દે છે. આ પુરૂષોની નજીક પોતાની ઇજ્જત અને હેસીયત વધારી દે છે.

મસઅલો (૫૦૯) : મોટા ભાગની સ્ત્રીઓ પોતાના ખાસ મસઅલાઓના ઉકેલ માટે દીની વિદ્યાર્થીઓની મોહતાજ હોય છે. શું આ સ્ત્રીઓ પોતાના આ વિશેષ મસઅલાઓને એ વિદ્યાર્થીઓ સામે ખોલીને સ્પષ્ટ શબ્દોમાં બયાન કરી શકે છે? અને શું આ વિદ્યાર્થી પણ તેઓના સવાલોના જવાબો સ્પષ્ટ રીતે આપી શકે છે?

જવાબ : શરઇ હુકમોની તાલીમ માટે સ્ત્રીઓ પોતાના સવાલોને સ્પષ્ટ રીતે બયાન કરી શકે છે. અને વિદ્યાર્થી પણ તેઓના સવાલોના જવાબો સ્પષ્ટ બયાન કરી શકે છે, પરંતુ તેઓ

માટે લાઝમી છે કે, સાફ નિય્યત, પાકદામની અને લજ્જા શરમનું ધ્યાન રાખે. અને એવી વસ્તુઓના નામોનું ઉલ્લેખ કરવાથી પરહેઝ કરે, જેનો ખુલાસો કરવો અનિચ્છનીય અને જાઇઝ સમજવામાં નથી આવતો.

મસઅલો (૫૧૦) : સ્ત્રી સાથે છેડછાડ અને ચેષ્ટા કરવાથી તેની યોનીમાંથી ચીકણો પદાર્થ નીકળે છે, જ્યારે સ્ત્રીથી વધારે ચેનચાળા જારી રાખવામાં આવે તો તેનો જાતીય આવેશ અને ખેંચાણ ચરમસીમાએ પહોંચે છે અને તેને વીર્યપાત થઇ જાય છે. અને પદાર્થ નીકળી આવે છે. શું આ આવેશના આરંભથી જ ગુસ્લ વાજિબ થઇ જાય છે કે આ વખતે ગુસ્લ

વાજિબ થાશે જ્યારે વીર્યપાત થાય ? શું આ ગુસ્લ સ્ત્રીને વુઝૂથી બેપરવા કરી શકે છે?

જવાબ : ગુસ્લ એ સમય સુધી વાજિબ નથી થતું જ્યાં સુધી જાતીય આવેશ પોતાની ટોચે ન પહોંચી જાય અને વહેવાવાળો પદાર્થ નીકળી જાય તો ગુસ્લ વાજિબ થશે અને આ ગુસ્લ પછી તેને વુઝૂની પણ જરૂરત નહીં રહે.

મસઅલો (૫૧૧) : કેટલીક સ્ત્રીઓ હજના મનાસિક માટે માહવારી દૂર ધકેલવા કોઇ દવાનો ઉપયોગ કરે છે અને જ્યારે માહવારીના દિવસો આવે છે તો એ સ્ત્રીઓનું ખૂન રોકાઇ રોકાઇને આવે છે. શું તેણી પર હૈઝવાળા હુકમો લાગુ પડશે?

જવાબ : જો ખૂન રોકાઇ રોકાઇને આવતું હોય અને ત્રણ દિવસ સુધી લગાતાર ખૂન ન આવે ત્યાં સુધી તે અમુક ખૂન નિકળવા પછી યોનીના અંદરના ભાગમાં પણ લગાતાર ત્રણ દિવસ ન રહે તો એ સ્થિતિમાં હૈઝવાળા હુકમો લાગુ નહીં પડે.

મસઅલો (૫૧૨) : મોટા ભાગની પર્દાદાર સ્ત્રીઓની એ ટેવ હોય છે કે તેણી પોતાના હિજાબથી ગળાનો પર્દો તો કરી લે છે, પરંતુ હડપચી અને તેની નીચેના અમુક ભાગ ખુલ્લો રહે છે. શું આ જાઇઝ છે ? અને શું ચહેરાને ઉઘાડો રાખવો જાઇઝ છે? અને તેની શું હદ છે? શું કાન ચહેરાનો ભાગ છે?

જવાબ : કાન ચહેરાનો ભાગ તો નથી, માટે તેને છુપાવવા જરૂરી છે. બાકી રહ્યો હડપચી અને તેની નીચેનો ભાગ, જે સામાન્ય રીતે મકનો પહેરવા છતાં પણ દેખાતા રહે છે, તે ચહેરાનો ભાગ છે અને તેને છુપાવવો જરૂરી નથી.

મસઅલો (૫૧૩) : શું કોઇ વયોવૃદ્ધ સ્ત્રીથી જે નામહેરમ પણ હોય હાથ મેળવવો જાઇઝ છે, જે નિકાહની ઇચ્છા નથી રાખતી ? કઇ વયની સ્ત્રીઓ પર આ હુકમ લાગુ પડે છે?

જવાબ : નામહેરમ સ્ત્રી કોઇ પણ વયની હોય, હાથ મેળવવો જાઇઝ નથી, એ શરતે કે કોઇ જરૂરત કે મજબૂરી હોય. જો કે મોટી વયે

પહોંચેલી સ્ત્રીઓ જેને કુરઆને ''કવાઇદ'' કહી છે અને પર્દાથી અપવાદ ઠરાવી છે. વયોવૃદ્ધ સ્ત્રીઓની કોઇ વર્ષ અને વયના હિસાબે સીમા નથી. આ સંદર્ભમાં કેટલીક વયોવૃદ્ધ સ્ત્રીઓ કેટલીકથી જુદી હોય છે. અને એ વાતનો દારોમદાર એ જ છે કે કુરઆને બયાન કર્યો છે. અર્થાત વયોવૃદ્ધ હોવાના કારણે તેઓમાં નિકાહની ઇચ્છા અને વલણ ન હોય.

મસઅલો (૫૧૪) : જો કોઇ દેશમાં નિકાબને આશ્ચર્ય અને અચરજની નજરે જોવામાં આવે તો શું આવી સૂરતમાં નિકાબ પહેરવી બદનામીમાં શુમાર થાશે અને તેને ઉતારવું વાજિબ થાશે?

જવાબ : નિકાબ ઉતારવો વાજિબ નથી, હા, જો નિકાબ પહેરવો સામાન્ય લોકોની દ્રષ્ટિમાં અપમાનજનક અને હલકાઇ સમજવામાં આવે અને એ દેશના લોકો સમક્ષ તે એક બૂરો અમલ સમજવામાં આવે અને બદનામ લિબાસ ગણવામાં આવે તો તેનું પહેરવું જાઇઝ નહી રહેશે.

મસઅલો (૫૧૫) : ઔરતનું ઔરતને વાસનાની નિય્યતથી ગળે લગાડવું અને ચુંબન કરવાનો શું હુકમ છે. તેમજ છેડછાડ કરવાનો શું હુકમ છે અને જો વાત આગળ વધી જાય તેનો શું હુકમ છે?

જવાબ : આ બધા કામો હરામ છે. પણ તેના દરજ્જા અલગ અલગ છે.

મસઅલો (૫૧૬) : શું કોઇ પર્દાદાર સ્ત્રીના માટે જાઇઝ છે કે તે કોઇ પુરૂષ ડ્રાઇવરથી ડ્રાઇવીંગ શીખે, જ્યારે કે ડ્રાઇવીંગ દરમિયાન પુરૂષ ઉસ્તાદ અને એ સ્ત્રી સિવાય કોઇ ત્રીજો શખ્સ તેઓ વચ્ચે નથી હોતો અને એ સંજોગોમાં કોઇ હરામ કૃત્ય થવાનો પણ ખતરો નથી હોતો?

જવાબ : જો કોઇ નૈતિક પતન અને ભટકવાનો ખતરો નથી તો કોઇ વાંધો નથી.

મસઅલો (૫૧૭) : સ્ત્રી શૃંગારની દુકાનો(બ્યુટી પાર્લર) પર સ્ત્રી નોકરો કામ કરે છે. શું કોઇ મોમેના સ્ત્રી માટે એવા શૃંગાર, પ્રસાધન કરવા જાઇઝ છે. જેવી રીતે બેપર્દા સ્ત્રીઓ કરે છે અને નામહેરમ પુરૂષો સામે જાય છે. આ સ્ત્રીઓ પછી મુસ્લિમ હોય કે બિન-મુસ્લિમ.

જવાબ : જો આ કૃત્યુ બૂરાઇની રસમ ને રીવાજ આપવા અને પ્રોત્સાહન આપવામા ગણાતુ હોય તો જાઇઝ નથી.

મસઅલો (૫૧૮) : સ્ત્રી પોતાના ચહેરાનો પર્દો નથી કરતી, શું તેણી પોતાના ચહેરાના વધારાના વાળો સાફ કરાવી શકે છે? અને

પોતાના ભવાંઓના વાળ સાફ કરાવી તેને ઠીક કરાવી શકે છે અને શું આ સ્ત્રી પોતાના મુખ પર હલ્કો એવો પાવડર લગાવી શકે છે?

જવાબ : ચહેરાના વાળ સાફ કરાવવાથી અને ભવાંઓને સીધા કરાવવાથી ચહેરાના પર્દાની મનાઇ નથી થઇ જતી, એ શરતે કે હરામ કૃત્યનો ખતરો ન હોય. જ્યાં સુધી ચહેરાના મેકઅપની વાત છે તો બનાવ શણગારની ગરજથી પાવડર લગાવ્યા પછી ચેહરો છુપાવવો જરૂરી છે.

મસઅલો (૫૧૯): શાદીની મહિલા મહેફિલમાં પોતાને બીજાઓનું ધ્યાન આકર્ષવા વાળોને રંગવા જાઇઝ છે?

જવાબ : વાળો રંગવાનો હેતુ માત્ર બનાવ શણગાર છે અને કોઇને ધોકો આપવાનો નથી જેમકે પોતાની ખોડખાપણ કે વય, વર્ષોના વધારાપણાને છુપાવવાનો હોય તો કોઇ હરજ નથી.

મસઅલો (૫૨૦) : પોતાના મૂળ વાળને છુપાવવા માટે પોતાના માથે બનાવટી વાળો (વીગ) લગાવવી, શું પોતાનો મૂળ હુલ્યાને બદલે આ હુલિયાને કોઇ સ્ત્રી માટે શૃંગાર અને ઢાંકવાની નિય્યતથી જાહેર કરવો જાઇઝ છે?

જવાબ : સ્ત્રીઓ માટે બનાવટી વાળો લગાવવા જાઇઝ છે, પરંતુ બનાવ શૃંગારના

માટે લગાડયા હોય તો નામહેરમ પુરૂષોથી વાળોને છુપાવવા વાજિબ છે.

મસઅલો (૫૨૧) : શું યુવાન સ્ત્રીઓ એ મોજાઓ વાપરી શકે છે, જે ચામડીના રંગના હોય છે, જે પગો અને પીંડીલીઓની સુંદરતાનું કારણ બને છે.

જવાબ :એવા મોજાઓ પહેરવા જાઇઝ છે, પરંતુ જો શૃંગારમાં ગણાતા હોય, તો તેને નામહેરમ મર્દોથી છુપાવવા જરૂરી છે.

મસઅલો (૫૨૨) : શું સ્ત્રીઓ એવા મોજાઓ પહેરી શકે છે, જેનાથી પરદો તો થાય છે, પણ અવયવો નો આકાર પ્રદર્શિત કરી દે છે.

જવાબ : આવા મોજાઓ પહેરવામાં કોઇ હરજ નથી.

મસઅલો (૫૨૩) : જે મુસલમાન નર્સ કોઇ કલીનીકમાં કામ કરે છે અને ડયુટી દરમિયાન તેને મુસ્લિમ અને બિન–મુસ્લિમ પુરૂષ બીમારોની સારસંભાળ અને ઇંજેકશન લગાવવા તેને હાથ લગાડવો પડે છે, શું આ કામ જાઇઝ છે? જયારે કે એ પણ સ્પષ્ટ છે કે આ નોકરી મૂકી દેવી પણ એક મુશ્કેલ કામ છે, જેમકે નોકરીના મોકાઓ ઘણા ઓછા મળે છે. ઉપરાંત એ કે મુસલમાન પુરૂષના દેહને સ્પર્શ કરવામાં અને બિન મુસ્લિમ પુરૂષના બદનને સ્પર્શવામાં ફરક છે?

જવાબ : સ્ત્રી માટે નામહેરમને હાથ લગાડવો જાઇઝ નથી પણ તે મુસ્લિમ હોય કે બિન મુસ્લિમ, પણ એ કે આ નોકરી એટલી હદે જરૂરી થઇ જાય કે જેના કારણે હરામ, હરામ ન રહે.

મસઅલો (૫૨૪) : કોઇ સ્ત્રી એડીવાળા જોડા પહેરી શકે છે. જેના જમીન પર લાગવાના કારણે અવાજ પેદા થાય અને બીજાઓને પોતા તરફ આકર્ષિત કરે?

જવાબ : જો એવા જોડા પહેરવાનો હેતુ નામહેરમ ને પોતા તરફ આકર્ષવાનો છે અને હરામ કૃત્યમાં સંડોવવાનું કારણ બને તો જાઇઝ નહીં થાય.

મસઅલો (પરપ) : બનાવ શૃંગારના ખાતર સ્ત્રી માટે અંગૂઠી, બંગડીઓ અને હાર પહેરવા હલાલ છે કે હરામ?

જવાબ : હલાલ છે. અંગૂઠી અને બંગડીઓ ઉપરાંત બીજા ઘરેણાઓને છુપાવવા વાજિબ છે. અંગૂઠી અને બંગડીઓને એ સંજોગોમાં જાહેર કરી શકે છે, જ્યારે તેનાથી કોઇના હરામ કૃત્યમાં સંડોવાઇ જવાનો ખતરો ન હોય.

મસઅલો (પર૬) : આજકાલ પશ્ચિમી સ્ત્રીઓ (અને હવે પૂર્વી સ્ત્રીઓ પણ) એ આંખની કાળાશ ઉપર વિવિધ રંગના કાચ (લેન્સીસ) લગાડે છે. શું સ્ત્રી પોતાની શોભા અને

નામહેરમને દેખાડવા ખાતર તેનો ઉપયોગ કરી શકે છે?

જવાબ : આ વસ્તુ જો શૃંગારમાં ગણાતી હોય તો જાઇઝ નથી.

મસઅલો (૫૨૭) : શું સ્ત્રીના બીજની લેવેચ જાઇઝ છે?

જવાબ : જાઇઝ છે.

મસઅલો (૫૨૮) : ખાસ સંજોગોમાં અથવા બીમારીના કારણે અમુક સ્ત્રીઓના વાળો ખરવા લાગે છે, શું ઇલાજની નિય્યતથી મર્દ ડોકટરને વાળ દેખાડવા જાઇઝ છે? ચાહે વાળો ખરવાની બીમારી સ્ત્રી માટે તકલીફ અને

દુઃખનું કારણ હોય કે ન હોય. બલ્કે આ માત્ર શણગારની માગ હોય?

જવાબ : વાળ ખરવાના કારણે જો અસહ્ય તકલીફ અને દુઃખ થતું હોય તો જાઇઝ છે, નહિતર નહી.

મસઅલો (૫૨૯) : શું મુસ્લિમ વિદ્યાર્થીનીઓ પશ્ચિમી દેશોની કોલેજોમા ંદાખલો લઇ શકે છે, જેમાં સહશિક્ષણ અપાતું હોય છે. અને જ્યાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓની ચાલચલણ સ્વતંત્ર અને નૈતિક નિયમોની પાબંદ નથી હોતી.

જવાબ : એ સંજોગોમાં જ્યારે કે એક મુસ્લિમ સ્ત્રીને શિક્ષણ પણ મેળવવું છે અને તેને યકીન છે કે તેના મઝહબી અકીદાને કોઇ ખતરો નથી અને તે હિજાબ સહિત બીજી શરઇ ફરજોની પાબંદ રહી શકે છે અને હરામ દ્રષ્ટિ અને સ્પર્શથી દૂર રહેશે અને આઝાદ બગડેલા વાતાવરણથી પ્રભાવિત નહીં થાય, તો દાખલો લેવામાં હરજ નથી, બીજા સંજોગોમાં જાઇઝ નથી.

મસઅલો (૫૩૦) : કેટલાક પશ્ચિમી દેશોના જાહેર મેદાનોમાં ચિત્રકારો બેઠા હોય છે, જે લોકોની સામે બેસાડી તેના ચહેરાની રેખાઓ વારંવાર જોઇને તસ્વીર બનાવે છે, શું એક

પર્દાદાર સ્ત્રી આવી રીતે પોતાની તસ્વીર બનાવરાવી શકે છે?

જવાબ : કોઇ મુસલમાન સ્ત્રીએ આવી રીતે પોતાની તસ્વીર ન બનાવરાવવી જોઇએ.

મસઅલો (૫૩૧) : શું સ્ત્રીઓ માટે વિવિધ રીતે કુશ્તીઓ લડવી જાઇઝ છે? શું વગર લજ્જતે સીધાસાધું અથવા ટેલીવીઝન દ્વારા કુશ્તી લડનારાઓના ઉઘાડા શરીરને જોવા જાઇઝ છે?

જવાબ : જે ચીઝ પણ નુકસાનકારક હોય હરામ છે. એહતેયાતે વાજિબ એ છે કે સ્ત્રી લઝ્ઝત વગર ટેલીવીઝન પર પણ પુરૂષના

શરીરને ન જુએ, સિવાય માથું, બંને હાથ અને બંને પગો અને બીજા અંગો જેને મુસલમાનોની સામાન્ય પ્રથા મુજબ છુપાવવા જરૂરી નથી.

મસઅલો (૫૩૨) : શું સ્ત્રીઓ અઝાદાર પુરૂષોના જીસમ જોઇ શકે છે? જેઓ માતમ કરતી વખતે પોતાના કપડા ઉતારી નાખે છે?

જવાબ : એહતેયાતે વાજિબની રૂએ તેને તજી દેવું જોઇએ.

મસઅલો (૫૩૩) : જો કોઇ સેવાભાવે કોઇ બાળકીની તરબીયત કરે અને તે બાળકીને પોતાની પુત્રી બનાવી લે, આ બાળકી જ્યારે પુખ્ત વયની થઇ જાય, તો શું એ બાળકી પર

વાજિબ છે કે તે પોતાના પાલકનો પર્દો કરે અને પાલક પર વાજિબ છે કે તે તેણીના વાળોને ન જુએ અને તેના શરીરને ન અડકે.

જવાબ : આ બધું જરૂરી છે, કેમકે પાલક પિતા અને બીજા નામહેરમ પુરૂષોમાં કોઇ ફરક નથી.

મસઅલો (૫૩૪) : શું ગર્ભપાત કરાવવો જાઇઝ છે ? જ્યારે કે ગર્ભથી અત્યંત યાતના અને કુટુંબની બદનામીનો ડર હોય.

જવાબ : જો ગર્ભપાત સિવાય કોઇ અન્ય ઉપાય ન હોય તો, ગર્ભમાં રૂહ આવવા પહેલા ગર્ભપાત જાઇઝ છે.

મસઅલો (૫૩૫) : શું કોઇ સ્ત્રી પેન્ટ શર્ટ પહેરી બજારોમાં અથવા સડકો પર ઘૂમી ફરી શકે છે?

જવાબ : જો તેના શરીરના સંવેદનશીલ ભાગો ઊપસી આવતા હોય અને જોનારામાં જાતીય લાગણીઓ જન્માવતી હોય તો જાઇઝ નથી.

મસઅલો (૫૩૬) : સ્ત્રીઓની ખાસ મહેફિલોમાં બીજાઓને પોતાની તરફ આકર્ષવા અને રૂપ સૌંદર્ય ખાતર બનાવટી વાળની વીગ પહેરવી જાઇઝ છે અને આ એબ છુપાવવાની વ્યાખ્યામાં આવશે?

જવાબ : જો વીગ પહેરવાનો આશય કોઇને ધોકો ન આપવાનો અથવા પોતાની શાદી પ્રસંગે એબ ઢાંકવાનો ન હોય અને માત્ર બનાવ શણગારના માટે હોય તો કોઇ હરજ નથી.

મસઅલો (૫૩૭) : શું માહવારી (હૈઝ)વાળી સ્ત્રી સિજદાવાળી આયતો ઉપરાંત સાત આયતોથી વધારે કુરઆને પાકની તિલાવત કરી શકે છે? શું જાઇઝ હોવાની સૂરતમાં કોઇ મકરૂહ અમલ થશે? તો શું મકરૂહ હોવાનો મતલબ એ થશે કે તિલાવતનો સવાબ તો મળશે પણ ઓછો?

જવાબ : હૈઝવાળી સ્ત્રી સિજદાવાળી આયતો સિવાય આયતોની તિલાવત કરી શકે છે.

સાતથી વધારે આયતોની તિલાવતને જો મકરૂહ ગણવામાં આવે તો તેનો અર્થ એ થશે કે તેનો સવાબ ઓછો છે.

## પ્રકરણ દસમું

## સંગીત, ગાયન અને નૃત્યના હુકમો

પશ્ચિમી દેશોમાં રહેવાવાળા બિન-મુસ્લિમ લોકો હોય કે કેટલાક ઇસ્લામી દેશોના લોકો આજના યુગમાં સંગીતના બધા સાધનોથી આનંદ મેળવવામાં શોખીન હોય, આ ગાયકોના ગાયનના રસીયા હોય છે. આ લોકો સંગીતના એટલા આદી થઇ ચૂકયા હોય

છે કે જીવનના દરેક પ્રસંગમાં સંગીત વગર પોતાને અધૂરા સમજે છે. સડકો પર ચાલતા ચાલતા, પ્રવાસ દરમિયાન, સડકો પર દોડતી ગાડીઓથી સંગીતની ધૂનો એવી ઊંચી થઇ રહી હોય છે કે, વટેમાર્ગુઓને આતૂર કરી દેતી હોય છે. ઇન્સાન આવા વાતાવરણમાં પોતાને પૂછે છે, શું હું આ વાજિંત્રોની અવાજ અને ગાયન સાંભળી શકું છું? અને શું મારા માટે નાચ કરવો જાઇઝ છે?

આ અનુસંધાનમાં સંગીત, ગાયન અને નાચના સંબંધીએ પ્રશ્નો અને આવા પ્રકારના બીજા સવાલોના જવાબો લખશું.

મસઅલો (૫૩૮) : સંગીત વિદ્યા આજકાલ ઘણી વધારે ફેલાઇ ગઇ છે. આ કળાના અમુક પ્રકાર હલાલ અને અમુક પ્રકાર હરામ છે. હલાલ સંગીત સાંભળવું જાઇઝ અને હરામ સંગીત સાંભળવું જાઇઝ નથી.

જવાબ : હલાલ સંગીત એને કહેવામાં આવે છે, જે રંગરાગની મહેફીલોથી સરખાપણું અને સુસંગત ન હોય. અને હરામ સંગીત એને કહેવામાં આવે છે જે રંગરાગની મહેફિલોથી સંબંધિત હોય.

મસઅલો (૫૩૯) : સંગીત અથવા ગાયનના રંગરાગની મહેફિલોથી સંબંધિત હોવાનો અર્થ એ નથી કે સંગીત અથવા ગાયનનો સુર નફસને

રાહત અને સુકૂન પહોંચાડે અને તેની સ્થિતિને બદલી નાખે. કેમકે આ વસ્તુઓ તો ઠીક છે બલ્કે આનો અર્થ એ છે કે સંગીતની અવાજ અને ગાયનના સૂરને સાંભળવાવાળો, ખાસ કરીને અગર તે શખ્સ જો આ વસ્તુઓની ખાસિયતોથી જાણકાર હોય, આ વાતની ઓળખ કરાવે કે આ સુર રંગરાગની મહેફિલોમાં વપરાઇ છે અથવા આ સુરથી મળતો આવતો છે જે રંગરાગમાં વપરાય છે.

મસઅલો (૫૪૦) : એ સ્થળોએ જાવું જાઇઝ છે જ્યાં હલાલ સંગીત વગાડવામાં આવતુ હોય અને જ્યાં સુધી આ સંગીત હલાલ હોય, જાણી જોઇને તેને સાંભળવું પણ જાઇઝ છે.

મસઅલો (૫૪૧) : એ જાહેર સ્થળો પર આવવું જાઇઝ છે, જ્યાં વાજિંત્રો વગાડવામાં આવતા હોય, એ શરતે કે આ સંગીત જાણી જોઇને ન સાંભળવામાં આવે. જેવા કે સ્વાગતીય હોલો, મહેમાન ખાનાઓ, બાગો, હોટલ અને કોફી શોપ વગેરે જો કે આ જગ્યાએ વગાડવામાં આવતા વાજીંત્રોનો સંબંધ પણ મોજમજાની મહેફિલોમાં વગાડવામાં આવતા સંગીતની જેવું હોય છે. એટલે આ બાબતમાં શરઇ રીતે કોઇ ઇન્કાર કે રૂકાવટ નથી કે, કાનોને કોઇ હરામ સંભળાય, પરંતુ આપ એ સુરને સાંભળવાનો કોઇ ઇરાદો રાખતા ન હો.(એટલે ધ્યાનપુર્વક ન સાંભળતા હોવ)

મસઅલો (૫૪૨) : બાળકો અને મોટાઓ માટે સમાન રીતે સંગીતના શિક્ષણ માટે જે કેન્દ્રો કે સંસ્થાઓ છે ત્યાં હલાલ સંગીત શીખવું જાઇઝ છે, એ શરતે કે સંગીત શીખવાથી દીની કેળવણી અને ઉછેર પર કોઇ નકારાત્મક અસર ન પડે.

મસઅલો (૫૪૩) : ગીત ગાવા, સાંભળવા અને સંગીતનો ધંધો કરવો બધું હરામ છે. અને ગિનાથી મુરાદ એ બેહુદા કલામ છે જે મોજમજા-રંગરાગના જાણીતા સૂરમાં ગાવામાં આવે.

મસઅલો (૫૪૪) : મોજમજાવાળા સૂરમાં કુરઆને પાકની તિલાવત કરવી, દુઆઓ અને

બીજા ઝિક્રોને પઢવા જાઇઝ નથી, બલ્કે કોઇ શેર અથવા ગદ્યવાળા કલામોને પણ ગાયનની ઢબમાં અને સૂરતાલમાં પેશ કરવા પણ જાઇઝ નથી જે નકામા ભાવાર્થ રાખતા હોય.

મસઅલો (૫૪૫) : રિવાયત છે કે ગાયન અને સંગીત સાંભળવા હરામ છે. જનાબે સરવરે કાએનાત (સ.અ.વ.)ની એક હદીસ છે. આપ (સ.અ.વ.)એ ફરમાવ્યું :

‘જે શખ્સ (ઇરાદાપૂર્વક) રંગ (રાગ)ની વાતોને સાંભળે તો કયામતના દિવસે તેના કાનોમાં પીગળેલું સીસું રેડવામાં આવશે.’

આપ (સ.અ.વ.)એ મોસીકી વિશે એ પણ ફરમાવ્યું :

'ગાયન ગાવા, અને સંગીત વ્યભિચારનો એક માર્ગ છે.'

મસઅલો (૫૪૬) : સ્ત્રી પોતાના ધણીને રાજી કરવા અને તેની લાગણીઓને ઉશ્કેરવા માટે તેની સામે નૃત્ય કરી શકે છે પણ તે પરાયા પુરૂષો સામે નૃત્ય કરી નથી શકતી અને એહતેયાતે વાજિબની રૂએ સ્ત્રીઓની સામે પણ નૃત્ય નથી કરી શકતી.

મસઅલો (૫૪૭) : શાદીઓ, મઝહબી જશનો, સેમીનારો અને અવસરોના ઉત્સવોમાં

સ્ત્રીઓ અને પુરૂષોનું સમાન રીતે તાળીઓ વગાડવી જાઇઝ છે.

## આ પ્રકારણના વિશેષ સવાલ જવાબ

મસઅલો (૫૪૮) : ઘણીવાર હલાલ અને હરામ સંગીત વિશે પ્રશ્નો પૂછવામાં આવે છે. શું આ સવાલના જવાબમાં એમ કહી શકાય છે કે, જે સંગીત જાતીય અને કામ વાસનાને ઉશ્કેરે, નશો પેદા કરે અને હલકટ અને છીછરી તબીઅતને ઉત્તેજે તે સંગીત હરામ છે, જે સંગીત રૂહને શાંતિ આપે અથવા એ સંગીત જે ફિલ્મી બનાવોમાં અસર જન્માવવા સંભળાવવામાં આવે અથવા એ સંગીત જે અંગ કસરતોવાળી રમતોમાં વગાડવામાં આવે છે

અથવા એ સંગીત જે ખાસ સંગીત દ્વારા કોઇ ખાસ દ્રષ્ય ઊભું કરે છે અથવા એ સંગીત જે ઇન્સાનની અંદર જુસ્સો અને વીરતા જન્માવે છે, આ બધા વિષયોના સંગીતને હલાલ સંગીત કહી શકાશે?

જવાબ : હરામ સંગીત એ છે જે રંગરાગની મહેફિલો માટે ખાસ છે. હલાલ સંગીત એ છે જે મોજમજાની મહેફિલો સાથે મેળ અને સુસંગત ન હોય, ભલે તે તબીયતમાં શાંતિ ન પેદા કરે, જેમ કે ફોજી અને જનાઝાઓમાં વગાડવામાં આવતું સંગીત.

મસઅલો (૫૪૯) : જેવી રીતે હલાલ અને હરામ સંગીત વિશે પૂછવામાં આવે છે એવી જ

રીતે હરામ અને હલાલ ગાયનો વિશે પણ પૂછવામાં આવે છે. શું અમે આ પ્રશ્નોનો એ જવાબ આપી શકીએ છીએ કે હરામ ગાયનો એ છે જે જાતીય અને કામુક લાગણીઓને ઉશ્કેરે અને જે ગીતો રૂહને તાજગી અને દીની વિચારોને ઉત્કર્ષ કરે તે પવિત્ર ગાયન હોય છે. દાખલા તરીકે નાતે રસૂલે મકબૂલ (સ.અ.વ.) મદહે એહલેબૈત (અ.મુ.સ.) વિશે ગાવામાં આવતા ગીતો અને એવા તરાનાઓ જે જોશ અને વીરતાનું પ્રદર્શન કરતા હોય તે હલાલ છે?

જવાબ : ‘‘ગિના’’ હરામ છે અને અમારા મત મુજબ ‘‘ગિના’’ એ રંગરાગ અને વાહિયાત કલામનું નામ છે, જે રંગરાગવાળાઓની ઢબે

રજૂ કરવામાં આવે. એવી જ રીતે ગાયનના સૂરમાં અથવા ઢબમાં કલામ શરીફની તિલાવત કરવી, દુઆઓ પઢવી અને એહલેબૈત (અ.મુ.સ.)ની શાનમાં કસીદાઓ પઢવા પણ હરામ છે. રંગરાગ, અને બેહુદા કલામો સિવાય બીજું કંઇ ગાવાની ઢબમાં કલામ, જેવા કે તરાનાઓ જે બહાદુરી અને વીરતા માટે ગાવામાં આવે છે, તે એહતેયાતે વાજિબની રૂએ હરામ છે, જે સૂર અને ઢબમાં બયાન કરેલા વ્યાખ્યા બંધ ન બેસતી હોય, તે હરામ નથી.

મસઅલો (૫૫૦) : સંગીતમય એહલેબૈત (અ.મુ.સ.)ના પ્રશંસાના ગીત સાંભળવા જાઇઝ છે?

જવાબ : ગિના દરેક રૂપમાં હરામ છે. અલબત્તા એ કસીદા જે કોઇ સુંદર કંઠે સંભળાવવામાં આવે, પણ તેમાં કોઇ સૂરનો ભાવ અથવા સંગીતનો કોઇ રંગ ન હોય તો તેમાં કોઇ હરજ નથી. જે સંગીત રંગરાગની મહેફિલો સાથે સુસંગત ન હોય તે હલાલ છે.

મસઅલો (૫૫૧) : જો કોઇ કારી તિલાવત દરમિયાન પોતાના અવાજને ગળામાં ઘૂમાવે છે, તેની કિરઅત સાંભળવી જાઇઝ છે?

જવાબ : જો કિરતઅમાં વાપરવામાં આવનારી તરજ (આલાપ) ગાયન જેવી ન હોય તો તેને સાંભળવામાં કોઇ હરજ નથી.

મસઅલો (૫૫૨) : ઘણા કારીઓ ગાયન ગાવાવાળા ગુનેહગારોની તરજ લઇને માસૂમીન (અ.મુ.સ.) ની શાનમાં કસીદા પઢે છે. પણ તેમના કલામનો વિષય ગુનેહગારો અને ફાજિરોના કલામથી જુદો હોય છે, પણ તરજ અને ઢબ તેઓ જેવાજ હોય છે. શું આવી રીતના કલામ સાંભળવા અને સંભળાવવા હરામ છે?

જવાબ : એહતેયાતની રૂએ હરામ છે.

મસઅલો (૫૫૩) : શું સુહાગરાત, કોઇપણ સુર અને આલાપમાં ઔરતોના ગીત ગાવા જાઇઝ છે, જો કે આ ગીતની તરજ ગુનેહગારોની તરજને મળતી આવતી હોય, શું એ રાત્રે સંગીત ના સાધનો વાપરવા પણ સ્ત્રીઓ માટે જાઇઝ છે? શું શાદીના દિવસે મહેદીની રાત અથવા સાતમી રાતે ગાવા બજાવવા જાઇઝ છે અથવા માત્ર સુહાગરાતના આ ગાયન બજાવવા જાઇઝ છે?

જવાબ : એહતેયાતે વાજિબની રૂએ સુહાગરાતના પણ રાગરંગની મહેફિલ તજી દેવી જોઇએ.

મસઅલો (૫૫૪) : પીયાનો, સારંગી, ઢોલ, બાંસરી અને ઇલેકટ્રીક પિયાનાવાળા ઇન્કલાબી તરાના સાંભળવા જાઇઝ છે?

જવાબ : જો સંગીત સાધનોથી રંગરાગથી સામ્યતા ધરાવતી અવાજ નિકળતી હોય તો તેનું સાંભળવું જાઇઝ નથી.

મસઅલો (૫૫૫) : દુરાચારીઓ નજીક ‘‘જાણીતી’’ના શબ્દપ્રયોગનો શું અર્થ છે?

જવાબ : આ અમારા ફતવાઓમાં નથી વપરાતો. અલબત્તા ગિનાની વ્યાખ્યા એ છે કે રંગરાગવાળાઓની નજીક ‘‘જાણીતો’’નો અર્થ

એ છે કે ‘‘ગાયન અને તેની ગાવાની ખાસ રીત’’જે કોઇથી છૂપી નથી.

મસઅલો (૫૫૬) : એક મુસલમાન જે પ્રથમ સ્વતંત્ર વિચારસરણીનો અને દીનથી બેપરવા હતો, પછી દીનદાર અને પરહેઝગાર બની ગયો. શું આવો શખ્સ દોસ્તોની સામે એ જૂના ગાણા ગાઇ શકે છે, જે તેને યાદ છે?

જવાબ : જો તેને સંગીત અને ગિના કહી શકાતું હોય તો જાઇઝ નથી.

મસઅલો (૫૫૭) : પરાઇ ભાષાઓ શીખવા માટે એ ભાષાઓ (દાખલા તરીકે અંગ્રેજી)ના ગાણાઓ સાંભળવા જાઇઝ છે?

જવાબ : તેના પર પણ પહેલાનો હુકમ ‘‘ગિના’’ લાગુ પડશે, એટલે જાઇઝ નથી.

મસઅલો (૫૫૮) : સંગીતના સાધનોના ઘણા પ્રકાર છે, જે ગાયનોની મહેફિલોમાં વપરાય છે. આ કદી નફ્સ (મન)ને શાંતિ અને રાહત પહોંચાડવાના ઉદ્દેશથી વપરાય છે. શું વાજિંત્રોની લેવેચ અને તેને તૈયાર કરવા, રૂહને શાંતિ પહોંચાડવાના ખાતર તેને વગાડવા અને સાંભળવા જાઇઝ છે?

જવાબ :રંગરાગના સાધનો વાજિંત્રો કોઇ પણ રૂપમાં જાઇઝ નથી, એ સાધનો તૈયાર કરવા અને તેની મજૂરી વસૂલ કરવી પણ જાઇઝ નથી.હરામ રંગરાગના સાધનનો મતલબ એમ

છે કે આકાર, બનાવટ અને કિમંત નો આધાર જે હરામ રંગરાગની મહેફીલ સાથે સરખામણી ધરાવતો હોય તેના ઉપર જ હોય.

મસઅલો (૫૫૯) : એ વાજિંત્રોને બનાવવા અને તેનો વેપાર (લે-વેચ) કરવો જાઇઝ છે, જેને બાળકોના મનોરંજન અને બહેલાવવા માટે વાપરવામાં આવે છે. શું મોટાઓ માટે તેના વાપરવા જાઇઝ છે?

જવાબ : કોઇપણ જાતના વાજિંત્રો જેનાથી રંગરાગથી સરખાપણું રાખતી અવાજ નીકળતી હોય, તેનો ધંધો કરવો જાઇઝ નથી. મોટાઓ માટે તેને વાપરવા પણ જાઇઝ નથી.

મસઅલો (૫૬૦) : બ્રીટન અને બીજા પશ્ચિમી દેશોમાં શાળાની સ્તરે એક વિષય પઢાવવામાં આવે છે, જેમાં સંગીતની ખાસ ધૂનો પર નાચ શીખવવામાં આવે છે, જેના વડે નાચ દરમિયાન વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓની ક્રિયાનું માર્ગદર્શન આપવામાં આવે છે.

૧. શું આ પ્રકારના વર્ગોમાં ભાગ લેવો જાઇઝ છે?

૨. શું મા-બાપ પર વાજિબ છે કે તેઓના યુવાન બાળકોને તેઓ આ પ્રકારના વર્ગોમાં ભાગ લેવા ઇચ્છતા હોય તો રોકે?

જવાબ: જો તેમના દીની શિક્ષણ પર ખરાબ અસર પડતી હોય તો જાઇઝ નથી, બલ્કે એહતેયાતની રૂએ દરેક હાલતમાં જાઇઝ નથી.

૨. જી હા, મા-બાપ પર વાજિબ છે કે, તેઓ પોતાના બાળકોને આવા વર્ગોમાં ભાગ લેવાની મનાઇ કરે.

મસઅલો (૫૬૧) : શું નૃત્ય કળા શીખવી જાઇઝ છે?

જવાબ : આ કોઇ પણ સૂરતમાં જાઇઝ નથી.

મસઅલો (૫૬૨) : શું નૃત્યની એવી મહેફિલ યોજવી જાઇઝ છે, જ્યાં માત્ર યુગલો (પતિ-

પત્ની)ના રૂપમાં, હલ્કી સંગીતની ધૂનમાં અને યોગ્ય વસ્ત્રોમાં નૃત્ય કરે છે, જાઇઝ છે?

જવાબ : જી નહીં.

મસઅલો (૫૬૩) : શું સ્ત્રી, સ્ત્રીની સાથે અને પુરૂષ પુરૂષ સાથે સંગીતની ધૂન પર અથવા વગર સંગીતે કોઇ અમિશ્રિત મહેફિલમાં નૃત્ય કરી શકે છે?

જવાબ : સ્ત્રીનું સ્ત્રી સાથે અને પુરૂષનું પુરૂષ સાથે નૃત્ય કરવું ઇશ્કાલથી ખાલી નથી. એહતેયાતે વાજિબની રૂએ તેને તજી દેવું જોઇએ.

મસઅલો (૫૬૪) : શું પત્ની પતિના સામે સંગીત અથવા વગર સંગીત નૃત્ય કરી શકે છે?

જવાબ : જો (નૃત્ય સમયે વગાડવામાં આવી રહેલ) સંગીત હરામ નથી તો (આ નૃત્ય કરવું) જાઇઝ છે.

મસઅલો (૫૬૫) : પશ્ચિમી દેશોની બધી શિક્ષણ સંસ્થાઓના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને નૃત્ય કળા શીખવા પર મજબૂર કરવામાં આવે છે. આ નૃત્ય સાથે સામાન્ય સંગીત નથી હોતું અને ન તેમાં રંગરાગથી સરખાપણું છે, બલ્કે તેને કોર્સમાં દાખલ કરવામાં આવ્યું છે, શું માતા-પિતા માટે હરામ

છે કે તેઓ પોતાના બાળકોને આવા વર્ગોમાં ભાગ લેવાની રજા આપે?

જવાબ : જો આ વસ્તુઓ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓની દીની તાલીમની વિરૂધ્ધ હોય તો હરામ છે. બલ્કે બાલિગ વિદ્યાર્થીનીઓ માટે એહતેયાતની રૂએ હર હાલતમાં હરામ છે. અલબત્તા વિદ્યાર્થીઓની પાસે આ વર્ગોમાં ભાગ લેવાની શરઇ દલીલ મોજૂદ હોય, દાખલા તરીકે તેનો મરજએ તકલીદ એને જાઇઝ સમજતા હોય, એવી સ્થિતિમાં તેને ઇજાઝત આપવામાં કોઇ હરજ નથી.

# વિવિધ શરઇ મસઅલાઓ

આ પ્રકરણમાં સુજ્ઞ વાંચકોની સેવામાં જીવનના વિવિધ કામો સંબંધી એવા શરઇ હુકમો અને શરીઅત પ્રમાણે મસઅલાઓના જવાબ રજૂ કરવામાં આવે છે, જેને આગલા પ્રકરણમાં ઘણા ઓછા બયાન કરવામાં આવ્યા છે. એટલે આ પ્રકરણમાં વિવિધ મસઅલાઓના નામથી સ્વતંત્ર પ્રકરણ આપવામાં આવે છે.

મસઅલો (૫૬૬) : અલ્લાહ તઆલાના બંદા હોવાના ભાવાર્થથી ભરપૂર નામો પ્રમાણે નામ રાખવા મુસ્તહબ છે. જેમકે સરવરે દોઅલામ, હઝરત મોહમ્મદ મુસ્તફા (સ.અ.વ.) અને

બાકી માનવંત નબીઓ, હયદરે કર્રાર મૌલા અલી (અ.સ.), ઈમામ હસન (અ.સ.) ઈમામ હુસૈન (અ.સ.), જનાબે જઅફરે તૈયાર, તાલિબ, હમઝા અને બીબી ફાતેમા ઝહેરા (સ.અ.) ના નામો પ્રમાણે નામ રાખવા મુસ્તહબ છે. અને ઈસ્લામ તથા એહલેબૈત (અ.મુ.સ.)ના દુશ્મનોના નામો પરથી રાખવા મકરૂહ છે.

મસઅલો (૫૬૭) : બે વરસ સુધી સંતાનનો ઉછેર ચાહે છોકરો હોય કે છોકરી મા-બાપનો બરાબર હક છે અને બાપને એ હક નથી પહોંચતો કે, તે આ બે વરસ દરમિયાન બાળકને તેની માથી અલગ કરે અને બે વરસ

પૂરા થયા પછી આ હક બાપની સાથે ખાસ હોય છે. અલબત્તા આ એહતિયાતે મુસ્તહબ છે કે બાળક સાત વરસ સુધી પોતાની મા થી જુદો ન કરવામાં આવે.

મસઅલો (૫૬૮) : જો છોકરો કે છોકરીના બે વરસ થવા પહેલાં તેના મા-બાપની વચ્ચે તલાક અથવા નિકાહ તૂટી જવાના કારણે છૂટાછેડા થઇ જાય છે તો એ સમયે ત્યાં સુધી માના ઉછેરવાનો હક ઊઠી કે ખતમ નથી થઇ જતો, જ્યાં સુધી તે કોઇ અન્ય પુરૂષથી શાદી ન કરી લે. એટલા માટે મા-બાપ માટે જરૂરી છે કે તે ઉછેરના આ હકને સંયુક્તપણે

વારાફરતી અથવા કોઇ અન્ય યોગ્ય રીતે જે પર તેઓ સંમત થાય, ઉપયોગ કરે.

જો બાળકના બાપથી છુટાછેડા પછી મા કોઇ અન્ય પુરૂષથી શાદી કરી લે તો માની પરવરિશનો હક ખતમ થઇ જાય છે અને બાપની સાથે ખાસ થઇ જાય છે.

મસઅલો (૫૬૯) : બાળકના આકિલ અને બાલિગ થઇ જવા પછી બધાનો ઉછેરનો હક ખતમ થઇ જાય છે. એટલે બાળક બાલિગ અને સમજદાર થઇ જાય તો તેના ઉછેરનો હક કોઇની પાસે નથી રહેતો ત્યાં સુધી કે મા-બાપનો હક પણ ખતમ થઇ જાય છે. બલ્કે સંતાન ચાહે તો તે પોતાના મામલાઓનો

પોતેજ માલિક બની જાય છે. અને તેને એ અધિકાર મળી જાય છે કે મા-બાપમાંથી જેની સાથે ઇચ્છે તેની સાથે રહી શકે છે.અલબત મા-બાપની મોહબ્બત ને કારણે તેઓને તકલીફ થાય તો તેનો વિરોધ જાઇઝ નથી.પરંતુ જો સાથે રહેવા બાબતે મા-બાપ માં મતભેદ હોય તો માં ની વાત ને અગ્રતા આપવમા આવશે.

મસઅલો (૫૭૦) : જો બાળકનો બાપ મરી જાય તો મા બીજાઓની સરખામણીમાં બચ્ચાના બાલિગ થવા સુધી તેના ઉછેરની વધારે હકદાર છે.

મસઅલો (૫૭૧) : જેવી રીતે બાળકના ઉછેરનો હક મા-બાપ પર છે એવી રીતે બાળક પર પણ મા-બાપનો એ હક બને છે કે તેઓ તેઓની સેવા કરે. જો મા-બાપ પોતાના બાળકનો ઉછેર કરવાનો ઇન્કાર કરી દે તો તેઓને તે વાત પર મજબૂર કરવામાં આવશે.

મસઅલો (૫૭૨) : જો બાળકના મા-બાપ મોજૂદ ન હોય અથવા મરી ચૂકયા હોય તો તેની પરવરિશનો હક દાદાને છે.

મસઅલો (૫૭૩) : મા-બાપમાંથી જે પણ પાલનપોષણનો હક રાખતું હોય, તેને એ હક મળેલ છે કે તે પોતાના બાળકની પાલન પોષણની જવાબદારી જેને ચાહે તેને સોંપી દે

એ શરતે કે તેને એ યકીન હોય કે તે શખ્સ પોતાની શરઇ જવાબદારીને સારી રીતે નિભાવશે.

મસઅલો (૫૭૪) : મા-બાપ ઉપરાંત, જેને પણ બાળ ઉછેરનો હક સોંપવામાં આવ્યો હોય, તેના માટે એ શરત છે કે, તે અકલમંદ, બાલિગ અને મુસલમાન હોય. અને તેના તરફથી બચ્ચાની સંપૂર્ણ સારસંભાળનું યકીન હોય.

જો બચ્ચાનો બાપ કાફર હોય અને તેની મા મુસલમાન હોય તો બચ્ચાનો ઉછેર મા સાથે ખાસ થઇ જાશે અને જો બાપ મુસલમાન હોય

અને મા બિન મુસ્લિમ તો બાળકના ઉછેરનો હક માત્ર બાપને મળશે.

મસઅલો (૫૭૫) : પુત્ર પર ગરીબ અને નિર્ધન મા-બાપનું ભરણપોષણ વાજિબ છે.

મસઅલો (૫૭૬) : બાપ પર મોહતાજ અને નાદાર સંતાનોનું ભરણપોષણ વાજિબ છે પછી તે છોકરો હોય કે છોકરી.

મસઅલો (૫૭૭) : નજીકના સગાઓમાં મા-બાપ ઉપરાંત દાદા-દાદી અને નાના-નાની વગેરેનું ભરણપોષણ વાજિબ થવાની શરત એ છે કે તેઓ મોહતાજ અને રંક હોય કે પોતાની જીવન જરૂરિયાતને પૂરી કરવી તેઓ માટે

મુશ્કેલ હોય દાખલા તરીકે, રોટલી, કપડા અને રહેઠાણ.

કોઇ શખ્સ પર નજીકના સગાઓના ભરણપોષણ એ સંજોગમાં વાજિબ થાશે, જ્યારે ખર્ચો આપવાવાળો પોતાનો અને પોતાની પત્ની ખર્ચાઓ પછી બીજા નજીકના સગાઓનું ભરણપોષણની ક્ષમતા રાખતો હોય.

મસઅલો (૫૭૮) : બચ્ચાની પરવરિશ દરમિયાન માં નો ઇન્તેકાલ થઇ જાય તો પરવરિશનો હક ફકત બાપનો જ રહેશે.

મસઅલો (૫૭૯) : જો દીને ઇસ્લામ અને તેના શરઇ હુકમો મુસલમાનોની કદરો અને

તેઓના શહેરોનું રક્ષણ ઘણા લોકોના અંગત માલમાંથી ખર્ચવા પર આધારિત હોય તો તેઓ પર વાજિબ છે કે, તેઓ ફી સબીલિલ્લાહ ખર્ચ કરી દીન અને તેના હુકમોની રક્ષા કરે અને આ ખર્ચ કરનારાને એ હક નથી પહોંચતો કે તે કોઇથી આ ખિદમતનું વળતર વસૂલ કરે અથવા વળતર વસૂલ કરવાનો ઇરાદો કરે અને ન તો આ નેક કામમાં ખર્ચ કરવામાં આવેલી રકમની કોઇથી માંગણી કરી શકે છે.

મસઅલો (૫૮૦) : મિન્હાજુસ્સાલેહીન (૧૨૦ અને ૧૩૯) પ્રમાણે ઇન્સાનને એ હક નથી પહોંચતો કે તે કોઇ પ્રાણીને ચાહે તે શખ્સ તેનો માલિક હોય કે ન હોય, ભૂખ્યું તરસ્યુ રાખે

અને એવી રીતે બંધ કરી દે (પૂરી રાખે) કે તે પ્રાણીનો જીવ નિકળી જાય, આ જાઇઝ નથી.

## આ પ્રકારણના વિશેષ સવાલ જવાબ

શું એવી ફિલ્મ અથવા ડ્રામા કરવો જાઇઝ છે, જેમાં હુઝૂર સરવરે કાયેનાત (સ.અ.વ.) અથવા કોઇ નબી અથવા માસૂમોમાંથી કોઇ ઇમામ (અ.સ.)ની શબીહ (પ્રતિમા) દેખાડવામાં આવે અથવા કોઇ પવિત્ર ઇતિહાસના રહસ્યોને સીનેમા અથવા ટીવીના પર્દા પર અથવા સ્ટેજ શોના રૂપમાં પ્રદર્શિત કરવામાં આવ્યા હોય.

જવાબ : જો એવી ફિલ્મો અને ડ્રામાઓમાં એ પવિત્ર હસ્તીઓના માન મોભાના તકાજાઓને લક્ષમાં રાખવામાં આવ્યા હોય અને શ્રોતાઓ અને દ્રષ્ટિઓના દિલો પર એ પવિત્ર વિભૂતિઓની જે કાલ્પનીક છાપ મોજૂદ હોય છે, તેની બૂરી અસર ન પડે તો કોઇ હરજ નથી.

મસઅલો (૫૮૧) : શું બિન મુસ્લિમોને કુરઆને મજીદ, યાદશક્તિ, રોજી અને રોટી અને સલામતીની દુઆઓ ભેટ દેવી જાઇઝ છે?

જવાબ : જો તેની અગવણના કે અપમાનનો ખતરો ન હોય અને સન્માનના તકાજાઓ પૂરા કરવામાં આવે તો કોઇ હરજ નથી.

મસઅલો (૫૮૨) : કેટલાક કાગળો જેના પર અલ્લાહ તઆલા અને મઅસૂમીન (અ.સ.)ના મહાન નામો અને કુરઆની આયતો લખેલી હોય છે, જેને ન સમંદરમાં નાખવા શકય હોય છે, ન કોઇ નહેરમાં. એ કાગળોનું અમે શું કરીએ ? તેને કયાં ફેંકવામાં આવે?

જવાબ : આ કાગળોને કચરા પેટીઓમાં નાખવા જાઇઝ નથી. એટલા માટે કે આમ આ કાગળોની બેઅદબી થાય છે, પરંતુ કોઇ કેમીકલ પદાર્થ દ્વારા ભલે એ લખાણોને

મિટાવવા, કોઇ પાક જગ્યાએ દાટવા અથવા તેઓની માટીની જેમ કણ કરી દેવામાં કોઇ હરજ નથી.

મસઅલો (૫૮૩) : આપણે ત્યાં પ્રચલિત રીતે ઇસ્તેખારો કરવો શરઇ રીતે માન્ય અમલ છે, અને રીવાયતમાં આવેલું છે? શું ઇસ્તેખારાનો અમલ કરનારની ગરજ પ્રમાણે સદકો આપી વારંવાર ઇસ્તેખારો કરવામાં કોઇ વાંધો છે?

જવાબ : વારંવાર ઇસ્તેખારો કરવો ઠીક નથી. સિવાય એ કે વિષય (વાત) બદલાઇ જાય. અને હેતુ પછી બીજા હેતુ માટે સદકો આપી ઇસ્તેખારો કરી શકાય છે. ઇસ્તેખારો કોઇ વાતમાં પરેશાની વખતે સલાહ-મશવુરો અને

વિચાર કર્યા પછી જુદી-જુદી સંભાવનાઓ માંથી કોઇ એક ને પસંદ કરવાના માર્ગદર્શન માટે કરવામાં આવે છે.

મસઅલો (૫૮૪) : આપના વકીલ સાહેબો જે શરઇ હક્કો (ખુમ્સ, ઝકાત અને રદ્દે મઝાલિમ) વગેરે વસૂલ કરે છે. તેમાંથી તેઓને પોતાની ઝાત પર કેટલા પ્રમાણમાં ખર્ચ કરવાની રજા છે?

જવાબ : શરઇ હક્કોમાંથી, એક ત્રુત્યાંશ અથવા અર્ધા શરઇ રીતે નક્કી બાબતોમાં ખર્ચ કરે. અમુક સમયે પોતે હકદાર નથી હોતો જેમકે તે પોતે અલવી( સૈયદ) હોય અને ગૈર સૈયદની ઝકાત વસુલ કરી હોય રિસાલાએ અમલીયામાં

આપેલ કાયદાઓ અને નિયમોની રૂએ પોતાની અને અલ્લાહની વચ્ચે શરઇ હક્કોનો હકદાર હોય, અર્થાત એ શખ્સ ખરી રીતે મોહતાજ અને જરૂરતમંદ હોય અને તેના પર ઝકાત, સાદાતનો માલ અને રદ્દે મઝાલિમ મોહતાજો નાદારોના હક્કો તેઓ પર ખર્ચ કરી શકાય તેમ હોય તો તે તેમાંથી જરૂરત અને મોભા પ્રમાણે ખર્ચ કરી શકે છે, વધારે નહીં.

મસઅલો (૫૮૫) : જો મરજએ તકલીદના વકીલની તરફ શરઇ હક્કોમાં અસ્થાને ખર્ચાના કારણે તકલીદકારનો તેના પર વિશ્વાસ ઊડી જાય તો શું લોકોમાં તેના અયોગ્ય ખર્ચાઓની વાત કરવી જાઇઝ છે, જો કે વકીલના સંબંધમાં

એ વાતો વિશે કોઇ યકીન ન હોય ? અને જો એ વાતો પૂરવાર થઇ ગઇ હોય તો શું કરવું જોઇએ?

શું મોકલ્લફ (શરઈ રીતે જવાબદાર ઈન્સાન) માટે એ જાઇઝ છે કે જ્યાં સુધી વકીલની ધાંધલીઓનું યકીન ન હોય, તેને શરઇ હકો આપતો રહે ?

જવાબ : (અ) વકીલની તરફ સંબંધિત વાતોની ખબર હોય કે ન હોય, લોકોમાં તેનો ઉલ્લેખ કરવો જાઇઝ નથી. બીજી સૂરતમાં એ વાતોનો પૂરાવો પણ મળી જાય, તો સંપૂર્ણ ભેદપૂર્વક મરજએ તકલીદને પરિસ્થિતિથી

જાણકાર કરવામાં આવે, જેથી તેઓ પોતે યોગ્ય પગલાં ભરે.

(બ) બીજી સૂરતમાં શરઇ હકો વકીલને ન દેવામાં આવે, બલ્કે એવા વકીલને આપવામાં આવે જે પ્રમાણિક હોય અને પોતાના વકાલતનામાની પાબંદી કરતો હોય, અર્થાત હક શરઇ હક્કોનો અમુક ભાગ નક્કી સ્થળો અને કામો પર ખર્ચ કરે અને બાકી બચેલ મરજએ તકલીદની તરફ મોકલી આપે.

મસઅલો (૫૮૬) : જો કોઇ ઇન્સાનને એ યકીન હોય કે ફલાણા કામ માટે ઇમામનો માલ ખર્ચ કરે તો ઇમામ (અ.સ.) રાજી થાશે, તો

મરજએ તકલીદની રજા વગર, એવા કામોમાં માલે ઇમામ (અ.સ.) ખર્ચ કરી શકાય છે?

જવાબ : આ કામ જાઇઝ નથી, આઅલમની રજા વગર ખુમ્સના માલમાંથી ઇમામ (અ.સ.)નો માલ કોઇપણ જગ્યાએ ખર્ચ કરી, ઇમામ (અ.સ.)ની રજામંદી મેળવવી શકય નથી.

મસઅલો (૫૮૭) : અમારી આજુબાજુ અને પડોશમાં હજારો મોમિનો એવા છે, જેઓ રોટલીના એક એક ટૂકડા માટે તડપે છે અને પોતાનું શરીર ઢાંકવા કપડાંના મોહતાજ છે, શું ઇમામ (અ.સ.)ના માલમાંથી બીજા

જનકલ્યાણના અને દાનધર્મની યોજનાઓમાં ખર્ચ કરવા જાઇઝ છે?

જવાબ : જે જે કામોમાં ઇમામ (અ.સ.)નો માલ ખર્ચ કરવામાં આવે છે, તેઓમાંથી જે સૌથી વધારે અગત્યના હોય છે, તેનું ધ્યાન રાખવું જરૂરી છે, આ વિશે તપાસ એહતેયાત પૂર્વક અઅલમ ફકીહની જવાબદારી છે. જે ઇમામ (અ.સ.) ના ભાગના બધા ઉદ્દેશોને જાણે છે.

મસઅલો (૫૮૮) : વાસણો ધોવા દરમિયાન કેટલીકવાર ચાવલોના દાણા ગંદા પાણીમાં પડી જાય છે. શું આ કામ જાઇઝ છે. ચાવલોને ગંદા પાણીમાં પડવાથી માનપૂર્વક બચાવી લેવા

વાજિબ છે? જ્યારે કે આ વાત પણ સ્પષ્ટ છે કે આ કામ ઘણું મુશ્કેલ છે?

જવાબ : જો આ ચાવલોનું પ્રમાણ, જે કોઇ જાનવરના ખોરાક માટે પૂરતું હોય, તો તેને ગંદા પાણીમાં જવા દેવા જાઇઝ નથી. અને જો તેની સંખ્યા ઓછી હોય અથવા તે ખરાબ હોય તો તેઓને એવી રીતે કચરા પેટીમાં નાખવા ઠીક છે કે અલ્લાહ તઆલાની નેઅમતોનું અપમાન ન ગણાતું હોય.

મસઅલો (૫૮૯) : શું કોઇ શાઇર માટે એ જાઇઝ છે કે કોઇ શાહી મહેફીલ મુશાઇરાનો બંદોબસ્ત કરે, જ્યારે કે તેને ખબર છે કે આ

મહેફીલમાં બેપર્દા અને શણગાર સજ્જ સ્ત્રીઓ પણ ભાગ લેવા આવશે?

જવાબ : આ દાવતમાં કોઇ હરજ નથી. પરંતુ એ શાઇરની ફરજ છે કે અમ્રબિલ મઅરૂફ અને નહિ અનિલ મુન્કર પર અમલ કરે.

મસઅલો (૫૯૦) : સ્કૂલોના વિધાર્થીઓને એ હુકમ આપવામાં આવે છે કે તે ઇન્સાન અથવા પ્રાણીનું ચિત્ર બનાવે, જ્યારે કે વિધાર્થી માટે આ હુકમનો અનાદર મુશ્કેલ હોય છે શું વિધાર્થી માટે પ્રાણી કે ઇન્સાનનું ચિત્ર દોરવું જાએઝ છે? ઉપરાંત જો વિધાર્થીને કોઇ વસ્તુને કંડારી મુર્તિ બનાવવાનો હુકમ આપવામાં આવે તો તેના માટે શું હુકમ છે?

જવાબ : ગેરમુજસ્સમ તસ્વીર બનાવવી, પછી તે પ્રાણીની હોય કે કોઇ અન્યની જાઇઝ છે. પરંતુ એહતેયાતે વાજિબની રૂએ જાનદારની મુજસ્સમ તસ્વીર મુર્તિ બનાવવું તજી દેવું જોઇએ. સ્કુલના વિદ્યાર્થી હોવાથી આ કામ જરૂરી નિસાબમાં હોવાથી એહતેયાતે વાજિબનો અનાદર જાઇઝ નથી થઇ જતો, પણ એ કે આવી તસ્વીર બનાવવી જરૂરતનો તકાજો હોય. દાખલા તરીકે હુકમ ન માનવાના કારણે તેને અસહ્ય પરેશાનીનો સામનો કરવો પડવાનું યકીન પણ હોય.

મસઅલો (૫૯૧) : શું કોઇ પુરૂષ યા સ્ત્રીની સંપૂર્ણ નગ્ન કંડારેલી સાકાર શિલ્પને ખરીદવી

નાજાઇઝ છે? અને પ્રાણીઓની કંડારેલી સાકાર શિલ્પો ખરીદી તેને શોભારૂપે ઘરોમાં સજાવવી જાઇઝ છે?

જવાબ : પ્રાણીઓની મુજસ્સમા (મૂર્તિરૂપ) ખરીદી લટકાવવા જાઇઝ છે, પરંતુ પુરૂષ અને સ્ત્રીઓના કંડારેલા મુર્તિથી દુરાચારને વેગ મળે છે. એટલે તેને ખરીદવા તથા તેને ઘરોમાં સજાવવા જાઇઝ નથી.

મસઅલો (૫૯૨) : હાથ જોનારા હાથોની રેખાઓ વાંચી અથવા પ્યાલામાં જોઇ બીજાઓના ભવિષ્ય વિશે બતાવે છે શું તેઓનું આ કામ જાઇઝ છે?

જવાબ : કેમકે તેઓના ભવિષ્ય બતાવવા પર ભરોસો નથી એટલે તેના પર તે જાઇઝ નથી કે કોઇ વાતનું ચોક્કસ ભાવિ બતાવે અથવા ખબર આપે અને બીજાઓ માટે પણ જાઇઝ નથી કે કોઇપણ પ્રકારની વાત પર કોઇ અસર લાગુ કરે, જેના માટે કોઇ શરઇ અથવા અકલી દલીલની જરૂરત હોય.

મસઅલો (૫૯૩) : શું હીપ્નોટાઇઝ કરવું (કૃત્રિમ રીતે સુવરાવી દેવો) જાઇઝ છે? અને શું રૂહોને બોલાવવી જાઇઝ છે?

જવાબ : આમાંથી દરેક એ અમલ હરામ છે જેનાથી એવા શખ્સને કોઇ નુકસાન કે ખોટ

પહોંચતી હોય, જેને નુકસાન પહોંચાડવું હરામ છે.

મસઅલો (૫૯૪) : શું મોમિનની મુશ્કેલીઓ ટાળવા માટે જિન્નાત તાબે કરવું જાઇઝ છે?

જવાબ : આ મસઅલાનો પણ એજ હુકમ છે જે ગત મસઅલામાં બયાન કરવામાં આવ્યો છે.

મસઅલો (૫૯૫) : શું માલિકોની ઇજાઝત અને સંમતિથી મુરઘાઓ અને બળદોને લડાવવા જાઇઝ છે?

જવાબ : જે કામમાં માલ વેડફાવાનો અવકાશ ન હોય તો કરાહત સાથે જાઇઝ છે.

મસઅલો (૫૯૬) : એ હરજ અને મશક્કતની શું મર્યાદા છે જેનાથી હૂરમત દૂર થઇ જાય છે ? શું કોઇ વસ્તુની કિંમત વધી જવી અને ઇન્સાનના માટે તેનું ખરીદવું મુશ્કેલ હોવું અથવા તેને કરજ લઇને ખરીદે તે 'હરજ' ને સમાવી લે છે, જેનાથી કોઇ હરામ કામ શરઅન જાઇઝ થઇ જાય ?

જવાબ : આમાં લોકોની સ્થિતિઓ જુદી જુદી હોય શકે છે. 'હરજ' નો દારોમદાર એ છે કે જે કામથી સામાન્ય રીતે અસહ્ય તકલીફ઼ ઉપાડવી પડે.

મસઅલો (૫૯૭) : આજકલ ચલણી સોનાના વજનમાં મિસ્કાલ અને ગ્રામમાં એક ચણો સોનું કેટલું થાય છે?

જવાબ : એક ચણાનો દાણો મિસ્કાલ સૈરફીનો ૧/૨૪મો ભાગ હોય છે: અને મિસ્કાલ સૈરફી ૪.૪૬ ગ્રામ થાય છે, આ પ્રમાણેનું વજન ૦.૧૯૩ ગ્રામ થાશે.

મસઅલો (૫૯૮) : શું એ ચોકલેટોને બિન-મુસ્લિમોને પેશ કરવી જાઇઝ છે, જેમાં શરાબ ભળેલ હોય અને જો જાઇઝ ન હોય તો શું એને બરબાદ કરવું ફુઝુલ ખર્ચી ગણાશે?

જવાબ : જો તેમાં શરાબના અંશો વિખરાય ગયા હોય તો તેને પેશ કરવા જાઇઝ છે અને જો તેમાં શરાબ વિખરાય ગયા ન હોય તો જાઇઝ નથી અને છેલ્લા સવાલ પ્રમાણે તેને ફેંકી દેવું (જાયેઅ કરવું) ફુઝુલ ખર્ચી નહીં ગણાય.

## વધારો પહેલો

## વિષય : હરામ પદાર્થની સૂચિ

ઇસ્લામી શરીઅતે સંખ્યાબધ્ધ ખાણાઓ અને પીણાઓના વપરાશને મુસલમાનો પર હરામ કરી છે, પરંતુ ઘણી બધી બિન ઇસ્લામી ખોરાકી કંપનીઓ અને

ફાઉન્ડેશન્સ પોતાની ખોરાકી બનાવટોમાં હરામ પદાર્થને શામિલ કરવાથી રોકાતા નથી. એટલે મુસલમાનોને જોઇએ કે બિન-મુસ્લિમોએ બનાવેલી ખોરાકો અને બંધ પાકેટોને ઉપયોગમાં લેતા સમયે શરઇ સીમાઓની અંદર રહી એ વસ્તુઓથી બચે અને પરહેઝ કરે.

નીચે એ જાણકારી રજૂ કરવામાં આવે છે, જે આ ખોરાકોમાં વાપરવામાં આવનાર હરામ પદાર્થના વિષે જાણવા મળી છે. અહીં એ વાતનો ખ્યાલ રાખવામાં આવ્યો છે કે આ અનુસંધાનમાં વધારે વિગતમાં ન ઊતરવામાં આવે, જેથી ગેર ઈસ્લામી દેશોમાં જીવન

વિતાવનારા લોકો એ વિષયમાં વધારે વિગતોમાં ઊતરી, મૂંઝવણમાં ન પડી જાય.

શરીઅતમાં અગર તકલીફ અને સખ્તી છે તો આસાની અને નરમી પણ છે. એટલા માટે અહીં બે અગત્યની વાતોને ઉલ્લેખ કરવો વધારે ઠીક રહેશે.

૧. ખાવા પીવાની ચીજોમાં ભળેલ કેટલીક પ્રાથમિક અને મૂળ ભાગો એવા હોય છે કે ખાસ રસાયણિક રૂપાંતરોના પરિણામે તેની પહેલાની અને મૂળ ખાસિયત બદલાઇ જાય છે અર્થાત એ અંશો જે સામાન્ય દ્રષ્ટિબિંદુ મુજબ એક નવા પદાર્થના રૂપમાં બદલાઇ જાય છે. જે પહેલાંથી જુદો હોય છે જો આ જ અંશો મૂળ

રૂપમાં હરામ હોય તો આ રૂપાંતરના પરિણામે તેનું હરામપણું ખતમ થઇ જાય છે. આ રૂપાંતરનો ફિકાહના અમલી રિસાલા ‘‘તવઝીહુલ મસાઇલ’’માં ‘ઇસ્તેહાલા’ કહે છે. જે શરીઅતની રૂએ પાક કરનારી વસ્તુઓમાંથી છે. દાખલા તરીકે કોઇ એવો પદાર્થ જે પ્રાથમિક રીતે કોઇ પ્રાણીનો અંશ હોય અને તેને ખાવું હરામ હોય, જ્યારે એ જ પદાર્થ કોઇ બીજા પદાર્થમાં રૂપાંતર થઇ જાય તો બીજો પદાર્થ પાક ગણાશે.

૨. કેટલાક એવા મેળવણીના અંશો હોય છે, જેને ખોરાકોમાં ભેળવવામાં આવે છે, જેની વિશે એ એહતેમાલ આપવામાં આવે છે કે

તેઓમાંથી કેટલાક હલાલ અને કેટલાક હરામ છે. એવા ખોરાકોના મૂળ વિશે જો યકીન ન હોય તો ખુદ પોતે તપાસ કે સંશોધન કરવું વાજિબ નથી.

દાખલા તરીકે કોઇ ખોરાકના બંધ પાકેટમાં MONOPT DIGLYCERIDES લખેલું હોય, શક્ય છે કે તેને કોઇ દેશી ઘીથી બનાવવામાં આવ્યું હોય અને શકય છે કે વનસ્પતિ ઘીથી બનાવેલ હોય. જ્યાં સુધી તેના પ્રાણીજ અંશો વિશે યકીન ન હોય, તેના વિશે તપાસ કે ચર્ચા કરવી વાજિબ નથી અને તેને હલાલ સમજવામાં આવશે.

૧. ઘી અને તેલ

અંગ્રેજીમાં Shortening vg Fat અને ફ્રેન્ચ ભાષામાં Matieres Grasses નો ભાવાર્થ ઘી અને ચરબી છે. વેપારી દ્રષ્ટિએ તેનો મતલબ એ છે કે આ ખોરાકમાં પ્રાણીની ચરબી અને ઘી મળેલ છે. તદુપરાંત આ ખોરાકમાં વનસ્પતિ ઘી અથવા તેલ પણ મળેલ છે. અને સુવ્વરની ચરબી માટે જે શબ્દ સ્પષ્ટ રીતે વાપરવામાં આવે છે, તેને અંગ્રેજીમાં ''ક્ક્ષ્મિ'' અને ફ્રેન્ચ ભાષામાં Saindoux કહેવામાં આવે છે.

કેટલીક અમેરિકન બનાવટો પર Vegetable Shortening શબ્દો લખેલા હોય છે. જેનો અર્થ વનસ્પતિ ઘી અથવા તેલ

છે. પરંતુ આ શબ્દો પર ભરોસો નથી રાખી શકાતો, કેમકે કાયદાની રૂએ ઘીના ૮૦ થી ૯૦ ટકા અંશો વનસ્પતિ ઘી પર આધારિત હોય અને બાકી દેશી ઘી પર તો તેને વનસ્પતિ કહી શકાય છે. આપણે જે શબ્દો પર વિશ્વાસ મૂકી શકીએ છીએ તે આ છે. Pure Vegetable Shortening - Pure Vegetable Ghee

આ શબ્દોનો અર્થ ખાલિસ વનસ્પતિ ઘી છે અને ખાલિસ વનસ્પતિ ઘી માટે આ શબ્દો લખવામાં આવે છે. Pure Vegetable Oil

આ વાત તો ફાયદાથી ખાલી નથી કે વનસ્પતિ ઘીને મૂળમાં વનસ્પતિના તેલમાંથી બનાવવામાં આવે છે, પરંતુ તેમાં હાઇડ્રોજન ગેસને પણ ભેળવવામાં આવે છે, જેનાથી તેલ જામીને વનસ્પતિ ઘીનું રૂપ ધારણ કરી લે છે.

માખણ અને દૂધથી બનાવવામાં આવેલ ઘીને Butter અને ફ્રેન્ચમાં Beurre શબ્દો વપરાય છે.

સામાન્ય માર્કેટમાં વેચાતા માખણને દૂધમાંથી બનાવવામાં આવે છે અને તેનો કોઇ બીજો પ્રકાર નથી. આમ તેમાં કોઇ ઇશ્કાલ કે ગૂંચવણ નથી. જ્યાં સુધી પનીરનો સંબંધ છે. તેની બનાવટમાં સુવ્વરની ચરબી નથી હોતી,

જેમકે કેટલાક લોકોનું માનવું છે પણ પનીર બનાવવા સમયે શકય છે, પનીરનો પદાર્થ વાપરવામાં આવતો હોય, જે ગાય, વાછડા અને સુવ્વરના પેટમાં હોય છે, જ્યાંથી તેને કાઢવામાં આવે છે અને તેને અંગ્રેજીમાં Rnein, Pepsin, Rennet અને ફ્રેન્ચ ભાષામાં Presure કહેવામાં આવે છે. અને ખિંઝીર (સુવ્વર)નો પનીર પદાર્થ હરામ છે.

મરેલા અથવા ગાય અને વાછડા જેને શરઇ રીતે ઝબ્હ નથી કરવામાં આવ્યા, તેનું પનીર પદાર્થ પોતે પાક છે, અને તેનો ઉપયોગ શકય છે, સિવાય અ ેકે જાનવરોની હોજડી જેમાં પનીર પદાર્થ હોય છે જાનવરના બીજા

અંગોની ભીનાશ લાગવાના કારણે નજીસ થઇ જાય છે.

જો પનીર વાપરનારને એ વાતનું યકીન ન હોય કે, આ પનીર પદાર્થ જે વસ્તુમાં હતો તે પનીરમાં વપરાએલ છે, તો તેને ખાવું હલાલ છે. અને આ બાબતે પણધ્યાન દેવુ જરૂરી છે. કેટલીક વસ્તુઓ રસાયણિક (કીટાણું રસો) હોય છે, કેટલીક વસ્તુઓ વનસ્પતિના અંશો હોય છે. આ બંને પ્રકારના પાક અને હલાલ હોવામાં કોઇ શક નથી અને પનીરનો આ પ્રકાર વિશે શક હોય કે તેમાં હરામ અથવા નજીસ પદાર્થ શામિલ છે અથવા પાક અને હલાલ

પ્રવાહી શામિલ છે તો તેને હલાલ કહેવામાં આવશે.

જ્યાં સુધી Gelloનો સંબંધ છે તેને સામાન્ય રીતે Geldtine બનાવવામાં વપરાય છે. આ એક ચીકણો પદાર્થ હોય છે, જેને પ્રાણીઓમાંથી લેવામાં આવે છે. અને અમુક ખાસ પ્રકારની વનસ્પતિમાંથી પણ બનાવવામા આવે છે

ગેસવાળા પીણાઓ જેમાં આલ્કોહોલ શામિલ નથી હોતો જેમકે કોકા કોલા, પેપ્સી, સેવન અપ, કેનીડ ડ્રાઇ છે. તેઓમાં કોઇ પ્રાણીજ અથવા આલ્કોહોલી પદાર્થ નથી હોતો.

હરામ પદાર્થોની સૂચિની તૈયારીમાં ‘‘જામેઅતુલ મશ્રિક વ મગ્રિબના પ્રમુખ ડોકટર એહમદ હુસૈન સકરની રિપોર્ટનો સહારો લીધો છે અને તેના પર ભરોસો કર્યો છે.

## વધારો બીજો

## ખાવા પીવાની ચીજોમાં શામિલ પદાર્થો અને ભાગોને લગતી ખાસ સ્પષ્ટતા

આ લખાણમાં કેટલાક એવા પદાર્થો અને અંશો લખવામાં આવે છે, જે સામાન્ય રીતે ખાવા પીવાની ચીજોમાં શામિલ હોય છે. આ પદાર્થ અને અંશો વનસ્પતિઓ અથવા

પ્રાણીઓ અથવા રસાયણિક રીતે બનાવવામાં આવે છે. કેમકે મોટા ભાગની ખાદ્ય વસ્તુઓ પર ચોંટાડવામાં આવેલ લેબલમાં એ બધી વસ્તુઓનો સમાવેશ નથી હોતો જે એ ખાદ્ય ચીજોમાં ભેળવવામાં આવેલ હોય છે. એટલે એ ચીજોમાં ભળેલ ચીજો હરામ અથવા હલાલ હોવાનો ચોક્કસ હુકમ ત્યારે જ શક્ય છે જ્યારે એ ચીજો બનાવવાવાળી કંપનીઓનો સંપર્ક સાધવામાં આવે.

જે પદાર્થો અને અંશો અમે બયાન કર્યા છે, તે વિષયમાં અમે એ કોશિશ કરી છે, તેના હલાલ હોવાની યોગ્યતા બયાન કરીએ. તેની સાથે એ બાબતો તરફ પણ નિર્દેષ કરીએ કે

વાપરનાર પર વાજિબ નથી કે તે ખાદ્ય ચીજોના અંશો વિશે શોધ ખોજ કરે અથવા સંશોધન કરે અને આમ તે યકીન મેળવી લે કે તે એવી ચીજોથી ખાલી છે, જેનું ખાવું જાઇઝ નથી.

આ લખાણમાં ખાણાઓ અને પીણાઓને લગતા ખાસ અંશોના વિશે જાણકારી આપવામાં આવે છે.

૧. Acetic Acid – એસેટીક એસીડ

આ સુરકામાં ૫ થી ૧૦ ટકા હોય છે. બાકીનું પાણી હોય છે. આ વસ્તુ શાકભાજીના રસથી બનવાવવામાં આવે છે. એટલે તેને

રાસાયણિક તરીકાથી અને પ્રાણીઓના માંસપેસીથી પણ બનાવવામાં આવે છે. જો તેને શાકભાજીના રસ અથવા રસાયણિક પદાર્થની બનાવવામાં આવે તો તેને ખાવામાં વાપરી શકાય છે. પરંતુ તેને એવા જાનવરોના માંસપેસીઓથી બનાવવામાં આવે, જેને શરઇ રીતે ઝબ્હ કરવામાં નથી આવ્યું તો તેને એક હલાલ પદાર્થની જેમ ખાવામાં વાપરવું શકય નહીં રહે, પણ એ કે તેમાં રૂપાંતરની શરતો મળી આવે.

૨. Adipic Acid – એડીપીક એસીડ :

તેનું મૂળ વનસ્પતિઓથી છે, અલબત્તા તેને રસાયણિક રીતે પણ તૈયાર કરી શકાય છે.

આ કારણે તેને ખાવા પીવાના કામમાં વાપરવું જાઇઝ થશે.

૩. Agar - અક્ષર :

તેને સમંદરી વનસ્પતિથી તૈયાર કરવામાં આવે છે, અર્થાત Gelatine ના પર્યાય પ્રતિનિધિ તરીકે વાપરવામાં આવે છે. કેમકે તેના અંશો શુદ્ધ વનસ્પતિ હોય છે એટલે તેને ખાવું હલાલ છે.

૪. CarotenalBeta-apa-8C-30E 160e -Apocartenal

આને પણ વનસ્પતિમાંથી બનાવવામાં આવે છે અને આ માલ્ટા રંગનું હોય છે આ

કદી કદી જીલેટીન (Gelatine) અથવા સુવ્વરના આંતરડાઓથી બનાવવામાં આવેલ તેલી પદાર્થને પાણીમાં પિગાળવામાં વાપરવામાં આવે છે. જો જીલેટીનનું મૂળ મછલી સિવાય કોઇ અન્ય પ્રાણીજ પદાર્થ હોય તો તેને ખાવામાં ઉપયોગમાં વાપરવું જાઇઝ નથી અને તેનું ખાવું જાઇઝ નહીં થાય.

## ૫. Carmine/Cochineal E-120

આ એક રંગીન પદાર્થ છે જે ઈકફભવશક્ષયકફહ ઈકફયશિં નામી કીડામાંથી કાઢવામાં આવે છે અને ખાણાઓમાં તેને વાપરવું જાઇઝ છે.

## ૬. Casein

આ એક દૂધમાંથી તૈયાર થનાર પ્રોટીન છે અને તેને પનીર બનાવવામાં વાપરવામાં આવે છે. આ પ્રાણી જ અથવા વનસ્પતિય એન્ઝાઇમ અથવા ખાટી ચીજોને મેળવી સંપૂર્ણ કરવામાં આવે છે, એટલે તેમાં ભેળવવામાં આવેલ એન્ઝાઇમ પ્રાણીજ હોય અને એવા પ્રાણીજ એન્ઝાઇમોથી બનાવવામાં આવેલ હોય જેને શરઇ રીતે ઝબહ કરવામાં ન આવ્યો હોય અને તેનું રૂપાંતર પણ ન થયું હોય તો તેને હલાલ ગણવાનો અવકાશ શરઇ તોર પર નહીં હોય.પરંતુ જો તેના અંશોમાં જાનવરના ભાગ ન હોય તો ખાવું જાઇઝ છે.

૭. Chocolate Liquor

આ પ્રવાહી રૂપમાં હોય છે અને સ્વાદમાં મીઠું હોય છે અને ચોકલેટમાં ભળેલ ખૂશ્બુ માટે વાપરવામાં આવે છે. આ કોઇ પીણું નથી અને ન તો તેમાં આલ્કોહોલ ભળે છે, જે શબ્દ Liquor કારણે આભાસ થાય છે. કેમકે આ પ્રવાહી છે એટલે તેનું આ નામ પડી ગયું છે. અલબત્તા ખોરાકમાં તેને વાપરવું જાઇઝ છે.

૮. Dextrose (Cornrsyrup)

આ એક કિસમની ખાંડ છે, કેમકે આનું મૂળ વનસ્પતિ છે, એટલે ખાવામાં તેને વાપરવું જાઇઝ છે.

## ૯. E153 - Carbon Black

આ એક રંગ છે, જેને હાડકાં, માસ અને લાકડી અથવા કાળા રંગની વનસ્પતિમાંથી કાઢવામાં આવે છે. જો આ વાતની શકયતા મોજૂદ હોય કે તેના મૂળ પ્રાણીજ તત્વો ન હોય તો ઘણી વખત ખોરાકમાં તેને વાપરવું જાઇઝ સમજવામાં આવશે, પણ સદા નહીં. જો તે લાકડી અથવા કાળા રંગની વનસ્પતિથી બનાવેલી હશે તો હલાલ હશે. ઉપરાંત એ તે સૂરતમાં પણ હલાલ ગણાશે જ્યારે શંકા હોય કે

વનસ્પતિ જ છે કે પ્રાણીજ, પરંતુ એ વાતનું યકીન હોય કે તેના મૂળ પ્રાણી જ અંશો છે તો તે માત્ર એજ સ્થિતિમાં જાઇઝ થાશે જ્યારે એ જાનવર શરઇ તરીકેથી ઝબ્હ હોવાનું યકીન હોય અથવા તેનું ઇસ્તેહાલા (રૂપાંતર) થઇ ગયું હોય અને જો તેનું રૂપાંતર ન થયુ હોય અને એ પણ પૂરવાર થઇ જાય કે પ્રાણીના અંશોથી બનાવવામાં આવેલ છે, જેને શરઇ રીતે ઝબ્હ કરવામાં નથી આવ્યું તો તે નજીસ ઠરશે.

## ૧૦. E322 - Lecithin

આ એક રસાયણિક પદાર્થ છે. જેને ઇંડાની જરદીથી બનાવવામાં આવે છે, પણ

વેપારી ધોરણે સોયાબીનના તેલથી બનાવવામાં આવે છે. તેને વાપરવું હલાલ છે.

## ૧૧. E422 - Glycerine/ Glycerol

આ પ્રાણીઓ, વનસ્પતિ અને રસાયણ (કેમીકલ) થી તૈયાર થનારૂં અને સ્વચ્છ અને નિર્મળ પ્રવાહી છે. જો તેનું મૂળ વનસ્પતિ અને રસાયણ અને સ્વચ્છ અને નિર્મળ પ્રવાહી છે. જો તેનું મૂળ વનસ્પતિ અને રસાયણ હોય તો એ હલાલ હશે અને જો તેના મૂળ પ્રાણીના અંગો હશે તો તેના વિશે યકીન કરી લેવું જરૂરી છે કે તેને શરઇ તરીકેથી ઝબ્હ કરવામાં આવે છે અથવા તેનું રૂપાંતર થયુ છે. અને જો તેનું રૂપાંતર પણ ન થયું હોય અને તેને શરઇ રીતે

ઝબ્હ પણ ન કરવામાં આવ્યું હોય તો તે હલાલ નહીં થાય.

## ૧૨. E471 - Mono & Di-Glycerides of Fatty Acid

તેને પ્રાણીઓ અને વનસ્પતિ બંનેના અંશોથી તૈયાર કરવામાં આવે છે. અને જો તે વનસ્પતિથી બનાવવામાં આવ્યું છે તો તેના ઇસ્તેમાલ હલાલ ગણાશે. અને જો પ્રાણીમાંથી બનવવામાં આવ્યું છે, જેને શરઇ રીતે ઝબ્હ નથી કરવામાં આવ્યું, પણ ઇસ્તેહાલા થઇ ગયું હોય તો હલાલ હશે, નહિતર હરામ હશે.

૧૩. E-472 (9.1) Acid Ester of Mono & Di-Glycerides of Fatty Acids

આને વનસ્પતિ અને પ્રાણીઓ બંનેમાંથી બનાવવામાં આવે છે, જો તેને કોઇ જાનવરમાંથી બનાવવામાં આવ્યું હોય જે શરઇ રીતે ઝબ્હ કરવામાં આવ્યું હોય અથવા ઇસ્તેહાલા કરવામાં આવ્યું હોય અર્થાત કોઇ અન્ય પદાર્થમાં રૂપાંતર થઇ ગયું હોય તો હલાલ હશે.

૧૪. E-476 Polyglycerol Ester of Polycondensed Fatty Acide of Castor Oil

જો તેને પ્રાણીજ અંશોથી બનાવવામાં આવ્યું હોય તો તે હરામ હશે, પણ એ કે તેનું ઇસ્તેહાલા થયું હોય.

૧૫. E-621 Monsodium Glutamate

આ જાપાનના દરિયા કિનારે ઉગનાર વનસ્પતિ અને શેરડીમાંથી બનાવવામાં આવે છે અને ખાંડની જગ્યાએ વપરાય છે કેમકે આ વનસ્પતિજ છે એટલે હલાલ છે.

૧૬. Galatine

આ એક વનસ્પતિ અને પ્રાણીઓના અંશોમાંથી તૈયાર થનાર પદાર્થ છે, જો આ માત્ર

વનસ્પતિમાંથી જ બનાવવામાં આવેલ હોય તો તેના હલાલ હોવામાં કોઇ શંકા નથી. પરંતુ જો એવા જાનવરના અંશોથી બનાવવામાં આવ્યું હોય, જેને શરઇ રીતે ઝબ્હ ન કરવામાં આવ્યું હોય તો તેના પર ઇસ્તેહાલાનો હુકમો લાગુ થાશે, પરંતુ આકાઇ સીસ્તાનીના ફત્વા પ્રમાણે આ હરામ છે. એટલા માટે કે આકાએ સીસ્તાનીએ શરતે ઇસ્તેહાલાને પાક કરનારાઓમાં શામિલ કરે છે કે પ્રથમ વસ્તુના મૂળ અંશો બાકી ન રહ્યા હોય.

## ૧૭. Guar Gum (ગુવારનો ગુંદર)

તેને વનસ્પતિમાંથી બનાવવામાં આવે છે એટલે તેને ખાવાના કામમાં લેવું જાઇઝ છે.

## ૧૮. Lactic Acid

તેને બાજરો, સોયાબીન અને શેરડીમાંથી બનાવવવામાં આવે છે, ઉપરાંત રસાયણિક રીતે પણ તૈયાર કરી શકાય છે.

## ૧૯. Pectin

આ એક એવો પદાર્થ છે જેને ફળોમાંથી કાઢવામાં આવે છે અને વેપારી રીતે સફરજનોમાંથી તૈયાર કરવામાં આવે છે. આ મુરબ્બા અને જેલી બનાવવવામાં વપરાય છે. ખાવાના કામમાં તેને લેવા જાઇઝ છે.

## ૨૦. Pepsin

આ એન્ઝાઇમના એક પ્રકાર છે, જે હેવાનોના પેટમાં મોજૂદ હોય છે અને વેપારી ધોરણે સુવ્વરના પેટમાંથી લેવામાં આવે છે. તેનું ખાવું હરામ છે. પણ એ કે તેનો ઇસ્તેહાલા થઇ જાય તો તેને વાપરવામાં લાવી શકાય છે.

## ૨૧. Renin (Rennet)

આ પનીર પદાર્થનું અંગ્રેજી નામ છે. આ એક પદાર્થ છે જે પનીર બનાવવામાં વપરાય છે. જેને વાછડી અથવા વનસ્પતિ અને જંતુઓમાંથી તૈયાર કરવામાં આવે છે.આ હલાલ છે.

## ૨૨. Whey (Whey Powder) Whey Solida Whey Liquid

આ એક પ્રવાહી છે. જેનું મૂળ દૂધ છે. દહીં અથવા દૂધ બગડી જવામાંથી જે પ્રવાહી અલગ થાય છે તેને કહે છે.